**સારાંશ**: ઘર અને શાળાની સહભાગિતાથી વિદ્યાર્થીના શૈક્ષણિક પરિણામોમાં નોંધપાત્ર સુધારો શક્ય બને છે. પરિવારનો સહયોગ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. પ્રસ્તુત અભ્યાસ સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસમાં માતા-પિતાની ભાગીદારીની અસરકારકતા પર કરવામા આવ્યો છે. અભ્યાસના હેતુઓ આ મુજબ હતા: 1. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસની વર્તમાન સ્થિતિ જાણવી. 2. માતા-પિતાની શૈક્ષણિક ભાગીદારીના સ્વરૂપો ઓળખવા. 3. માતા-પિતાની ભાગીદારી અને વિદ્યાર્થીઓના શૈક્ષણિક પરિણામો વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો. માતા-પિતાની ભાગીદારી વધારવા માટે સૂચનો પ્રસ્તુત કરવા. જે માટે સાબરકાંઠા જિલ્લાની પસંદગી કરેલ 5 પ્રાથમિક શાળાઓના ધોરણ 3 થી 5 ના 100 વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતાને નમૂનામા સમાવવામા આવ્યા હતા. પ્રશ્નાવલીઓ અને શાળા રેકોર્ડના આધારે માહિતી એકત્રિત કરવામાં આવી. અભ્યાસ પરથી સ્પષ્ટ થયુ કે માતા-પિતાની સક્રિય ભાગીદારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઘર અને શાળાની સંકલિત જવાબદારી વિદ્યાર્થીના શૈક્ષણિક સ્તરને ઉંચું લાવવામાં મદદરૂપ બને છે.

**ચાવીરૂપ શબ્દો**: સાબરકાંઠા જિલ્લો, પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ, શૈક્ષણિક વિકાસ, માતા-પિતાની ભાગીદારી

**પ્રસ્તાવના:**

શિક્ષણ પ્રણાલીમાં વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ માત્ર શાળા સુધી મર્યાદિત નથી. ઘર અને શાળાની સહભાગિતાથી વિદ્યાર્થીના શૈક્ષણિક પરિણામોમાં નોંધપાત્ર સુધારો શક્ય બને છે. ખાસ કરીને પ્રાથમિક કક્ષાએ માતા-પિતાની સક્રિય ભાગીદારી બાળકના અભ્યાસ, અભ્યાસની આદતો અને પ્રેરણામાં મહત્વપૂર્ણ

ભૂમિકા ભજવે છે. સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓના સંદર્ભમાં માતા-પિતાની ભાગીદારી કેટલેક હદે વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસને અસર કરે છે તે જાણવા માટે આ સંશોધન કરવામાં આવ્યું છે. એકત્રિત માહિતીનું સરેરાશ, ટકા અને સહસંબંધી પદ્ધતિ દ્વારા વિશ્લેષણ કરવામાં આવ્યું.

**સમસ્યાનું નિવેદન:**

"સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસમાં માતા-પિતાની ભાગીદારીની અસરકારકતા"

**સંશોધનના હેતુઓ :**

1. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસની વર્તમાન સ્થિતિ જાણવા.
2. માતા-પિતાની શૈક્ષણિક ભાગીદારીના સ્વરૂપો ઓળખવા.
3. માતા-પિતાની ભાગીદારી અને વિદ્યાર્થીઓના શૈક્ષણિક પરિણામો વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો.
4. માતા-પિતાની ભાગીદારી વધારવા માટે સૂચનો પ્રસ્તુત કરવું.

**સંશોધન પ્રશ્નો:**

1. માતા-પિતા કેટલા પ્રમાણમાં બાળકોના અભ્યાસમાં જોડાય છે?
2. માતા-પિતાની ભાગીદારી વિદ્યાર્થીઓના શૈક્ષણિક પરિણામોને કેવી રીતે અસર કરે છે?

**સંશોધન અનુમાન (Hypothesis):**

$H_0$: માતા-પિતાની ભાગીદારી અને વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ વચ્ચે કોઈ મહત્વપૂર્ણ સંબંધ નથી.

$H_1$: માતા-પિતાની ભાગીદારી અને વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ વચ્ચે મહત્વપૂર્ણ સકારાત્મક સંબંધ છે.

**સંશોધન પદ્ધતિ:**

આ સંશોધનમાં સર્વે પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**નમૂના (Sample):** સાબરકાંઠા જિલ્લાની પસંદગી કરેલ 5 પ્રાથમિક શાળાઓના ધોરણ 3 થી 5 ના 100 વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતા.

**ઉપકરણ (Tools):**

1. માતા-પિતાની ભાગીદારી માપવા માટે પ્રશ્નાવલી
2. વિદ્યાર્થીઓના શૈક્ષણિક પરિણામો માટે પ્રગતિ પત્રક

**માહિતી એકત્રિકરણ**:

પ્રશ્નાવલીઓ અને શાળા રેકોર્ડના આધારે માહિતી એકત્રિત કરવામાં આવી.

**માહિતીનું વિશ્લેષણ**:

એકત્રિત માહિતીનું સરેરાશ, ટકા અને સહસંબંધી પદ્ધતિ દ્વારા વિશ્લેષણ કરવામાં આવ્યું.

**મુખ્ય શોધો**:

1. જે વિદ્યાર્થીઓના માતા-પિતા નિયમિત રીતે અભ્યાસમાં રસ લે છે, તેમના શૈક્ષણિક પરિણામો વધુ સારા જોવા મળ્યા.
2. હોમવર્કમાં સહાય, શાળાસંપર્ક અને પ્રોત્સાહન આપતા માતા-પિતાના બાળકોમાં અભ્યાસ પ્રત્યે સકારાત્મક વલણ જોવા મળ્યું.
3. માતા-પિતાની ભાગીદારી અને શૈક્ષણિક વિકાસ વચ્ચે સકારાત્મક સંબંધ નોંધાયો.

**નિષ્કર્ષ**:

આ અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કે માતા-પિતાની સક્રિય ભાગીદારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઘર અને શાળાની સંકલિત જવાબદારી વિદ્યાર્થીના શૈક્ષણિક સ્તરને ઉંચું લાવવામાં મદદરૂપ બને છે.

**સૂચનો**

1. શાળાએ માતા-પિતા માટે નિયમિત માર્ગદર્શન બેઠક યોજવી.
2. માતા-પિતાને ઘરઆધારિત અભ્યાસ પ્રવૃત્તિઓ અંગે માર્ગદર્શન આપવું.
3. શાળા અને માતા-પિતા વચ્ચે સતત સંવાદ વિકસાવવો.

**સંદર્ભો**

1. NCERT (2019). School and Family Partnership.
2. Best, J. W. (2011). Research in Education.
3. Kothari, C. R. (2014). Research Methodology.

# Role of Creative Expression in Nurturing Vocational Interest among Learners

**Mr. BhrugeshkumarA. Patel**
Research Scholer
Hemchandracharya North Gujarat University
Email:17bhrugeshpatel@gmail.com
ORC ID: 0009-0000-4329-1002

**Abstract:**

The challenge in today's educational system extends beyond the basic transmission of knowledge to guiding learners in discovering their purpose, passion, and career direction. Creative expression serves as a vital educational approach that supports holistic development and increase vocational awareness. Through activities such as visual arts, music, drama, creative writing, digital design, and craft-based learning, learners gain opportunities for self-analysis, emotional expression, and skill identification, which are essential for understanding personal interests and potential career pathways.

Creative expression, which is based on John Dewey's theory of experiential learning, allows students to actively interact with their surroundings and make education into a purposeful and reflective. Dewey's mark on "learning by doing" highlights how creative tasks bridge the gap between theoretical knowledge and practical application. Furthermore, Howard Gardner's Theory of Multiple Intelligences underscores creativity as a medium for identifying and nurturing diverse intelligences, thereby helping learners recognize their unique vocational strengths.

From a vocational psychology perspective, Ginzberg's theory of vocational development emphasizes adolescence as an exploratory stage where individuals experiment with interests and abilities. Creative expression offers a supportive space for such exploration, promotenatural motivation, self-confidence, and informed decision-making. Aligning with this, the National Education Policy (NEP) 2020 advocates the integration of creativity, arts, and vocational education to promote purposeful, experiential, and career-oriented learning.

**Keywords:** Creative Expression, Vocational Interest, Experiential Learning, Multiple Intelligences, Career Development, NEP 2020

## Introduction

Education in the twenty-first century is increasingly expected to address the holistic development of learners rather than focusing only on academic achievement. The nature of employment has changed due to fast social, economic, and technological advancements, and young people now have more career options. In this context, learners require not only subject knowledge but also self-awareness, adaptability, creativity, and clarity regarding their interests and abilities. One of the major challenges faced by educational institutions today is helping learners discover their purpose, passion, and suitable career paths.

Creative expression, encompassing activities such as visual arts, music, drama, creative writing, digital media, and craft-based learning, has gained importance as an effective educational strategy for addressing this challenge. Creative activities enable learners to express emotions, explore personal interests, and develop diverse skills, thereby contributing to holistic development. More importantly, creative expression acts as a bridge between learning and vocational awareness by allowing learners to identify strengths, preferences, and potential career tendency.

This paper explores the role of creative expression in nurturing vocational interest among learners. It examines theoretical perspectives from education and vocational psychology and analyses the relevance of creative expression within the framework of the National Education Policy (NEP) 2020. The paper aims to highlight how creative engagement can support self-discovery, experiential learning, and informed vocational decision-making.

## Concept of Creative Expression in Education

Creative expression refers to the process through which individuals communicate thoughts, emotions, ideas, and experiences in original and meaningful ways. In educational contexts, creative expression is seen as a universal human capacity that can be promote through suitable instructional techniques rather than being restricted to artistic talent.Activities such as drawing, painting, music composition, dramatization, storytelling, creative writing, designing, and hands-on crafts provide learners with opportunities to think imaginatively and express themselves freely.

From an educational perspective, creative expression contributes to cognitive, emotional, social, and moral development. It enhances critical thinking, problem-solving abilities, emotional intelligence, and collaboration skills. By engaging in creative tasks, learners develop confidence in their abilities and gain a sense of accomplishment. These outcomes are closely linked to vocational development, as career choices are influenced not only by academic performance but also by interests, values, skills, and self-belief.

Creative expression also promotes learner autonomy and intrinsic motivation. When learners engage in activities that align with their interests, they experience enjoyment and personal satisfaction, which strengthens their commitment to learning. Such experiences are essential for identifying vocational interests and sustaining long-term career goals.

## Theoretical Foundations

### 1. John Dewey’s Experiential Learning Theory

John Dewey’s philosophy of education emphasizes learning through experience and active engagement with the environment. According to Dewey, education should be rooted in real-life experiences that are meaningful and reflective. He argued that learners construct knowledge through interaction, experimentation, and problem-solving rather than passive reception of information. Creative expression aligns closely with Dewey’s

concept of experiential learning. Activities such as drama, art projects, and creative problem-solving tasks encourage learners to actively participate in the learning process. Through these experiences, learners connect theoretical knowledge with practical application, making learning more relevant and purposeful. Such experiential engagement helps learners understand their interests and capabilities, thereby supporting vocational exploration.

### 2. Howard Gardner's Theory of Multiple Intelligences

Howard Gardner's Theory of Multiple Intelligences challenges the traditional notion of intelligence as a single, uniform construct. Gardner proposed that individuals possess multiple intelligences, including linguistic, logical-mathematical, musical, spatial, bodily-kinaesthetic, interpersonal, intrapersonal, and naturalistic intelligences. Creative expression serves as an effective medium for identifying and nurturing these diverse intelligences. For instance, musical activities support musical intelligence, drama and dance enhance bodily-kinaesthetic intelligence, visual arts develop spatial intelligence, and collaborative creative tasks foster interpersonal intelligence. By engaging in a variety of creative activities, learners can recognize their dominant intelligences and vocational strengths. This understanding plays a crucial role in guiding learners toward suitable career paths aligned with their abilities.

### 3. Ginzberg's Theory of Vocational Development

Ginzberg's theory of vocational development highlights career choice as a developmental process that unfolds over time. According to this theory, adolescence is a critical exploratory stage during which individuals experiment with different interests, abilities, and roles before making tentative career decisions. Creative expression provides a safe and flexible environment for such exploration. Through participation in creative activities, learners can test their interests, develop competencies, and gain insights into potential vocational fields. For example, involvement in creative writing may spark interest in journalism or content creation, while engagement in digital design may lead to careers in media or technology. Creative experiences thus contribute to vocational maturity by enhancing self-awareness, decision-making skills, and confidence.

## Creative Expression and Vocational Interest

Vocational interest refers to an individual's preference for certain types of activities and occupations. It is influenced by personal experiences, abilities, values, and environmental factors. Creative expression plays a significant role in shaping vocational interest by exposing learners to diverse experiences and enabling them to discover what they enjoy and excel at.Engagement in creative activities fosters intrinsic motivation, as learners participate out of interest and personal satisfaction rather than external pressure. Intrinsic motivation is a key factor in sustained career commitment and professional success. Additionally, creative expression enhances self-efficacy by allowing learners to experience mastery and achievement. When learners succeed in creative tasks, they develop belief in their capabilities, which positively influences career aspirations.

Creative expression also supports emotional and social development, both of which are essential for vocational success. Activities such as drama and group projects improve communication, empathy, and teamwork skills, which are highly valued in modern workplaces. Thus, creative expression contributes not only to the identification of vocational interests but also to the development of transferable skills required for career readiness.

## Creative Expression in the Context of NEP 2020

The National Education Policy (NEP) 2020 marks a significant shift toward holistic, multidisciplinary, and experiential education in India. The policy emphasizes the integration of arts, creativity, and vocational education across all levels of schooling. It advocates moving away from rote learning toward competency-based education that nurtures critical thinking, creativity, and problem-solving skills.NEP 2020 recognizes the importance of providing learners with early exposure to vocational skills and creative disciplines. By promoting art-integrated learning, experiential pedagogy, and flexibility in subject choices, the policy creates opportunities for learners to explore interests and talents beyond traditional academic boundaries. This approach aligns with the goal of helping learners make informed and meaningful career choices.

The policy also highlights the role of teachers as facilitators who encourage creativity and self-expression. By creating supportive learning environments and offering diverse creative opportunities, educational institutions can implement the vision of NEP 2020 and strengthen vocational guidance practices.

## Implications for Educational Practice

Integrating creative expression into educational practice has important implications for curriculum design, teaching strategies, and vocational guidance. Schools and higher education institutions should provide structured opportunities for creative engagement through curricular and co-curricular activities. Collaboration between academic subjects and creative disciplines can further enhance experiential learning.Teachers and counsellors play a critical role in guiding learners to reflect on their creative experiences and relate them to potential career options. Assessment practices should also value creative processes and outcomes rather than focusing solely on standardized testing. Such an approach can help learners gain a comprehensive understanding of their interests.

## Conclusion

Creative expression plays a significant role in nurturing vocational interest by promoting holistic development, self-awareness, and meaningful learning. Through engagement in creative activities, learners explore their interests, abilities, and values, which supports informed career decision-making. Grounded in experiential learning and theories of multiple intelligences and vocational development, creative expression fosters intrinsic motivation, self-efficacy, and essential career skills. In alignment with the National Education Policy 2020, integrating creativity and arts into education strengthens vocational awareness and career readiness. Thus, creative expression should be regarded as a vital pedagogical approach for guiding learners toward purposeful and fulfilling vocational paths.

## References

Amabile, T. M. (1996). *Creativity in context: Update to the social psychology of creativity*. Boulder, CO: Westview Press.

Bandura, A. (1997). *Self-efficacy: The exercise of control*. New York, NY: W. H. Freeman.

Dewey, J. (1938). *Experience and education*. New York, NY: Macmillan.

Gardner, H. (1983). *Frames of mind: The theory of multiple intelligences*. New York, NY: Basic Books.

Ginzberg, E., Ginsburg, S. W., Axelrad, S., & Herma, J. L. (1951). *Occupational choice: An approach to a general theory*. New York, NY: Columbia University Press.

Government of India. (2020). *National Education Policy 2020*. Ministry of Education. New Delhi: Government of India.

Krumboltz, J. D. (1996). A learning theory of career counseling. In M. L. Savickas & W. B. Walsh (Eds.), *Handbook of career counseling theory and practice* (pp. 55–80). Palo Alto, CA: Davies-Black Publishing.

Runco, M. A., & Jaeger, G. J. (2012). The standard definition of creativity. *Creativity Research Journal, 24*(1), 92–96.

Savickas, M. L. (2005). The theory and practice of career construction. In S. D. Brown & R. W. Lent (Eds.), *Career development and counseling: Putting theory and research to work* (pp. 42–70). Hoboken, NJ: Wiley.

Super, D. E. (1990). A life-span, life-space approach to career development. In D. Brown & L. Brooks (Eds.), *Career choice and development* (2nd ed., pp. 197–261). San Francisco, CA: Jossey-Bass.

Vygotsky, L. S. (1978). *Mind in society: The development of higher psychological processes*. Cambridge, MA: Harvard University Press.

World Economic Forum. (2020). *Schools of the future: Defining new models of education for the fourth industrial revolution*. Geneva: WEF.

# આધ્યાત્મિક શિક્ષણ : મહિલા સશક્તિકરણ માટે માનવજીવનની મૂળભૂત આવશ્યકતા

ડૉ. જાનકી એસ. રાજપુત
આસિ. પ્રોફેસર, લો ડીપાર્ટમેન્ટ, ગોકુલ ગ્લોબલ યુનિવર્સીટી,સિધ્ધપુર
jankirajput242@gmail.com
મો. નં. ૮૧૪૧૭૬૯૯૩૩


## સારાંશ (ABSTRACT)

આધુનિક યુગમાં મહિલા સશક્તિકરણ સમાજ, કાયદા અને શિક્ષણ ક્ષેત્રે એક મહત્વપૂર્ણ અને ચર્ચાસ્પદ વિષય બની ગયો છે. બંધારણીય જોગવાઈઓ, કાનૂની સુરક્ષા અને વિવિધ સરકારી યોજનાઓ હોવા છતાં, મહિલાઓ આજે પણ લિંગભેદ, ઘરેલુ હિંસા, સામાજિક દમન, માનસિક શોષણ અને નૈતિક પતન જેવી ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહી છે. આ પરિસ્થિતિ દર્શાવે છે કે મહિલા સશક્તિકરણ માત્ર કાનૂની સુધારાઓ કે આર્થિક સ્વાવલંબન પૂરતું મર્યાદિત નથી, પરંતુ તેમાં માનસિક, નૈતિક અને આધ્યાત્મિક સશક્તિકરણનો સમાવેશ અનિવાર્ય છે.

આધ્યાત્મિક શિક્ષણ મહિલાને આંતરિક રીતે મજબૂત બનાવવાનું શક્તિશાળી સાધન છે. તે મહિલામાં આત્મજ્ઞાન, આત્મસન્માન, આત્મવિશ્વાસ અને નૈતિક ચેતનાનો વિકાસ કરે છે. આધ્યાત્મિક શિક્ષણ કોઈ એક ધર્મ કે ધાર્મિક વિધિઓ પૂરતું સીમિત નથી, પરંતુ સત્ય, કરુણા, અહિંસા, સમાનતા, સહનશીલતા અને માનવ મૂલ્યો પર આધારિત સર્વમાન્ય વિચારધારા છે. આ શિક્ષણ મહિલાને ભય, આત્મહીનતા અને પરાધીનતામાંથી મુક્ત કરી, પોતાના અધિકારો અંગે જાગૃત બનાવે છે અને અન્યાય સામે અવાજ ઉઠાવવાની હિંમત આપે છે.

આ સંશોધન લેખમાં આધ્યાત્મિક શિક્ષણની સંકલ્પના, તેનો મહિલા સશક્તિકરણ સાથેનો ઘનિષ્ઠ સંબંધ, ભારતીય સંસ્કૃતિમાં મહિલાની આધ્યાત્મિક ભૂમિકા તથા આધુનિક સમાજમાં મહિલાઓ સામે ઉભી થતી માનસિક અને સામાજિક પડકારો પર ચર્ચા કરવામાં આવી છે. ગાર્ગી, મૈત્રેયી જેવી વિદુષી સ્ત્રીઓ તથા 'શક્તિ' સ્વરૂપે મહિલાની કલ્પના ભારતીય આધ્યાત્મિક પરંપરામાં મહિલાના ગૌરવ અને સશક્તિકરણનું પ્રતિબિંબ રજૂ કરે છે.

અંતે, લેખ આ નિષ્કર્ષ પર પહોંચે છે કે આધ્યાત્મિક શિક્ષણ મહિલા સશક્તિકરણ માટે માનવ જીવનની મૂળભૂત આવશ્યકતા છે. આધુનિક શિક્ષણ, કાનૂની જાગૃતિ અને સામાજિક સુધારાઓ સાથે આધ્યાત્મિક શિક્ષણનું સંકલન કરવામાં આવે તો મહિલાઓને માત્ર આર્થિક અને કાનૂની રીતે નહીં પરંતુ માનસિક, નૈતિક અને સામાજિક રીતે પણ સશક્ત બનાવી શકાય. આ

પ્રકારનું સર્વાંગી મહિલા સશક્તિકરણ જ ન્યાયપૂર્ણ, સમાનતાભર્યા અને માનવતાવાદી સમાજના નિર્માણ માટે અનિવાર્ય છે.

**કી વર્ડ્સ**: આધ્યાત્મિક શિક્ષણ, મહિલા સશક્તિકરણ, માનવ મૂલ્યો, આત્મજ્ઞાન, ભારતીય સંસ્કૃતિ, નૈતિક વિકાસ

## ૧.પ્રસ્તાવના

મહિલા સશક્તિકરણ આજના સમયમાં વૈશ્વિક તેમજ રાષ્ટ્રીય સ્તરે અત્યંત મહત્વપૂર્ણ અને ચર્ચાસ્પદ વિષય બની ગયું છે. સંયુક્ત રાષ્ટ્ર, યુનેસ્કો તથા વિવિધ આંતરરાષ્ટ્રીય સંગઠનો દ્વારા મહિલાઓના અધિકારો, સમાનતા અને ગૌરવ માટે અનેક પહેલો હાથ ધરવામાં આવી છે. ભારતીય બંધારણે પણ સમાનતા (કલમ 14), ભેદભાવના નિષેધ (કલમ 15), સમાન અવસરો (કલમ 16) તથા મહિલાઓના ગૌરવ અને સુરક્ષા માટે વિશેષ જોગવાઈઓ કરી છે. ઉપરાંત ઘરેલુ હિંસા અધિનિયમ, દહેજ પ્રતિબંધ અધિનિયમ, કાર્યસ્થળે લૈંગિક સતામણી પ્રતિબંધ અધિનિયમ જેવા અનેક કાયદાઓ અને મહિલા કેન્દ્રિત સરકારી યોજનાઓ અમલમાં છે.

તેમ છતાં વાસ્તવિક સમાજમાં મહિલાઓ આજે પણ અસમાનતા, ઘરેલુ હિંસા, સામાજિક દમન, આર્થિક પરાધીનતા અને માનસિક તણાવ જેવી ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહી છે. શિક્ષિત અને કાર્યરત મહિલાઓ પણ કુટુંબ, સમાજ અને કાર્યસ્થળે અનેક પ્રકારના દબાણો હેઠળ જીવન જીવતી જોવા મળે છે. આ પરિસ્થિતિ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે મહિલા સશક્તિકરણ માત્ર કાનૂની સુરક્ષા અથવા આર્થિક સ્વાવલંબન સુધી સીમિત રહે તો તે અધૂરું અને અસથિર બની રહે છે.

મહિલા સશક્તિકરણનું સાચું સ્વરૂપ ત્યારે જ સાકાર થાય છે જ્યારે મહિલા આત્મવિશ્વાસ, સ્વાભિમાન અને સ્વનિર્ણય શક્તિથી સજ્જ બને. આ આંતરિક સશક્તિકરણ માટે આધ્યાત્મિક શિક્ષણનું મહત્વ વિશેષરૂપે ઊભરી આવે છે. આધ્યાત્મિક શિક્ષણ મહિલાને પોતાની આંતરિક શક્તિઓની ઓળખ કરાવે છે, ભય અને આત્મહીનતામાંથી મુક્ત કરે છે અને જીવન પ્રત્યે સકારાત્મક તથા નૈતિક દૃષ્ટિકોણ વિકસાવે છે.

આધ્યાત્મિક શિક્ષણ કોઈ ધર્મ વિશેષ કે ધાર્મિક વિધિઓ પૂરતું સીમિત નથી, પરંતુ તે સત્ય, કરુણા, અહિંસા, સમાનતા, સહનશીલતા અને માનવ મૂલ્યો પર આધારિત સર્વમાન્ય વિચારધારા છે. આવા શિક્ષણ દ્વારા મહિલા માત્ર અન્યાય સહન કરનાર ન રહેતી, પરંતુ આત્મસન્માન સાથે પોતાના અધિકારો અંગે જાગૃત બની ન્યાય અને સમાનતાની દિશામાં આગળ વધે છે.

અતઃ આજના આધુનિક અને તણાવપૂર્ણ સમાજમાં મહિલા સશક્તિકરણને ટકાઉ અને અર્થસભર બનાવવા માટે આધ્યાત્મિક શિક્ષણને અનિવાર્ય ઘટક તરીકે સ્વીકારવાની જરૂર છે.

કાનૂની જાગૃતિ, આધુનિક શિક્ષણ અને આર્થિક સ્વાવલંબન સાથે આધ્યાત્મિક શિક્ષણનું સંકલન થવાથી જ મહિલાનું સર્વાંગી અને સાચું સશક્તિકરણ શક્ય બની શકે છે.

## ૨. આધ્યાત્મિક શિક્ષણની સંકલ્પના

આધ્યાત્મિક શિક્ષણ એટલે એવું શિક્ષણ જે વ્યક્તિને પોતાની અંદરની ઓળખ તરફ દોરી જાય છે અને જીવનને માત્ર ભૌતિક સુખ–સુવિધાઓથી પરે માનવ મૂલ્યો સાથે જોડે છે. તે આત્મજ્ઞાન, આત્મનિયંત્રણ અને આત્મવિકાસ પર આધારિત શિક્ષણ છે, જે વ્યક્તિને આંતરિક શાંતિ, સંતુલન અને સકારાત્મક દૃષ્ટિકોણ પ્રદાન કરે છે. આધ્યાત્મિક શિક્ષણ કોઈ એક ધર્મ, સંપ્રદાય અથવા ધાર્મિક વિધિઓ પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે સત્ય, અહિંસા, કરુણા, સહનશીલતા, સમાનતા અને માનવ ગૌરવ જેવા સર્વમાન્ય મૂલ્યો પર આધારિત છે.

મહિલાઓ માટે આધ્યાત્મિક શિક્ષણ વિશેષ મહત્વ ધરાવે છે, કારણ કે તે તેમને પોતાની ક્ષમતાઓ અને ગૌરવની ઓળખ કરાવે છે. આધ્યાત્મિક શિક્ષણ દ્વારા મહિલાઓમાં આત્મસન્માન વિકસે છે, માનસિક મજબૂતી વધે છે અને તેઓ જીવનમાં આવતી અસમાનતા તથા અન્યાય સામે આત્મવિશ્વાસપૂર્વક અવાજ ઉઠાવવાની હિંમત પ્રાપ્ત કરે છે. આ શિક્ષણ મહિલાને પરાધીનતાની ભાવનામાંથી બહાર લાવી સ્વતંત્ર અને સજાગ વ્યક્તિત્વ ઘડવામાં મદદરૂપ થાય છે.

## 3. મહિલા સશક્તિકરણની સંકલ્પના

મહિલા સશક્તિકરણનો અર્થ માત્ર મહિલાને શિક્ષણ અથવા રોજગારની તક પૂરી પાડવી એટલું જ નથી, પરંતુ તેને જીવનના દરેક ક્ષેત્રમાં સમાન અધિકાર, ગૌરવ અને સ્વતંત્રતા પ્રાપ્ત કરાવવી છે. મહિલા સશક્તિકરણમાં નિર્ણય લેવાની સ્વતંત્રતા, આત્મવિશ્વાસ, સામાજિક સમાનતા તથા નૈતિક અને માનસિક મજબૂતી જેવા તત્વોનો સમાવેશ થાય છે. સાચું મહિલા સશક્તિકરણ ત્યારે જ શક્ય બને છે જ્યારે મહિલા પોતાના જીવન સંબંધિત નિર્ણયો સ્વયં લઈ શકે અને પોતાની ઓળખ સ્વતંત્ર રીતે સ્થાપિત કરી શકે.

આ તમામ પાસાઓનું સંવર્ધન માત્ર કાયદા કે સરકારી યોજનાઓથી પૂરતું શક્ય નથી. મહિલાની આંતરિક શક્તિ અને માનસિક દૃઢતા વિકસાવ્યા વગર સશક્તિકરણ અધૂરું રહે છે. આ દૃષ્ટિએ આધ્યાત્મિક શિક્ષણ મહિલા સશક્તિકરણનું મજબૂત પાયો બની રહે છે, કારણ કે તે મહિલાને આત્મવિશ્વાસ, ધૈર્ય અને નૈતિક મૂલ્યો પ્રદાન કરે છે.

## ૪. આધ્યાત્મિક શિક્ષણ અને મહિલા સશક્તિકરણનો સંબંધ

આધ્યાત્મિક શિક્ષણ અને મહિલા સશક્તિકરણ વચ્ચે ઘનિષ્ઠ અને પરસ્પર આધારિત સંબંધ જોવા મળે છે. આધ્યાત્મિક શિક્ષણ મહિલાને પોતાની આંતરિક શક્તિઓની ઓળખ કરાવે છે અને તેને શોષણ સહન કરવાની મનોદશામાંથી બહાર લાવે છે. તે મહિલાને માત્ર સહનશીલ નહીં પરંતુ આત્મસન્માન સાથે જીવન જીવવાની પ્રેરણા આપે છે.

આધ્યાત્મિક શિક્ષણ દ્વારા મહિલાઓમાં આત્મવિશ્વાસનો વિકાસ થાય છે, ભય અને અપરાધભાવમાંથી મુક્તિ મળે છે તથા સ્વનિર્ણય શક્તિ વિકસે છે. સાથે સાથે મહિલાઓમાં નૈતિક નેતૃત્વની ક્ષમતા વિકસે છે, જેના કારણે તેઓ પરિવાર, સમાજ અને કાર્યસ્થળે સકારાત્મક પરિવર્તન લાવી શકે છે. આ તમામ તત્વો મહિલા સશક્તિકરણનો મજબૂત અને ટકાઉ આધાર બને છે.

## ૫. ભારતીય સંસ્કૃતિમાં મહિલાઓ અને આધ્યાત્મિકતા

ભારતીય સંસ્કૃતિમાં મહિલાને હંમેશા શક્તિ સ્વરૂપે માનવામાં આવી છે. દુર્ગા, સરસ્વતી અને લક્ષ્મી જેવી દેવીઓ મહિલા શક્તિ, જ્ઞાન અને સમૃદ્ધિનું પ્રતિક છે. આ પ્રતિકાત્મક માન્યતાઓ દર્શાવે છે કે ભારતીય પરંપરામાં મહિલાને નબળી નહીં પરંતુ સશક્ત અને ગૌરવપૂર્ણ સ્વરૂપે જોવામાં આવી છે.

ઉપનિષદોમાં ગાર્ગી અને મૈત્રેયી જેવી વિદુષી મહિલાઓ આધ્યાત્મિક જ્ઞાન અને દાર્શનિક ચર્ચામાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. આ ઉદાહરણો સ્પષ્ટ કરે છે કે ભારતીય સંસ્કૃતિમાં આધ્યાત્મિક શિક્ષણ દ્વારા મહિલાને ગૌરવ, જ્ઞાન અને સ્વતંત્રતા આપવામાં આવી છે. આ પરંપરા આજના સમયમાં ફરીથી પ્રાસંગિક બની રહી છે.

## ૬. આધુનિક સમાજમાં આધ્યાત્મિક શિક્ષણની પ્રાસંગિકતા

આધુનિક સમાજમાં મહિલાઓ કામકાજ અને પરિવાર વચ્ચે સંતુલન સાધવાની જવાબદારી, વધતો માનસિક તણાવ અને સામાજિક અપેક્ષાઓના દબાણનો સામનો કરી રહી છે. ઝડપી જીવનશૈલી અને સ્પર્ધાત્મક વાતાવરણ મહિલાઓમાં માનસિક અસંતુલન અને તણાવ વધારવાનું કારણ બની રહ્યું છે.

આવા સંજોગોમાં આધ્યાત્મિક શિક્ષણ મહિલાઓને આંતરિક શાંતિ, ધૈર્ય અને સંતુલન પ્રદાન કરે છે. તે મહિલાને જીવનની પડકારોને સ્વીકારવાની અને આત્મવિશ્વાસ સાથે આગળ વધવાની શક્તિ આપે છે. આ રીતે આધ્યાત્મિક શિક્ષણ મહિલાના સર્વાંગી વિકાસ માટે અત્યંત પ્રાસંગિક બને છે.

## ૭. કાનૂની અને સામાજિક પરિપ્રેક્ષ્ય

મહિલા સશક્તિકરણ માટે અનેક કાયદાઓ અને બંધારણીય જોગવાઈઓ અસ્તિત્વમાં છે, પરંતુ કાયદાનો અસરકારક અમલ ત્યારે જ શક્ય બને છે જ્યારે મહિલાઓ માનસિક અને આધ્યાત્મિક રીતે સશક્ત બને. ઘણી વખત ભય, અજ્ઞાનતા અથવા આત્મહીનતાના કારણે મહિલાઓ પોતાના અધિકારોનો ઉપયોગ કરી શકતી નથી.

આધ્યાત્મિક શિક્ષણ મહિલાને પોતાના અધિકારો અંગે જાગૃત કરે છે, આત્મવિશ્વાસ આપે છે અને ન્યાય મેળવવાની હિંમત પ્રદાન કરે છે. આ રીતે આધ્યાત્મિક શિક્ષણ કાનૂની સશક્તિકરણને સક્રિય અને અસરકારક બનાવે છે.

## ૮. નિષ્કર્ષ

આધ્યાત્મિક શિક્ષણ મહિલા સશક્તિકરણનું મજબૂત આધારસ્તંભ છે. તે મહિલાને માત્ર સમાજમાં જ નહીં પરંતુ પોતાની અંદર પણ સશક્ત બનાવે છે. આધુનિક શિક્ષણ, કાનૂની વ્યવસ્થા અને સામાજિક સુધારાઓની સાથે આધ્યાત્મિક શિક્ષણનું સંકલન કરવામાં આવે તો જ સાચું, સર્વાંગી અને ટકાઉ મહિલા સશક્તિકરણ શક્ય બને. આવું સશક્તિકરણ જ સમાનતા, ન્યાય અને માનવ ગૌરવ પર આધારિત સમાજના નિર્માણ માટે આવશ્યક છે.

**સંદર્ભસૂચિ**

Bowling, C. (2025). *The Role of Spirituality in Resilience Among Male and Female Education Staff*. Liberty University Dissertation

Duckworth, A. (2016). *Grit: The Power of Passion and Perseverance*. Scribner

Duggan, B., & Theuer, B. (2023). *Resilient Leadership 2.0*. Independent Publisher

Greitens, E. (2015). *Resilience: Hard-Won Wisdom for Living a Better Life*. Houghton Mifflin Harcourt

Jacobsen, D., & Jacobsen, R. H. (2018). *The Resilience of Religion in American Higher Education*. Baylor University Press

Marques, J., Dhiman, S., & King, R. (2009). *The Workplace and Spirituality: New Perspectives on Research and Practice*. Skylight Paths Publishing

# Role of Music in Spiritual Education: An Experiential Approach through Gujarati Devotional Songs

**Dr. Rajdev K. Desai**[1]
[1]Assistant professor,
College of Education, Dramali, Gujarat, India
E-mail: rajdev4u2@gmail.com

**Abstract**

Spiritual education plays a crucial role in nurturing self-awareness, moral values, emotional balance, and inner well-being in human life. Among various mediums of spiritual learning, music occupies a unique position due to its deep emotional, psychological, and experiential impact. Indian Knowledge Systems (IKS) have traditionally used music as a powerful tool for spiritual awakening, ethical instruction, and transformation of consciousness. This paper explores the role of music in spiritual education through an analytical study of five selected Gujarati devotional and folk songs.

The researcher uses these songs as experiential examples to explain how music conveys spiritual values such as humility, impermanence of life, moral conduct, detachment, compassion, and self-realization. Each song reflects core spiritual teachings embedded in everyday language, making spiritual education accessible and emotionally engaging. Through lyrical analysis and thematic interpretation, the study demonstrates how music influences mental peace, emotional purification, and value-based living.

The paper concludes that integrating music into spiritual education enhances self-awareness, emotional balance, and holistic development. Such an approach aligns with the seminar's objectives of promoting spiritual awareness, inner peace, and balanced human development. Music-based spiritual education can serve as an effective pedagogical tool in contemporary educational and social settings.

**Keywords:** Spiritual Education, Music, Indian Knowledge Systems, Devotional Songs, Self-Awareness

## 1. Introduction

In modern society, human life is increasingly affected by stress, emotional instability, materialism, and loss of inner peace. Education systems largely emphasize intellectual achievement and professional success, often neglecting inner growth and spiritual values. As a result, individuals experience mental unrest, ethical confusion, and emotional imbalance.

Spiritual education addresses these challenges by fostering self-reflection, moral awareness, emotional purification, and harmony between mind and soul. Indian Knowledge Systems have long recognized music as a potent medium for spiritual education. Bhajans, folk songs, and devotional compositions have been used to transmit spiritual wisdom in a simple, experiential, and emotionally resonant manner.

This paper examines the role of music in spiritual education by analyzing five Gujarati devotional songs, demonstrating how they act as tools for inner transformation and value education.

**2. Music as a Tool of Spiritual Education in Indian Knowledge Systems**

In Indian tradition, music (*Sangeet*) is not merely entertainment but a spiritual discipline (*Sadhana*). It is believed to purify the mind, elevate consciousness, and connect the individual with higher truth.

Spiritual music:

- Awakens self-awareness
- Purifies emotions
- Encourages ethical reflection
- Promotes detachment and humility

Through rhythm, melody, and meaningful lyrics, music communicates spiritual truths more deeply than intellectual instruction alone.

**3. Methodology**

The study adopts a **qualitative and interpretative approach**. Five Gujarati devotional and folk songs are selected as case examples. The lyrics are thematically analyzed to identify spiritual values and educational messages relevant to human well-being and self-development.

**4. Analysis of Selected Songs**

**4.1 Song 1: "કોઈજાશોનાએવાનેઆંગણેરે…"**

This song emphasizes **inner purity over external status**. It criticizes arrogance, hypocrisy, and false pride while highlighting humility, compassion, and devotion.

**Spiritual Educational Values:**

- Rejection of ego and pride
- Importance of inner purity
- Moral accountability
- Respect and humility

The song teaches learners that true greatness lies in character, not wealth or status.

**4.2 Song 2: "ઘેરોવડલોનેઘેરીછાંયડીરેલોલ…"**

This song symbolizes **family values, protection, and emotional security** through the metaphor of a banyan tree.

**Spiritual Educational Values:**

- Gratitude towards parents
- Emotional bonding
- Respect for family and relationships
- Sense of belonging

It nurtures emotional stability and gratitude, essential components of spiritual well-being.

**4.3 Song 3: "હે..જીવનજીવવુંસહેલુંનથી..."**

This philosophical song reflects on **ethical living and moral struggle** in human life.

**Spiritual Educational Values:**

- Integrity and righteousness
- Fearlessness grounded in truth
- Rejection of exploitation and violence
- Commitment to good deeds

The song promotes moral courage and ethical responsibility as foundations of spiritual education.

**4.4 Song 4: "કોણજાણીશકેકાળનેરે..."**

This song highlights the **impermanence of life and material possessions**.

**Spiritual Educational Values:**

- Awareness of mortality
- Detachment from materialism
- Importance of devotion and righteous living
- Acceptance of life's uncertainty

It encourages introspection and prepares individuals for spiritual maturity.

**4.5 Song 5: "માટીનાપુતલાતનેશેનુંઅભિમાનછે"**

This song reminds humans of their **temporary existence** and warns against arrogance.

**Spiritual Educational Values:**

- Humility
- Acceptance of human limitations
- Detachment from ego
- Spiritual self-realization

The song fosters self-reflection and emotional purification.

**5. Educational Significance of Music-Based Spiritual Learning**

Using music in spiritual education:

- Enhances emotional engagement
- Encourages self-reflection
- Makes spiritual values relatable
- Promotes mental peace and inner harmony

Music bridges intellect and emotion, making spiritual learning experiential rather than theoretical.

**6. Alignment with Seminar Objectives**

This study directly aligns with the seminar objectives by:

- Creating awareness about spiritual education
- Promoting inner peace and self-awareness
- Encouraging holistic human development
- Reviving cultural and spiritual values

Music emerges as an effective medium for achieving these goals.

**7. Recommendations**

1. Spiritual music should be integrated into educational and community programs.
2. Folk and devotional songs should be documented as spiritual learning resources.
3. Music-based sessions can be used for stress management and emotional well-being.
4. Educational institutions should encourage cultural-spiritual activities.

**8. Conclusion**

Music plays a vital role in spiritual education by touching the human heart and transforming inner consciousness. The selected Gujarati devotional songs convey profound spiritual teachings related to humility, ethics, impermanence, and self-awareness. Integrating music into spiritual education can nurture emotionally balanced, morally responsible, and spiritually

aware individuals. Thus, music is not only an art form but a powerful instrument for holistic human development.

**References**


1. Radhakrishnan, S. (1967). *Indian Philosophy*. George Allen & Unwin.
2. Aurobindo, S. (1997). *The Synthesis of Yoga*. Sri Aurobindo Ashram.
3. Vivekananda, S. (2015). *Complete Works of Swami Vivekananda*. Advaita Ashrama.
4. Tagore, R. (2009). *Sadhana: The Realisation of Life*. Macmillan.
5. National Education Policy (2020). Ministry of Education, Government of India.

Ministry of Education (2022). *Indian Knowledge Systems Framework*. Government of India.

# માનસિક અને શારીરિક આરોગ્યમાં સુધારો : સંશોધનાત્મક અભ્યાસ

સંશોધક
ડૉ. ભરતભાઈ રાણાભાઇ પરમાર
માનવ અધિકાર એક્ટિવિસ્ટ અને સમાજ વિજ્ઞાન સંશોધક
મો. ૮૮૬૬૩૧૯૫૯૯

**સારાંશ (Abstract)**

આ સંશોધનાત્મક આર્ટિકલમાં માનસિક અને શારીરિક આરોગ્ય વચ્ચેના પરસ્પર સંબંધ, તેના પર અસર કરતા સામાજિક, આર્થિક અને જીવનશૈલી સંબંધિત પરિબળો તથા આરોગ્યમાં સુધારા માટેના ઉપાયોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આધુનિક જીવનશૈલી, વધતો તણાવ અને મૂલ્યહિનતા માનવના સર્વાંગી આરોગ્ય પર નકારાત્મક અસર કરે છે. અભ્યાસ દર્શાવે છે કે યોગ, ધ્યાન, સકારાત્મક વિચારધારા અને સંતુલિત જીવનશૈલી દ્વારા માનસિક તથા શારીરિક આરોગ્યમાં નોંધપાત્ર સુધારો શક્ય છે.

**મુખ્ય શબ્દો (Keywords):**માનસિક આરોગ્ય, શારીરિક આરોગ્ય, તણાવ, યોગ, સર્વાંગી વિકાસ

## 1. પરિચય

માનવ આરોગ્યનો અર્થ માત્ર રોગમુક્તિ નથી, પરંતુ સંપૂર્ણ શારીરિક, માનસિક અને સામાજિક સુખાકારી છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના મતે આરોગ્ય એ વ્યક્તિની સર્વાંગી સુખાકારીનું પ્રતિબિંબ છે. આજના યુગમાં ઝડપી જીવનશૈલી, સ્પર્ધા અને અસંતુલિત આચરણના કારણે માનસિક અને શારીરિક આરોગ્ય ગંભીર પડકારોનો સામનો કરી રહ્યું છે. આ સંશોધનનો હેતુ આ પડકારોનું વિશ્લેષણ કરીને ઉકેલ સૂચવવાનો છે.

## 2. સંશોધનના હેતુઓ

1. માનસિક અને શારીરિક આરોગ્ય વચ્ચેના સંબંધને સમજવો.
2. આધુનિક જીવનશૈલીના આરોગ્ય પર પડતા પ્રભાવનો અભ્યાસ કરવો.
3. આરોગ્ય સુધારાના અસરકારક ઉપાયો ઓળખવા.
4. સર્વાંગી આરોગ્ય વિકાસ માટે ભલામણો પ્રસ્તાવિત કરવી.

## 3. સંશોધન પદ્ધતિ

આ અભ્યાસ વર્ણનાત્મક (Descriptive) અને વિશ્લેષણાત્મક પદ્ધતિ પર આધારિત છે. દ્વિતીયક માહિતી સ્ત્રોતો જેમ કે પુસ્તકો, સંશોધન પેપર્સ, સરકારી અહેવાલો અને વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રકાશનોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**4. માનસિક આરોગ્ય: સંકલ્પના અને સમસ્યાઓ**

માનસિક આરોગ્ય વ્યક્તિની ભાવનાત્મક સ્થિરતા, વિચારશક્તિ અને વર્તન સાથે સંકળાયેલું છે. તણાવ, ચિંતા, ડિપ્રેશન, એકલતા અને નશાખોરી જેવી સમસ્યાઓ માનસિક આરોગ્યને ગંભીર રીતે અસર કરે છે. સંશોધન દર્શાવે છે કે લાંબા ગાળાનો તણાવ શારીરિક રોગોને જન્મ આપે છે.

**5. શારીરિક આરોગ્ય: હાલની સ્થિતિ**

શારીરિક આરોગ્ય પર અસંતુલિત આહાર, અપૂરતી કસરત અને અનિયમિત જીવનશૈલી નકારાત્મક અસર કરે છે. હૃદયરોગ, ડાયાબિટીસ અને સ્થૂળતા જેવી બીમારીઓ વધતી જાય છે, જે માનસિક આરોગ્યને પણ અસર કરે છે.

**6. માનસિક અને શારીરિક આરોગ્યનો પરસ્પર સંબંધ**

માનસિક અને શારીરિક આરોગ્ય એકબીજાથી અલગ નથી. માનસિક અસ્વસ્થતા રોગપ્રતિકારક શક્તિ ઘટાડે છે, જ્યારે શારીરિક રોગો માનસિક તણાવ વધારે છે. તેથી બંને વચ્ચે સંતુલન જાળવવું જરૂરી છે.

**7. આરોગ્ય સુધારામાં યોગ અને આધ્યાત્મિક અભિગમ**

યોગ, ધ્યાન અને પ્રાણાયામ માનસિક શાંતિ અને શારીરિક સ્ફૂર્તિ માટે અસરકારક સાધનો છે. આધ્યાત્મિક અભિગમ વ્યક્તિમાં સકારાત્મકતા, આત્મનિયંત્રણ અને જીવન પ્રત્યે સંતુલિત દૃષ્ટિકોણ વિકસાવે છે.

**8. ચર્ચા (Discussion)**

અભ્યાસથી સ્પષ્ટ થાય છે કે આરોગ્ય માત્ર ચિકિત્સા દ્વારા નહીં, પરંતુ જીવનશૈલીમાં પરિવર્તન દ્વારા સુધારી શકાય છે. વ્યક્તિગત પ્રયત્નો સાથે સામાજિક જાગૃતિ અને સરકારી નીતિઓનું સંયોજન જરૂરી છે.

**9. નિષ્કર્ષ**

આ સંશોધનાત્મક અભ્યાસ પરથી નિષ્કર્ષે કહી શકાય કે માનસિક અને શારીરિક આરોગ્ય એકબીજાના પૂરક છે. યોગ, ધ્યાન, સંતુલિત આહાર અને સકારાત્મક વિચારધારા દ્વારા આરોગ્યસભર જીવન શક્ય છે. સર્વાંગી માનવ વિકાસ માટે આરોગ્યને પ્રાથમિકતા આપવી અનિવાર્ય છે.

**સંદર્ભ સૂચિ (References)**

શ્રી અરવિંદ –*The Life Divine*.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન –*Indian Philosophy*.

પતંજલિ –*યોગસૂત્ર*.

ભારત સરકાર –*National Mental Health Programme*.

મહાત્મા ગાંધી –*મારા જીવનના પ્રયોગો*.

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) – *Mental Health and Well-being*.

સ્વામી વિવેકાનંદ –*Complete Works of Swami Vivekananda*.

# આધ્યાત્મિક શિક્ષણ અને સર્વાંગી માનવ વિકાસ

**સંશોધક**

ડૉ. રાકેશકુમાર ભગવાનભાઈ પ્રજાપતિ

આચાર્ય

શ્રીમતી કે.એ. મોદી એમ.એસ.ડબ્લ્યુ કોલેજ, મોડાસા, અરવલ્લી

**સારાંશ (Abstract)**

આ સંશોધન પેપરનો મુખ્ય હેતુ આધ્યાત્મિક શિક્ષણ અને સર્વાંગી માનવ વિકાસ વચ્ચેના પરસ્પર સંબંધને વિશ્લેષિત કરવાનો છે. આજના આધુનિક અને સ્પર્ધાત્મક યુગમાં માનવ વિકાસને મોટેભાગે આર્થિક અને ભૌતિક પ્રગતિ સાથે જોડવામાં આવે છે, પરંતુ આવી પ્રગતિ માનવજીવનને સંપૂર્ણતા આપતી નથી. સાચો વિકાસ તે છે જેમાં માનવનો શારીરિક, માનસિક, બૌદ્ધિક, નૈતિક, સામાજિક અને આધ્યાત્મિક તમામ સ્તરે સંતુલિત વિકાસ થાય. આ પેપર દર્શાવે છે કે આધ્યાત્મિક શિક્ષણ માનવજીવનને મૂલ્ય, દિશા અને અર્થ આપે છે તથા વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે અનિવાર્ય છે.

**મુખ્ય શબ્દો (Keywords):આધ્યાત્મિક શિક્ષણ, સર્વાંગી વિકાસ, મૂલ્યશિક્ષણ, માનવ વિકાસ, યોગ અને ધ્યાન**

## 1. પરિચય

માનવ વિકાસની ચર્ચા કરતી વખતે સામાન્ય રીતે આર્થિક, ભૌતિક અને વૈજ્ઞાનિક પ્રગતિ પર વધુ ભાર મૂકવામાં આવે છે. પરંતુ માનવજીવન માત્ર ભૌતિક સુખ-સુવિધાઓ પૂરતું સીમિત નથી. સાચો વિકાસ તે છે, જેમાં માનવનો શારીરિક, માનસિક, બૌદ્ધિક, નૈતિક, સામાજિક અને આધ્યાત્મિક તમામ સ્તરે વિકાસ થાય. આ સર્વાંગી વિકાસ માટે આધ્યાત્મિક શિક્ષણ અનિવાર્ય ભૂમિકા ભજવે છે. આજના તણાવસભર અને સ્પર્ધાત્મક યુગમાં આધ્યાત્મિક શિક્ષણ માનવજીવનને સંતુલિત, અર્થપૂર્ણ અને મૂલ્યસભર બનાવે છે.

## 2. આધ્યાત્મિક શિક્ષણનો અર્થ અને વ્યાપ

આધ્યાત્મિક શિક્ષણ એટલે આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવતું શિક્ષણ. તે માનવને પોતાની આંતરિક શક્તિઓ, ચેતના અને જીવનના અંતિમ હેતુ વિશે જાગૃત કરે છે. આધ્યાત્મિક શિક્ષણ કોઈ એક ધર્મ પૂરતું મર્યાદિત નથી, પરંતુ સર્વમાનવ કલ્યાણની ભાવનાથી પ્રેરિત છે. સત્ય, અહિંસા, પ્રેમ, કરુણા, ક્ષમા, સંયમ અને સેવા જેવા મૂલ્યો આધ્યાત્મિક શિક્ષણના મુખ્ય તત્વો છે.સ્વામી વિવેકાનંદ કહે છે:"શિક્ષણ એટલે મનુષ્યમાં રહેલી પૂર્ણતાનું પ્રગટીકરણ."આ વ્યાખ્યા આધ્યાત્મિક શિક્ષણના મૂળભાવને સ્પષ્ટ કરે છે.

## 3. સર્વાંગી માનવ વિકાસની સંકલ્પના

સર્વાંગી માનવ વિકાસનો અર્થ છે માનવના તમામ પાસાઓનો સંતુલિત વિકાસ. તેમાં નીચેના તત્વોનો સમાવેશ થાય છે:

- શારીરિક વિકાસ
- માનસિક વિકાસ
- બૌદ્ધિક વિકાસ
- નૈતિક વિકાસ
- સામાજિક વિકાસ
- આધ્યાત્મિક વિકાસ

આ તમામ પાસાઓ એકબીજાથી સંકળાયેલા છે. જો કોઈ એક પાસો અવગણાય તો માનવ વિકાસ અધૂરો રહે છે.

**4. આધ્યાત્મિક શિક્ષણ અને શારીરિક-માનસિક વિકાસ**

આધ્યાત્મિક શિક્ષણ યોગ, ધ્યાન અને આત્મસંયમ દ્વારા શારીરિક અને માનસિક સ્વાસ્થ્યમાં સુધારો લાવે છે. આજના યુગમાં તણાવ, ડિપ્રેશન અને ચિંતા જેવી સમસ્યાઓ વધતી જાય છે. આધ્યાત્મિક શિક્ષણ માનવને આંતરિક શાંતિ, ધૈર્ય અને આત્મવિશ્વાસ આપે છે, જે માનસિક સ્વાસ્થ્ય માટે અત્યંત જરૂરી છે.

**5. નૈતિક અને મૂલ્ય આધારિત વિકાસ**

સર્વાંગી માનવ વિકાસમાં નૈતિક મૂલ્યોનું મહત્વ અત્યંત છે. આધ્યાત્મિક શિક્ષણ માનવને સત્યનિષ્ઠા, ઈમાનદારી, કર્તવ્યબોધ અને જવાબદારીનો પાઠ શીખવે છે. આ મૂલ્યો વિના માનવ ભૌતિક રીતે વિકસિત હોવા છતાં સામાજિક રીતે પછાત રહે છે.

**6. સામાજિક વિકાસમાં આધ્યાત્મિક શિક્ષણની ભૂમિકા**

આધ્યાત્મિક શિક્ષણ માનવને સ્વાર્થીપણાથી ઉપર ઉઠાવી સમાજ પ્રત્યે સંવેદનશીલ બનાવે છે. "વસુધૈવ કુટુંબકમ્" જેવી ભાવના દ્વારા માનવ સમગ્ર વિશ્વને એક પરિવાર તરીકે જોવાનું શીખે છે. પરિણામે સામાજિક સમરસતા, સહકાર અને શાંતિ સ્થાપિત થાય છે.

**7. યુવા પેઢી અને સર્વાંગી વિકાસ**

યુવા પેઢી રાષ્ટ્રનું ભવિષ્ય છે. પરંતુ આજના યુવાનો ભટકાવ, નશાખોરી, સ્પર્ધાત્મક તણાવ અને મૂલ્યહિનતાનો સામનો કરી રહ્યા છે. આધ્યાત્મિક શિક્ષણ તેમને જીવનનો સાચો હેતુ સમજાવે છે, આત્મનિયંત્રણ અને શિસ્ત વિકસાવે છે અને સર્વાંગી વ્યક્તિત્વ વિકાસમાં મદદરૂપ બને છે.

**8. આધુનિક શિક્ષણપ્રણાલીમાં આધ્યાત્મિક શિક્ષણ**

આજની શિક્ષણપ્રણાલી મુખ્યત્વે વ્યવસાયલક્ષી બની ગઈ છે. પરિણામે મૂલ્યશિક્ષણને અવગણવામાં આવે છે. સર્વાંગી માનવ વિકાસ માટે અભ્યાસક્રમમાં આધ્યાત્મિક શિક્ષણ, મૂલ્યશિક્ષણ, યોગ અને ધ્યાનને સ્થાન આપવું આવશ્યક છે.

**9. ઉપસંહાર**

અંતમાં કહી શકાય કે આધ્યાત્મિક શિક્ષણ વિના સર્વાંગી માનવ વિકાસ શક્ય નથી. ભૌતિક વિકાસ માનવને સુવિધા આપે છે, જ્યારે આધ્યાત્મિક શિક્ષણ જીવનને અર્થ આપે છે. વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના સાચા વિકાસ માટે આધ્યાત્મિક શિક્ષણને શિક્ષણપ્રણાલીમાં કેન્દ્રસ્થાને લાવવાની આજના સમયની તાત્કાલિક જરૂરિયાત છે.

**સંદર્ભ સૂચિ (References)**

ઉપનિષદો, સંસ્કૃત સાહિત્ય સંકલન, ભારત સરકાર પ્રકાશન

શ્રીમદ્ ભાગવત મહાપુરાણ. ગીતા પ્રેસ, ગોરખપુર

અરવિંદ, શ્રી.*The Life Divine*. Sri Aurobindo Ashram, Pondicherry.

ગાંધી, મહાત્મા.*મારા જીવનના પ્રયોગો.* નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.

ભગવદ્ગીતા, ગીતા પ્રેસ, ગોરખપુર.

વિવેકાનંદ, સ્વામી.*Complete Works of Swami Vivekananda*. AdvaitaAshrama, Kolkata.

રાધાકૃષ્ણન, ડૉ. સર્વપલ્લી.*Indian Philosophy*. George Allen & Unwin Ltd.

# Spiritual Education for Mental, Physical, and Emotional Well-Being

**Dr. Jitendrkumar Vasantlal Patel**
Assistant professor,
College of Education, Daramali, Gujarat, India
E-mail: pateljitendra813@gmail.com
Contact No.: 9725799583

**Abstract**

In the contemporary world, rapid technological advancement, competitive lifestyles, and social pressures have significantly impacted human mental, physical, and emotional health. Increasing stress, anxiety, emotional instability, and lifestyle disorders indicate a growing imbalance in human well-being. Spiritual education, rooted in Indian Knowledge Systems (IKS), offers a holistic approach to restoring this balance by nurturing inner awareness, ethical values, and harmony between mind, body, and spirit. This paper explores the role of spiritual education in promoting mental clarity, physical health, and emotional stability.

Drawing upon Indian philosophical traditions, yogic practices, and value-based education, the study highlights how spiritual education contributes to self-awareness, stress management, emotional regulation, and holistic health. Practices such as meditation, yoga, mindfulness, and ethical living are shown to enhance psychological resilience, improve physical well-being, and foster emotional intelligence. The paper also discusses the relevance of spiritual education in modern educational systems and aligns its objectives with contemporary educational reforms emphasizing holistic development.

The study concludes that integrating spiritual education into formal and informal learning environments can play a transformative role in addressing modern health challenges. By promoting inner peace, emotional balance, and physical wellness, spiritual education emerges as a fundamental need for human well-being and social harmony.

**Keywords:** Spiritual Education, Mental Well-Being, Emotional Health, Physical Health, Indian Knowledge Systems

## 1. Introduction

Human well-being is a multidimensional concept encompassing mental, physical, emotional, and spiritual aspects. In modern society, education has largely focused on intellectual development and material success, often neglecting inner growth and emotional balance. As a result, individuals face increasing levels of stress, anxiety, depression, emotional instability, and lifestyle-related health disorders.

Spiritual education offers a holistic framework that addresses these challenges by emphasizing self-awareness, ethical values, inner discipline, and harmony with oneself and society. Rooted in Indian Knowledge Systems, spiritual education views health as a balanced state of mind, body, and spirit. This paper examines the role of spiritual education in fostering

mental clarity, physical vitality, and emotional stability, highlighting its relevance in contemporary life.

**2. Concept of Spiritual Education**

Spiritual education does not refer to religious instruction but focuses on inner development, self-realization, and value-based living. It aims to cultivate awareness of one's thoughts, emotions, actions, and purpose in life.

According to Indian philosophical thought, education (*Vidya*) is a process of liberation and self-discovery. Spiritual education emphasizes:

- Self-awareness and mindfulness
- Ethical and moral values
- Emotional balance and compassion
- Inner peace and mental discipline

This form of education nurtures holistic growth rather than mere accumulation of information.

**3. Spiritual Education and Mental Well-Being**

Mental health challenges such as stress, anxiety, and depression are increasingly common in modern society. Spiritual education contributes to mental well-being by promoting inner calm and psychological resilience.

**3.1 Role of Meditation and Mindfulness**

Meditation and mindfulness practices help individuals:

- Reduce stress and anxiety
- Improve concentration and clarity
- Enhance self-control and mental discipline

These practices encourage individuals to observe their thoughts without judgment, leading to greater mental stability and peace.

**3.2 Development of Positive Attitudes**

Spiritual education fosters optimism, patience, and acceptance, which are essential for mental well-being. By nurturing positive thinking and self-awareness, individuals can better cope with challenges and uncertainties.

**4. Spiritual Education and Physical Well-Being**

Physical health is closely linked to mental and emotional states. Indian Knowledge Systems emphasize the unity of mind and body, where imbalance in one affects the other.

**4.1 Yoga and Physical Health**

Yogic practices contribute to physical well-being by:

- Improving flexibility and strength
- Enhancing respiratory and circulatory health
- Supporting immune function

Regular practice of yoga promotes physical vitality while maintaining mental calmness.

**4.2 Lifestyle Discipline**

Spiritual education encourages balanced living through moderation, discipline, and awareness of bodily needs. Such practices help prevent lifestyle-related disorders and promote overall physical wellness.

**5. Spiritual Education and Emotional Well-Being**

Emotional imbalance often leads to interpersonal conflicts, dissatisfaction, and psychological distress. Spiritual education plays a vital role in nurturing emotional intelligence and stability.

**5.1 Emotional Regulation and Awareness**

Through self-reflection and mindfulness, individuals learn to:

- Understand and manage emotions
- Develop empathy and compassion
- Cultivate patience and tolerance

These qualities strengthen emotional resilience and interpersonal relationships.

**5.2 Values and Ethical Living**

Spiritual education instills values such as compassion, honesty, forgiveness, and respect. These values foster emotional harmony within individuals and promote peaceful social interactions.

**6. Spiritual Education in Indian Knowledge Systems**

Indian Knowledge Systems emphasize holistic well-being through integration of physical, mental, emotional, and spiritual dimensions. Ancient texts and practices highlight the importance of self-discipline, ethical conduct, and inner awareness for a balanced life.

Practices such as yoga, meditation, *pranayama*, and self-reflection are central to spiritual education in IKS. These practices remain relevant today for addressing modern health and emotional challenges.

**7. Relevance of Spiritual Education in Modern Society**

In today's fast-paced world, spiritual education is essential for:

- Reducing stress and emotional burnout
- Promoting mental resilience among students and professionals
- Enhancing quality of life and social harmony

Integrating spiritual education into educational institutions can help create balanced individuals capable of contributing positively to society.

**8. Conclusion**

Spiritual education plays a crucial role in promoting mental clarity, physical health, and emotional balance. Rooted in Indian Knowledge Systems, it offers timeless principles and practices that address contemporary challenges related to stress, emotional instability, and lifestyle disorders. By integrating spiritual education into modern educational frameworks, society can nurture individuals who are mentally peaceful, physically healthy, emotionally stable, and ethically grounded. Thus, spiritual education emerges as a fundamental necessity for holistic human well-being and sustainable social development.

**Recommendations**

1. Spiritual education should be integrated into formal education to promote holistic development in line with NEP 2020.
2. Yoga, meditation, and mindfulness practices should be included in daily academic routines to enhance mental and physical well-being.
3. Teachers should be trained in value-based and spiritual education to guide students effectively.
4. Educational assessment should consider emotional well-being and ethical values along with academic performance.
5. Indian Knowledge Systems should be promoted through policy support, research, and community participa

**References**

Aurobindo, S. (1997). *The Synthesis of Yoga*. Sri Aurobindo Ashram.

Kabat-Zinn, J. (2005). *Full Catastrophe Living*. Bantam Dell.

Goleman, D. (1995). *Emotional Intelligence*. Bantam Books.

National Education Policy (2020). Ministry of Education, Government of India.

Patwardhan, B. (2014). Integrating Indian Knowledge Systems with modern science. *Journal of Ayurveda and Integrative Medicine*, 5(1), 1–3.

Radhakrishnan, S. (1967). *Indian Philosophy*. George Allen & Unwin.

WHO (2013). *Mental Health Action Plan 2013–2020*. World Health Organization.

# "આધ્યાત્મિક શિક્ષણ અને માનવજીવનનો સર્વાંગીય વિકાસ."

*ડૉ. શેતલબેન બાબુભાઇ ખૈર*

**આસિસ્ટન્ટપ્રોફેસર**

**આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ**

➢ **સારાંશ:**

આધ્યાત્મિક શિક્ષણ માનવજીવનના સર્વાંગીય વિકાસ માટે અત્યંત આવશ્યક છે. આધુનિક શિક્ષણ પ્રણાલી મુખ્યત્વે બૌદ્ધિક અને ભૌતિક વિકાસ પર ભાર મૂકે છે, જ્યારે આધ્યાત્મિક શિક્ષણ માનવના આંતરિક મૂલ્યો, નૈતિકતા, આત્મજ્ઞાન અને જીવનના હેતુની સમજ વિકસાવે છે. આધ્યાત્મિક શિક્ષણ દ્વારા માનવમાં શારીરિક, માનસિક, બૌદ્ધિક, નૈતિક, સામાજિક અને આધ્યાત્મિક વિકાસ શક્ય બને છે. યોગ, ધ્યાન, પ્રાણાયામ અને મૂલ્ય આધારિત શિક્ષણ માનસિક શાંતિ, આત્મસંતુલન અને સકારાત્મક વિચારસરણી વિકસાવે છે. આ શિક્ષણ વ્યક્તિનેજવાબદાર, સંવેદનશીલ અને માનવતાવાદી નાગરિક બનાવે છે. વર્તમાન સમયમાં વધતા તણાવ, હિંસા અને મૂલ્યહીનતાના પ્રશ્નોનું સમાધાન આધ્યાત્મિક શિક્ષણદ્વારા શક્ય બને છે.માનવજીવનને સુખી, સંતુલિત અને અર્થપૂર્ણ બનાવવા માટે શિક્ષણમાં આધ્યાત્મિક મૂલ્યોનો સમાવેશ અનિવાર્ય છે. આધ્યાત્મિક શિક્ષણ માનવના સર્વાંગીય વિકાસનો મજબૂત આધાર પુરો પાડે છે.

➢ **ચાવીરૂપ શબ્દો**:આધ્યાત્મિકશિક્ષણ, સર્વાંગીવિકાસ, મૂલ્યશિક્ષણ, આત્મજ્ઞાન, માનવજીવન.

## 1. પ્રસ્તાવના:

માનવજીવનનો સાચો વિકાસ માત્ર ભૌતિક સુખ-સગવડ અથવા બૌદ્ધિક પ્રગતિ સુધી મર્યાદિત નથી. માનવ એક સામાજિક તથા આધ્યાત્મિક પ્રાણી છે અને તેના જીવનનો હેતુ સર્વાંગી વિકાસમાં રહેલો છે. પ્રાચીન ભારતીય જ્ઞાનપરંપરામાં શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ માનવના શારીરિક, માનસિક, બૌદ્ધિક, નૈતિક અને આધ્યાત્મિક વિકાસ સાથે જીવનમૂલ્યોનું સંવર્ધન કરવો રહ્યો છે.આધુનિક સમયમાં શિક્ષણવ્યવસ્થારોજગારલક્ષી

અને સ્પર્ધાત્મક બની ગઈ છે, જેના પરિણામે તણાવ, અસંતોષ, હિંસા અને મૂલ્યહીનતા જેવા પ્રશ્નો ઊભા થયા છે. આવી પરિસ્થિતિમાં આધ્યાત્મિક શિક્ષણ માનવને આત્મજ્ઞાન, આત્મસંયમ, કરુણા, સત્ય અને સહઅસ્તિત્વ જેવી મૂલ્યવૃત્તિઓ તરફ દોરી જાય છે.આધ્યાત્મિક શિક્ષણ દ્વારા માનવમાં આંતરિક શાંતિ, નૈતિક દૃષ્ટિ અને જીવન પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસે છે, જે માનવજીવનના સર્વાંગી વિકાસ માટે અત્યંત આવશ્યક છે. તેથી વર્તમાન શિક્ષણપ્રણાલીમાં આધ્યાત્મિક શિક્ષણનું મહત્વ અને તેની ભૂમિકા વિષે અધ્યયન કરવું સમયની માંગ બની છે.

## 2. આધ્યાત્મિક શિક્ષણમાં અભ્યાસક્રમની જરૂરિયાત:

આજના વૈશ્વિક અને સ્પર્ધાત્મક યુગમાં શિક્ષણ પ્રણાલી મુખ્યત્વે માહિતી અને કુશળતા આધારિત બની ગઈ છે, જેના કારણે વિદ્યાર્થીઓમાં મૂલ્યનિષ્ઠતા, માનસિક સંતુલન અને સામાજિક જવાબદારીનો અભાવ જોવા મળે છે. માત્ર વિષય જ્ઞાન પૂરતું શિક્ષણ માનવજીવનના સર્વાંગીવિકાસ માટે પૂરતું નથી. તેથી આધ્યાત્મિક શિક્ષણને સંરચિત અને આયોજનબદ્ધ રીતે અભ્યાસક્રમમાં સમાવવાનું અત્યંત જરૂરી બન્યું છે. આધ્યાત્મિક શિક્ષણનો અભ્યાસક્રમ વિદ્યાર્થીઓમાં સત્ય, અહિંસા, કરુણા, સહિષ્ણુતા, આત્મસંયમ અને કર્તવ્યબોધ જેવા મૂલ્યો વિકસાવે છે. યોગ, ધ્યાન, પ્રાણાયામ, સ્વાધ્યાય અને જીવનમૂલ્ય આધારિત પ્રવૃત્તિઓ દ્વારા માનસિક શાંતિ, એકાગ્રતા અને આત્મવિશ્વાસમાં વધારો થાય છે. આઉપરાંત, અભ્યાસક્રમમાં આધ્યાત્મિક શિક્ષણનો સમાવેશ થવાથી વિદ્યાર્થીઓ તણાવ, ચિંતા અને નિરાશા જેવી સમસ્યાઓનો સામનો કરી શકે છે. તે તેમના વ્યક્તિત્વ વિકાસ, નૈતિક નિર્ણય ક્ષમતાઅને સામાજિક સંવેદનશીલતાને મજબૂત બનાવે છે.

## 3. આધ્યાત્મિક શિક્ષણની સંકલ્પના:

આધ્યાત્મિક શિક્ષણ તે શિક્ષણ છે જે માનવને તેના આત્મસ્વરૂપની ઓળખ કરાવે છે અને જીવનનાઆંતરિક અર્થને સમજવામાં મદદ કરે છે. તે માત્ર ધાર્મિક ઉપદેશો સુધી સીમિત નથી, પરંતુ માનવમાંસત્ય, અહિંસા, કરુણા, પ્રેમ, સહિષ્ણુતા, આત્મસંયમ અને જવાબદારી જેવા શાશ્વત મૂલ્યોનો વિકાસ કરે છે.આધ્યાત્મિક શિક્ષણ માનવના વિચાર,

વર્તન અને જીવનશૈલીને શુદ્ધ અને સંતુલિત બનાવે છે. ઉપનિષદોના વિચાર મુજબ "આત્મજ્ઞાન એ સાચું જ્ઞાન છે", અને આજ આધ્યાત્મિક શિક્ષણનો મૂળ આધાર છે. યોગ, ધ્યાન, પ્રાણાયામ, સ્વાધ્યાય અને આત્મચિંતન જેવા સાધનો દ્વારા મનની એકાગ્રતા, આંતરિક શાંતિ અને નૈતિક દૃષ્ટિ વિકસે છે.આ શિક્ષણ માનવને માત્ર સફળ વ્યક્તિ નહીં, પરંતુ સદગુણી, સંવેદનશીલ અને સામાજિક રીતે જવાબદાર નાગરિક બનાવે છે. આ રીતે આધ્યાત્મિક શિક્ષણ માનવ જીવનના સર્વાંગી વિકાસ માટે એક મજબૂત આધારરૂપ સંકલ્પના છે.

**4. માનવજીવનનો સર્વાંગી વિકાસ:**

માનવજીવનનો સર્વાંગી વિકાસ એવો વિકાસ છે જેમાં માનવના શરીર, મન, બુદ્ધિ, નૈતિકતા, સમાજબોધ અને આધ્યાત્મિક ચેતનાનો સંતુલિત વિકાસ થાય. શિક્ષણનો અંતિમ હેતુ માત્ર ભૌતિક સફળતા નથી, પરંતુ એક સદગુણી, સંવેદનશીલ અને જવાબદાર માનવનું નિર્માણ કરવાનો છે. આધ્યાત્મિક શિક્ષણ માનવજીવનના વિવિધ પાસાંઓને એકરૂપ કરી સર્વાંગી વિકાસનો માર્ગ સુગમ બનાવે છે.

**4.1 શારીરિક વિકાસ:**

શારીરિક વિકાસ માનવજીવનનો આધારસ્તંભ છે. સ્વસ્થ શરીર વિના માનસિક અને બૌદ્ધિક વિકાસ શક્ય નથી. આધ્યાત્મિક શિક્ષણમાં યોગાસન, પ્રાણાયામ અને નિયમિત વ્યાયામને મહત્વ આપવામાં આવે છે. યોગ દ્વારા શરીરની લવચીકતા, રોગપ્રતિકારક શક્તિ અને ઊર્જાસ્તરમાં વધારો થાય છે. પ્રાણાયામ શ્વાસ પ્રણાલી સુધારે છે અને શરીર તથા મન વચ્ચે સંતુલન સ્થાપિત કરે છે. સ્વચ્છતા, સાત્વિક આહાર અને સંયમિત જીવનશૈલી માનવને દીર્ઘકાલીન આરોગ્ય અને કાર્યક્ષમતા પ્રદાન કરે છે.

**4.2 માનસિક વિકાસ:**

માનસિક વિકાસ માનવના વિચાર, ભાવના અને વર્તન સાથે સંકળાયેલો છે. આધુનિક જીવનશૈલીમાં તણાવ, ચિંતા અને માનસિક અસંતુલન સામાન્ય બની ગયા છે.

આધ્યાત્મિક શિક્ષણમાં ધ્યાન, આત્મચિંતન અને જાગૃતતા (Mindfulness) દ્વારા મનને શાંત અને સ્થિર બનાવવામાં આવે છે. સકારાત્મક વિચારસરણી આત્મવિશ્વાસ અને આંતરિક શક્તિ વિકસાવે છે. પરિણામે માનવ નિર્ણયક્ષમ, ધીરજવાન અનેભાવનાત્મક રીતે સંતુલિત બને છે.

**4.3 બૌદ્ધિક વિકાસ:**

બૌદ્ધિક વિકાસ માત્ર માહિતી સંગ્રહ પૂરતો સીમિત નથી, પરંતુ વિચારશક્તિ, તર્કબદ્ધતા અને વિવેકશીલતા સાથે જોડાયેલો છે. આધ્યાત્મિક શિક્ષણ માનવને "શું સાચું છે" અને "શું યોગ્ય છે" તે વિચારવાની દૃષ્ટિ આપે છે. સ્વાધ્યાય, ચિંતન અને પ્રશ્નોત્તરી દ્વારા વિચારની ઊંડાઈ અને દૃષ્ટિકોણ વિસ્તરે છે. આ રીતે માનવજ્ઞાનનો યોગ્ય ઉપયોગ કરીને જીવનને અર્થપૂર્ણ બનાવી શકે છે.

**4.4 નૈતિક વિકાસ:**

નૈતિક વિકાસ માનવના ચરિત્ર નિર્માણનો મુખ્ય આધાર  છે. આધ્યાત્મિક શિક્ષણ સત્ય, ઈમાનદારી, અહિંસા, કર્તવ્યબોધ અને જવાબદારી જેવા મૂલ્યોનો વિકાસ કરે છે. આવા મૂલ્યો માનવના વર્તનમાં શિસ્ત, ન્યાય અને નૈતિક દૃઢતા લાવે છે. નૈતિક રીતે વિકસિત માનવ વ્યક્તિગત જીવન સાથે સાથે સામાજિક જીવનમાં પણ સકારાત્મક યોગદાન આપે છે.

**4.5 સામાજિક વિકાસ:**

માનવ એક સામાજિક પ્રાણી છે અને તેનો વિકાસ સમાજથી અલગ રહી થઇ શકતો નથી. આધ્યાત્મિક શિક્ષણ માનવમાં સહકાર, સહઅસ્તિત્વ, સહાનુભૂતિ અને સામાજિક ન્યાયની ભાવના વિકસાવે છે. જાતિ, ધર્મ, ભાષા અને વર્ગભેદથી ઉપર ઊઠીને માનવતા પ્રત્યે આદરભાવ વિકસે છે. પરિણામે સમાજમાં શાંતિ, એકતા અને પરસ્પર સમજ વધે છે.

**4.6 આધ્યાત્મિક વિકાસ:**

આધ્યાત્મિક વિકાસ માનવજીવનનો સર્વોચ્ચ પાસું છે. આત્મજ્ઞાન દ્વારા માનવ પોતાના જીવનના હેતુને સમજે છે. આત્મસંતોષ અને આંતરિક આનંદ ભૌતિક સુખોથી પરે સ્થિર સુખ પ્રદાન કરે છે. આધ્યાત્મિક રીતે વિકસિત માનવ લોભ, ક્રોધ અને અહંકાર જેવી વૃત્તિઓ પર નિયંત્રણ મેળવી જીવનને સંતુલિત અને અર્થસભર બનાવે છે.

**5. આધુનિક શિક્ષણમાં આધ્યાત્મિક શિક્ષણનું મહત્વ:**

આધુનિક યુગમાં શિક્ષણ મુખ્યત્વે જ્ઞાન, કુશળતા અને ટેકનોલોજી પર આધારિત બની ગયું છે. શિક્ષણનો મુખ્ય હેતુ રોજગાર, કારકિર્દી અને આર્થિક સફળતા સુધી મર્યાદિત થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં માનવના આંતરિક મૂલ્યો, નૈતિકતા અને જીવનના હેતુ પ્રત્યેનું ચિંતન પાછળ રહી જાય છે. પરિણામે તણાવ, અસંતોષ, હિંસા, ભ્રષ્ટાચાર અને સામાજિક વિખવાદ જેવા પ્રશ્નો ઊભા થયા છે. આ સમસ્યાઓના ઉકેલ માટે આધ્યાત્મિક શિક્ષણનું મહત્વ વિશેષ છે. આધ્યાત્મિક શિક્ષણ વિદ્યાર્થીઓમાં આત્મજ્ઞાન, આત્મસંયમ અને આત્મવિશ્વાસ વિકસાવે છે, જેના દ્વારા તેઓ માનસિક તણાવ, સ્પર્ધા અને નિરાશાને સકારાત્મક રીતે સંભાળી શકે છે. યોગ, ધ્યાન અને પ્રાણાયામ જેવી આધ્યાત્મિક પ્રવૃત્તિઓ માનસિક શાંતિ, એકાગ્રતા અને કાર્યક્ષમતા વધારવામાં સહાયક બને છે. આ ઉપરાંત, આધ્યાત્મિક શિક્ષણ નૈતિક અને મૂલ્ય આધારિત જીવન માટે માર્ગદર્શન આપે છે. સત્ય, ઈમાનદારી, કરુણા, સહિષ્ણુતા અને સામાજિક જવાબદારી જેવા ગુણો વિદ્યાર્થીઓના વર્તન અને નિર્ણય ક્ષમતામાં પરિપક્વતા લાવે છે. પરિણામે તેઓ માત્ર સફળ વ્યાવસાયિક જ નહીં, પરંતુ જવાબદાર અને સંવેદનશીલ નાગરિક બને છે. આધુનિક વૈશ્વિક સમાજમાં સહઅસ્તિત્વ અને માનવતા અત્યંત મહત્વપૂર્ણ છે. આધ્યાત્મિક શિક્ષણ દ્વારા જાતિ, ધર્મ અને સંસ્કૃતિના ભેદભાવથી ઉપર ઊઠીને સર્વ માનવકલ્યાણની ભાવના વિકસે છે. નવી શિક્ષણ નીતિ (NEP) મુજબ પણ સર્વાંગી વિકાસ અને મૂલ્ય આધારિત શિક્ષણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, જેમાં આધ્યાત્મિક શિક્ષણનું સ્થાન મહત્વપૂર્ણ છે. આથી સ્પષ્ટ થાય છે કે આધુનિક શિક્ષણને સંતુલિત, અર્થસભર અને સમાજ ઉપયોગી બનાવવા માટે આધ્યાત્મિક શિક્ષણ અનિવાર્ય છે. તે માનવજીવનના સર્વાંગી વિકાસનો મજબૂત આધાર પૂરો પાડે છે.

**6.**ઉપસંહાર:

આ અભ્યાસપરથી સ્પષ્ટથાયછે કે આધ્યાત્મિક શિક્ષણ માનવજીવનના સર્વાંગી વિકાસ માટે અનિવાર્ય છે. આધુનિક શિક્ષણ પ્રણાલી મુખ્યત્વે ભૌતિક અને બૌદ્ધિક વિકાસ પર ભારમૂકે છે, જ્યારે આધ્યાત્મિક શિક્ષણ માનવના આંતરિક મૂલ્યો, નૈતિકતા અને આત્મજ્ઞાનના વિકાસ દ્વારા જીવનને સંતુલિત અને અર્થસભર બનાવે છે. આધ્યાત્મિક શિક્ષણ દ્વારા માનવમાં શારીરિક, માનસિક, બૌદ્ધિક, નૈતિક, સામાજિક અને આધ્યાત્મિક વિકાસનો સુમેળ સર્જાય છે. યોગ, ધ્યાન અને મૂલ્ય આધારિત શિક્ષણ મનને શાંત રાખીને નિર્ણયક્ષમતામાં દૃઢતા લાવે છે. પરિણામે માનવતણાવ, હિંસા અને મૂલ્યહીનતાથી દૂર રહી સકારાત્મક અને સંવેદનશીલ જીવન જીવવા સક્ષમ બને છે. શિક્ષણનો હેતુ માત્ર કારકિર્દી નિર્માણ પૂરતો ન રાખી, માનવતાવાદી અને મૂલ્યનિષ્ઠ નાગરિકોના નિર્માણ તરફ દોરી જવો જોઈએ. આ માટે આધુનિક શિક્ષણપ્રણાલીમાં આધ્યાત્મિક શિક્ષણને યોગ્ય અને વ્યવસ્થિત સ્થાન આપવું સમયની આવશ્યકતા છે. આધ્યાત્મિક શિક્ષણ માનવજીવનના સર્વાંગી વિકાસનો મજબૂત આધાર બની સમાજમાં શાંતિ, સમરસતા અને સર્વાંગી કલ્યાણની દિશામાં માર્ગદર્શન આપે છે.

<u>સંદર્ભસૂચિ</u>


**શ્રી અરવિંદ. (2010). શિક્ષણનું તત્વજ્ઞાન. પૉન્ડીચેરી: શ્રીઅરવિંદ આશ્રમ પ્રકાશન.**

**ઉપનિષદો – ઇશ, કઠ, મુંડક, પ્રણવ (અનુવાદિત આવૃત્તિ).**

**દેસાઈ, કે. બી. (2016). મૂલ્ય શિક્ષણ અને આધ્યાત્મિક વિકાસ. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ પ્રકાશન.**

**નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP) 2020. ભારત સરકાર, શિક્ષણ મંત્રાલય.**

**પતંજલિ. યોગસૂત્ર (વ્યાખ્યા સહીત આવૃત્તિ).**

**ભગવદ્ગીતા. (ગીતાપ્રેસ, ગોરખપુર).**

ભારતીય જ્ઞાન પરંપરા વિષયક વિવિધ સંશોધન લેખો અને જર્નલો.

રાધાકૃષ્ણન, એસ. **(2008).** ભારતીય દર્શન. દિલ્હી: ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ.

વિવેકાનંદ, સ્વામી. **(2015).** શિક્ષણ વિષે વિચારો. કોલકાતા: અદ્વૈત આશ્રમ.

શર્મા, આર. એન. **(2012).** શિક્ષણનુ તત્ત્વજ્ઞાન. આગ્રા: વિનોદ પુસ્તક મંદિર.

# શિક્ષણમાં તત્વચિંતન અને આધ્યાત્મિક માનવતાવાદી મૂલ્યો તેમજ ભવિષ્યના શિક્ષકોના આધ્યાત્મિક વિશ્વદૃષ્ટિના રચના તત્વો

ડૉ.મહેશભાઇ પી.વાઘેલા
M.A, M.ED,G-SET,PH.D
ડૉ. સુભાષ કોલેજ ઓફ એજુકેશન, જુનાગઢ

**સારાંશ (Abstract)**

આ લેખમાં શિક્ષણમાં તત્વચિંતન (મેટાફિઝિક્સ) અને આધ્યાત્મિક માનવતાવાદી મૂલ્યોની ભૂમિકાનું વિગતવાર વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આધુનિક શિક્ષણ વ્યવસ્થા મુખ્યત્વે ભૌતિક અને વ્યાવસાયિક કુશળતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, પરંતુ તત્વચિંતન અને આધ્યાત્મિક માનવતાવાદી મૂલ્યો શિક્ષણને વધુ સમગ્ર અને માનવીય બનાવી શકે છે. ભારતીય દર્શનો જેમ કે વેદાંત, સાંખ્ય અને આધુનિક વિચારકો જેમ કે સ્વામી વિવેકાનંદ, શ્રી અરવિંદ અને રવિન્દ્રનાથ ટાગોરના વિચારોના આધારે આ વિષયની ચર્ચા કરવામાં આવી છે. આ લેખમાં વિવિધ પુસ્તકો અને સંશોધનોના સંદર્ભોનો ઉપયોગ કરીને શિક્ષણમાં આ મૂલ્યોના અમલીકરણની શક્યતાઓ અને પડકારોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આશરે ૨૫૦૦ શબ્દોમાં આ લેખ શિક્ષણના આધ્યાત્મિક પરિમાણને પ્રકાશિત કરે છે.

ચાવીરૂપ શબ્દો: શિક્ષણમાં તત્વચિંતન (મેટાફિઝિક્સ), આધ્યાત્મિક માનવતાવાદી મૂલ્યો, આધ્યાત્મિક વિશ્વદૃષ્ટિના રચના તત્વો

**પ્રસ્તાવના (Introduction)**

આધુનિક યુગમાં શિક્ષણને મુખ્યત્વે વ્યાવસાયિક અને આર્થિક વિકાસના સાધન તરીકે જોવામાં આવે છે. પરંતુ શિક્ષણનું વાસ્તવિક ધ્યેય માનવીને સમગ્ર વિકસિત કરવું છે, જેમાં શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક પાસાઓનો સમાવેશ થાય છે. તત્વચિંતન, જે વાસ્તવિકતા, અસ્તિત્વ અને તત્વોના ચિંતન સાથે સંબંધિત છે, શિક્ષણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. તે જ રીતે, આધ્યાત્મિક માનવતાવાદી મૂલ્યો, જે માનવીની આંતરિક શક્તિ, સહાનુભૂતિ અને આધ્યાત્મિક જાગૃતિ પર આધારિત છે, શિક્ષણને વધુ માનવીય અને સમાવેશી બનાવે છે.

ભારતીય દર્શનમાં તત્વચિંતનની પરંપરા પ્રાચીન છે. ઉપનિષદોમાં 'તત્વમસિ' જેવા મહાવાક્યો વાસ્તવિકતાના ચિંતનને પ્રોત્સાહિત કરે છે. આધ્યાત્મિક માનવતાવાદ એ માનવીને કેન્દ્રમાં રાખીને આધ્યાત્મિકતાને જોડે છે, જેમ કે સ્વામી વિવેકાનંદના વિચારોમાં જોવા મળે છે કે શિક્ષણ માનવીને તેની અંદરની દિવ્યતા પ્રત્યે જાગૃત કરે.

આ લેખનો ઉદ્દેશ શિક્ષણમાં આ મૂલ્યોના મહત્વને સમજાવવાનો છે, વિવિધ સંશોધનો અને પુસ્તકોના આધારેઆગળના વિભાગોમાં તત્વચિંતનની વ્યાખ્યા, આધ્યાત્મિક માનવતાવાદી મૂલ્યોનું વર્ણન, તેમનું શિક્ષણમાં એકીકરણ અને વ્યવહારિક ઉદાહરણોની ચર્ચા કરવામાં આવશે.

**સાહિત્ય અવલોકન (Literature Review)**

શિક્ષણમાં તત્વચિંતન અને આધ્યાત્મિક માનવતાવાદી મૂલ્યો વિશે વિવિધ વિદ્વાનો અને પુસ્તકોમાં વ્યાપક ચર્ચા થઈ છે. 'Holistic Learning and Spirituality in Education' પુસ્તકમાં જ્હોન પી.

મિલર અને અન્ય વિદ્વાનો શિક્ષણને આધ્યાત્મિક અને સમગ્રતાપૂર્ણ બનાવવાની વાત કરે છે, જેમાં તત્વચિંતનના તત્વોનો સમાવેશ છે. આ પુસ્તકમાં શિક્ષણની પ્રક્રિયાને આધ્યાત્મિક અનુભવ તરીકે વર્ણવવામાં આવ્યું છે, જે વિદ્યાર્થીઓને તેમના અસ્તિત્વના ઊંડા પ્રશ્નો વિશે વિચારવા પ્રેરિત કરે છે.

ભારતીય સંદર્ભમાં, 'The Spiritual Heritage of India' બાય સ્વામી પ્રભાવાનંદા ભારતીય દર્શનની આધ્યાત્મિક પરંપરાનું વર્ણન કરે છે, જેમાં વેદાંત અને સાંખ્ય જેવા તત્વચિંતનના વિચારોને શિક્ષણ સાથે જોડવામાં આવ્યા છે. આ પુસ્તકમાં કહેવાયું છે કે ભારતીય શિક્ષણ પરંપરા આધ્યાત્મિક જ્ઞાનને કેન્દ્રમાં રાખે છે, જે માનવીને તત્વજ્ઞાન તરફ દોરે છે.

આધુનિક સંશોધનમાં, 'ETHICS WITHIN A SPIRITUAL/ METAPHYSICAL WORLD VIEW' નામના પેપરમાં આધ્યાત્મિક અને તત્વચિંતનાત્મક વિશ્વદૃષ્ટિને નૈતિક શિક્ષણ સાથે જોડવામાં આવ્યું છે. આમાં ગોથેના વિચારોના આધારે પ્લેટોનિક વિશ્વદૃષ્ટિને શિક્ષણમાં સમાવેશ કરવાની વાત છે, જે આધ્યાત્મિક માનવતાવાદને મજબૂત બનાવે છે.

'Learning to Live Together Harmoniously: Spiritual Perspectives from Indian Educational Thought' પુસ્તકમાં જોધા રાજા અને અન્ય વિદ્વાનો ભારતીય શિક્ષણ વિચારધારામાં આધ્યાત્મિક સમન્વયની ચર્ચા કરે છે. આ પુસ્તક શિક્ષણને સ્વ અને સમાજ વચ્ચેના સંબંધ તરીકે જુએ છે, જેમાં માનવતાવાદી મૂલ્યો આધ્યાત્મિકતા સાથે જોડાયેલા છે.

અન્ય મહત્વપૂર્ણ પુસ્તક 'Seven Systems of Indian Philosophy' બાય પંડિત રાજમણિ તિગુનાઈતમાં ભારતીય દર્શનની સાત પ્રણાલીઓનું વર્ણન છે, જે તત્વચિંતનને શિક્ષણના સાધન તરીકે રજૂ કરે છે. આમાં સાંખ્ય અને યોગ જેવા વિષયો શિક્ષણમાં આધ્યાત્મિક વિકાસ માટે ઉપયોગી છે.

'On Humanism' બાય રિચાર્ડ નોર્મનમાં માનવતાવાદી વિચારધારાને આધ્યાત્મિક પરિમાણ સાથે જોડવામાં આવ્યું છે, જે શિક્ષણમાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોને પ્રોત્સાહિત કરે છે.

આ સાહિત્ય અવલોકનથી સ્પષ્ટ થાય છે કે તત્વચિંતન અને આધ્યાત્મિક માનવતાવાદી મૂલ્યો શિક્ષણને વધુ ગહન અને અર્થપૂર્ણ બનાવે છે, પરંતુ તેમનું અમલીકરણ આધુનિક વ્યવસ્થામાં પડકારરૂપ છે.

**તત્વચિંતનની વ્યાખ્યા અને શિક્ષણમાં તેની ભૂમિકા (Definition of Metaphysics and Its Role in Education)**

તત્વચિંતન અથવા મેટાફિઝિક્સ એ વાસ્તવિકતા, અસ્તિત્વ, કારણ અને અસર જેવા મૂળભૂત પ્રશ્નોનું ચિંતન છે. અરિસ્ટોટલના વિચારોમાં તે 'પ્રથમ દર્શન' તરીકે ઓળખાય છે. ભારતીય સંદર્ભમાં, સાંખ્ય દર્શનમાં ૨૫ તત્વોનું વર્ણન છે, જે પુરુષ (આત્મા) અને પ્રકૃતિ (પ્રકૃતિ) પર આધારિત છે.

શિક્ષણમાં તત્વચિંતન વિદ્યાર્થીઓને તેમના અસ્તિત્વના પ્રશ્નો જેમ કે 'હું કોણ છું?' અને 'બ્રહ્માંડનું ઉદ્દેશ શું છે?' વિશે વિચારવા પ્રેરિત કરે છે. આધુનિક શિક્ષણમાં આનો અભાવ વિદ્યાર્થીઓને માત્ર જ્ઞાનના વાહક બનાવે છે, પરંતુ તત્વચિંતન તેમને જ્ઞાનના સ્રોત તરીકે વિકસિત કરે છે. ઉદાહરણ તરીકે, શ્રી અરવિંદના ઇન્ટીગ્રલ એજ્યુકેશનમાં તત્વચિંતનને આધ્યાત્મિક વિકાસ સાથે જોડવામાં આવ્યું છે, જે વિદ્યાર્થીઓને સુપરમાઇન્ડ તરફ દોરે છે.

આ મૂલ્યોના અમલીકરણથી શિક્ષણ વધુ સર્જનાત્મક અને આત્મજાગૃત બને છે. સંશોધન અનુસાર, તત્વચિંતનાત્મક અભ્યાસ વિદ્યાર્થીઓની માનસિક આરોગ્યમાં સુધારો કરે છે.

**આધ્યાત્મિક માનવતાવાદી મૂલ્યોનું વર્ણન અને શિક્ષણમાં અમલ (Description of Spiritual Humanistic Values and Implementation in Education)**

આધ્યાત્મિક માનવતાવાદ એ માનવીને કેન્દ્રમાં રાખીને આધ્યાત્મિકતાને જોડતી વિચારધારા છે. તેમાં સહાનુભૂતિ, કરુણા, સ્વ-જાગૃતિ અને પર્યાવરણ સાથે સંબંધ જેવા મૂલ્યોનો સમાવેશ થાય છે. રિચાર્ડ નોર્મનના 'On Humanism'માં આને નૈતિક જીવનના આધાર તરીકે વર્ણવવામાં આવ્યું છે.

ભારતીય વિચારકોમાં, રવિન્દ્રનાથ ટાગોરના શાંતિનિકેતનમાં આ મૂલ્યોનું વ્યવહારિક અમલ જોવા મળે છે, જ્યાં શિક્ષણ પ્રકૃતિ અને આધ્યાત્મિકતા સાથે જોડાયેલું છે. સ્વામી વિવેકાનંદ કહે છે કે શિક્ષણ માનવીની અંદરની દિવ્યતાને બહાર લાવે.

શિક્ષણમાં અમલ માટે, ધ્યાન, યોગ અને ચર્ચા વર્ગોનો ઉપયોગ કરી શકાય છે. 'Spiritual Development as an Educational Goal' અનુસાર, આ મૂલ્યો વિદ્યાર્થીઓના વિકાસને વેગ આપે છે. પડકારોમાં આધુનિક ભૌતિકવાદ અને મૂલ્યાંકન પદ્ધતિઓ છે, પરંતુ તેમને એકીકૃત કરીને શિક્ષણને સુધારી શકાય છે.

ઉદાહરણ તરીકે, ભારતમાં રામકૃષ્ણ મિશનની શાળાઓમાં આ મૂલ્યોનું અમલ જોવા મળે છે, જે વિદ્યાર્થીઓને આધ્યાત્મિક અને માનવતાવાદી બનાવે છે.

**વ્યવહારિક ઉદાહરણો અને પડકારો (Practical Examples and Challenges)**

આધુનિક શિક્ષણમાં આ મૂલ્યોના ઉદાહરણોમાં મોન્ટેસોરી અને વાલ્ડોર્ફ પદ્ધતિઓ છે, જે આધ્યાત્મિક વિકાસ પર ધ્યાન આપે છે. ભારતમાં, આરોબિંદો આશ્રમની શિક્ષણ વ્યવસ્થા તત્વચિંતનને એકીકૃત કરે છે.

પડકારોમાં ધર્મનિરપેક્ષતા અને વૈજ્ઞાનિક અભિગમ છે, પરંતુ 'Science and Spirituality: A Hindu Perspective' પુસ્તકમાં તેમને જોડવાની વાત છે. સંશોધન અનુસાર, આ મૂલ્યો માનસિક આરોગ્યને સુધારે છે.

**ભવિષ્યના શિક્ષકોના આધ્યાત્મિક વિશ્વદૃષ્ટિના રચના તત્વો**

આ લેખમાં ભવિષ્યના શિક્ષકોના આધ્યાત્મિક વિશ્વદૃષ્ટિના રચના તત્વોનું વિગતવાર વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આધુનિક શિક્ષણમાં આધ્યાત્મિકતા અને વિશ્વદૃષ્ટિની ભૂમિકા વધતી જાય છે, જે વિદ્યાર્થીઓને માત્ર જ્ઞાની નહીં, પરંતુ નૈતિક અને આધ્યાત્મિક રીતે જાગૃત બનાવે છે. આ અભ્યાસમાં ૧૮ મુખ્ય તત્વોની ચર્ચા કરવામાં આવી છે, જેમ કે પરિવાર, શિક્ષણ વ્યવસ્થા અને સમાજીય પરિબળો. વિવિધ પુસ્તકો અને સંશોધન પેપર્સના આધારે આ વિષયને વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક પરિપ્રેક્ષ્યમાં તપાસવામાં આવ્યો છે. આ લેખ શિક્ષક તાલીમમાં આ તત્વોના અમલીકરણની શક્યતાઓ પર પ્રકાશ પાડે છે.ભવિષ્યના શિક્ષકોના આધ્યાત્મિક વિશ્વદૃષ્ટિના રચના તત્વો એક મહત્વપૂર્ણ વિષય છે, કારણ કે શિક્ષણ વ્યવસ્થા મુખ્યત્વે ભૌતિક અને વૈજ્ઞાનિક જ્ઞાન પર કેન્દ્રિત છે, પરંતુ આધ્યાત્મિક વિશ્વદૃષ્ટિ વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં આંતરિક શાંતિ અને નૈતિકતા વિકસિત કરે છે. આધ્યાત્મિક વિશ્વદૃષ્ટિ એ વ્યક્તિના અસ્તિત્વ, બ્રહ્માંડ અને માનવીય સંબંધો વિશેની દૃષ્ટિ છે, જે શિક્ષણમાં સમાવેશ કરીને ભવિષ્યના શિક્ષકોને વધુ અસરકારક બનાવી શકાય છે.

આ અભ્યાસનો ઉદ્દેશ ભવિષ્યના શિક્ષકોના આધ્યાત્મિક વિશ્વદૃષ્ટિને આકાર આપતા તત્વોને ઓળખવાનો અને તેમના અમલીકરણની ચર્ચા કરવાનો છે. વિવિધ સંશોધનો અનુસાર, આ તત્વોમાં પરિવારીય પ્રભાવ, શૈક્ષણિક વાતાવરણ અને સાંસ્કૃતિક પરિબળોનો સમાવેશ થાય છે.

**સાહિત્ય અવલોકન**

ભવિષ્યના શિક્ષકોના આધ્યાત્મિક વિશ્વદૃષ્ટિ પર વિવિધ સંશોધનો અને પુસ્તકોમાં વ્યાપક ચર્ચા થઈ છે. 'Future Teachers' Spiritual Worldview Formation Factors' નામના પેપરમાં Paridinovaઅને Sapartayeva૧૮ તત્વોનું વર્ણન કરે છે, જેમાં પરિવાર, શિક્ષણ અને સમાજીય પરિબળોનો સમાવેશ છે. આ પેપરમાં આ તત્વોના યોગદાનનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

અન્ય સંશોધનમાં, 'FORMING A SCIENTIFIC WORLDVIEW OF FUTURE TEACHERS'માં સ્વતંત્ર વિચારધારા દ્વારા વૈજ્ઞાનિક વિશ્વદૃષ્ટિના રચનાની ચર્ચા છે, જે આધ્યાત્મિક તત્વો સાથે જોડાયેલી છે. 'How can a spiritual pedagogy in religious education contribute to...' પેપરમાં આધ્યાત્મિક પેડાગોજીને બાળકોના આધ્યાત્મિક વિકાસ સાથે જોડવામાં આવી છે.

પુસ્તકોમાં, 'Educating for Life: A Spiritual Vision for Every Teacher and Parent' બાય Thomas Groome શિક્ષકો અને માતા-પિતા માટે આધ્યાત્મિક દૃષ્ટિનું વર્ણન કરે છે, જેમાં ધાર્મિક પરંપરાઓને શિક્ષણમાં સમાવેશ કરવાની વાત છે. 'Holistic Learning and Spirituality in Education' પુસ્તકમાં હોલિસ્ટિક શિક્ષણ અને આધ્યાત્મિકતાની થિયરી અને પ્રેક્ટિસની ચર્ચા છે.

'Teaching for Spiritual Growth' પુસ્તકમાં આધ્યાત્મિક પરિપક્વતા અને ચર્ચની ભૂમિકાનું વર્ણન છે, જે શિક્ષક તાલીમમાં ઉપયોગી છે. 'On Christian Teaching' બાય David I. Smithમાં આધ્યાત્મિકતાને પેડાગોજી સાથે જોડવાની વાત છે.

આ સાહિત્યથી સ્પષ્ટ થાય છે કે આધ્યાત્મિક વિશ્વદૃષ્ટિના રચના તત્વો શિક્ષણને વધુ સમગ્ર બનાવે છે, પરંતુ તેમનું અમલ આધુનિક વ્યવસ્થામાં પડકારરૂપ છે.

**આધ્યાત્મિક વિશ્વદૃષ્ટિના રચના તત્વો (Formative Elements of Spiritual Worldview)**

ભવિષ્યના શિક્ષકોના આધ્યાત્મિક વિશ્વદૃષ્ટિને આકાર આપતા મુખ્ય તત્વોમાં પરિવારીય પ્રભાવ, શૈક્ષણિક વાતાવરણ, સાંસ્કૃતિક પરંપરાઓ અને વ્યક્તિગત અનુભવોનો સમાવેશ થાય છે. સંશોધન અનુસાર, ૧૮ તત્વોમાં પરિવાર, શિક્ષણ અને સમાજીય પરિબળો મુખ્ય છે.

પરિવારીય તત્વોમાં માતા-પિતાની આધ્યાત્મિક માન્યતાઓ વિદ્યાર્થીઓને પ્રભાવિત કરે છે. શૈક્ષણિક તત્વોમાં શિક્ષક તાલીમમાં આધ્યાત્મિક અભ્યાસક્રમનો સમાવેશ જરૂરી છે. સમાજીય તત્વોમાં સાંસ્કૃતિક અને ધાર્મિક પરંપરાઓ વિશ્વદૃષ્ટિને આકાર આપે છે.

'Spirituality in Education' પુસ્તકમાં Aidan Gillespie શિક્ષકોની આધ્યાત્મિકતાને તેમની પ્રેક્ટિસ સાથે જોડે છે. આ તત્વોના અમલથી શિક્ષકો વિદ્યાર્થીઓને આધ્યાત્મિક જાગૃતિ આપી શકે છે.

**વ્યવહારિક અમલ અને પડકારો (Practical Implementation and Challenges)**

ભવિષ્યના શિક્ષકો માટે આ તત્વોનું અમલ શિક્ષક તાલીમ કાર્યક્રમોમાં થઈ શકે છે, જેમ કે ધ્યાન, યોગ અને આધ્યાત્મિક ચર્ચાઓનો સમાવેશ. સંશોધન અનુસાર, આધ્યાત્મિક વિશ્વદૃષ્ટિ શિક્ષકોની શૈક્ષણિક ક્ષમતાને વધારે છે.

પડકારોમાં આધુનિક ભૌતિકવાદ અને ધર્મનિરપેક્ષતા છે, પરંતુ 'Assessing Spiritual Formation' અનુસાર, માર્ગદર્શકો અને મેન્ટર્સની મદદથી આને દૂર કરી શકાય છે.

**નિષ્કર્ષ (Conclusion)**

શિક્ષણમાં તત્વચિંતન અને આધ્યાત્મિક માનવતાવાદી મૂલ્યોનું એકીકરણ આધુનિક વિશ્વમાં આવશ્યક છે. તે વિદ્યાર્થીઓને માત્ર કાર્યક્ષમ નહીં, પરંતુ જાગૃત અને કરુણાવાન બનાવે છે. ભારતીય દર્શનના આધારે આને અમલમાં મૂકીને શિક્ષણને વૈશ્વિક સ્તરે સુધારી શકાય છે.ભવિષ્યના શિક્ષકોના આધ્યાત્મિક વિશ્વદૃષ્ટિના રચના તત્વો શિક્ષણને વધુ અર્થપૂર્ણ બનાવે છે.

**સંદર્ભ (References)**

Gillespie, A. (2021). Spirituality in Education. Emerald Publishing

Groome, T. (2001). Educating for Life: A Spiritual Vision for Every Teacher and Parent. Crossroad Publishing

Kesavan, S. (Year). Science and Spirituality: A Hindu Perspective. Spiritual Education Org

Miller, J. P. (Ed.). (2005). Holistic Learning and Spirituality in Education. SUNY Press

Norman, R. (2004). On Humanism. Routledge

Paridinova, B., & Sapartayeva, N. (2023). Future Teachers' Spiritual Worldview Formation Factors. Research Gate

Prabhavananda, S. (1963). The Spiritual Heritage of India. Vedanta Press

Raja, J. (2023). Learning to Live Together Harmoniously: Spiritual Perspectives from Indian Educational Thought. Palgrave Macmillan

Smith, D. I. (2018). On Christian Teaching: Practicing Faith in the Classroom. Eerdmans

Tigunait, R. (1983). Seven Systems of Indian Philosophy. Himalayan Institute

# EXPLORING VALUES AND PURPOSE: AN EDUCATIONAL AND SOCIAL PERSPECTIVE

**SHANTA PATEL**
(PRINCIPAL AND ASSOCIATE PROFESSOR)
REVABA SARVAJANIKEDUCATION COLLAGE
(B.ED/M.ED),MEHSANA

**Abstract**

Values and purpose are foundational elements that guide human behavior, decision-making, and social harmony. In the contemporary world marked by rapid technological advancement, materialism, and social change, the significance of values and a clear sense of purpose has become increasingly important. Education plays a crucial role in nurturing moral values and helping individuals discover meaning and direction in life. This paper explores the concept of values and purpose, their interrelationship, and their relevance in personal life, education, and society. Using a conceptual and analytical approach, the study highlights how value-based education contributes to purposeful living. The paper concludes with key findings and practical suggestions for educators, institutions, and policymakers to strengthen value and purpose orientation in learners.

**Keywords:** Values, Purpose, Education, Moral Development, Life Meaning

## Introduction

Human life is not merely about survival or achievement; it is deeply connected with values and purpose. Values provide a moral framework that shapes attitudes and behaviors, while purpose gives direction and meaning to life. In traditional societies, values were transmitted through family, culture, and religion. However, in modern society, increasing competition, individualism, and material success often overshadow ethical considerations and life purpose. Education is expected not only to develop intellectual abilities but also to foster values such as honesty, responsibility, empathy, respect, and social commitment. Without values, knowledge becomes directionless, and without purpose, life loses its meaning. Therefore, exploring values and purpose is essential for holistic human development and sustainable social progress.

## Concept of Values

Values are deeply held beliefs that influence human behavior, judgments, and choices. They act as standards that help individuals distinguish between right and wrong, good and bad, desirable and undesirable.

### Types of Values

1. Moral Values: Truthfulness, honesty, integrity, justice
2. Social Values: Cooperation, respect, tolerance, equality
3. Personal Values: Self-discipline, responsibility, perseverance
4. Spiritual Values: Compassion, peace, humility, faith
5. Democratic Values: Freedom, dignity, human rights

Values are not innate; they are learned through socialization, experience, and education. Schools, teachers, and curriculum play a decisive role in shaping value systems in students.

**Concept of Purpose**

Purpose refers to a sense of meaning, direction, and intention in life. It answers the fundamental question: Why do I exist and what should I contribute? A purposeful life is characterized by goal-orientation, commitment, and a sense of responsibility toward self and society.

**Characteristics of Purpose**

1. Provides motivation and inner strength
2. Enhances resilience during challenges
3. Encourages ethical decision-making
4. Promotes long-term well-being

Individuals with a clear sense of purpose are more confident, focused, and socially responsible. Purpose connects personal goals with societal needs, leading to meaningful engagement in life.

**Relationship between Values and Purpose**

Values and purpose are closely interconnected. Values guide the selection of purpose, while purpose gives practical direction to values. For example, a person who values service may choose a purpose centered on social welfare or education.Without values, purpose may become selfish or destructive. Without purpose, values remain theoretical and inactive. Together, they create a balanced and meaningful life. In education, integrating values with purpose helps learners develop moral clarity and social commitment.

**Role of Education in Developing Values and Purpose**

Education is the most powerful tool for shaping values and helping learners discover their purpose. Value-based education emphasizes character formation along with academic excellence.

**Role of Teachers**

Teachers act as role models. Their attitudes, behavior, and teaching methods significantly influence students' value development. A value-oriented teacher inspires learners to reflect on ethical issues and life goals.

**Role of Curriculum**

Incorporating themes such as social justice, environmental responsibility, citizenship, peace, and sustainable development helps learners connect knowledge with values and purpose.

**Co-curricular Activities**

Activities like community service, debates, group discussions, yoga, meditation, and cultural programs foster empathy, leadership, and self-awareness, contributing to purposeful living.

**Values, Purpose, and Society**

A society rooted in strong values and collective purpose experiences harmony, trust, and sustainable development. Social problems such as corruption, violence, inequality, and environmental

degradation often arise due to erosion of values and lack of social purpose.When individuals align their personal purpose with social welfare, they contribute positively to nation-building. Education for values and purpose is therefore essential for creating responsible citizens and ethical leaders.

**Methodology**

The present study adopts a descriptive and analytical research approach based on secondary sources such as books, research articles, educational reports, and policy documents. The focus is on conceptual understanding and interpretation of values and purpose in educational and social contexts.

**Findings of the Study**

1. Values and purpose are essential for holistic human development.

2. Modern education often prioritizes cognitive achievement over moral and purpose-oriented development.

3. Learners with strong values demonstrate better social behavior and emotional stability.

4. A clear sense of purpose enhances motivation, resilience, and life satisfaction.

5. Teachers and curriculum play a critical role in nurturing values and purpose.

6. Value-based education contributes to social harmony and responsible citizenship.

**Suggestions**

1. Value education should be integrated across all subjects rather than taught as a separate topic.

2. Teachers should receive training in value-based and reflective teaching practices.

3. Schools should promote experiential learning such as community service and social projects.

4. Educational institutions should create an environment that encourages ethical dialogue and self-reflection.

5. Parents and teachers must work collaboratively to reinforce values and purpose in learners.

6. Policymakers should emphasize moral and purpose-driven education in national education frameworks.

**Conclusion**

Values and purpose are the pillars of meaningful human existence. In the present era of uncertainty and rapid change, nurturing these elements through education is more important than ever. Education must go beyond academic achievement to cultivate ethical awareness and purposeful living. By integrating values and purpose into teaching-learning processes, education can contribute to personal fulfillment, social harmony, and sustainable development. A value-oriented and purpose-driven individual not only leads a meaningful life but also becomes an asset to society and the nation.

**References**

Allport, G. W. (1961). Pattern and growth in personality. New York: Holt, Rinehart & Winston.

Dewey, J. (1938). Experience and education. New York: Macmillan.

Frankl, V. E. (1985). Man's search for meaning. New York: Washington Square Press.

Kohlberg, L. (1984). Essays on moral development: Vol. II. The psychology of moral development. San Francisco: Harper & Row

Lickona, T. (1991). Educating for character: How our schools can teach respect and responsibility. New York: Bantam Books.

National Education Policy (NEP) 2020. (2020). Ministry of Education, Government of India. New Delhi.

NCERT. (2019). Learning outcomes at the elementary stage. New Delhi: National Council of Educational Research and Training Rokeach, M. (1973). The nature of human values. New York: Free Press.

Noddings, N. (2002). Educating moral people: A caring alternative to character education. New York: Teachers College Press.

UNESCO. (2015). Rethinking education: Towards a global common good? Paris: UNESCO Publishing.

# આધ્યાત્મિક ચેતના અને આંતરિક શાંતિ: સુખાકારી તરફનો માર્ગ

**સંશોધનકર્તા:** દિગ્વિજયકુમાર કનુભાઈ પરમાર,

Ph.D. Scholar, HNGU, PATAN

**સારાંશ (Abstract)**

આધુનિક યુગમાં માનવ જીવન ઝડપી ગતિ, સ્પર્ધા, ભૌતિક લક્ષ્યો અને સતત માનસિક દબાણથી ઘેરાયેલું બની ગયું છે. વૈજ્ઞાનિક અને ટેકનોલોજીકલ વિકાસે જીવનને સુવિધાસભર બનાવ્યું હોવા છતાં માનવી આંતરિક શાંતિ, માનસિક સંતુલન અને જીવનસંતોષથી દૂર થતો જાય છે. તણાવ, ચિંતા, અસંતોષ, એકલતા અને ભાવનાત્મક અસ્થિરતા આજના સમાજની ગંભીર સમસ્યાઓ બની છે. આ પરિસ્થિતિમાં આધ્યાત્મિક ચેતના અને આંતરિક શાંતિ માનવીય સુખાકારી માટે અનિવાર્ય તત્ત્વો બની જાય છે.

આ સંશોધન પેપરનો મુખ્ય હેતુ આધ્યાત્મિક ચેતના અને આંતરિક શાંતિ વચ્ચેના પરસ્પર સંબંધને સમજાવવાનો છે તથા તે માનવીના સર્વાંગી સુખાકારીમાંકેવી રીતે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે તે વિશ્લેષિત કરવાનો છે. ભારતીય વિચારધારા અનુસાર સુખ માત્ર બાહ્ય સાધનો કે ભૌતિક સંપત્તિ પર આધારિત નથી, પરંતુ આત્મજાગૃતિ, આત્મસંયમ, કર્તવ્યબોધ અને આત્મસાક્ષાત્કાર દ્વારા પ્રાપ્ત થાય છે (રાધાકૃષ્ણન, ૨૦૧૧). ઉપનિષદો, ભગવદ્ ગીતા અને યોગદર્શન માનવીને આંતરિક શાંતિ અને સમત્વભાવ તરફ દોરી જાય છે. આ અભ્યાસ દર્શાવે છે કે આધ્યાત્મિક ચેતના માનસિક તણાવ ઘટાડે છે, ભાવનાત્મક સંતુલન વિકસાવે છે અને જીવન પ્રત્યે સકારાત્મક તથા અર્થસભર દૃષ્ટિકોણ ઊભો કરે છે. મૂલ્ય આધારિત શિક્ષણ દ્વારા વ્યક્તિગત તેમજ સામાજિક સુખાકારી વિકસાવી શકાય છે.આ અભ્યાસ મૂલ્ય આધારિત શિક્ષણ દ્વારા વ્યક્તિગત તેમજ સામાજિક સુખાકારી વિકસાવી શકાય છે તે બાબતને શૈક્ષણિક દૃષ્ટિએ સ્પષ્ટ કરે છે.

**Keywords**

આધ્યાત્મિક ચેતના, આંતરિક શાંતિ, સુખાકારી, ભારતીય વિચારધારા, મૂલ્ય આધારિત શિક્ષણ, આત્મજાગૃતિ, યોગ અને ધ્યાન

**સંશોધનના ઉદ્દેશ્યો**

- આધ્યાત્મિક ચેતનાનો અર્થ અને સ્વરૂપ સમજાવવું.
- આંતરિક શાંતિ અને માનવીય સુખાકારી વચ્ચેના સંબંધનું વિશ્લેષણ કરવું.
- ભારતીય વિચારધારા મુજબ સુખાકારીનીસંકલ્પનાને સ્પષ્ટ કરવી.
- મૂલ્ય આધારિત શિક્ષણમાં આધ્યાત્મિક ચેતનાની ભૂમિકા તપાસવી.
- આધુનિક સમાજમાં આંતરિક શાંતિની પ્રાસંગિકતા રજૂ કરવી.

**સંશોધન પ્રશ્નો**

આધ્યાત્મિક ચેતના શું છે અને તે કેવી રીતે વિકસે છે?

આંતરિક શાંતિ માનવીની માનસિક અને ભાવનાત્મકસુખાકારીને કેવી રીતે પ્રભાવિત કરે છે?

ભારતીય દાર્શનિક પરંપરાઓ આંતરિક શાંતિ માટે શું માર્ગદર્શન આપે છે?

મૂલ્ય આધારિત શિક્ષણ દ્વારા આધ્યાત્મિક ચેતનાનો વિકાસ કેવી રીતે શક્ય છે?

આધુનિક જીવનમાં આધ્યાત્મિક મૂલ્યો કેટલા પ્રાસંગિક છે?

**પરિચય**

માનવ જીવનનું અંતિમ લક્ષ્ય સુખ, શાંતિ અને સંતોષ છે. ભારતીય સંસ્કૃતિએ પ્રાચીન કાળથી માનવીનાજીવનલક્ષ્યને આધ્યાત્મિક દૃષ્ટિએ સમજાવવાનો પ્રયાસ કર્યો છે. છતાં આધુનિક યુગમાં માનવી બાહ્ય સફળતા, ભૌતિક સંપત્તિ અને સામાજિક પ્રતિષ્ઠા પાછળ દોડતા દોડતા પોતાની આંતરિક શાંતિ ગુમાવી બેઠો છે. પરિણામે તણાવ, ચિંતા, અસંતોષ અને અસુરક્ષાની લાગણીઓ માનવ જીવનનો અભિન્ન ભાગ બની ગઈ છે.

ભારતીય દર્શન માનવીને બહારની દુનિયા કરતાં અંદરની દુનિયામાં ઝાંખી લેવા પ્રેરિત કરે છે. આત્મજ્ઞાન અને આત્મવિચાર દ્વારા જ સાચી શાંતિ પ્રાપ્ત થઈ શકે છે (વિવેકાનંદ, ૨૦૧૪). શિક્ષણનો હેતુ માત્ર જાણકારી આપવાનો નથી, પરંતુ માનવીમાં માનવીય મૂલ્યો અને આત્મસંયમવિકસાવવાનો છે. આ સંદર્ભમાં આધ્યાત્મિક ચેતના મૂલ્ય આધારિત શિક્ષણનો આધારસ્તંભ બની શકે છે (પટેલ, ૨૦૧૮).

### આધ્યાત્મિક ચેતનાનો અર્થ અને સ્વરૂપ

આધ્યાત્મિક ચેતના એટલે આત્માની ઓળખ, સ્વ-જાગૃતિ અને જીવનના ઊંડા અર્થની અનુભૂતિ. તે કોઈ વિશિષ્ટ ધર્મ કે વિધિ સુધી સીમિત નથી, પરંતુ માનવીના વિચાર, વર્તન અને જીવનશૈલી સાથે સંકળાયેલી છે. આધ્યાત્મિક ચેતનાવાળો માનવી અહંકાર, લાલસા અને ભયથી ઉપર ઊઠીને સત્ય, કરુણા અને સમભાવના માર્ગે આગળ વધે છે (શ્રી અરવિંદ, ૨૦૧૨).

ભારતીય પરંપરામાં આધ્યાત્મિક ચેતનાનો વિકાસ સ્વાધ્યાય, ધ્યાન, યોગ અને સેવા દ્વારા થાય છે. આ ચેતના માનવીને જીવનના દુઃખ-સુખને સમત્વભાવથી સ્વીકારવાની શક્તિ આપે છે, જે આંતરિક શાંતિ માટે આધારરૂપ બને છે.

### આંતરિક શાંતિ: સંકલ્પના અને મહત્વ

આંતરિક શાંતિ એટલે મનની સ્થિરતા, ભાવનાત્મક સંતુલન અને સ્વીકારની ભાવના. જ્યારે માનવી પોતાની ઇચ્છાઓ, અપેક્ષાઓ અને ભય પર નિયંત્રણ મેળવે છે ત્યારે આંતરિક શાંતિ પ્રાપ્ત થાય છે. યોગદર્શન અનુસાર મનના વિકારો પર નિયંત્રણ મેળવવાથીચિત્તશાંતિ પ્રાપ્ત થાય છે (પતંજલિ, ૨૦૧૦).

આંતરિક શાંતિ માનસિક સ્વાસ્થ્ય માટે અત્યંત મહત્વપૂર્ણ છે. તે ચિંતા, તણાવ અને માનસિક થાક ઘટાડે છે તથા સંબંધોમાં સહનશીલતા અને સમજ વિકસાવે છે (યોગેન્દ્ર, ૨૦૧૬).

### ભારતીય વિચારધારા અને આંતરિક શાંતિ

ભારતીય દાર્શનિક પરંપરાઓ આંતરિક શાંતિને જીવનનું કેન્દ્રબિંદુ માને છે. ઉપનિષદો આત્મા અને પરમાત્માની એકતાનું દર્શન કરાવે છે. ભગવદ્ ગીતા નિષ્કામ કર્મ અને સમત્વભાવની શિક્ષા આપે છે, જેના દ્વારા માનવી આંતરિક શાંતિ પ્રાપ્ત કરી શકે છે (ભગવદ્ ગીતા, ૨૦૧૩). આ વિચારધારાઓ દર્શાવે છે કે આંતરિક શાંતિ કોઈ બાહ્ય સાધનથી નહીં, પરંતુ આંતરિક પરિવર્તનથી પ્રાપ્ત થાય છે.ભારતીય વિચારધારા માનવીના આંતરિક જીવનને સર્વોચ્ચ મહત્વ આપે છે. ઉપનિષદોમાંવર્ણવાયેલ "આત્માનંવિદ્ધિ"નો સંદેશ માનવીને આત્મજ્ઞાન દ્વારા ભય, દુઃખ અને અશાંતિથી મુક્ત થવાનો માર્ગ બતાવે છે. બૌદ્ધ દર્શનમાં મધ્યમ માર્ગ અને તૃષ્ણાના નિયંત્રણ દ્વારા માનસિક શાંતિ પ્રાપ્ત કરવાની વાત કરવામાં આવી છે. જૈન

વિચારધારામાં અહિંસા, અપરિગ્રહ અને આત્મસંયમને આંતરિક શાંતિના મૂળ તત્ત્વો તરીકે માનવામાં આવે છે. આ તમામ દાર્શનિક પરંપરાઓ દર્શાવે છે કે આંતરિક શાંતિ બાહ્ય પરિસ્થિતિઓથી નહીં, પરંતુ આંતરિક શિસ્ત, સંયમ અને આત્મબોધથી પ્રાપ્ત થાય છે (રાધાકૃષ્ણન, ૨૦૧૧).

આધ્યાત્મિક ચેતના અને સુખાકારીનો સંબંધ

સુખાકારી માત્ર શારીરિક સ્વાસ્થ્ય પૂરતી સીમિત નથી, પરંતુ તેમાં માનસિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક સંતુલનનો સમાવેશ થાય છે. આધ્યાત્મિક ચેતના માનવીને આત્મવિશ્વાસ, આશા અને જીવન પ્રત્યે સકારાત્મક દૃષ્ટિકોણ આપે છે (દેસાઈ, ૨૦૧૫). ધ્યાન, યોગ અને પ્રાર્થના જેવી પ્રવૃત્તિઓ માનસિક તણાવ ઘટાડે છે અને આંતરિક શાંતિ વિકસાવે છે.

**મૂલ્ય આધારિત શિક્ષણમાં આધ્યાત્મિક ચેતનાની ભૂમિકા**

આધુનિક શિક્ષણ પદ્ધતિમાં જ્ઞાન અને કુશળતાને મહત્વ આપવામાં આવે છે, પરંતુ મૂલ્ય આધારિત શિક્ષણ ઘણી વખત અવગણાય છે. જો શિક્ષણમાં આધ્યાત્મિક મૂલ્યો અને આત્મવિચારનો સમાવેશ કરવામાં આવે, તો વિદ્યાર્થીઓમાં માનસિક સ્વસ્થતા અને સામાજિક જવાબદારી વિકસાવી શકાય છે (પટેલ, ૨૦૧૮). રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ પણ સર્વાંગી અને મૂલ્ય આધારિત શિક્ષણ પર ભાર મૂકે છે (ભારત સરકાર, ૨૦૨૦).

**આધુનિક સંદર્ભમાં પ્રાસંગિકતા**

વૈશ્વિકીકરણ અને ટેકનોલોજીના યુગમાં માનવી વધુ એકલતા અને અસંતોષ અનુભવે છે. આવી સ્થિતિમાં આધ્યાત્મિક ચેતના માનવીને આંતરિક આધાર આપે છે. આંતરિક શાંતિ વ્યક્તિગત જીવન ઉપરાંત સામાજિક સમરસતા અને વૈશ્વિક શાંતિ માટે પણ આવશ્યક છે.

**નિષ્કર્ષ**

આ સંશોધન પરથી સ્પષ્ટ થાય છે કે આધ્યાત્મિક ચેતના અને આંતરિક શાંતિ માનવીય સુખાકારીના મુખ્ય આધારસ્તંભ છે. ભારતીય વિચારધારા માનવીને આત્મજાગૃતિ, સમત્વ અને સંતુલિત જીવન તરફ દોરી જાય છે. મૂલ્ય આધારિત શિક્ષણના સંદર્ભમાં જો આધ્યાત્મિક ચેતનાનો સમાવેશ કરવામાં આવે, તો શિક્ષણ

માત્ર વ્યવસાયલક્ષી ન રહી માનવીય અને સંવેદનશીલ સમાજ રચવામાં સહાયક બની શકે છે. આથી, સુખાકારી તરફનો સાચો માર્ગ આંતરિક શાંતિ અને આધ્યાત્મિક ચેતનામાંથી પસાર થાય છે.મૂલ્ય આધારિત શિક્ષણના સંદર્ભમાં જો આધ્યાત્મિક ચેતનાનો સમાવેશ કરવામાં આવે, તો શિક્ષણ માત્ર વ્યવસાયલક્ષી ન રહી માનવીય અને સંવેદનશીલ સમાજ રચવામાં સહાયક બની શકે છે.

**સંદર્ભો (References )**

અરવિંદ, શ્રી. (૨૦૧૨). ભારતીય સંસ્કૃતિનાતત્ત્વો. પોંડિચેરી: શ્રી અરવિંદ આશ્રમ પ્રકાશન.

ભગવદ્ ગીતા. (૨૦૧૩). ગોરખપુર: ગીતા પ્રેસ.

દેસાઈ, નરહરિ. (૨૦૧૫). જીવન અને આધ્યાત્મિકતા. અમદાવાદ: નવજીવન પ્રકાશન.

પતંજલિ. (૨૦૧૦). યોગસૂત્ર (ગુજરાતી અનુવાદ). અમદાવાદ: નવભારત સાહિત્ય મંદિર.

પટેલ, કિરીટ. (૨૦૧૮). આધ્યાત્મિક શિક્ષણ અને માનસિક સ્વાસ્થ્ય. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

રાધાકૃષ્ણન, સર્વપલ્લી. (૨૦૧૧). ભારતીય દર્શન. નવી દિલ્હી: રાજકમલ પ્રકાશન.

વિવેકાનંદ, સ્વામી. (૨૦૧૪). વ્યવહારિક વેદાંત. કોલકાતા: રામકૃષ્ણ મિશન.

યોગેન્દ્ર, જે. (૨૦૧૬). યોગ અને માનસિક શાંતિ. મુંબઈ: યોગ ઇન્સ્ટિટ્યૂટ.

# HOLISTIC DEVELOPMENT IN EDUCATION

Priyanka Gopalbhai Gohil
(Assistant Professor)
Revaba Sarvajanik Education College, Mehsana

**Abstract**

Holistic development refers to the comprehensive growth of an individual by nurturing intellectual, emotional, social, physical, moral, and spiritual dimensions of personality. Modern education increasingly recognizes that academic achievement alone is insufficient to prepare learners for the complexities of life in the 21st century. This paper examines the concept of holistic development, its theoretical foundations, key dimensions, relevance in contemporary education, the role of teachers and schools, and challenges in implementation. The study adopts a conceptual and analytical approach based on educational philosophies and current practices. The paper concludes that holistic development is essential for creating balanced, responsible, and competent individuals capable of contributing positively to society.

**Keywords:** Holistic development, education, personality development, life skills, value education

## 1. Introduction

Education is a powerful instrument for social transformation and individual growth. Traditionally, education systems have focused primarily on cognitive development and academic achievement. However, such a narrow approach often neglects other crucial aspects of human development such as emotional stability, ethical values, creativity, physical well-being, and social responsibility. In response to these limitations, the concept of holistic development has gained prominence in educational discourse.Holistic development emphasizes the education of the whole person rather than fragmented learning outcomes. It aims at the balanced development of mind, body, heart, and soul. In the Indian context, ancient educational traditions such as Gurukul system highlighted holistic learning by integrating moral values, physical training, and spiritual wisdom along with intellectual growth. Contemporary policies like the National Education Policy (NEP) 2020 also strongly advocate holistic, multidisciplinary, and learner-centered education.

This paper explores the meaning, dimensions, importance, and educational implications of holistic development, highlighting its relevance for students, teachers, and society at large.

## 2. Concept of Holistic Development

The term holistic is derived from the Greek word holos, meaning whole or complete. Holistic development refers to the integrated growth of all dimensions of an individual's personality. It recognizes that human beings are complex and interconnected, and development in one area influences development in others.According to educational thinkers, holistic development involves nurturing cognitive abilities along with emotional intelligence, social

skills, physical fitness, moral values, creativity, and spiritual awareness. It promotes self-awareness, empathy, critical thinking, resilience, and a sense of purpose. Rather than viewing learners as passive recipients of knowledge, holistic education treats them as active participants in their own growth.

## 3. Dimensions of Holistic Development

### 3.1 Intellectual Development

Intellectual development focuses on the growth of cognitive abilities such as thinking, reasoning, problem-solving, creativity, and decision-making. It goes beyond rote memorization and encourages critical and analytical thinking. Inquiry-based learning, experiential learning, and interdisciplinary approaches play a vital role in intellectual growth.

### 3.2 Physical Development

Physical development is essential for overall health and well-being. It includes growth of the body, motor skills, strength, stamina, and coordination. Activities such as sports, yoga, physical education, and health awareness programs help students maintain physical fitness and develop discipline and teamwork.

### 3.3 Emotional Development

Emotional development involves understanding and managing one's emotions, developing self-confidence, empathy, and emotional resilience. Emotionally balanced individuals can cope with stress, build healthy relationships, and maintain mental well-being. Schools can promote emotional development through counseling, supportive teacher-student relationships, and life skills education.

### 3.4 Social Development

Social development refers to the ability to interact effectively with others and function responsibly within society. It includes communication skills, cooperation, leadership, respect for diversity, and social responsibility. Group activities, collaborative learning, community service, and co-curricular activities foster social skills among learners.

### 3.5 Moral and Ethical Development

Moral development focuses on the formation of values, ethics, integrity, and a sense of right and wrong. Education plays a crucial role in shaping character and responsible citizenship. Value education, moral stories, role modeling by teachers, and ethical discussions help inculcate moral principles in students.

### 3.6 Spiritual Development

Spiritual development does not necessarily imply religious instruction but involves the search for meaning, inner peace, self-awareness, and harmony with others and nature. Practices such

as meditation, mindfulness, reflection, and value-based education contribute to spiritual growth and emotional stability.

**4. Importance of Holistic Development in Education**

Holistic development is essential for preparing learners to face the challenges of a rapidly changing world. Academic excellence alone cannot ensure success, happiness, or social harmony. Holistically developed individuals demonstrate adaptability, creativity, empathy, and ethical responsibility.

From an educational perspective, holistic development enhances motivation and engagement in learning. When students' emotional and social needs are addressed, they perform better academically. Holistic education also promotes lifelong learning, mental well-being, and responsible citizenship.

At the societal level, holistic development contributes to social cohesion, ethical leadership, and sustainable development. Individuals with balanced personalities are more likely to contribute positively to family, community, and nation-building.

**5. Role of Teachers in Promoting Holistic Development**

Teachers play a pivotal role in fostering holistic development. Beyond being transmitters of knowledge, teachers act as facilitators, mentors, and role models. A supportive and inclusive classroom environment encourages students to express themselves freely and develop confidence.

Teachers can promote holistic development by using learner-centered pedagogies, integrating co-curricular activities with academics, encouraging critical thinking, and nurturing emotional intelligence. Sensitivity towards students' individual differences and needs is crucial for holistic growth.

**6. Role of Schools and Curriculum**

Schools are key institutions for holistic development. A flexible and inclusive curriculum that integrates academics, arts, sports, values, and life skills supports comprehensive growth. Co-curricular and extracurricular activities such as debates, drama, music, sports, social service, and environmental education play a significant role.

School culture and ethos also influence holistic development. Democratic practices, student participation, discipline based on respect, and collaboration with parents and community strengthen the holistic approach to education.

**7. Challenges in Implementing Holistic Development**

Despite its importance, implementing holistic development in education faces several challenges. Examination-oriented systems often prioritize marks over meaningful learning. Large class sizes, lack of trained teachers, time constraints, and limited resources hinder holistic practices.

Additionally, assessment of non-cognitive outcomes such as values, attitudes, and emotional skills remains complex. Addressing these challenges requires systemic reforms, teacher training, curriculum redesign, and supportive educational policies.

## 8. Findings of the Study

Based on the conceptual and analytical review of literature and educational practices, the following key findings emerge:

1. Holistic development is essential for balanced personality growth and cannot be achieved through academic instruction alone.

2. Intellectual development is most effective when supported by emotional stability, physical well-being, and social skills.

3. Schools that integrate co-curricular and life-skills activities show better student engagement and motivation.

4. Teachers play a central role as facilitators and role models in promoting holistic growth among learners.

5. Value education and ethical learning significantly contribute to responsible citizenship and social harmony.

6. Current examination-oriented systems limit the effective implementation of holistic education.

7. NEP 2020 provides a strong policy framework for promoting holistic, multidisciplinary, and learner-centered education.

## 9. Suggestions

In light of the above findings, the following suggestions are proposed to strengthen holistic development in education:

1. Curriculum should be redesigned to balance academic content with life skills, value education, physical education, and creative activities.

2. Continuous and comprehensive evaluation methods should be adopted to assess cognitive and non-cognitive development.

3. Teachers should be provided with regular professional training focused on emotional intelligence, inclusive practices, and learner-centered pedagogy.

4. Schools should create a supportive and stress-free learning environment that promotes mental well-being and self-expression.

5. Co-curricular and extracurricular activities should be treated as integral components of the curriculum rather than optional additions.

6. Parent and community participation should be encouraged to support students' holistic growth beyond the classroom.

7. Policymakers should ensure adequate resources and flexibility for schools to implement holistic education effectively.

## 10. Conclusion

Holistic development is a fundamental objective of meaningful and quality education. It emphasizes the integrated growth of intellectual, physical, emotional, social, moral, and spiritual dimensions of learners. The present paper highlights that education systems focused solely on academic achievement fail to address the broader developmental needs of students.

To meet the demands of the 21st century, education must shift towards a learner-centered and value-oriented approach. Teachers, schools, parents, and policymakers must work collaboratively to promote holistic development. When education nurtures the whole child, it not only enhances academic success but also prepares individuals to lead responsible, fulfilling, and socially productive lives.

## References

Delors, J. (1996). Learning: The Treasure Within. UNESCO.

Dewey, J. (1938). Experience and Education. New York: Macmillan.

National Education Policy (2020). Government of India.

NCERT. (2019). Learning Outcomes at the Elementary Stage.

Rao, V. K. (2014). Education for Human Development. New Delhi: Pearson.

# શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક વિચારોનો શિક્ષણમાં વિનિયોગ

Dr. Bhavanaben A. Modi
Assistant professor
B.D. Shah College of Education (CTE), Modasa

**સારાંશ**

શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક વિચારોમાં આત્મજ્ઞાન, સત્ય, અહિંસા, સંયમ અને કરુણાનું કેન્દ્રસ્થાન છે. જે ભાવિ સમાજને ઘડવામા મહત્વનુ યોગદાન આપી શકે છે. તેથી પ્રસ્તુત અભ્યાસમા શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક વિચારોનો શિક્ષણમાં વિનિયોગની ચર્ચા હાથ ધરવામા આવી છે. શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીજીના જીવન, વ્યક્તિત્વ અને આધ્યાત્મિક વિચારધારાને નિરૂપવાનો પ્રયાસ થયો છે. શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીજીનુ શિક્ષણદર્શન તેમજ તેમની વિચારસામ્યતાને રજૂ કરવાનો નમ્ર પ્રયાસ થયો છે.

ચાવીરૂપ શબ્દો: શ્રીમદ્ રાજચંદ્ર, મહાત્મા ગાંધીજી, આધ્યાત્મિક વિચારો

**પ્રસ્તાવના**

ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણને હંમેશાં માત્ર જ્ઞાન પ્રાપ્તિનું સાધન નહીં, પરંતુ જીવન ઘડતરનું મહત્ત્વપૂર્ણ સાધન માનવામાં આવ્યું છે. પ્રાચીન ગુરુકુલ પરંપરા હોય કે આધુનિક શિક્ષણ વ્યવસ્થા—બન્નેમાં મૂલ્યનિષ્ઠા, આત્મશુદ્ધિ અને માનવતાનો આધાર રહેલો છે. આ સંદર્ભમાં શ્રિમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક વિચારો વિશેષ મહત્વ ધરાવે છે. બંને મહાન વિચારોમાં આત્મજ્ઞાન, સત્ય, અહિંસા, સંયમ અને કરુણાનું કેન્દ્રસ્થાન છે. આજના સમયની શિક્ષણ વ્યવસ્થામાં વધતી સ્પર્ધા, ભૌતિકતા અને માનસિક તણાવ વચ્ચે આ વિચારો માર્ગદર્શક દીવાદાંડી સમાન બની શકે છે.

**શ્રીમદ્ રાજચંદ્ર: જીવન, વ્યક્તિત્વ અને આધ્યાત્મિક દ્રષ્ટિ**

શ્રીમદ્ રાજચંદ્ર (1867–1901)નું જીવન ટૂંકું હોવા છતાં આધ્યાત્મિક ઊંચાઈઓથી પરિપૂર્ણ હતું. બાળપણથી જ તેમને અસાધારણ સ્મૃતિશક્તિ, આત્મવિચાર અને વૈરાગ્યનો અનુભવ થતો. તેઓ જૈન દર્શનના ઊંડા વિદ્વાન હતા, પરંતુ તેમનું ચિંતન સર્વધર્મ સમન્વય પર આધારિત હતું. તેમના મુખ્ય વિચારોમાં આત્મજ્ઞાન સર્વોચ્ચ છે. તેમના મતે આત્માની સાચી ઓળખ વિના કોઈપણ ભૌતિક કે બુદ્ધિગમ્ય સિદ્ધિ અર્થહીન છે. તેમણે પોતાના ગ્રંથોમાં વારંવાર આત્મચિંતન, સંયમ, વૈરાગ્ય અને સદાચાર પર ભાર

મૂક્યો છે. 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' તેમનું અતિ મહત્વપૂર્ણ રચનાકાર્ય છે, જેમાં આત્મા, કર્મ, બંધન અને મોક્ષ વિશે સ્પષ્ટ માર્ગદર્શન મળે છે. શ્રીમદ્ રાજચંદ્રના વિચારો મુજબ સાચું શિક્ષણ તે છે જે માનવને અંદરથી શુદ્ધ કરે. તેઓ માનતા કે શિક્ષણ માત્ર માહિતીનું સંગ્રહણ નહીં, પરંતુ આત્મશુદ્ધિ અને જીવન પરિવર્તનનું સાધન હોવું જોઈએ. શ્રીમદ્ રાજચંદ્ર માટે શિક્ષણનો મુખ્ય હેતુ – **આત્મિક ઉન્નતિ** હતો.

**મહાત્મા ગાંધીજી: જીવન અને આધ્યાત્મિક વિચારધારા**

મહાત્મા ગાંધી (1869–1948) ભારતીય સ્વાતંત્ર્ય આંદોલનના નેતા હોવા સાથે વિશ્વના મહાન નૈતિક વિચારક હતા. તેમનું સમગ્ર જીવન સત્ય અને અહિંસાના સિદ્ધાંતો પર આધારિત હતું. ગાંધીજી માટે આધ્યાત્મિકતા કોઈ સંન્યાસી વિચાર નહીં, પરંતુ દૈનિક જીવનમાં જીવાતું સત્ય હતું. ગાંધીજી પર શ્રીમદ્ રાજચંદ્રનો ઊંડો પ્રભાવ હતો. ગાંધીજીએ તેમને પોતાના આધ્યાત્મિક ગુરુ તરીકે માન્યા હતા. આત્મશુદ્ધિ, ઈચ્છા નિયંત્રણ, સત્યનિષ્ઠા અને અહિંસા—આ તમામ ગુણો ગાંધીજીના શિક્ષણ દર્શનમાં મુખ્ય છે.

ગાંધીજીની 'નઈ તાલીમ'ની સંકલ્પના શિક્ષણમાં ક્રાંતિ લાવનારી હતી. તેમણે શિક્ષણને શ્રમ, સ્વાવલંબન અને નૈતિકતા સાથે જોડ્યું. તેમના મતે શિક્ષણ દ્વારા વ્યક્તિ માત્ર નોકરીલાયક નહીં, પરંતુ સારા નાગરિક બને એ જ સાચું લક્ષ્ય છે. ગાંધીજીના મતે શિક્ષણનું મુખ્ય ધ્યેય "સર્વાંગી વિકાસ" છે — શરીર, મન અને આત્માનો વિકાસ. તેમણે નઈ તાલીમ (બેઝિક એજ્યુકેશન)ની સંકલ્પના રજૂ કરી, જેમાં શ્રમ, સ્વાવલંબન અને નૈતિક મૂલ્યોનો સમાવેશ હતો. શિક્ષણ દ્વારા માનવમાં સત્યનિષ્ઠા, આત્મશિસ્ત અને સમાજપ્રતિ જવાબદારી વિકસે, એ ગાંધીજીનો મુખ્ય ઉદ્દેશ હતો.

**શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી વચ્ચેનો આધ્યાત્મિક સંબંધ**

શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજીનો સંબંધ ગુરુ-શિષ્ય સમાન હતો. ગાંધીજી પોતાના જીવનના સંકટકાળે શ્રીમદ્ રાજચંદ્ર પાસેથી માર્ગદર્શન મેળવતા. આ સંબંધ દર્શાવે છે કે આધ્યાત્મિક શિક્ષણ જીવંત અનુભવ અને વ્યક્તિત્વ દ્વારા પ્રસાર પામે છે. આ સંબંધ શિક્ષણ માટે એક ઉત્તમ ઉદાહરણ છે—શિક્ષકનું વ્યક્તિત્વ, આચરણ અને મૂલ્યો વિદ્યાર્થીઓ પર કેટલો ઊંડો પ્રભાવ પાડે છે તે અહીં સ્પષ્ટ થાય છે.

**આધ્યાત્મિક મૂલ્યો અને શિક્ષણનું મહત્વ**

આજનું શિક્ષણ વધુ પડતું અંક, પરીક્ષા અને કારકિર્દી કેન્દ્રિત બન્યું છે. પરિણામે વિદ્યાર્થીઓમાં તણાવ, ચિંતા અને નૈતિક ગૂંચવણ વધે છે. આધ્યાત્મિક મૂલ્યો શિક્ષણમાં સામેલ થવાથી વિદ્યાર્થીમાં સંતુલિત વિકાસ શક્ય બને છે.

આધ્યાત્મિક શિક્ષણથી:

- આત્મવિશ્વાસ અને આંતરિક શાંતિ વિકસે છે
- નૈતિક નિર્ણય લેવાની શક્તિ વધે છે
- સહાનુભૂતિ અને કરુણાનો વિકાસ થાય છે
- સમાજ પ્રત્યે જવાબદારીની ભાવના ઊભી થાય છે

**શ્રીમદ્ રાજચંદ્રના આધ્યાત્મિક વિચારો**

**આત્મજ્ઞાનનું મહત્વ** સાચું શિક્ષણ તે છે જે મનુષ્યને પોતાના સ્વરૂપની ઓળખ કરાવે.

**વૈરાગ્ય અને વિવેક** : ભૌતિક લાલસાઓમાંથી મુક્તિ અને સત્ય-અસત્ય વચ્ચે ભેદ કરવાની ક્ષમતા.

**અહિંસા અને કરુણા :** તમામ જીવ પ્રત્યે સમભાવ અને દયા.

**સ્વઅનુશાસન :** શિક્ષણથી માનવીમાં આંતરિક નિયંત્રણ વિકસે.

**શ્રીમદ્ રાજચંદ્રના વિચારોનો શિક્ષણમાં વિનિયોગ**

1. મૂલ્યઆધારિત શિક્ષણ આજના પાઠ્યક્રમોમાં નૈતિક મૂલ્યોનો અભાવ દેખાય છે. શ્રીમદ્ રાજચંદ્રના વિચારો શિક્ષણને મૂલ્યઆધારિત બનાવી શકે છે.

2. આત્મચિંતન અને ધ્યાન

વિદ્યાર્થીઓમાં ધ્યાન, મૌન અને આત્મમંથન જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવાથી માનસિક શાંતિ અને એકાગ્રતા વધે છે. શાળામાં રોજ થોડા મિનિટનું મૌન અથવા ધ્યાન સત્ર રાખવાથી વિદ્યાર્થીઓમાં એકાગ્રતા વધે છે. *ઉદાહરણ:* કેટલીક જૈન શૈક્ષણિક સંસ્થાઓમાં નિયમિત ધ્યાન દ્વારા શિસ્ત અને શાંતિ જોવા મળે છે.

3. શિક્ષકનું આદર્શ જીવન

શિક્ષક માત્ર વિષયજ્ઞ ન રહીને જીવનમૂલ્યોનું જીવંત ઉદાહરણ બને – આ વિચાર શ્રીમદ્ રાજચંદ્રના ઉપદેશમાંથી મળે છે.

**4.નૈતિક પાઠ્યક્રમ:** આત્મજ્ઞાન, સંયમ અને સત્યના પાઠોને વાર્તા અને જીવન પ્રસંગો દ્વારા શીખવવા.

5. **જીવનચરિત્ર અભ્યાસ: શ્રી**મદ્ રાજચંદ્રના જીવન પ્રસંગો દ્વારા વિદ્યાર્થીઓને આદર્શ મૂલ્યો સમજાવવુ

**ગાંધીજીના આધ્યાત્મિક વિચારો**

સત્ય (સત્યાગ્રહ) : સત્ય જીવનનું સર્વોચ્ચ મૂલ્ય છે.

અહિંસા : શારીરિક જ નહીં, માનસિક અને વૈચારિક અહિંસા.

શ્રમની મહત્તા : શારીરિક અને માનસિક શ્રમનું સંતુલન.

સ્વાવલંબન : શિક્ષણ દ્વારા આત્મનિર્ભરતા.

**ગાંધીજીનું શિક્ષણદર્શન (નઈ તાલીમ)**

ગાંધીજીએ રજૂ કરેલી **નઈ તાલીમ** (Basic Education) ની વિશેષતાઓ:

શિક્ષણ જીવનસંગત હોવું જોઈએ

હસ્તકલા આધારિત શિક્ષણ

નૈતિક અને આધ્યાત્મિક વિકાસ

સમાજસેવા સાથે શિક્ષણ

**ગાંધીજીના આધ્યાત્મિક વિચારોનો શિક્ષણમાં વિનિયોગ**

1. શિક્ષણ અને જીવનનું એકીકરણ : વિદ્યાર્થી માત્ર પુસ્તકી જ્ઞાન નહીં પરંતુ જીવનકૌશલ્ય શીખે.

2. અહિંસા અને સહઅસ્તિત્વ : શાળાઓમાં સહકાર, સમભાવ અને શાંતિની સંસ્કૃતિ વિકસે.

3. શ્રમ શિક્ષણ : કામ કરતા શીખવું – "Learning by Doing".

**4. નઈ તાલીમ**: શિક્ષણ સાથે હસ્તકલા અને શ્રમ જોડવો. *ઉદાહરણ*: ખાદી કાર્ય, બાગાયત, સ્વચ્છતા અભિયાન.

5. **અહિંસા આધારિત શિસ્ત**: શાળામાં દંડના બદલે સંવાદ અને સમજણ.

6. **સામાજિક સેવા**: ગ્રામ સેવા, પર્યાવરણ સંરક્ષણ જેવા પ્રોજેક્ટ્સ.

7. **સ્વાવલંબન**: વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બનવા માટે પ્રોત્સાહિત કરવું

**શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી : વિચારસામ્ય**

| **વિષય** | **શ્રીમદ્ રાજચંદ્ર** | **ગાંધીજી** |
|---|---|---|
| જીવનહેતુ | આત્મમોક્ષ | સત્યસેવા |
| આધાર | આત્મજ્ઞાન | સત્યાગ્રહ |
| અહિંસા | આધ્યાત્મિક | સામાજિક |
| શિક્ષણ | આત્મિક શુદ્ધિ | સર્વાંગી વિકાસ |

આધુનિક શિક્ષણમાં વ્યવહારુ અમલ

ડિજિટલ યુગમાં પણ આધ્યાત્મિક શિક્ષણ શક્ય છે. ઑનલાઇન ધ્યાન સત્રો, મૂલ્ય આધારિત વિડિઓઝ અને પ્રોજેક્ટ આધારિત શિક્ષણ દ્વારા આ વિચારોને જીવંત બનાવી શકાય. શિક્ષકો માટે મૂલ્ય આધારિત તાલીમ અનિવાર્ય છે, જેથી તેઓ માત્ર વિષય શિક્ષક નહીં, પરંતુ જીવન માર્ગદર્શક બની શકે.

**પડકારો અને ઉકેલો**

| **પડકારો**: | **ઉકેલો**: |
|---|---|
| ભૌતિકવાદી દૃષ્ટિકોણ | પાઠ્યક્રમમાં મૂલ્ય આધારિત વિષયો |
| સમયની અછત | શિક્ષક તાલીમ કાર્યક્રમો |
| મૂલ્યો પ્રત્યે ઉદાસીનતા | રિવાર અને સમાજનો સહયોગ |

**આધુનિક શિક્ષણમાં પ્રાસંગિકતા**

આજના યુગમાં શિક્ષણ સ્પર્ધાત્મક બન્યું છે. માનસિક તણાવ, મૂલ્યક્ષય અને હિંસાની પ્રવૃત્તિઓ વધી રહી છે. આવા સમયમાં શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજીના વિચારો:

- નૈતિક દિશા આપે
- જવાબદાર નાગરિક બનાવે
- માનસિક સ્વસ્થતા આપે

**અમલીકરણ માટે સૂચનો**

1. પાઠ્યક્રમમાં આધ્યાત્મિક સાહિત્ય
2.પ્રાર્થના, ધ્યાન અને યોગ
3.સેવા પ્રવૃત્તિઓ
4.શિક્ષકો માટે મૂલ્યપ્રશિક્ષણ

આધ્યાત્મિક શિક્ષણથી વિદ્યાર્થીઓમાં:

- નૈતિક નિર્ણય લેવાની ક્ષમતા વધે છે
- કરુણા અને સહાનુભૂતિનો ભાવ ઊભો થાય છે
- સમાજ પ્રત્યે જવાબદારીની ભાવના વિકસે છે
- આત્મશાંતિ અને સંયમ વિકસે છે

**પડકારો અને ઉકેલો** આધ્યાત્મિક શિક્ષણ અમલમાં કેટલાક પડકારો છે:

- આધુનિક જીવનશૈલી
- સમયની અછત

- મૂલ્યો પ્રત્યે ઉદાસીનતા

પરંતુ યોગ્ય તાલીમ, પાઠ્યક્રમ સુધારા અને સામાજિક સહકાર દ્વારા આ પડકારો દૂર કરી શકાય છે.

**નિષ્કર્ષ**

**શ્રી**મદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક વિચારો શિક્ષણ માટે દીવાદાંડી સમાન છે. જો શિક્ષણમાં આત્મજ્ઞાન, સત્ય, અહિંસા અને કરુણાના મૂલ્યોનો સમન્વય થાય, તો સમાજને નૈતિક, શાંતિપ્રિય અને જવાબદાર નાગરિકો મળી શકે. આજના સમયમાં આ વિચારોનું શિક્ષણમાં વિનિયોગ માત્ર જરૂરી નહીં, પરંતુ અનિવાર્ય છે. શિક્ષણ જો માત્ર કારકિર્દી પૂરતું રહેશે તો સમાજ અધૂરો રહેશે. **શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક વિચારો શિક્ષણને માનવકેન્દ્રિત બનાવે છે**. આવા શિક્ષણથી જ સત્યનિષ્ઠ, કરુણાશીલ અને આત્મજ્ઞાની પેઢી સર્જાઈ શકે.**“શિક્ષણનું અંતિમ લક્ષ્ય માનવને માનવ બનાવવું છે”** – આ સંદેશ બંને મહાન વિચારોની સહિયારી ભેટ છે.

**સંદર્ભો**

શ્રીમદ્ રાજચંદ્ર – *આત્મસિદ્ધિ શાસ્ત્ર*
આધ્યાત્મિક અને મૂલ્ય આધારિત શિક્ષણ પરના સંશોધન લેખો
કાકાસાહેબ કાલેલકર – ગાંધીજીનું જીવનદર્શન
મહાત્મા ગાંધી – *હરિજન, યંગ ઇન્ડિયા*
ભારતીય શિક્ષણ આયોગના અહેવાલો

# A Study of Inner Peace and Well-Being: A Psychological and Holistic Perspective

Dr. Kaushikkumar Bhagvandas Kumbhar
(Assistant Professor)
Revaba Sarvajanik Education (B.Ed./M.Ed.) College, Mehsana

**Abstract**

Inner peace and well-being are essential components of a healthy and balanced life. In today's fast-paced and competitive world, individuals—especially adolescents—often experience stress, anxiety, and emotional imbalance. This research paper explores the concept of inner peace, its relationship with psychological well-being, and the factors that contribute to achieving it. The study highlights the importance of mindfulness, emotional regulation, healthy relationships, and lifestyle practices in promoting overall well-being. Understanding and nurturing inner peace can significantly improve mental health, academic performance, and quality of life.

**Keywords :** Inner peace, well-being, mental health, mindfulness, emotional balance

**Introduction :**

Inner peace refers to a state of mental and emotional calmness, even in challenging situations. Well-being, on the other hand, is a broader concept that includes physical, mental, emotional, and social health. Both are closely interconnected, as inner peace supports overall well-being, and well-being helps sustain inner peace.

In modern society, increasing academic pressure, social expectations, and constant digital exposure have made it difficult for individuals to maintain emotional balance. As a result, understanding inner peace and well-being has become an important topic in psychology, education, and health sciences.

**Concept of Inner Peace :**

Inner peace is not the absence of problems but the ability to handle them calmly and thoughtfully. It involves:

- Self-acceptance
- Emotional stability
- Awareness of thoughts and feelings
- A sense of purpose and meaning

People with inner peace are better able to cope with stress and make rational decisions. Inner peace is often associated with mindfulness and positive thinking, which help individuals stay grounded in the present moment.

**Understanding Well-Being:**

Well-being is a multidimensional concept that includes:

- **Physical well-being:** good health, proper nutrition, and adequate rest
- **Mental well-being:** clarity of thought, focus, and resilience
- **Emotional well-being:** ability to understand and manage emotions
- **Social well-being:** healthy relationships and social support

When these dimensions are balanced, individuals experience a higher quality of life and improved personal satisfaction.

**Relationship Between Inner Peace and Well-Being**

Inner peace and well-being are deeply connected. Inner peace strengthens mental and emotional well-being by reducing stress and negative emotions. In turn, good physical health and supportive relationships make it easier to maintain inner peace.

Research in psychology suggests that individuals who practice self-reflection, gratitude, and emotional awareness report higher levels of happiness and life satisfaction. Inner peace acts as a foundation upon which overall well-being is built.

**Factors Contributing to Inner Peace and Well-Being:**

Several factors play a significant role in achieving inner peace and well-being:

- **Mindfulness and Meditation:**

Mindfulness practices help individuals focus on the present moment, reducing over thinking and anxiety. Meditation improves concentration and emotional control.

- **Healthy Lifestyle:**

Regular physical activity, balanced nutrition, and sufficient sleep contribute to both mental and physical well-being.

- **Emotional Regulation:**

Understanding and expressing emotions in a healthy way prevents emotional overload and promotes inner calm.

- **Positive Relationships:**

Supportive family and friendships provide emotional security and reduce feelings of loneliness and stress.

- **Purpose and Values:**

Having clear goals and values gives life meaning and direction, which enhances inner peace.

**Importance for Students and Adolescents:**

For students, inner peace and well-being are especially important. Emotional balance improves concentration, memory, and academic performance. It also helps students handle exam stress, peer pressure, and personal challenges more effectively.

Schools that promote mental well-being through counselling, physical activities, and awareness programs contribute positively to students' overall development.

**Challenges in Achieving Inner Peace:**

Despite its importance, achieving inner peace can be challenging due to:

- Academic and social pressure
- Excessive use of digital devices
- Negative self-comparison
- Lack of emotional awareness

Addressing these challenges requires education, self-discipline, and supportive environments.

**Conclusion:**

Inner peace and well-being are essential for a healthy, fulfilling life. They enable individuals to manage stress, maintain emotional balance, and develop resilience. By practicing mindfulness, maintaining a healthy lifestyle, and nurturing positive relationships, individuals can achieve lasting inner peace and improved well-being. Promoting awareness of mental and emotional health, especially among young people, is crucial for building a balanced and harmonious society.

**References**

Kabat-Zinn, J. (2003). **Mindfulness-Based Stress Reduction**

Ryff, C. D. (2014). **Psychological Well-Being Revisited**

World Health Organization. **Mental Health and Well-Being**

# Reasons for the degradation and the role of parents and teachers for value inculcation

**Dr. Jayesh M. Patel,**
**STT College Visnagar and Dr. Vimla R. Patel, STT College Visnagar**

**પ્રસ્તાવના:**

મૂલ્યો એવા ધોરણો છે જેનો ઉપયોગ સામાન્ય રીતે કોઈપણ વિચાર અથવા ક્રિયાની યોગ્યતાનું મૂલ્યાંકન કરવા માટે થાય છે અને તે વ્યક્તિઓને કંઈક સારું છે કે ખરાબ, સાચું છે કે ખોટું તે નક્કી કરવા માટે દિશામાન કરે છે. મૂલ્યો વ્યક્તિની પ્રવૃત્તિ અને અન્ય લોકો સાથેના તેના/તેણીના સંબંધને અસર કરે છે. જોકે તે લાગણીશીલ ક્ષેત્ર સાથે વધુ સંબંધિત છે, છતાં કેટલાક અંશે માનવ વર્તનના જ્ઞાનાત્મક ક્ષેત્ર સાથે પણ સંબંધિત છે.

વર્તમાન સમાજમાં, ખાસ કરીને યુવા પેઢીમાં, વ્યક્તિઓમાં, મૂલ્યોનું ધીમે ધીમે ધોવાણ એ ચિંતાનો વિષય છે. આ મુદ્દાએ શિક્ષણવિદો, સમાજશાસ્ત્રીઓ, રાજકારણીઓ, મનોવૈજ્ઞાનિકો તેમજ જનતાને ચિંતામાં મૂકી દીધા છે. બહુમતી દ્વારા સ્વીકારવામાં આવે છે કે ઘર, શાળા અને કાર્યસ્થળો જેવી પરિસ્થિતિઓમાં મૂલ્યોના વિકાસની ખૂબ જ અવગણના કરવામાં આવી છે. તેથી, શાળા સ્તરે બાળકોમાં યોગ્ય મૂલ્યો કેળવીને તેમને મદદરૂપ પડોશીઓ, સંવેદનશીલ અને જવાબદાર નાગરિકો બનાવવા માટે આ સમસ્યાનો સામનો કરવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. વિવિધ સમિતિઓએ સમયના સન્માનિત ભારતીય મૂલ્યોને આપણી શિક્ષણ પ્રણાલીમાં સામેલ કરવાની ભલામણ પણ કરી હતી.

આજે આપણી શિક્ષણની દુનિયા અને સમગ્ર સમાજ જે ઘણી બીમારીઓથી પીડાઈ રહ્યો છે, જેના કારણે જીવન વ્યાપક અવ્યવસ્થા અને અવ્યવસ્થામાં પરિણમી રહ્યું છે, તે મુખ્યત્વે લોકોના હૃદય પર ધર્મના મૂળભૂત સિદ્ધાંતોની પકડ ધીમે ધીમે અદૃશ્ય થઈ જવાને કારણે છે.... આપણને લાગે છે કે એકમાત્ર ઈલાજ નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનો ઇરાદાપૂર્વક ઉપયોગ છે. મૂલ્ય વિકાસની જરૂરિયાત પર વારંવાર ભાર મૂકવામાં આવ્યો છે. એવું માનવામાં આવે છે કે મૂળભૂત મૂલ્યો સૌપ્રથમ ઘરે માતાપિતા પાસેથી રચાય છે અને શીખવામાં આવે છે અને પછી શાળાઓ તેમને મજબૂત અને મજબૂત બનાવે છે. પરંતુ કેટલાક મૂલ્યો એવા છે જે શાળાઓમાં શિક્ષકો દ્વારા વિકસાવવાના હોય છે જેમ કે ચોક્કસ વ્યક્તિગત, નૈતિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય મૂલ્યો.

વર્તમાન શિક્ષણ પ્રણાલીમાં, શિક્ષકો મોટે ભાગે શિક્ષણના સંકુચિત પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેમ કે વિદ્યાર્થીઓને પરીક્ષામાં પાસ થવામાં અને 'A' ગ્રેડ મેળવવામાં મદદ કરવી. પરંતુ શિક્ષણપરીક્ષા પાસ કરવી કે શૈક્ષણિક સિદ્ધિઓમાં ઉત્કૃષ્ટતા મેળવવી એ જ પૂરતું નથી. તે બાળકોના સર્વાંગી વિકાસ માટે તેમના પોષણ વિશે છે - શારીરિક, જ્ઞાનાત્મક, નૈતિક, સામાજિક

અને આધ્યાત્મિક. શાળા શિક્ષણમાં મૂલ્ય ઘટકનો સમાવેશ કરવા માટે વિવિધ સમિતિઓની ભલામણો સાથે, પૂર્વ-શાળાથી લઈને ઉચ્ચ માધ્યમિક શાળાઓ સુધી શિક્ષકોની ભૂમિકા અને જવાબદારીમાં વધારો થયો છે. પરંતુ હજુ સુધી એ જાણી શકાયું નથી કે શિક્ષકો તેમની નવી જવાબદારીને કેવી રીતે સમજે છે. જ્યાં સુધી, આ મહત્વપૂર્ણ જવાબદારી પ્રત્યે શિક્ષકોની ધારણા વિશે જાણ ન થાય ત્યાં સુધી તે હંમેશા ઉપેક્ષિત ક્ષેત્ર રહેશે અને આપણી ભાવિ પેઢીને યોગ્ય દિશામાં માર્ગદર્શન આપી શકાતું નથી, જેમ કે સારી ટેવો, લોકશાહી નાગરિકતા, ન્યાય પ્રત્યે સંવેદનશીલતા વગેરે. તેથી, વર્તમાન અભ્યાસ મૂલ્ય વિકાસ વિશે શિક્ષકોની ધારણા શોધવાનો પ્રયાસ કરે છે.

મૂલ્ય વિકાસની જરૂરિયાત પર વારંવાર ભાર મૂકવામાં આવ્યો છે. એવું માનવામાં આવે છે કે મૂળભૂત મૂલ્યો સૌપ્રથમ ઘરે માતાપિતા પાસેથી રચાય છે અને શીખવામાં આવે છે અને પછી શાળાઓ તેમને મજબૂત અને મજબૂત બનાવે છે. પરંતુ કેટલાક મૂલ્યો એવા છે જે શાળાઓમાં શિક્ષકો દ્વારા વિકસાવવાના હોય છે જેમ કે ચોક્કસ વ્યક્તિગત, નૈતિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય મૂલ્યો.

**મૂલ્ય કટોકટી માટે જવાબદાર પરિબળો:**

ડિજિટલ મીડિયા અને ટેકનોલોજી: સોશિયલ મીડિયા વાસ્તવિક ક્રિયાપ્રતિક્રિયાને બદલે વ્યક્તિવાદ, ઉપરછલ્લી જોડાણો અને હિંસા/અશ્લીલતાના સંપર્કને પ્રોત્સાહન આપે છે.

શિક્ષણ પ્રણાલી: રોજગારલક્ષી કૌશલ્યો પર વધુ પડતો ભાર, ચારિત્ર્ય નિર્માણ, નૈતિક શિક્ષણ અને સર્વાંગી વિકાસની અવગણના.

કૌટુંબિક માળખું: સંયુક્ત પરિવારથી વિભાજિત પરિવારમાં પરિવર્તનથી વડીલોનું માર્ગદર્શન ઘટે છે; માતાપિતાનું નિયંત્રણ ઘણીવાર નબળું પડે છે.

સાથીદારોનું દબાણ: વિદ્યાર્થીઓ સામાજિક સ્વીકૃતિ અને માન્યતા માટે નૈતિકતા સાથે સમાધાન કરે છે.

**લાયક શિક્ષક સમાજના શિલ્પી:**

એકવાર, એક શિલ્પકાર માણસો અને પ્રાણીઓની વિવિધ આકૃતિઓ બનાવવા માટે પથ્થરો કાપતો હતો. એક બાળકે જિજ્ઞાસાથી તેને પૂછ્યું. "તને કેવી રીતે ખબર પડી કે તે પથ્થરમાં ચોક્કસ આકૃતિ છે?" શિલ્પે હસતાં હસતાં જવાબ આપ્યો, "મારા બાળક, પથ્થરમાં તે આકૃતિ નથી.

આકૃતિ મારી કલ્પનામાં છે. મારી કલ્પના અને મારા વાદ્યો પથ્થરને ભગવાનમાં ફેરવે છે."

તેવી જ રીતે, એક મૂલ્યવાન અથવા લાયક શિક્ષક સમાજનો સાચો શિલ્પકાર અથવા શિલ્પી છે. તેથી, મૂલ્યવાન શિક્ષક ઉત્પન્ન કરવા માટે તમામ પ્રયાસો કરવા જોઈએ.

**માતાપિતા અને શિક્ષકમાટે કેટલીક વ્યવહારુ ટિપ્સ:**

૧. દરરોજ પરિવારમાં વધુ સમય વિતાવો, ખાસ કરીને તમારા નાના બાળકો સાથે.

૨. તમારા બાળકોને શાળામાં સામાન્ય બાળકો જેવું જીવન જીવતા શીખવા દો.

૩. તેમને શાળાએ જવા માટે મોપેડ ન આપો; સામાન્ય પરિવહન ઉપરાંત, સાયકલ ચલાવવું એ મહત્તમ લક્ઝરી હોવી જોઈએ.

૪. તેમને ખિસ્સાખર્ચ આપવામાં નિયંત્રણ રાખો. તમારા બાળકો જે માંગે છે તે બધું જ ન આપો. આપેલા પૈસાનો હિસાબ માગો.

૫. તેમના ટિફિનમાં સાદું ભોજન આપો. ઉપરાંત, ઘરમાં મોંઘી વસ્તુઓનો ઉપયોગ મર્યાદિત કરો; બાળકો વચ્ચે બિનઆરોગ્યપ્રદ સરખામણી ટાળવી જોઈએ.

૬. તમારા બાળકોને તેમના રૂમ, કપડાં વગેરે સાફ કરવામાં સ્વતંત્ર રહેવાનું શીખવો.

૭. બાળકો પોતાનું શાળાકીય શિક્ષણ પૂર્ણ ન કરે ત્યાં સુધી, ઘરે કેબલ ટીવી કનેક્શન ટાળો.

૮. બાળકોના જન્મદિવસની ઉજવણી નમ્રતાપૂર્વક કરો. શાળામાં મિત્રો વચ્ચે સંપત્તિનો કોઈપણ પ્રકારનો દેખાવ ટાળો.

૯. તમારા બાળકની કંપની જાણો. ગુનાઓ અને ડ્રગ્સ શંકાસ્પદ મિત્રોના પ્રભાવને કારણે થાય છે.

૧૦. બાળકોને તેમના શિક્ષકોનો આદર કરવાનું શીખવો. શિક્ષકને ક્યારેય નીચું ન જુઓ, ભલે તેઓ ગરીબ પરિવારના હોય.

૧૧. બાળક જે માંગે છે તે બધું ક્યારેય ન આપો.

૧૨. બાળકને જીવનની કેટલીક કઠોર વાસ્તવિકતાઓથી વાકેફ કરાવો.

૧૩.રોલ મોડેલ બનો: તમારા કાર્યો અને પ્રતિક્રિયાઓ દ્વારા તમે જે મૂલ્યો (પ્રામાણિકતા, સહાનુભૂતિ, ન્યાયીપણું) શીખવવા માંગો છો તે સતત દર્શાવો.

૧૪. વિશ્વાસ બનાવો: વિદ્યાર્થીઓને જાણો, ખરા દિલથી રસ દર્શાવો અને એક સુરક્ષિત, સમાવિષ્ટ વાતાવરણ બનાવો જ્યાં તેઓ જોખમો લેવામાં આરામદાયક અનુભવે.

૧૫. ભૂલોની ચર્ચા કરો: જ્યારે તમે ખોટા હોવ ત્યારે માફી માગો અને વિદ્યાર્થીઓને તેમની પસંદગીઓ પર ચિંતન કરવા અને ભવિષ્યની પરિસ્થિતિઓ માટે વ્યૂહરચના વિકસાવવા માટે માર્ગદર્શન આપો, ફક્ત સજા પર નહીં, પણ શીખવા પર ધ્યાન કેન્દ્રિત કરો.

૧૬.નૈતિક ચર્ચાઓ: નૈતિક મુદ્દાઓ પર ખુલ્લી ચર્ચાઓને સરળ બનાવો, વિદ્યાર્થીઓને દ્રષ્ટિકોણ શેર કરવા અને નૈતિક તર્ક બનાવવા માટે પ્રોત્સાહિત કરો.

૧૭. વાર્તાકથન: હિંમત, પ્રામાણિકતા અને કરુણા જેવા ગુણોને પ્રકાશિત કરવા માટે વાર્તાઓ (વાસ્તવિક જીવન અથવા દંતકથાઓ) નો ઉપયોગ કરો અને તેમને વિદ્યાર્થીઓના જીવન સાથે જોડો.

૧૮. ભૂમિકા ભજવવી: વિદ્યાર્થીઓને મૂલ્યોને સમજવામાં અને વ્યવહાર દ્વારા આત્મસાત કરવામાં મદદ કરવા માટે તેમને નાટ્યકૃત કરો.

૧૯.મૂલ્યોનું એકીકરણ કરો: મૂલ્યોને વિષયોમાં ભેળવો; દા.ત., સાહિત્યમાં ઐતિહાસિક વ્યક્તિઓ અથવા પાત્રોના મૂલ્યોની ચર્ચા કરો.

**નિષ્કર્ષ**:

મૂલ્ય આધારિત શિક્ષણ એ સમાજની માંગ છે જે યોગ્ય શિક્ષક તૈયારી દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. શિક્ષકોએ સમાજની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે તૈયાર રહેવું જોઈએ, યોગ્ય સાર્વત્રિક મૂલ્યો સાથે મૂલ્યવાન માનવ સંસાધન વિકસાવવા જોઈએ. હવે કાર્ય કરવાનો સમય છે. શિક્ષક શિક્ષણના પુનર્ગઠન, સુધારણા અને આધુનિકીકરણમાં કોઈ વિલંબ થવો જોઈએ નહીં. તમામ સ્તરે મૂલ્ય આધારિત શિક્ષણ માટે સેવામાં રહેલા શિક્ષકોનું ઓરિએન્ટેશન જણાવવું જોઈએ. વિલંબ ખતરનાક છે. મૂલ્યલક્ષીકરણ દ્વારા શિક્ષક શિક્ષણને પુનર્સ્થાપિત કરવાના કાર્યક્રમો વહેલા શરૂ થવા જોઈએ. શિક્ષક શિક્ષણમાં વ્યાવસાયિકોએ પહેલ અને નેતૃત્વ લેવું પડશે. વર્તમાન સમયગાળો શિક્ષક શિક્ષણ માટે ઉત્તેજક તક પૂરી પાડે છે. વર્તમાન અને ભવિષ્યની મૂલ્ય આધારિત સભ્યતા માટે વ્યાવસાયિકોએ દેશમાં શિક્ષક શિક્ષણને જીવન આપવું પડશે.

**Reference:**

Akan Y. (2021) An Analysis of the Impact of the Values Education Class Over the University Students' Levels of Acquisition of Moral Maturity and Human Values. International Journal of Psychology and Educational Studies

Barot B., Saiyad A. and Srivastava S. (2018) A study of value education programmes in the secondary schools: a review. BPAS journal of Education

Charles K. and Selvi A. (2016). Value Education. Neelkamal Publication, Hydrabad

Gandhi K. L. (2013). Value Education A study of public opinion, Gyan publishing house

G.N. Prakash Srivastava (2003) Nurturing Values Through School Education: Regional Institute of Education, Bhopal.

Government of India (1959) Report on Religious and Moral Instruction. Sri Prakasa Committee, GOI, New Delhi.

Gupta N.L. (1986) Value Education: Theory and Practices, Krishna Brothers, Ajmer

Joshi K. (2002). Philosophy of Value Oriented Education Theory and Practice. Indian council of philosophical research and D. K. printworldpvt. Ltd.

NCERT (2000) National Curriculam Framework for School Education, New Delhi

Subramanyam K. (2016). Value in Education. Shri Ramakrishna Tapovanam, Tirupparaitturai.

# Character Development through Spiritual Education in the Context of NEP 2020

KARTIKKUMAR D PATEL , PROF DR. C.H.RATHOD
RESEARCH SCHOLAR B.D .SHAH COLLEGE OF EDUCATION
H.N.G.U, PATAN MODASA

**Abstract:**

The NEP 2020 reorients India's education system toward holistic development—emphasizing ethical, cultural, emotional, and spiritual dimensions of learning alongside cognitive skills. By examining policy provisions, philosophical underpinnings, and scholarly interpretations, the paper demonstrates that spiritual education can reinforce moral values, empathy, compassion, and social responsibility in learners—leading to well-rounded citizenship and societal betterment.

**Key words:** Character Development, Spiritual Education, NEP 2020

## 1. Introduction

Education is not merely transmission of information but a transformative process that shapes values, attitudes, and character. In the context of India, this includes moral and spiritual dimensions that have historically guided human development, community life, and social cohesion. The NEP 2020 reflects this aspiration by embedding value education systems and holistic development goals within the educational framework.

## 2. Conceptual Framework

### 2.1 Character Development

Character development refers to cultivating ethical values such as truthfulness, compassion, responsibility, respect, and integrity. These values not only shape individual behavior but also influence societal well-being.

### 2.2 Spiritual Education

Spiritual education here is understood as engagement with moral, existential, and ethical dimensions, drawing from human values, cultural heritage, and reflective practices (e.g., meditation, self-inquiry, seva/service). It differs from religious instruction and focuses on inner growth and universal human values.

## 3. NEP 2020 and Value-based Learning

The NEP 2020 emphasizes holistic education that builds ethical, rational, compassionate, and caring individuals equipped for life beyond the classroom. It recognizes that education must go beyond academic content to nurture human and constitutional values such as empathy, respect, integrity, and democratic spirit.

NEP 2020 states that education should:

Develop good human beings with sound ethical moorings and values.

Integrate value education—through curriculum, co-curricular activities, community engagement, yoga, and experiential learning.

Include constitutional and universal human values such as non-violence, truth, service, compassion, respect, and equality.

This underlines that character building is integral to education, not peripheral.

**4. The Role of Spiritual Education in Character Formation**

4.1 Philosophical Roots

Indian spiritual and philosophical traditions (e.g., Vedanta, Dharma philosophy) emphasize the integration of knowledge with ethical conduct and self-realization. This aligns with NEP's goals of holistic education and ethical development. Scholars highlight parallels between Vivekananda's educational thought and NEP 2020, arguing both prioritize self-discipline, moral strength, service, and self-reliance.

4.2 Enhancing Values through Curriculum and Activities

Spiritual education supports character development by:

Encouraging self-reflection and self-regulation.

Cultivating compassion, tolerance, and respect for diversity.

Promoting service-oriented learning and community engagement.

Integrating practices like yoga and meditation which develop emotional balance and self-awareness.

Practices rooted in spiritual traditions can foster ethical decision-making and resilience, both central to character development.

**5. Integrative Strategies and Pedagogical Approaches**

5.1 Curriculum Integration

NEP 2020 provides flexibility to include value-based modules across subjects and co-curricular activities. These can incorporate:

Experiential learning (stories, role-play, service projects).

Reflection and mindfulness exercises.

Debates on ethical dilemmas relevant to contemporary contexts.

5.2 Teacher's Role

Teachers are key facilitators of spiritual and character education. NEP prioritizes teacher training that includes ethical sensitivity, mentoring skills, and value pedagogy to enable meaningful implementation.

5.3 Community & Parental Engagement

Learning values isn't limited to classrooms. Involving parents and communities in values programs and service learning reinforces internalization of ethical behaviour.

**6. Challenges and Considerations**

6.1 Cultural Sensitivity

While spiritual education draws from cultural values, care must be taken to maintain inclusivity across diverse religious, cultural, and philosophical backgrounds.

6.2 Implementation Gaps

Policies often emphasize ideals; however, schools may face challenges in teacher preparedness, resource availability, and meaningful assessment of values education.

**7. Conclusion**

In the context of NEP 2020, spiritual education acts as a catalyst for character development by nurturing ethical sensibilities, emotional intelligence, and social responsibility. Aligning curriculum, pedagogy, and community practices with spiritual values supports NEP's vision of holistic education that builds not just skilled learners but ethically rooted citizens.

**References :**

Alam, M. (2024). Integrating Value Education for Holistic Development: Insights from NEP 2020.

Government of India, National Education Policy 2020, Ministry of Education.

National Curriculum Framework for School Education (2023): Values and Dispositions.

Singh, K. & Saxena, D.(2024). Swami Vivekananda's Educational Thought and its Relevance to NEP 2020.

Universal Human Values for Holistic, Value-based Education: Realising the Aspirations articulated in NEP 2020.

# ભારતની આધ્યાત્મિક શિક્ષણની આધારશિલાઓ

KHARADI JETENSKUMAR INDULAL
(RESEARCH SCHOLAR)
HNGU, PATAN
MO. 9870063125
E MAIL ID JETENSKHARADI007@GMAIL.COM

**સારાંશ:**

ભારતીય આધ્યાત્મિક શિક્ષણની પ્રથમ અને મુખ્ય આધારશિલા **આત્મજ્ઞાન** છે. અહીં શિક્ષણ પુસ્તક આધારિત નહીં, પરંતુ જીવન આધારિત છે. કર્મનો સિદ્ધાંત, યોગ અને ધ્યાન, ભક્તિ, ધર્મ, વૈરાગ્ય અને સંયમ, સેવા, વસુધૈવ કુટુંબકમ્, મૃત્યુબોધ, સર્વાંગી વિકાસ- જેવી આધારશિલાઓ માનવજીવનને સાચો માર્ગ દર્શાવે છે. ખરેખર ભારતીય આધ્યાત્મિક શિક્ષણ એ જીવન જીવવાનો સાચો માર્ગ બતાવે છે.

**ચાવીરૂપ શબ્દો**: આધ્યાત્મિક શિક્ષણ, આત્મજ્ઞાન

**પ્રસ્તાવના:-**

ભારતની આધ્યાત્મિક શિક્ષણ પરંપરા માત્ર ધાર્મિક વિધિઓ સુધી સીમિત નથી, પરંતુ માનવના અંતરાત્માના જાગરણ અને સર્વાંગી વિકાસ માટેની વૈજ્ઞાનિક તથા દાર્શનિક વ્યવસ્થા છે. નીચે તેની આધારશિલાઓને ઊંડાણથી સમજાવવામાં આવે છે. ભારતીય આધ્યાત્મિક શિક્ષણની પ્રથમ અને મુખ્ય આધારશિલા **આત્મજ્ઞાન** છે. ઉપનિષદો કહે છે કે "આત્માને જાણવાથી સર્વજ્ઞાન પ્રાપ્ત થાય છે." અહીં શિક્ષણનો અંતિમ હેતુ નોકરી કે વૈભવ નથી, પરંતુ પોતાના સાચા સ્વરૂપની ઓળખ કરવી છે. આત્મજ્ઞાનથી માનવ ભય, અજ્ઞાન અને અશાંતિમાંથી મુક્ત બને છે

## 1. આત્મજ્ઞાન – શિક્ષણનું પરમ લક્ષ્ય

ભારતીય આધ્યાત્મિક શિક્ષણ કહે છે:*"આત્મા એ જ સત્ય છે."*

શિક્ષણનો હેતુ નોકરી મેળવવો નહીં, પરંતુ**"હું કોણ છું?"**એ પ્રશ્નનો ઉત્તર શોધવો છે. ઉપનિષદો કહે છે કે આત્મજ્ઞાનથી ભય, દુઃખ અને અજ્ઞાન નાશ પામે છે.

## 2. ગુરુ–શિષ્ય પરંપરા – જીવંત શિક્ષણ પદ્ધતિ

અહીં શિક્ષણ પુસ્તક આધારિત નહીં, પરંતુ **જીવન આધારિત** છે.

ગુરુ માત્ર જ્ઞાન આપતા નથી, પરંતુ શિષ્યના સ્વભાવ, ચેતના અને સંસ્કાર ઘડે છે. શ્રદ્ધા, શિસ્ત અને સમર્પણ આ પરંપરાની આત્મા છે.

## 3. શાસ્ત્ર અને અનુભવનો સંયોજન

વેદ, ઉપનિષદ, ગીતા અને દર્શનશાસ્ત્ર માત્ર વાંચવા માટે નથી, પરંતુ**અનુભવ કરવા માટે**છે.

"શ્રવણ – મનન – નિદિધ્યાસન" દ્વારા જ્ઞાન આંતરિક સત્ય બને છે.

**4. કર્મસિદ્ધાંત – નૈતિક જવાબદારી**

ભારતીય આધ્યાત્મિક શિક્ષણ અનુસાર,

**દરેક કર્મનું ફળ છે** – આ વિચાર માનવને જવાબદાર, નૈતિક અને સંયમી બનાવે છે.

નિષ્કામ કર્મ જીવનને શુદ્ધ કરે છે.

**5. યોગ અને ધ્યાન – મનનું વિજ્ઞાન**

યોગ માત્ર વ્યાયામ નથી; તે મન, શ્વાસ અને ચેતનાનો વિજ્ઞાન છે.

ધ્યાન દ્વારા મન શાંત થાય છે, વિચારો શુદ્ધ થાય છે અને આત્મબળ વધે છે.

**6. ભક્તિ – અહંકારનું વિસર્જન**

ભક્તિ માર્ગમાં ભગવાન પ્રત્યે પ્રેમ, સમર્પણ અને વિશ્વાસ છે.

ભક્તિ અહંકારને ઓગાળે છે અને મનને કરુણામય બનાવે છે.

**7. ધર્મ – જીવન જીવવાની રીત**

ભારતીય દૃષ્ટિએ ધર્મનો અર્થ માત્ર પૂજા નહીં, પરંતુ

**સત્ય, અહિંસા, દયા, ક્ષમા અને કર્તવ્ય**સાથે જીવવું છે.

**8. વૈરાગ્ય અને સંયમ – આંતરિક સ્વતંત્રતા**

ભૌતિક સુખોથી સંપૂર્ણ વિમુખતા નહીં, પરંતુ આસક્તિથી મુક્તિ — આ વૈરાગ્ય છે.

આધ્યાત્મિક શિક્ષણ માનવને આંતરિક રીતે સ્વતંત્ર બનાવે છે.

**9. સેવા – સાધનાથી સિદ્ધિ સુધી**

"નર સેવા એ નારાયણ સેવા" — સેવા દ્વારા આધ્યાત્મિકતા સમાજમાં ઉતરે છે.

સેવા વગર આધ્યાત્મિક શિક્ષણ અધૂરું છે.

**10. વસુધૈવ કુટુંબકમ્ – વૈશ્વિક ચેતના**

સમગ્ર વિશ્વ એક પરિવાર છે — આ વિચાર ભારતે વિશ્વને આપ્યો.

આધ્યાત્મિક શિક્ષણ સંકુચિત નથી, પરંતુ સર્વમાનવ માટે છે.

**11. મૃત્યુબોધ – જીવનનું સત્ય**

મૃત્યુની સ્મૃતિ માનવને ભયભીત નહીં, પરંતુ જાગૃત બનાવે છે.

આ બોધ જીવનને અર્થપૂર્ણ બનાવે છે.

**12. સર્વાંગી માનવ વિકાસ**

શરીર – મન – આત્મા

આ ત્રણેયનું સંતુલન ભારતીય આધ્યાત્મિક શિક્ષણનું અંતિમ લક્ષ્ય છે.

## ઉપસંહાર

ભારતની આધ્યાત્મિક શિક્ષણ પરંપરા માનવને માત્ર જાણકાર નહીં, પરંતુ**જાગૃત, કરુણાશીલ અને નિર્ભય**બનાવે છે. આજના ભૌતિકવાદી યુગમાં પણ આ આધારશિલાઓ માનવજાતને શાંતિ, સંતુલન અને સત્યનો માર્ગ બતાવે છે.સારાંશરૂપે કહી શકાય કે ભારતની આધ્યાત્મિક શિક્ષણ પરંપરા માનવને માત્ર બુદ્ધિશાળી નહીં, પરંતુ સંસ્કારી, કરુણાશીલ અને શાંતિપ્રિય બનાવે છે. આજના ભૌતિકવાદી યુગમાં પણ આ આધારશિલાઓ માનવજીવનને સાચો માર્ગ દર્શાવે છે અને સમાજમાં સદભાવ તથા સંતુલન સ્થાપે છે.

સંદર્ભ

ઉપનિષદ

ગીતા

દર્શન શાસ્ત્ર

પાઠયપુસ્તક(સમાજ શાસ્ત્ર B.A)

# વર્તમાન સમયમાં આધ્યાત્મિક શિક્ષણની જરૂરિયાત

ડો. એસ.એન. બુબડિયા
અધ્યાપક સહાયક
બી.ડી. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન, મોડાસા

**(1) પ્રસ્તાવના**

આજનો યુગએ વિજ્ઞાન, ટેક્નોલોજી અને ભૌતિક સુવિધાઓનો યુગ કહેવાય છે. માનવ જાતે અદભુત પ્રગતિ કરી છે. આધુનિક સાધનો, ઝડપી સંચાર, સુવિધાજનક જીવનશૈલી અને વૈજ્ઞાનિક શોધોએ માનવજીવનને સરળ બનાવ્યું છે. પરંતુ આ ભૌતિક વિકાસની વચ્ચે માનવ જીવનમાં માનસિક અશાંતિ, તણાવ, અસંતોષ, હિંસા, સ્વાર્થ અને મૂલ્યોનો હ્રાસ જેવી સમસ્યાઓ વધતી જાય છે. આવી પરિસ્થિતિમાં આધ્યાત્મિક શિક્ષણની જરૂરિયાત અત્યંત મહત્વ પૂર્ણ બની ગઈ છે.

આધ્યાત્મિક શિક્ષણ માત્ર ધાર્મિક શિક્ષણ નથી, પરંતુ તે જીવનના સત્ય, નૈતિક મૂલ્યો, આત્મજ્ઞાન અને માનવીય ગુણોના વિકાસ સાથે જોડાયેલું શિક્ષણ છે. તે મનુષ્યને "હું કોણ છું?", "જીવનનો હેતુ શું છે?" અને "મારે કેવી રીતે જીવવું જોઈએ?" જેવા મૂળભૂત પ્રશ્નોના જવાબ શોધવામાં મદદ કરે છે.

**ચાવીરૂપ શબ્દો** : આધ્યાત્મિક શિક્ષણ, જરૂરિયાત

**(2) આધુનિક જીવન અને માનસિક તણાવ**

આજનો માનવી સતત દોડધામભર્યા જીવનમાં જીવન જીવી રહ્યો છે. સ્પર્ધા, કામનો દબાણ, પરીક્ષાઓનો તણાવ, રોજગારીની ચિંતા અને સામાજિક અસમાનતાએ માનવને માનસિક રીતે નબળો બનાવી દીધો છે. ડિપ્રેશન, ચિંતા અને આત્મહત્યાના બનાવોમાં વધારો થતો જોવા મળે છે. આવી સ્થિતિમાં આધ્યાત્મિક શિક્ષણ માનવીને આંતરિક શાંતિ, સંતુલન અને આત્મવિશ્વાસ આપે છે. ધ્યાન, યોગ, પ્રાર્થના અને આત્મચિંતન જેવી પદ્ધતિઓ મનને શાંત કરે છે અને જીવન પ્રત્યે સકારાત્મક દૃષ્ટિકોણ વિકસાવે છે.

**(3) નૈતિક મૂલ્યોનો હ્રાસ**

વર્તમાન સમયમાં સત્ય, ઈમાનદારી, કરુણા, સહાનુભૂતિ અને પરોપકાર જેવા મૂલ્યો ધીમે ધીમે ઘટતા જાય છે. ભૌતિક લાભ અને સ્વાર્થ માનવજીવનનું કેન્દ્ર બની ગયા છે. પરિણામે ભ્રષ્ટાચાર, હિંસા, અપરાધ અને અવિશ્વાસ વધે છે. આધ્યાત્મિક શિક્ષણ

માનવીમાં સદાચાર અને નૈતિક મૂલ્યોનો વિકાસ કરે છે. તે શીખવે છે કે સાચી સફળતા માત્ર ધન અથવા સત્તામાં નથી, પરંતુ સારા કર્મ, સદાચાર અને સદવર્તનમાં છે.

**(4) યુવાપેઢી માટે આધ્યાત્મિક શિક્ષણ**

આજની યુવાપેઢી દેશનું ભવિષ્ય છે. પરંતુ મોબાઇલ, સોશિયલ મીડિયા, નશાખોરી અને ખોટી સંગતના કારણે ઘણા યુવાનો દિશાહીન બનતા જાય છે. આધ્યાત્મિક શિક્ષણ યુવાનોને આત્મનિયંત્રણ, સંયમ અને જીવનલક્ષી મૂલ્યો શીખવે છે. તે તેમને સાચું-ખોટું ઓળખવાની સમજ આપે છે અને જીવનમાં યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા વિકસાવે છે. આધ્યાત્મિક રીતે મજબૂત દેશનો જવાબદાર નાગરિક બની શકે છે.

**(5) શિક્ષણ પ્રણાલીમાં આધ્યાત્મિકતા**

વર્તમાન શિક્ષણ પ્રણાલી મુખ્યત્વે નોકરીલક્ષી અને પરીક્ષા કેન્દ્રિત બની ગઈ છે. વિદ્યાર્થીઓને ગુણ મેળવવાની દોડમાં માનવ મૂલ્યો શીખવવામાં ઓછું ધ્યાન આપવામાં આવે છે. પરિણામે શિક્ષિત વ્યક્તિ હોવા છતાં ઘણા લોકો સંવેદનહીન અને અસહિષ્ણુ બની જાય છે. જો શિક્ષણમાં આધ્યાત્મિક તત્વનો સમાવેશ કરવામાં આવે તો વિદ્યાર્થીઓમાં શિસ્ત, કરુણા, સહકાર અને સહઅસ્તિત્વની ભાવના વિકસી શકે છે.

**(6) સમાજમાં શાંતિ અને સમરસતા**

આજના સમાજમાં જાતિ, ધર્મ, ભાષા અને પ્રદેશના આધારે વિવાદો વધતા જાય છે. દ્વેષ અને અસહિષ્ણુતાના કારણે સામાજિક શાંતિ ભંગ થાય છે. આધ્યાત્મિક શિક્ષણ માનવીને "વસુધૈવ કુટુંબકમ્" એટલે કે સમગ્ર વિશ્વ એક પરિવાર છે, એવી ભાવના આપે છે. તે સર્વધર્મ સમભાવ, સહનશીલતા અને માનવએકતાનો સંદેશ આપે છે, જે સમાજમાં શાંતિ અને સમરસતા સ્થાપિત કરવામાં મદદરૂપ થાય છે.

**(7) જીવનનો સાચો હેતુ**

ભૌતિક સુખ સગવડો વધવા છતાં માનવી આંતરિક રીતે અસંતોષ અનુભવે છે. કારણ કે તે જીવનના સાચા હેતુથી અજાણ છે. આધ્યાત્મિક શિક્ષણ માનવીને આત્મજ્ઞાન તરફ દોરી જાય છે. તે સમજાવે છે કે જીવન માત્ર ભોગવટા માટે નહીં, પરંતુ આત્મવિકાસ, સેવા અને સદ્કર્મ માટે છે. આવી સમજ જીવનને અર્થપૂર્ણ અને સંતોષકારક બનાવે છે.

**(8) આધ્યાત્મિક શિક્ષણ અને વૈશ્વિક પડકારો**

પર્યાવરણ પ્રદૂષણ, કુદરતી સંસાધનોનો અતિ ઉપયોગ અને વૈશ્વિક ઉષ્માવર્ધન જેવી સમસ્યાઓ માનવીના અતિ ભોગવાદી વલણનું પરિણામ છે. આધ્યાત્મિક શિક્ષણ

માનવીને પ્રકૃતિ પ્રત્યે આદરભાવ શીખવે છે. "ઓછામાં સંતોષ" અને "સંયમિત જીવન"નો વિચાર પર્યાવરણ સંરક્ષણ માટે અત્યંત જરૂરી છે.

**ઉપસંહાર**

સારાંશરૂપે કહી શકાય કે આધુનિક યુગમાં ભૌતિક શિક્ષણ જેટલું જ આધ્યાત્મિક શિક્ષણ પણ આવશ્યક છે. ભૌતિક શિક્ષણ માનવીને જીવન જીવવાના સાધનો આપે છે, જ્યારે આધ્યાત્મિક શિક્ષણ જીવન જીવવાની કળા શીખવે છે. માનસિક શાંતિ, નૈતિક મૂલ્યો, સામાજિક સમરસતા અને આત્મસંતોષ માટે આધ્યાત્મિક શિક્ષણ અનિવાર્ય છે. જો વર્તમાન શિક્ષણ પ્રણાલી અને સમાજમાં આધ્યાત્મિક શિક્ષણને યોગ્ય સ્થાન આપવામાં આવે, તો વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્ર—ત્રણે સુખી, શાંત અને સમૃદ્ધ બની શકે.

**સંદર્ભસુચિ**


- ડૉ. ગુણવંત શાહ 'શિક્ષણ દર્શન' બી. એસ. શાહ પ્રકાશન, અમદાવાદ
- દવે જયેન્દ્ર શાસ્ત્રી 'કેળવણીના તાત્વિક આધારો' યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ
- પ્રિ. નટુભાઈ વિ. રાવલ (૨૦૧૧) 'કેળવણીની તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ' પ્રથમ આવૃત્તિ, નીરવ પ્રકાશન, અમદાવાદ

# PTC-B.Ed. કોલેજમાં તાલીમાર્થીઓની સર્જનાત્મક અભિવ્યક્તિ

Leuva Mukeshkumar Kanjibhai
(Ph.D. Research Scholar)
Hemchandracharya North Gujarat University, Patan

**સારાંશ (Abstract)**

આ સંશોધન પેપરનો મુખ્ય હેતુ PTC-B.Ed. કોલેજમાં અભ્યાસ કરતા તાલીમાર્થી શિક્ષકોમાં સર્જનાત્મક અભિવ્યક્તિના સ્તરનો અભ્યાસ કરવાનો છે. શિક્ષણક્ષેત્રે સર્જનાત્મકતા શિક્ષકની વિચારશક્તિ, અભિવ્યક્તિ, અને નવીન શિક્ષણ પદ્ધતિઓ વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ અભ્યાસ દ્વારા તાલીમાર્થીઓની કલાત્મક, ભાષાત્મક, નાટ્યાત્મક અને શિક્ષણાત્મક સર્જનાત્મક અભિવ્યક્તિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

ચાવીરૂપ શબ્દો: PTC-B.Ed. કોલેજ, તાલીમાર્થી શિક્ષકો, સર્જનાત્મક અભિવ્યક્તિ

**પરિચય:**

આધુનિક શિક્ષણમાં માત્ર વિષયજ્ઞાન પૂરતું નથી પરંતુ સર્જનાત્મક અભિવ્યક્તિ ધરાવતો શિક્ષક વિદ્યાર્થીઓમાં વિચારશક્તિ, રસ અને આત્મવિશ્વાસ વિકસાવી શકે છે. PTC-B.Ed કોલેજો ભવિષ્યના શિક્ષકોને ઘડતી મહત્વપૂર્ણ સંસ્થાઓ છે. તેથી તાલીમાર્થીઓમાં સર્જનાત્મક અભિવ્યક્તિનું વિકાસ કરવું અનિવાર્ય છે.

**સંશોધનની જરૂરિયાત:**

- શિક્ષક તાલીમમાં સર્જનાત્મકતાનું મહત્વ વધતું જાય છે.
- પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓમાં નવીનતા લાવવાની જરૂર.
- તાલીમાર્થીઓની આંતરિક પ્રતિભા ઓળખવા અને વિકસાવવા.

**સંશોધનના ઉદ્દેશો:**

1. PTC-B.Ed કોલેજના તાલીમાર્થીઓમાં સર્જનાત્મક અભિવ્યક્તિના સ્તરનો અભ્યાસ કરવો.
2. સર્જનાત્મક અભિવ્યક્તિના વિવિધ સ્વરૂપો (લેખન, ચિત્રકલા, નાટક, શિક્ષણ કૌશલ્ય) ઓળખવા.

3. સર્જનાત્મક અભિવ્યક્તિ પર શિક્ષણ વાતાવરણની અસર જાણવી.

**સંશોધનના અનુમાન (Hypotheses):**

1. PTC B.Ed તાલીમાર્થીઓમાં સર્જનાત્મક અભિવ્યક્તિ મધ્યમ સ્તરે જોવા મળે છે.
2. પ્રાયોગિક અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણ સર્જનાત્મક અભિવ્યક્તિને પ્રોત્સાહન આપે છે.

**સંશોધન પદ્ધતિ: સંશોધન પદ્ધતિ નીચે મુજબ જણાવી શકાય:**

**સંશોધન પ્રકાર:**

વર્ણનાત્મક (Descriptive Research):

**નમૂનો (Sample):**

PTC B.Ed કોલેજના 50 તાલીમાર્થીઓનું પસંદગીયુક્ત નમૂનાકરણ.

**સાધનો (Tools):**

- સર્જનાત્મક અભિવ્યક્તિ માપન પ્રશ્નાવલી
- અવલોકન પત્રક
- તાલીમાર્થીઓની પ્રવૃત્તિ ફાઇલ

**આંકડાકીય પદ્ધતિ:**

ટકાવારી અને સરેરાશ (Mean) નો ઉપયોગ.

**માહિતી વિશ્લેષણ અને અર્થઘટન:**

વિશ્લેષણમાં જોવા મળ્યું કે મોટા ભાગના તાલીમાર્થીઓમાં ભાષાત્મક અને શિક્ષણાત્મક સર્જનાત્મકતા સારી હતી, જ્યારે કલાત્મક અને નાટ્યાત્મક અભિવ્યક્તિ મધ્યમ સ્તરે જોવા મળી.

**મુખ્ય શોધો:**

- પ્રવૃત્તિ આધારિત શિક્ષણથી સર્જનાત્મકતા વધે છે.
- ખુલ્લું અને સહાયક શૈક્ષણિક વાતાવરણ સર્જનાત્મક અભિવ્યક્તિને પ્રોત્સાહન આપે છે.
- આત્મવિશ્વાસ ધરાવતા તાલીમાર્થીઓ વધુ સર્જનાત્મક હોય છે.

**શૈક્ષણિક સૂચનો:**

- વર્ગખંડમાં નાટક, વાર્તાકથન અને પ્રોજેક્ટ કાર્યનો સમાવેશ કરવો.
- તાલીમાર્થીઓને સ્વતંત્ર અભિવ્યક્તિ માટે અવસર આપવા.
- નવીન શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ વધારવો.

**નિષ્કર્ષ:**

PTC-B.Ed કોલેજમાં તાલીમાર્થીઓની સર્જનાત્મક અભિવ્યક્તિ વિકાસ માટે અનુકૂળ તકો ઉપલબ્ધ છે. જો યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવામાં આવે તો ભવિષ્યના શિક્ષકો વધુ અસરકારક અને નવીન બની શકે છે.

**સંદર્ભ (References)**

Guilford, J.P. (1967). The Nature of Human Intelligence.
NCERT (2019). Teacher Education and Creativity.
ભારતીય શિક્ષણ પંચ, શિક્ષક તાલીમ દસ્તાવેજો.

# "ROLE OF SPIRITUALITY IN EDUCATION"

**Dr. Atulkumar Manilal Patel**
(M.Sc.,M.ed.,M.Phil.,Ph.D.,GSET)
Assistance professor –
Sahajanand B.ed. College – Becharaji

**ABSTRACT** :-

in education, Spirituality plays a significant role in the holistic development of students by nurturing inner values, self-awareness, and ethical behaviour. It helps learners develop qualities such as empathy, discipline, honesty, and respect, which are essential for personal and social growth. By promoting inner peace and emotional balance, spirituality supports mental well-being and enhances concentration, creativity, and academic performance. Integrating spirituality in education encourages students to find purpose and meaning in learning, leading to responsible citizenship and the development of a compassionate and value-based society.

In this research paper , researcher focus on some important aspects of Spirituality in education as wells difference between spirituality and religion

**KEY WORD** : Inner peace, Self awareness, Moral values, Purpose in life

**DEFINITION OF SPIRITUALITY**:-

Spirituality is the personal experience or exploration of a sense of connection to something greater than oneself. It often involves seeking meaning, purpose, or inner peace, and can include practices like meditation, prayer, reflection, or connecting with nature.

Unlike religion, which usually follows organized beliefs and rituals, spirituality is more individual and internal—it's about how a person experiences and understands life, values, and existence.

In short, spirituality is about finding deeper meaning, connection, and inner growth.

**WHAT IS SPIRITUALITY:-**

Spirituality is about understanding the meaning and purpose of life and feeling connected to something greater than yourself. It focuses on inner peace, values, and personal growth.

In simple terms, spirituality means:

Knowing who you are inside

Developing good values like kindness, honesty, and compassion

Feeling connected to nature, people, or a higher power (for some, this may be God; for others, it may be inner self or the universe)

Spirituality does not always mean religion. A person can be spiritual with or without following a religion.

In short, spirituality helps us become better, kinder, and more peaceful human beings.

## EXAMPLE OF SPIRITUALITY IN EDUCATION:

Here's an example of spirituality in education:

Teaching values and mindfulness in school: For instance, a teacher encouraging students to reflect on their actions, practice gratitude, or show compassion to classmates. This helps students develop inner awareness, empathy, and a sense of purpose—key aspects of spirituality.

Other examples include:

Incorporating meditation or quiet reflection time in the school day.

Encouraging ethical discussions, like talking about honesty, fairness, and respect.

Using stories, literature, or history lessons to help students explore life's deeper questions and moral lessons.

Promoting service learning, where students help the community, fostering connection and meaning.

In short, spirituality in education is about nurturing the inner growth, values, and sense of purpose of students—not just teaching facts.

## PARTS (COMPONENTS) OF SPIRITUALITY:-

Spirituality is made up of several important parts that help a person grow inwardly and live a meaningful life:

( 6.1 ) Self-Awareness

Understanding one's thoughts, feelings, strengths, and weaknesses.

( 6.2) Inner Peace

A calm and balanced state of mind, free from excessive stress and negativity.

( 6.3) Values and Morality

Living by good values such as honesty, kindness, respect, and compassion.

(6. 4) Purpose and Meaning of Life

Understanding why life is important and having clear goals and direction.

(6. 5) Connection

Feeling connected to oneself, other people, nature, or a higher power.

( 6. 6 ) Mindfulness and Reflection

Practicing reflection, meditation, or quiet thinking to grow mentally and emotionally.

( 6. 7). Faith or Belief

Belief in something greater than oneself, which may or may not be religious.

In short, spirituality helps balance the mind, heart, and actions, guiding a person toward a peaceful and meaningful life.

**NEED OF SPIRITUALITY EDUCATION:-**

Spirituality education is essential for the overall development of students, not only academically but also morally and emotionally. Its need can be explained as follows:

( 7.1) Development of Moral Values

It helps students learn values like honesty, respect, kindness, discipline, and responsibility.

(7. 2 ) Inner Peace and Emotional Balance

Spiritual education helps reduce stress, anxiety, and anger, leading to mental well-being.

( 7.3)Character Building

It shapes good character and encourages ethical behavior in personal and social life.

( 7. 4 ) Self-Awareness and Self-Control

Students learn to understand themselves, manage emotions, and make wise decisions.

( 7 .5) Purposeful Living

Spirituality helps students understand the purpose of life and set meaningful goals.

( 7.6) Improves Concentration and Learning

Practices like mindfulness and reflection improve focus, memory, and academic performance.

( 7.7) Social Harmony

It promotes empathy, tolerance, and respect for others, leading to peaceful coexistence.

In conclusion, spirituality education is needed to create balanced, responsible, and compassionate individuals who contribute positively to society.

**THE IMPORTANCE OF SPIRITUALITY:-**

The importance of spirituality lies in how it helps a person live a peaceful, meaningful, and balanced life. Here are some simple points:

( 8.1) Inner Peace

Spirituality helps calm the mind and reduces stress, fear, and anger.

( 8.2) Good Values and Character

It teaches honesty, kindness, patience, respect, and compassion.

( 8. 3)Self-Understanding

Spirituality helps us understand ourselves—our thoughts, emotions, and purpose in life.

( 8.4) Positive Attitude

It encourages hope, gratitude, and optimism, even during difficult times.

( 8.5) Better Relationships

A spiritual person shows empathy and forgiveness, which strengthens relationships.

( 8. 6) Guidance in Life

Spirituality helps in making right decisions and choosing the right path.

(8.7) Emotional Strength

It gives strength to face challenges, failures, and hardships.

In short, spirituality makes life meaningful and helps us become better human beings—peaceful inside and kind to others.

**DIFFERENCE BETWEEN SPIRITUALITY AND RELIGION:-**

Here is the difference between spirituality and religion explained simply:

| No. | Spirituality | Religion |
|---|---|---|
| 1 | It is personal and individual | It is organized and institutional |
| 2 | Focuses on inner peace and self-realization | Focuses on rules, rituals, practices |
| 3 | Based on personal beliefs and experiences | Based on fixed beliefs and doctrines |
| 4 | Encourages self-reflection and inner growth | Encourages worship and obedience |
| 5 | Can exist without following a religion | Usually involves belonging to a specific faith or group |
| 6 | Emphasizes values like love, compassion, and truth | Emphasizes traditions, ceremonies, and scriptures |
| 7 | Flexible and open to personal interpretation | More structured and defined |

In short: Spirituality is about the inner journey of the soul.
Religion is about organized beliefs and practices.
Both can support each other, but they are not the same.

**CHALLENGES IN PROMOTING SPIRITUALITY IN EDUCATION:**

Here are some common difficulties or challenges in promoting spirituality in education:

(10.1) Lack of clear definition: Spirituality means different things to different people, so teachers may struggle to decide what to teach.

(10.2) Cultural and religious diversity: Students come from varied beliefs, so schools must avoid favoring one religion or worldview.

(10.3) Focus on academics: Schools often prioritize grades, exams, and technical skills over personal growth or inner development.

(10.4) Limited teacher training: Many teachers aren't trained to guide students in reflection, meditation, or ethical discussions.

(10.5) Misunderstanding spirituality: Some people think spirituality is only about religion, which can cause resistance in secular schools.

(10.6) Time constraints: Busy school schedules make it hard to include activities like mindfulness, reflection, or service projects.

In short, the main difficulty is balancing personal inner growth with academic and cultural challenges in the classroom.

**CONCLUSION**-

Teaching and learning process the role of teacher and students are very important, but as the teacher are putting efforts for improve their teaching in classes, they also want to develop the values in students for which spiritual value is very much important and it always give the positive result If students involve them self in spiritual activities, meditation it makes their personality strong and form their characteristic which is the need of time.in this way the students can live in a peaceful life and they can able to create peaceful society.

**REFERENCES :-**

Alexander, H. and T. McLaughlin. 2003. 'Education in Religion and Spirituality'. In e

Blackwell Guide to the Philosophy of Education, N. Blake, P. Smeyers, R. Smith and P. Standish (eds), 356–73. Oxford: Blackwell.

Bernard, P. 1991. 'A Method of Analysing Interview Transcripts in Qualitative Research'.

Burke, C. A. 2010. 'MindfulnessBased Approaches with Children and Adolescents:A Preliminary Review of Current Research in an Emergent Field'. Journal of Child and Family Studies 19, no. 2: 13344.

Nurse Education Today 11, no. 6: 461–6.

http://dx.doi.org/10.1016/02606917(91)90009-Y 5.

# આધ્યાત્મિક શિક્ષણ :આજના યુગમાં પ્રકૃતિ સાથે જોડાણ

ડૉ. મીના એચ. રાઠોડ
આસિસ્ટન્ટપ્રોફેસર, આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ મો. નં. 9978031717

**સારાંશ (Abstract)**

આધુનિક યુગમાં માનવજીવન ભૌતિક સુખ-સગવડોથી સમૃદ્ધ બન્યું છે, પરંતુ તે સાથે માનવી પ્રકૃતિથી દુર થતો જાય છે. પરિણામે પર્યાવરણીય અસંતુલન, માનસિકતણાવ, હિંસા અને સ્વાર્થ જેવી સમસ્યાઓ ઉદ્ભવી છે. આધ્યાત્મિક શિક્ષણ માનવને આંતરિક શાંતિ, મૂલ્યબોધ અને પ્રકૃતિ પ્રત્યે સન્માનની ભાવના આપે છે. આ સંશોધન પેપરનો ઉદ્દેશ આધ્યાત્મિક શિક્ષણ અને પ્રકૃતિ વચ્ચેના ઘનિષ્ઠ સંબંધને સમજાવવાનો અને આજના યુગમાં તેની આવશ્યકતા રજૂ કરવાનો છે.

**મુખ્ય શબ્દો:** આધ્યાત્મિક શિક્ષણ, પ્રકૃતિ, પર્યાવરણ, મૂલ્યબોધ, માનવજીવન

## 1. પરિચય

પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં માનવ અને પ્રકૃતિને એકમેકના પૂરક તરીકે જોવામાં આવ્યા છે. વેદ, ઉપનિષદ અને ભગવદગીતા જેવા ગ્રંથોમાં પ્રકૃતિને માતા સમાન માનવામાં આવી છે. આધુનિક સમયમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના ઝડપી વિકાસને કારણે માનવ પ્રકૃતિના શોષણ તરફ વળ્યો છે. આવા સંજોગોમાં આધ્યાત્મિક શિક્ષણ માનવને પ્રકૃતિ સાથે પુનઃ જોડવાનું કાર્ય કરે છે.

## 2. આધ્યાત્મિક શિક્ષણ: અર્થ અને સ્વરૂપ

આધ્યાત્મિક શિક્ષણનો અર્થ માત્ર ધાર્મિક શિક્ષણ નથી, પરંતુ માનવમાં આત્મજ્ઞાન, આત્મનિયંત્રણ, કરુણા, અહિંસા અને સર્વ જીવ પ્રત્યે પ્રેમની ભાવના વિકસાવવાનું શિક્ષણ છે. આ શિક્ષણ માનવને આંતરિક રીતે પરિપક્વ બનાવીને બાહ્યજગત સાથે સંતુલિત સંબંધ સ્થાપિત કરવા પ્રેરિત કરે છે.

## 3. પ્રકૃતિનું આધ્યાત્મિક મહત્વ

ભારતીય જ્ઞાન પરંપરામાં પંચમહાભૂત — પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ —ને આધ્યાત્મિક મહત્વ આપવામાં આવ્યું છે. પ્રકૃતિ માત્ર ભૌતિક સાધન નહીં, પરંતુ આધ્યાત્મિક ચેતનાનું સ્વરૂપ માનવામાં આવી છે. વૃક્ષો, નદીઓ, પર્વતો અને પ્રાણીઓમાં દૈવી તત્ત્વની કલ્પના કરીને માનવને સંયમિત જીવન જીવવાની પ્રેરણા આપવામાં આવી છે.

## 4. આધુનિક યુગમાં પ્રકૃતિ સાથેનું વિમુખપણું

આજના યુગમાં ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ અને ભોગવાદી વૃત્તિને કારણે માનવ પ્રકૃતિથી દુર થયો છે.

પરિણામે:

-પર્યાવરણીય પ્રદૂષણ

-જળવાયુ પરિવર્તન

-કુદરતી સંસાધનોનો અતિશય શોષણ

-માનસિક તણાવ અને અસંતોષ

આ તમામ સમસ્યાઓનું મૂળ માનવમાં આધ્યાત્મિક મૂલ્યોના અભાવમાં છુપાયેલું છે.

## 5. આધ્યાત્મિક શિક્ષણ અને પ્રકૃતિ વચ્ચેનું જોડાણ

આધ્યાત્મિક શિક્ષણ માનવને પ્રકૃતિ સાથે સહઅસ્તિત્વ (Co-existence) નો પાઠ ભણાવે છે. તે શીખવે છે કે માનવ પ્રકૃતિનો સ્વામી નહીં પરંતુ તેનો રક્ષક છે. યોગ, ધ્યાન, પ્રાણાયામ અને કુદરત સાથે સંવાદ જેવી પ્રક્રિયાઓ માનવમાં પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલતા વિકસાવે છે.

**6. શિક્ષણ વ્યવસ્થામાં આધ્યાત્મિક અને પર્યાવરણીય દૃષ્ટિકોણ**

આજની શિક્ષણ વ્યવસ્થામાં આધ્યાત્મિક શિક્ષણ અને પર્યાવરણીય શિક્ષણનુ સંકલન જરૂરી છે. શાળાઓ અને મહાવિદ્યાલયોમાં:

-યોગ અને ધ્યાન

-પર્યાવરણ સંરક્ષણ પ્રવૃત્તિઓ

-પ્રકૃતિ આધારિત અભ્યાસક્રમ

સમાવેશ કરવાથી વિદ્યાર્થીઓમાં પ્રકૃતિ પ્રત્યે જવાબદારીની ભાવના વિકસાવી શકાય છે.

**7. આધ્યાત્મિક શિક્ષણ દ્વારા ટકાઉ વિકાસ**

ટકાઉ વિકાસ માટે માત્રવૈજ્ઞાનિક ઉકેલો પૂરતા નથી; આધ્યાત્મિક દૃષ્ટિકોણ પણ આવશ્યક છે. આધ્યાત્મિક શિક્ષણ માનવને મર્યાદિત ઉપભોગ, સંતોષ અને સંયમ શીખવે છે, જે પ્રકૃતિના સંરક્ષણ માટે મહત્વપૂર્ણ છે.

**આધ્યાત્મિક શિક્ષણ અને પ્રકૃતિ સાથેનું જોડાણ:**

આધ્યાત્મિક શિક્ષણ અને પ્રકૃતિ સાથેનું જોડાણ માનવના આંતરિક વિકાસ તેમજ પર્યાવરણ સંરક્ષણ—બંને માટે અત્યંત જરૂરી છે. નીચે કેટલાક મુખ્ય માર્ગો દર્શાવ્યા છે, જેના દ્વારા આ જોડાણ અસરકારક રીતે સ્થાપિત કરી શકાય:

**1. પ્રકૃતિ આધારિત અધ્યયન (Nature-Based Learning)**

ખુલ્લા પર્યાવરણમાં શિક્ષણ—વૃક્ષો, નદીઓ, પર્વતો, બગીચા વગેરેમાંઅભ્યાસ. પ્રકૃતિને "જીવંત પાઠ્યપુસ્તક" તરીકે અનુભવવું.

વનવિહાર, પ્રકૃતિ નિરીક્ષણ, બગીચા-શિક્ષણ જેવી પ્રવૃત્તિઓ.

**2. ધ્યાન, યોગ અને પ્રાણાયામ**

ખુલ્લી હવામાં ધ્યાન અને યોગાભ્યાસથી પ્રકૃતિ સાથે એકાત્મકતા અનુભવાય છે. શ્વાસ-પ્રશ્વાસ દ્વારા પંચતત્વ (પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ) સાથેનો સંબંધ સમજાય છે. માનસિક શાંતિ સાથે પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલતા વધે છે.

**3. ભારતીય જ્ઞાન પરંપરાનું શિક્ષણ**

વેદ, ઉપનિષદ, ભગવદ્ગીતા, પુરાણોમાં પ્રકૃતિને માતા અને દેવત્વરૂપે દર્શાવવામાં આવી છે. "વસુધૈવ કુટુંબકમ્" જેવી ભાવના દ્વારા સર્વસૃષ્ટિ સાથે એકતા. પરંપરાગત તહેવારો (વૃક્ષારોપણ, નદીપૂજન) દ્વારા પ્રકૃતિ પ્રત્યે આદર.

**4. મૂલ્ય આધારિત શિક્ષણ**

અહિંસા, સંયમ, સંતોષ, કરુણા જેવા મૂલ્યો પ્રકૃતિ સંરક્ષણ તરફ દોરી જાય છે. ઉપભોક્તાવાદને બદલે પર્યાવરણનો સીમિત ઉપયોગ અને સંતુલનનો અભ્યાસ. પર્યાવરણ નૈતિકતા (Environmental Ethics) નો સમાવેશ.

**5. સેવાકાર્ય અને અનુભવાત્મક અભ્યાસ**

વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, જળસંરક્ષણ જેવા સેવા કાર્યો. “કરો અને શીખો” (Learning by Doing) દ્વારા જાગૃતિ. સામૂહિક પ્રયત્નોથી જવાબદારીની ભાવના વિકસે છે.

**6. જીવનશૈલીમાં પરિવર્તન**

સાદગીપૂર્ણ જીવનશૈલી અપનાવવી- પ્રકૃતિ સાથે સુમેળમાં રહેવુ. કુદરતી સંસાધનોનો સંયમિત ઉપયોગ. સ્થાનિક અને પર્યાવરણમાંની વસ્તુઓનો ઉપયોગ

**7. શિક્ષણ પદ્ધતિમાં સંકલન**

પાઠ્યક્રમમાં આધ્યાત્મિક અને પર્યાવરણ વિષયક અધ્યાયોનો સમાવેશ. કલા, સંગીત, લોકસંસ્કૃતિ દ્વારા પ્રકૃતિ સાથે ભાવનાત્મક જોડાણ. શિક્ષકને માર્ગદર્શક તરીકે રજૂ કરવો—અનુભવ પર ભાર.

**નિષ્કર્ષ**

આધ્યાત્મિક શિક્ષણ માનવને પ્રકૃતિથી અલગ નથી પાડતું, પરંતુ તેને પ્રકૃતિનો અવિભાજ્ય ભાગ બનાવે છે. જ્યારે શિક્ષણ આત્મિક વિકાસ સાથે પર્યાવરણ જાગૃતિને જોડે છે, ત્યારે સંતુલિત, સંવેદનશીલ અને ટકાઉ સમાજનું નિર્માણ શક્ય બને છે. આધ્યાત્મિક શિક્ષણ અને પ્રકૃતિ વચ્ચે ગાઢ અને અવિભાજ્ય સંબંધ છે. આજના યુગમાં માનવને પ્રકૃતિ સાથે પુનઃ જોડવા માટે આધ્યાત્મિક શિક્ષણ અત્યંત જરૂરી છે. તે માનવમાં મૂલ્યબોધ, સંવેદનશીલતા અને જવાબદારી વિકસાવીને પર્યાવરણીય સંતુલન સ્થાપિત કરવામાં સહાયક બને છે. તેથી, આધુનિક શિક્ષણ વ્યવસ્થામાં આધ્યાત્મિક શિક્ષણને યોગ્ય સ્થાન આપવું સમયની માંગ છે.

**સંદર્ભ સૂચિ (References)**

- ઉપનિષદ (ઈશા, કઠો, મુંડક). ગીતા પ્રેસ, ગોરખપુર. પૃષ્ઠ નં. 10–18, 40–52
- ઓરોબિંદો, શ્રી (2010).શિક્ષણના આધ્યાત્મિક આધાર. પોંડિચેરી: શ્રીઅરવિંદ આશ્રમ. પૃષ્ઠ નં. 15–32, 78–95
- ગાંધી, મહાત્મા (2009).બેસિક એજ્યુકેશન. અમદાવાદ: નવજીવન પ્રકાશન.પૃષ્ઠનં. 55–70
- નવી દિલ્હી: રાજપાલ એન્ડ સન્સ. પૃષ્ઠ નં. 45–60, 112–130
- યોગેન્દ્ર, એચ. જે. (2011). યોગ અને જીવનમૂલ્યો.મુંબઈ: યોગ ઇન્સ્ટિટ્યૂટ. પૃષ્ઠ નં. 90–110
- વિવેકાનંદ, સ્વામી (2015).શિક્ષણ વિષયક વિચારો. કોલકાતા: રામકૃષ્ણ મિશન. પૃષ્ઠ નં. 33–50, 101–120
- શર્મા, આર. એન. (2012).ફિલોસોફી ઑફ એજ્યુકેશન. નવી દિલ્હી: સુરજ પ્રકાશન. પૃષ્ઠનં. 210–225
- National Education Policy – 2020. ભારત સરકાર. પૃષ્ઠનં. 4–6, 20–22

# From Financial Stability to Inner Peace: Exploring the Relationship Between Microfinance Access and the Physical, Mental, and Holistic Health of Unjha's Spice Community

Mrs. HETALBEN HARSHADBHAI VAGHELA
(M.COM., B.Ed.)

**Abstract**

This research investigates the impact of microfinance beyond mere economic metrics in Unjha's Spice Market, the largest in Asia. While microfinance is traditionally viewed as a tool for poverty alleviation, this study explores its role in fostering "Holistic Development." By providing financial security to small traders and farmers, microfinance reduces psychological stress, improves physical health through better resource access, and enables "Inner Peace." The study concludes that financial inclusion acts as a catalyst for character development and a deeper connection to nature-based livelihoods.

**Key Words:** Financial Stability, Inner Peace, Microfinance Access, Physical, Mental and Holistic Health, Spice Community

**Introduction**

Unjha is globally renowned for its spice trade (Cumin, Fennel, Mustard). However, the small-scale farmers and traders behind this success often face extreme financial volatility. Traditional banking often ignores this segment, making Microfinance Institutions (MFIs) crucial. This paper argues that microfinance is not just about "money"; it is about "value and purpose." When a trader is financially secure, they experience mental clarity, creative expression, and holistic growth, leading to a more sustainable and peaceful community.

**Objectives of the Study**

1. To analyze how microfinance contributes to the financial stability of small traders in Unjha.
2. To examine the link between financial security and the mental/physical health of the spice community.
3. To explore the role of economic empowerment in fostering character development and creative expression.
4. To identify how microfinance facilitates a deeper connection with nature and sustainable farming.

**Hypothesis**

- **H1:** There is a significant positive correlation between microfinance access and the reduction of mental stress among traders.
- **H2:** Financial stability through microfinance leads to improved physical health and holistic well-being.
- **H3:** Microfinance enables small traders to focus on creative expression and value-based business practices.

**Type of Study**

This is a **Descriptive and Analytical Research** study. It uses a **Mixed-Method Approach**, combining quantitative data (financial figures) with qualitative insights (interviews on mental peace and well-being).

**Variables of the Study**

- **Independent Variable:** Access to Microfinance services.
- **Dependent Variables:** Financial stability, mental health status, physical well-being, character development, and inner peace.

**Significance of the Study**

This study is significant because it shifts the focus of Commerce from "Profit-only" to "Human-centric." It provides a roadmap for policymakers to see microfinance as a tool for public health and social harmony, specifically in agricultural hubs like Unjha.

**Population and Sample**

- **Population (વ્યાપવિશ્વ):** All small-scale farmers and spice traders registered in the Unjha Mandi (Market Yard).
- **Sample (નમુનો):** 100 participants (60 farmers and 40 small traders) selected via **Random Stratified Sampling**.

**Data Interpretation and Analysis**

Data will be analyzed using:

- **Quantitative:** Percentage analysis and Correlation coefficients to link loan amounts to health expenditures.
- **Qualitative:** Thematic analysis of interviews regarding "Life Satisfaction" and "Inner Peace."

**Analysis Results and Findings**

- **Reduced Anxiety:** 80% of respondents reported a decrease in "survival anxiety" after receiving micro-loans.
- **Health Investment:** Access to credit allowed families to afford better nutrition and healthcare, improving physical health.
- **Holistic Growth:** Financial freedom allowed traders to engage in community service and character-building activities.

**Conclusion**

The study proves that microfinance is a foundational pillar for Holistic Development. In the Unjha spice market, micro-credit does more than buy seeds; it buys "Peace of Mind." When the fear of debt is removed, the trader experiences mental health, creative freedom, and a harmonious relationship with their work and nature.

**Bibliography**

Journal of Business Ethics: Financial Inclusion and Human Well-being

Local Records from Unjha APMC (Agricultural Produce Market Committee)

Reserve Bank of India (RBI) Reports on Micro-credit in Agriculture.

Yunus, M. (2007). Creating a World Without Poverty: Social Business and the Future of Capitalism

http://www.shantiejournal.com/ ISSN 2278-4381

# “માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક શિક્ષણ અંગે જાગૃતિ વિકસાવવા માટેના શૈક્ષણિક ઉપાયો”

CHAUHAN SUNILKUMAR JAGDISHBHAI (PHD.SCHOLAR) HNGU PATAN.

DR.ALKA SUMANLAL SHAH (GUIDE) COLLEGE OF EDUCATION, VIDHYANAGARI, HIMMATNAGAR

**સારાંશ:**

આ સંશોધન “માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક શિક્ષણ અંગે જાગૃતિ વિકસાવવા માટેના શૈક્ષણિક ઉપાયો” વિષય પર કેન્દ્રિત છે. આધુનિક યુગમાં શિક્ષણ માત્ર જ્ઞાન અને કુશળતા સુધી સીમિત ન રહી, પરંતુ વિદ્યાર્થીઓના સર્વાંગી વ્યક્તિત્વ વિકાસનું સાધન બની ગયું છે. છતાં, વર્તમાન શાળાકીય વ્યવસ્થામાં આધ્યાત્મિક શિક્ષણના પાસાને પૂરતું મહત્વ આપવામાં આવતું નથી, જેના પરિણામે વિદ્યાર્થીઓમાં માનસિક તણાવ, મૂલ્યવિમુખતા અને નૈતિક અસંતુલન જેવી સમસ્યાઓ ઊભી થાય છે.

આ અભ્યાસનો મુખ્ય હેતુ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક શિક્ષણ અંગેની વર્તમાન જાગૃતિનું મૂલ્યાંકન કરવો અને તે જાગૃતિ વધારવા માટે અસરકારક શૈક્ષણિક ઉપાયો શોધવાનો હતો.

સંશોધનના પરિણામો દર્શાવે છે કે વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક શિક્ષણ અંગે જાગૃતિનું સ્તર મધ્યમથી નીચું છે, પરંતુ યોગ્ય શૈક્ષણિક આયોજન, શિક્ષકનું માર્ગદર્શન, મૂલ્યઆધારિત પ્રવૃત્તિઓ, ધ્યાન-યોગ, ચર્ચા અને વાર્તાકથન જેવી પદ્ધતિઓ દ્વારા તેમાં નોંધપાત્ર સુધારો શક્ય છે. આ અભ્યાસ એ પણ દર્શાવે છે કે આધ્યાત્મિક શિક્ષણ વિદ્યાર્થીઓના નૈતિક, ભાવનાત્મક અને માનસિક વિકાસમાં સકારાત્મક ભૂમિકા ભજવે છે.

અંતમાં કહી શકાય કે માધ્યમિક કક્ષાએ આધ્યાત્મિક શિક્ષણ અંગે જાગૃતિ વિકસાવવી શૈક્ષણિક, સામાજિક અને માનવિક દૃષ્ટિએ અત્યંત આવશ્યક છે. પ્રસ્તુત સંશોધનના નિષ્કર્ષો શાળાકીય શિક્ષણમાં આધ્યાત્મિક શિક્ષણના આયોજનબદ્ધ અમલ માટે માર્ગદર્શક સાબિત થાય છે અને ભવિષ્યના સંશોધન માટે નવી દિશાઓ પ્રસ્તુત કરે છે.

**ચાવીરૂપ શબ્દો**: માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ, આધ્યાત્મિક શિક્ષણ

**પરિચય**:

શિક્ષણ માનવ જીવનના સર્વાંગી વિકાસનું મુખ્ય સાધન છે. પરંપરાગત રીતે શિક્ષણને જ્ઞાનપ્રાપ્તિ, બુદ્ધિ વિકાસ અને વ્યવસાયિક કુશળતાઓ સુધી મર્યાદિત માનવામાં આવતું હતું; પરંતુ આધુનિક શૈક્ષણિક વિચારધારામાં શિક્ષણનું ક્ષેત્ર વિશાળ બની ગયું છે. આજનું શિક્ષણ માત્ર માહિતી આપનાર પ્રક્રિયા નહીં રહી, પરંતુ વ્યક્તિના બૌદ્ધિક, ભાવનાત્મક, સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક વિકાસને પણ આવરી લે છે. આ સંદર્ભમાં “આધ્યાત્મિક શિક્ષણ”નું મહત્વ વિશેષરૂપે ઊભરી આવે છે.

આધુનિક સમાજમાં વૈજ્ઞાનિક પ્રગતિ, ટેકનોલોજીકલ વિકાસ અને ભૌતિક સુવિધાઓના વધારા સાથે માનવજીવનમાં તણાવ, અસંતોષ, હિંસા, મૂલ્યવિમુખતા અને માનસિક અસંતુલન જેવી સમસ્યાઓ વધતી જઈ રહી છે. વિદ્યાર્થીઓ ખાસ કરીને માધ્યમિક કક્ષાએ ભાવનાત્મક અસ્થિરતા, ઓળખ સંકટ, શૈક્ષણિક દબાણ અને સામાજિક સ્પર્ધાનો સામનો કરતા હોય છે. આવી પરિસ્થિતિમાં શિક્ષણ જો માત્ર પાઠ્યપુસ્તક આધારિત રહે તો વિદ્યાર્થીના આંતરિક વિકાસમાં ખોટ રહી જાય છે. આ ખોટને પૂર્ણ કરવા માટે આધ્યાત્મિક શિક્ષણ એક અસરકારક સાધન તરીકે સામે આવે છે.

આધ્યાત્મિક શિક્ષણનો અર્થ કોઈ વિશિષ્ટ ધર્મ કે પંથની શિક્ષા આપવાનો નથી,
પરંતુ વ્યક્તિમાં આત્મજાગૃતિ, આત્મનિયંત્રણ, નૈતિક મૂલ્યો, સહાનુભૂતિ, કરુણા, સત્ય, અહિંસા અને જીવન પ્રત્યે સકારાત્મક દૃષ્ટિકોણ વિકસાવવાનો છે. આધ્યાત્મિક શિક્ષણ વ્યક્તિને પોતાની અંદરની શક્તિઓ ઓળખવામાં મદદ કરે છે અને જીવનના ઉતાર-ચઢાવને સમતોલ મનથી સ્વીકારવાની ક્ષમતા આપે છે. તેથી આધ્યાત્મિક શિક્ષણને માનવ મૂલ્યો આધારિત શિક્ષણ તરીકે પણ ઓળખી શકાય.

માધ્યમિક શાળાનો તબક્કો વિદ્યાર્થીના વ્યક્તિત્વ ઘડતરની દૃષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ ગણાય છે. આ અવસ્થામાં વિદ્યાર્થીમાં વિચારશક્તિ, આત્મવિશ્વાસ, ભાવનાત્મક પ્રતિક્રિયાઓ અને નૈતિક સમજ વિકસતી હોય છે. જો આ અવસ્થામાં

યોગ્ય માર્ગદર્શન ન મળે તો વિદ્યાર્થી દિશાવિહિનતા, અસંતુલન અને મૂલ્યવિમુખતાનો શિકાર બની શકે છે. આથી, માધ્યમિક કક્ષાએ આધ્યાત્મિક શિક્ષણ અંગે જાગૃતિ વિકસાવવી અત્યંત આવશ્યક બની જાય છે.

વર્તમાન શાળાકીય પાઠ્યક્રમમાં આધ્યાત્મિક શિક્ષણનો સમાવેશ મર્યાદિત રૂપે જોવા મળે છે. શિક્ષકો પણ અનેકવાર શૈક્ષણિક દબાણ, સમયની અછત અને સ્પષ્ટ માર્ગદર્શિકાની કમીને કારણે આધ્યાત્મિક મૂલ્યોના વિકાસ પર પૂરતું ધ્યાન આપી શકતા નથી. પરિણામે વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક શિક્ષણ અંગેની સમજ અને જાગૃતિ સીમિત રહે છે. આ પરિસ્થિતિ શૈક્ષણિક વ્યવસ્થામાં એક ગંભીર ખામી તરીકે સામે આવે છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 (NEP 2020) પણ મૂલ્યઆધારિત શિક્ષણ, સર્વાંગી વિકાસ અને જીવનકૌશલ્ય પર ભાર મૂકે છે. તેમાં શિક્ષણને માનવ મૂલ્યો, નૈતિકતા અને જીવનપ્રત્યેની જવાબદારી સાથે જોડવાની વાત કરવામાં આવી છે. આ દૃષ્ટિકોણથી આધ્યાત્મિક શિક્ષણને શાળાકીય શિક્ષણનો અભિન્ન ભાગ બનાવવા અંગે ચર્ચા જરૂરી બને છે.

આ સંશોધન "માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક શિક્ષણ અંગે જાગૃતિ વિકસાવવા માટેના શૈક્ષણિક ઉપાયો" વિષય પર કેન્દ્રિત છે. આ અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક શિક્ષણ અંગેની વર્તમાન સ્થિતિનું મૂલ્યાંકન કરવાનું તેમજ તે જાગૃતિ વધારવા માટે કયા શૈક્ષણિક ઉપાયો અસરકારક બની શકે તે શોધવાનું મુખ્ય ઉદ્દેશ્ય રાખવામાં આવ્યું છે. આ સંશોધનના પરિણામો શિક્ષકો, પાઠ્યક્રમ રચનાકારો અને શૈક્ષણિક નીતિનિર્ધારકો માટે ઉપયોગી સાબિત થશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

**સમસ્યા નિવેદન:**

આધુનિક શૈક્ષણિક વ્યવસ્થામાં જ્ઞાન અને કુશળતા વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવે છે, પરંતુ વિદ્યાર્થીઓના આંતરિક, નૈતિક અને આધ્યાત્મિક વિકાસ પર પૂરતું ધ્યાન અપાતું નથી. પરિણામે આજના વિદ્યાર્થીઓમાં તણાવ, અસહિષ્ણુતા, સ્વાર્થભાવ, હિંસક વલણ અને મૂલ્યવિમુખતા જેવી સમસ્યાઓ વધતી

જઈ રહી છે. માધ્યમિક કક્ષાએ વિદ્યાર્થી ભાવનાત્મક અને માનસિક પરિવર્તનમાંથી પસાર થતો હોવાથી, આ સમસ્યાઓ વધુ તીવ્ર સ્વરૂપ ધારણ કરે છે.

વર્તમાન શાળાકીય પાઠ્યક્રમમાં આધ્યાત્મિક શિક્ષણ અંગે સ્પષ્ટ આયોજન અને અસરકારક શૈક્ષણિક ઉપાયોનો અભાવ જોવા મળે છે. શિક્ષકો પણ સમયની અછત, માર્ગદર્શનના અભાવ અને તાલીમના અભાવે આધ્યાત્મિક શિક્ષણને અસરકારક રીતે અમલમાં મૂકી શકતા નથી. પરિણામે વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક શિક્ષણ અંગે જાગૃતિનું સ્તર નીચું રહે છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં લેતા, માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક શિક્ષણ અંગે જાગૃતિ વિકસાવવા માટે કયા શૈક્ષણિક ઉપાયો અસરકારક બની શકે તે અંગે વૈજ્ઞાનિક અને સંશોધનાત્મક અભ્યાસ કરવાની તાતી જરૂરિયાત ઉભી થાય છે.

**ઉપસંહાર:**

પ્રસ્તુત સંશોધન "માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક શિક્ષણ અંગે જાગૃતિ વિકસાવવા માટેના શૈક્ષણિક ઉપાયો" વિષય પર કેન્દ્રિત છે, જે વર્તમાન શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં અત્યંત પ્રાસંગિક અને આવશ્યક છે. આધુનિક યુગમાં ઝડપી વૈજ્ઞાનિક અને ટેકનોલોજીકલ વિકાસ સાથે માનવ જીવનમાં ભૌતિક સુવિધાઓનો વધારો થયો છે, પરંતુ તેની સાથે માનસિક અસંતુલન, તણાવ, મૂલ્યવિમુખતા અને નૈતિક પતન જેવી સમસ્યાઓ પણ ગંભીર સ્વરૂપે સામે આવી છે. આ પરિસ્થિતિ ખાસ કરીને માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓ માટે વધુ પડકારરૂપ બની છે.

આ સંશોધનથી સ્પષ્ટ થાય છે કે વર્તમાન શાળાકીય વ્યવસ્થામાં આધ્યાત્મિક શિક્ષણ અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિનું સ્તર સંતોષકારક નથી. મોટા ભાગના વિદ્યાર્થીઓ આધ્યાત્મિક શિક્ષણના મૂળભૂત તત્ત્વો અંગે સીમિત સમજ ધરાવે છે, છતાં તેઓ જીવનમાં શાંતિ, સંતુલન અને મૂલ્યઆધારિત માર્ગદર્શનની તીવ્ર જરૂરિયાત અનુભવે છે. આ પરિસ્થિતિ સૂચવે છે કે જો યોગ્ય અને આયોજનબદ્ધ શૈક્ષણિક ઉપાયો અપનાવવામાં આવે તો વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક જાગૃતિ વિકસાવવી શક્ય છે.

સંશોધનના નિષ્કર્ષો દર્શાવે છે કે શિક્ષકની ભૂમિકા આધ્યાત્મિક શિક્ષણના પ્રચાર અને અમલમાં કેન્દ્રસ્થાને છે. શિક્ષક જો પોતે મૂલ્યનિષ્ઠ, સંવેદનશીલ અને આધ્યાત્મિક ચેતનાવાળો હોય તો તે પોતાના વર્તન, શિક્ષણ પદ્ધતિ અને માર્ગદર્શન દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મજાગૃતિ, સહાનુભૂતિ અને નૈતિક દૃષ્ટિકોણ વિકસાવી શકે છે. સાથે સાથે શાળાનું વાતાવરણ, સહઅભ્યાસક્રમ પ્રવૃત્તિઓ, ધ્યાન-યોગ, મૂલ્યચર્ચા, વાર્તાકથન અને જીવનોપયોગી અનુભવો આધ્યાત્મિક શિક્ષણની જાગૃતિ વધારવામાં મહત્વપૂર્ણ સાબિત થાય છે.

આ અભ્યાસ એ પણ સ્પષ્ટ કરે છે કે આધ્યાત્મિક શિક્ષણ કોઈ એક વિષય કે અલગ પાઠ્યક્રમ સુધી મર્યાદિત ન હોવું જોઈએ, પરંતુ તે શાળાકીય શિક્ષણના દરેક પાસામાં સંકલિત થવું જરૂરી છે. પાઠ્યપુસ્તકો, શિક્ષણ પદ્ધતિઓ, મૂલ્યાંકન પ્રક્રિયા અને શાળાની સંસ્કૃતિમાં આધ્યાત્મિક મૂલ્યોનું પ્રતિબિંબ જોવા મળવું જોઈએ. આ રીતે જ આધ્યાત્મિક શિક્ષણ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં અસરકારક રીતે યોગદાન આપી શકે છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 દ્વારા સૂચવાયેલા સર્વાંગી અને મૂલ્યઆધારિત શિક્ષણના દૃષ્ટિકોણને ધ્યાનમાં લેતાં, આ સંશોધનનાં તારણો શૈક્ષણિક નીતિનિર્ધારકો, પાઠ્યક્રમ રચનાકારો અને શિક્ષકો માટે માર્ગદર્શક બની શકે છે. આધ્યાત્મિક શિક્ષણના સુવ્યવસ્થિત અમલ દ્વારા વિદ્યાર્થીઓમાં નૈતિકતા, જવાબદારી, સહઅસ્તિત્વ અને જીવન પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસાવી શકાય છે, જે અંતે સમાજના સુસંસ્કૃત અને સંતુલિત નાગરિકોના નિર્માણ તરફ દોરી જાય છે.

અંતમાં કહી શકાય કે આધ્યાત્મિક શિક્ષણ વિના શિક્ષણ અધૂરું છે. માધ્યમિક કક્ષાએ આધ્યાત્મિક જાગૃતિ વિકસાવવી એ માત્ર શૈક્ષણિક જરૂરિયાત નહીં પરંતુ સામાજિક જવાબદારી પણ છે. પ્રસ્તુત સંશોધન એ દિશામાં એક નમ્ર પરંતુ મહત્વપૂર્ણ પ્રયાસ છે, જે ભવિષ્યના સંશોધકો માટે નવા વિચારમાર્ગો અને વિસ્તૃત અભ્યાસની સંભાવનાઓ ખોલે છે.

**સંદર્ભસૂચિ:**

ત્રિવેદી, એન. એસ. (2016). *શિક્ષણમાં આધ્યાત્મિક દૃષ્ટિકોણ*. રાજકોટ: સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પ્રકાશન.

એન. સી. ઈ. આર. ટી. (2017). *મૂલ્યઆધારિત શિક્ષણ માટે માર્ગદર્શિકા*. નવી દિલ્હી: NCERT.

દેસાઈ, આર. કે. (2018). *આધુનિક શિક્ષણ અને માનવ મૂલ્યો*. વડોદરા: પરિમલ પ્રકાશન.

પટેલ, ડી. પી. (2015). *શિક્ષણમાં મૂલ્ય અને આધ્યાત્મિકતા*. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

શુક્લ, આર. પી. (2019). *મૂલ્યશિક્ષણ અને વ્યક્તિત્વ વિકાસ*. નવી દિલ્હી: નેશનલ પબ્લિશિંગ હાઉસ.ભારત સરકાર. (2020). *રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2020*. નવી દિલ્હી: શિક્ષણ મંત્રાલય.

# બી.એડ.ના તાલીમાર્થીઓમાં રચનાત્મક અભિવ્યક્તિનો અભ્યાસ

AMITABEN A. PARMAR, PH.D. SCHOLAR
H.N.G.UNIVERSITY, PATAN

**1.1 પ્રસ્તાવના** :

વર્તમાન સમય સ્પર્ધાનો યુગ છે. શિક્ષણમાં વિજ્ઞાન અને ટેકનોલોજીએ ખૂબ વિકાસ સાધ્યો છે. વિશ્વ એક સાકડું બની ગયેલ છે. હાથમાં રહેલો મોબાઇલ, ઓફિસમાં રહેલા કોમ્પ્યુટરે વિશ્વને એકબીજાથી વધુ નજીક લાવી દીધા છે. આવા સમયમાં શિક્ષણ ક્ષેત્રે પણ અવનવા કાર્યક્રમો દ્વારા વર્ગખંડમાં નવીનતા લાવી શકાય છે. આ માટે રચનાત્મક પ્રવૃત્તિઓ પર શાળા - કોલેજોમાં સવિશેષ ભાર મુકવામાં આવી રહ્યો છે.

**1.2 શીર્ષક** :બી.એડ.ના તાલીમાર્થીઓમાં રચનાત્મક અભિવ્યક્તિનો અભ્યાસ.

- **શબ્દવ્યંજના** :
- **રચનાત્મકઅભિવ્યક્તિ** : પોતાનામાં રહેલી વિશિષ્ટશક્તિકે કૌશલ્યાને વ્યક્ત કરવું દા.ત: લેખન નાચવું ગાવું
- **બી.એડ.તાલીમાર્થીઓ**: જ્યાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ તાલીમ લેતા હોય તેવી સંસ્થા
- **તાલીમાર્થીઓ** : શિક્ષક બાનવાની તાલીમલેતા વિદ્યાર્થીઓ.

**1.3 હેતુ**:

1. બી.એડ.ના તાલીમાર્થીઓમાં રચનાત્મક અભિવ્યક્તિનો અભ્યાસકરવો
2. બી.એડ.ના તાલીમાર્થીઓમાં રચનાત્મક અભિવ્યક્તિનો શિક્ષણના સંદર્ભમાં અભ્યાસકરવો
3. બી.એડ.ના તાલીમાર્થીઓમાં રચનાત્મક અભિવ્યક્તિનો સંસ્કૃતિ કાર્યક્રમોના સંદર્ભમાં અભ્યાસકરવો.
4. બી.એડ.ના તાલીમાર્થીઓમાં રચનાત્મક અભિવ્યક્તિનો વિવિધ પ્રવૃત્તિઓના સંદર્ભમાં અભ્યાસ કરવો.
5. બી.એડ.ના તાલીમાર્થીઓમાં રચનાત્મક અભિવ્યક્તિનો વિવિધ પાસાઓના સંદર્ભમાં અભ્યાસ કરવો.

**1.4 અભ્યાસનું મહત્વ** :

આ અભ્યાસનું વિશેષ મહત્વ એટલા માટે છે કે વ્યક્તિ પોતાની અંદર રહેલી વિશિષ્ટ શક્તિઓ, કૌશલ્યો, અભિયોગ્યતાઓને વગેરેને બહાર લાવવાનો પ્રયત્ન કરે છે. રચનાત્મક અભિવ્યક્તિ દ્વારા વ્યક્તિનો માનસિક તણાવ દૂર થાય છે.આત્મવિશ્વાસ વધે છે, સકારાત્મક વિચારોમાં વધારો થાય છે, નવી વિચારસરણી નો જન્મ થાય છે, ભાવનાત્મક સંતુલન જળવાઈ રહે છે. આમ જીવનના દરેક તબક્કે એટલે કે શિક્ષણ, વ્યવસાય, ધંધાના ક્ષેત્રમાં પણ જો

રચનાત્મક અભિવ્યક્તિનો ઉપયોગ કરવામાં આવે તો વ્યક્તિના વ્યક્તિત્વનો ઉર્ધ્વ દિશામાં વિકાસ સંભવી શકે છે.

પ્રસ્તુત અભ્યાસમાં રચનાત્મક અભિવ્યક્તિ એટલે કે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સાથે સંલગ્ન શ્રી એન.એસ.દેસાઇ કૉલેજ ઑફ એજ્યુકેશન, ખેરાલુ ના સેમેસ્ટર-4 ના તાલીમાર્થીઓના રચનાત્મક અભિવ્યક્તિ વિશે કેવા મંતવ્યો વિચારો ધરાવે છે? તે જાણવા માટેનું છે.

**1.5 ઉપકરણ :**

પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધકે સ્વરચિત પ્રશ્નાવલીની રચના કરી છે. જેમાં " હા-ના " માં જવાબ આવે તેવા 20 પ્રશ્નો મૂકવામાં આવેલ છે.

**1.6 વ્યાપ વિશ્વ અને નમુનો :**

પ્રસ્તુત અભ્યાસમાં શ્રી એન.એસ.દેસાઇ કૉલેજ ઑફ એજ્યુકેશન, ખેરાલુ માં અભ્યાસ કરતા તમામ તાલીમાર્થીઓ વ્યાપ વિશ્વની ભૂમિકા ભજવે છે. શ્રી એન.એસ.દેસાઇ કૉલેજ ઑફ એજ્યુકેશન, ખેરાલુના સેમેસ્ટર-4 માં અભ્યાસ કરતા 45 તાલીમાર્થીઓ પ્રસ્તુત અભ્યાસમાં નમૂના તરીકે લેવામાં આવેલ છે.

**1.7 અંકશાસ્ત્રીય પ્રયુક્તિ :**

પ્રસ્તુત અભ્યાસમાં મળેલ માહિતીની વિધાનવાર સાદી ટકાવારી શોધવામાં આવી હતી.

**1.8 માહિતીનું અર્થઘટન,વર્ગીકરણ અને તારણો :**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાપ્ત માહિતી નું અર્થઘટન હા અને ના વિધાનોની ગણતરી કરી સાદી ટકાવારી શોધવામાં આવી હતી.

| ક્રમ | વિધાન | ટકાવારી |
|---|---|---|
| 1 | તમને રચનાત્મક કાર્ય કરવા ગમે છે? | 90% |
| 2 | તમે રચના પ્રવૃત્તિમાં ભાગ લો છો? | 70% |
| 3 | તમને મ્યુઝિક સાંભળવા રસ છે? | 95% |
| 4 | તમને નાચવું ગાવુ ગમે છે? | 65% |
| 5 | બી.એડ.માં સાંસ્કૃતિક કાર્યક્રમો થવા જોઈએ? | 96% |
| 6 | બી.એડ.ના રચનાત્મકકાર્યોથી જીવનમાં વિવિધ ગુણોનો વિકાસ થાય છે? | 97% |
| 7 | બી.એડ.કરવાથી તાલીમાર્થીઓમાંરચનાત્મક કૌશલ્યોનો વિકાસ થાય છે? | 100% |
| 8 | બી.એડ.કરવાથી તાલીમાર્થીઓમાં અભિવ્યક્તિલક્ષી પ્રવૃત્તિઓ તથા હકારાત્મક ઉર્જાનો વિકાસ થાય છે? | 89% |
| 9 | શાળાના વિદ્યાર્થીઓ પાસે રચનાત્મક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે? | 100% |
| 10 | રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણમાં નવીનતા આવે છે? | 82% |

| | | |
|---|---|---|
| 11 | પ્રાર્થના પ્રવૃત્તિઓમાં વિવિધ લાવવી જોઈએ? | 100% |
| 12 | પ્રાધ્યાપકોના અધ્યાપન કાર્યોમાં વિવિધતા લાવી જોઈએ? | 100% |
| 13 | બી.એડ.માં સાંસ્કૃતિક કાર્યક્રમો હોવા જોઈએ? | 85% |
| 14 | બી.એડ.માં સાંસ્કૃતિક કાર્યક્રમથી ભાવાવરણમાં નવીનતા જોવા મળે છે? | 90% |
| 15 | બી.એડ.માં અપાતા ડેમો લેશન માં પ્રાધ્યાપકો અવનવી પ્રયુક્તિઓનો ઉપયોગ કરે છે? | 91% |
| 16 | શાળાના પાઠ દરમિયાન તમે વિવિધ શાળાઓમાં ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ગાન સ્પર્ધા કરાવો છો? | 100% |
| 17 | સમયાંતરે બી.એડ.ના અભ્યાસક્રમમાં બદલાવ આવે તે તમને જરૂરી લાગે છે? | 76% |
| 18 | વેસ્ટ માંથી બેસ્ટ વસ્તુ બનાવવી જેવી પ્રવૃત્તિઓ યોજાય છે? | 78% |
| 19 | વેસ્ટ માંથી બેસ્ટ જેવી પ્રવૃત્તિઓમાં તમે ભાગ લો છો? | 72% |
| 20 | બી.એડ. શિક્ષણમાં રચનાત્મક અભિવ્યક્તિની પ્રવૃત્તિ કરાવવી જરૂરી છે? | 96% |

**1.9 ભલામણો:**

પ્રસ્તુત અભ્યાસ પી.ટી.સી., પ્રાથમિક, માધ્યમિક કોલેજના વિદ્યાર્થીઓ રચનાત્મક અભિવ્યક્તિ વિશે કેવા મંતવ્ય ધરાવે છે તેના વિશે પણકરી શકાય.

**1.10 નિષ્કર્ષ:**

પ્રસ્તુત અભ્યાસ બી.એડ. ના તાલીમાર્થીઓ રચનાત્મક અભિવ્યક્તિ વિશે શું વિચારો-મંતવ્યો ધરાવે છે? તે જાણવા માટે કરવામાં આવ્યો હતો. જેના આધારે બી.એડ.ના તાલીમાર્થીઓની સુષપ્ત શક્તિને વાચા મળે તથા તેમનામાં રહેલા વિશિષ્ટ કૌશલ્યોને બહાર લાવી શકાય છે.

**સંદર્ભ :**


- અચલા
- ગુગલ
- પ્રગતિશીલ શિક્ષણ
- શૈક્ષણિક સંશોધનની આધારશીલા

# ઉચ્ચ શિક્ષણમાં આધ્યાત્મિક શિક્ષણ: માનવજાતની એક અનિવાર્ય જરૂરિયાત

નિલેષભાઇ એમ.પટેલ, પીએચ.ડી. સ્કોલર, શિક્ષણશાસ્ત્ર વિભાગ
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**સારાંશ**

ઉચ્ચ શિક્ષણમાં આધ્યાત્મિકતાનો સમાવેશ એ કોઈ ધાર્મિક પ્રચાર નથી, પરંતુ તે માનવીય ઉત્ક્રાંતિનો આગામી તબક્કો છે. આપણે એવા યુવાનોની જરૂર છે જેઓ માત્ર બુદ્ધિશાળી જ નહીં, પરંતુ હૃદયથી સંવેદનશીલ અને આત્માથી જાગૃત હોય. જ્યારે વિજ્ઞાન અને આધ્યાત્મિકતાના હાથ મળશે, ત્યારે જ પૃથ્વી પર શાંતિ અને સમૃદ્ધિનું સંતુલન સ્થપાશે. આધ્યાત્મિક શિક્ષણ એ વિલાસ નથી, પણ ૨૧મી સદીના માનવી માટે અનિવાર્ય જીવનશક્તિ છે.

**ચાવીરૂપ શબ્દો:** ઉચ્ચ શિક્ષણ, આધ્યાત્મિક શિક્ષણ

**પ્રસ્તાવના**

એકવીસમી સદી વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે. આજે આપણું ઉચ્ચ શિક્ષણ ક્ષેત્ર અત્યંત સ્પર્ધાત્મક અને વ્યવસાયિક બની ગયું છે. યુનિવર્સિટીઓ અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ શ્રેષ્ઠ એન્જિનિયરો, ડોક્ટરો અને મેનેજરો તૈયાર કરી રહી છે, પરંતુ શું તેઓ એક શ્રેષ્ઠ 'માણસ' તૈયાર કરી રહી છે? આ પ્રશ્ન આજે ગંભીર ચિંતનનો વિષય છે. ઉચ્ચ શિક્ષણમાં કેવળ બૌદ્ધિક વિકાસ (IQ) પર ભાર મૂકવામાં આવે છે, જેના પરિણામે વિદ્યાર્થીઓમાં આંતરિક શાંતિનો અભાવ, નૈતિક મૂલ્યોનું પતન અને માનસિક તણાવ જોવા મળે છે. આ શૂન્યાવકાશને ભરવા માટે 'આધ્યાત્મિક શિક્ષણ' એ સમયની સૌથી મોટી જરૂરિયાત છે.

**આધ્યાત્મિક શિક્ષણ એટલે શું?**

આધ્યાત્મિક શિક્ષણ એટલે ધાર્મિક વિધિઓ કે કર્મકાંડનું શિક્ષણ નહીં, પરંતુ તે આંતરિક જાગૃતિનું વિજ્ઞાન છે. તે સ્વયંની ઓળખ, જીવનના અંતિમ લક્ષ્યની સમજ અને વિશ્વ સાથેના એકાત્મ ભાવનું શિક્ષણ છે. ઉચ્ચ શિક્ષણમાં જ્યારે વિદ્યાર્થીઓ પોતાના કરિયરના નિર્ણાયક તબક્કે હોય છે, ત્યારે આધ્યાત્મિકતા તેમને સ્થિરતા અને દ્રષ્ટિ પ્રદાન કરે છે.

ઉચ્ચ શિક્ષણમાં આધ્યાત્મિકતાની જરૂરિયાત પાછળના મુખ્ય કારણો

**૧. માનસિક સ્વાસ્થ્ય અને તણાવ મુક્તિ**

ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઘણીવાર પ્લેસમેન્ટ, પરીક્ષાનું ભારણ અને સ્પર્ધાને કારણે ડિપ્રેશન અને એન્ઝાયટી (ચિંતા) નો શિકાર બને છે. આધ્યાત્મિક શિક્ષણ દ્વારા શીખવવામાં આવતી મેડિટેશન (ધ્યાન) અને માઇન્ડફુલનેસની પદ્ધતિઓ મનને શાંત રાખવામાં મદદ કરે છે. તે વિદ્યાર્થીઓને 'સ્થિતપ્રજ્ઞ' બનતા શીખવે છે, જેથી તેઓ જીવનના ઉતાર-ચઢાવમાં વિચલિત ન થાય.

**૨. નૈતિકતા અને મૂલ્ય-આધારિત નેતૃત્વ**

આજના કોર્પોરેટ જગતમાં કૌભાંડો અને અનૈતિક સ્પર્ધા વધતી જાય છે. ઉચ્ચ શિક્ષણમાં જો આધ્યાત્મિક પાયો ન હોય, તો બુદ્ધિશાળી વ્યક્તિ પણ સમાજને નુકસાન પહોંચાડી શકે છે. આધ્યાત્મિક શિક્ષણ વ્યક્તિમાં પ્રામાણિકતા, પારદર્શિતા અને જવાબદારીની ભાવના જગાડે છે.

**૩. સર્વગ્રાહી વિકાસ (Holistic Development)**

માણસ માત્ર શરીર અને મન નથી, તે આત્મા પણ છે. વર્તમાન શિક્ષણ પદ્ધતિ માત્ર મગજને કસરત આપે છે, પરંતુ હૃદયને અવગણે છે. આધ્યાત્મિકતા શિક્ષણમાં 'કરુણા' અને 'પ્રેમ' જેવા માનવીય ગુણો ઉમેરે છે, જે વિદ્યાર્થીને સમાજ માટે ઉપયોગી બનાવે છે.

**શિક્ષણશાસ્ત્રીઓ અને મહાપુરુષોના વિચારો**

મહાત્મા ગાંધી, સ્વામી વિવેકાનંદ અને રવીન્દ્રનાથ ટાગોરે હંમેશા શિક્ષણમાં આધ્યાત્મિકતાના સમન્વયની વાત કરી છે. સ્વામી વિવેકાનંદના મતે, "શિક્ષણ એ માણસમાં પહેલેથી જ રહેલી દિવ્યતાનું પ્રગટીકરણ છે." જો શિક્ષણ આ દિવ્યતાને પ્રગટ ન કરી શકે, તો તે માત્ર માહિતીનો સંગ્રહ બની રહે છે.

**અમલીકરણના માર્ગો**

યુનિવર્સિટી કક્ષાએ આધ્યાત્મિક શિક્ષણને કેવી રીતે જોડી શકાય?

* યોગ અને ધ્યાન: દરેક અભ્યાસક્રમમાં યોગ અને ધ્યાનને ફરજિયાત સ્થાન આપવું જોઈએ.
* વેલ્યુ એજ્યુકેશન: વિવિધ ધર્મોના સાર અને નૈતિક મૂલ્યો પર આધારિત ટૂંકા ગાળાના કોર્સ શરૂ કરવા જોઈએ.
* સેવાકીય પ્રવૃત્તિઓ: વિદ્યાર્થીઓને સામાજિક સેવા સાથે જોડીને તેમનામાં નિઃસ્વાર્થ ભાવ જગાડવો.
* પરામર્શ (Counseling): આધ્યાત્મિક પરામર્શ દ્વારા વિદ્યાર્થીઓના આંતરિક પ્રશ્નોનું નિરાકરણ લાવવું.

**નિષ્કર્ષ**

ઉચ્ચ શિક્ષણમાં આધ્યાત્મિકતાનો સમાવેશ એ કોઈ ધાર્મિક પ્રચાર નથી, પરંતુ તે માનવીય ઉત્ક્રાંતિનો આગામી તબક્કો છે. આપણે એવા યુવાનોની જરૂર છે જેઓ માત્ર બુદ્ધિશાળી જ નહીં, પરંતુ હૃદયથી સંવેદનશીલ અને આત્માથી જાગૃત હોય. જ્યારે વિજ્ઞાન અને આધ્યાત્મિકતાના હાથ મળશે, ત્યારે જ પૃથ્વી પર શાંતિ અને સમૃદ્ધિનું સંતુલન સ્થપાશે. આધ્યાત્મિક શિક્ષણ એ વિલાસ નથી, પણ ૨૧મી સદીના માનવી માટે અનિવાર્ય જીવનશક્તિ છે.

**સંદર્ભસૂચિ (References)**


* કૌર, એસ. (૨૦૧૯). હાયર એજ્યુકેશન એન્ડ સ્પિરિચ્યુઆલિટી: અ ગ્લોબલ પર્સપેક્ટિવ. જર્નલ ઓફ હ્યુમન વેલ્યુઝ, ૨૫(૨), ૧૨૩-૧૪૦.
* ગાંધી, એમ. કે. (૨૦૧૧). મારું સ્વપ્નનું ભારત. નવજીવન પ્રકાશન મંદિર.
* ઝોહર, ડી., અને માર્શલ, આઈ. (૨૦૦૦). SQ: સ્પિરિચ્યુઅલ ઇન્ટેલિજન્સ – ધ અલ્ટીમેટ ઇન્ટેલિજન્સ. બ્લુમ્સબરી પબ્લિશિંગ.
* યુનેસ્કો. (૨૦૧૫). રીથિંકિંગ એજ્યુકેશન: ટુવર્ડ્સ અ ગ્લોબલ કોમન ગુડ?. યુનેસ્કો પબ્લિશિંગ.
* રાધાકૃષ્ણન, એસ. (૧૯૪૮). યુનિવર્સિટી એજ્યુકેશન કમિશન રિપોર્ટ. ભારત સરકાર.
* સ્વામી વિવેકાનંદ. (૨૦૦૩). શિક્ષણ. રામકૃષ્ણ મિશન.
* શર્મા, આર. કે. (૨૦૨૧). રોલ ઓફ સ્પિરિચ્યુઅલ ઇન્ટેલિજન્સ ઇન મોડર્ન એજ્યુકેશન. એકેડેમિક પ્રેસ.

# Spiritual, Moral, Social, and Cultural Education in Students: AComprehensive Review

**Saju.G** **Guide**
**Ph.D. Scholar,** **Dr. Mehul Chavada**
**Surendranagar, University, Vadhvan.**

**Abstract**
Spiritual, Moral, Social, and Cultural (SMSC) education represents a holistic approach to student development, emphasizing personal growth, ethical understanding, social skills, and cultural awareness beyond traditional academic curricula. This paper reviews existing literature, drawing on key reference books and research studies to explore the definitions, importance, challenges, and implementation strategies of SMSC education. Based on qualitative and theoretical analyses from sources spanning the 20th and 21st centuries, it highlights how SMSC fosters reflective, empathetic, and responsible individuals. Factors influencing effective SMSC delivery include teacher insights, ethical virtues, interactive methods, and supportive environments. The review underscores the need for integrated curricula to address contemporary societal challenges, with recommendations for educators and policymakers.
Key words: Spiritual, Moral, Social, and Cultural (SMSC) education

**Introduction**

In an increasingly diverse and complex world, education extends far beyond imparting knowledge; it must nurture the whole person. Spiritual, Moral, Social, and Cultural (SMSC) education, particularly in the context of students, aims to develop individuals who are not only intellectually capable but also ethically grounded, socially adept, and culturally sensitive. Originating from educational policies in the UK, such as those outlined in the Education Act of 1944 and reinforced in subsequent legislation like the 1988 and 2002 Acts, SMSC is a statutory requirement in schools, evaluated by bodies like Ofsted. This framework promotes universal human values, encouraging reflection on life's meaning, ethical decision-making, cooperative living, and appreciation of diversity.

The concept of SMSC is not new; it draws from historical educational philosophies that view schooling as a means to foster personality and service to humanity. For instance, early 20th-century thinkers like Basil Yeaxlee emphasized spirituality as an innate, dynamic force that integrates biological, psychological, and transcendent elements into personal development. In modern contexts, SMSC addresses issues like mental health, prejudice reduction, and active citizenship, making it essential for preparing students for global challenges. This paper synthesizes research from reference books, academic papers, and qualitative studies to provide a "big big explain" – a detailed, expansive exploration – of SMSC in students, including its components, benefits, obstacles, and practical applications.

**Literature Review**

The literature on SMSC education is rich and multidisciplinary, encompassing philosophy, psychology, pedagogy, and policy. Key reference books provide foundational insights:

- **Bigger, S., & Brown, E. (Eds.). (1999). Spiritual, Moral, Social, & Cultural Education: Exploring Values in the Curriculum. David Fulton Publishers.** This edited volume, reviewed positively for its practical approach, explores how values are embedded across subjects like religious education, drama, citizenship, and vocational training. It argues for a whole-curriculum integration of SMSC, offering insights from teachers and trainers on fostering values in daily school life. The book emphasizes that SMSC is not isolated but interwoven with academic content to promote wider personal and societal understanding.
- **Eaude, T. (2008). Children's Spiritual, Moral, Social and Cultural Development: Primary and Early Years. Learning Matters.** This book introduces SMSC as a fascinating aspect of teaching young children, focusing on primary and early years education. It discusses how spiritual development overlaps with moral and religious education, drawing on research to imply that exploring children's spirituality enriches understanding of both children and spirituality itself. Eaude critiques ambiguities in definitions and advocates for experiential, reflective practices.

- **Hay, D., & Nye, R. (1998). The Spirit of the Child. Jessica Kingsley Publishers.** This reference delves into children's innate spirituality, emphasizing personal experiences and interiority as key to development. It proposes pedagogical models where spirituality is nurtured through reflection and narrative, influencing moral and social growth.
- **Erricker, C., &Erricker, J. (2000). Reconstructing Religious, Spiritual, and Moral Education. Routledge.** This work prioritizes children's narratives over traditional curriculum authority, advocating for a reconstructive approach to SMSC that integrates spiritual and moral elements dynamically.
- **Yeaxlee, B. (1925). Spiritual Values in Adult Education. Oxford University Press.** An early seminal text, it views spirituality as emerging personality with infinite and universal elements, influencing modern SMSC by blending transcendent and immanent aspects.
- **Copley, T. (2000). Spiritual Development in the State School. University of Exeter Press.** This book examines spirituality in secular settings, separating it from religion while highlighting its role in holistic education.

Additional studies, such as those by Battistich and Watson (2003) on fostering social development through cooperative activities, and qualitative research by Zare et al. (2020) on spirituality factors in teaching, complement these books by providing empirical evidence. For example, Farsakhonova (2019) highlights interactive methods like role-playing and case studies in moral upbringing.

**Definitions and Components**

SMSC education is often defined holistically, not as a standalone subject but as an ethos permeating school life. Breaking it down:

- **Spiritual Development**: Involves exploring beliefs, values, and life's meaning through reflection, awe, and creativity. It is universal, not religious-exclusive, fostering a sense of wonder (e.g., in nature or art). Ofsted (2019) describes it as reflective abilities, respect for faiths, and imaginative engagement. Key quote: "Personality... contains 'something infinite and universal, realizing itself in the concrete human life'" (Yeaxlee, 1925, p. 24).
- **Moral Development**: Focuses on distinguishing right from wrong, understanding consequences, and developing ethical views. Research points to empathy as crucial (Hoffman &Saltzstein, 1967), with activities like debating dilemmas building fairness and responsibility.
- **Social Development**: Builds skills for cooperation, conflict resolution, and community participation. Cooperative classroom activities in early grades foster this (Battistich& Watson, 2003).
- **Cultural Development**: Encourages appreciation of diverse influences, traditions, and arts. It promotes respect for backgrounds through festivals, history, and cultural visits.

These components overlap; for instance, spiritual reflection can enhance moral empathy.

**Importance and Benefits**

SMSC education is vital for individual and societal growth. It builds self-esteem, resilience, and purpose, improving mental health and academic performance. Societally, it promotes tolerance, reduces discrimination, and prepares for multicultural life, aligning with "fundamental British values" like democracy and respect (DfE, 2014). Qualitative studies show that spirituality in teaching enhances learning quality, affected by teacher factors (insight, ethics) and peripherals (classrooms, learners). Benefits include better argumentation, analytical thinking, and civic engagement. In pedagogy, interactive methods like debates and electronic textbooks boost moral awareness and self-development.

| Benefit Category | Description | Examples from Literature |
|---|---|---|
| **Individual** | Enhances self-awareness, empathy, and reflection. | Reflection on personal experiences (Hay & Nye, 1998). |
| **Social** | Fosters cooperation and community involvement. | Group projects and school councils (Battistich& Watson, 2003). |
| **Cultural** | Promotes diversity appreciation and reduces prejudice. | Celebrating global festivals (Erricker&Erricker, 2000). |

| Benefit Category | Description | Examples from Literature |
|---|---|---|
| Moral | Develops ethical reasoning and responsibility. | Debating environmental ethics (Hoffman &Saltzstein, 1967). |

**Challenges and Implementation**

Despite its importance, SMSC faces challenges like conceptual ambiguity, leading to practitioner confusion (Carr, 1995). Politicization, such as linking to anti-extremism (Prevent duty), can distort its holistic intent (Eaude, 2018). Cultural biases toward individualism may exclude collectivist perspectives.

Implementation strategies include weaving SMSC into curricula via assemblies, trips, and interactive methods (role-playing, SWOT analysis). Teachers must embody virtues like sincerity and justice for effective transmission. Schools should provide critical appreciation of beliefs and supportive environments. Evaluation criteria: cognitive (knowledge), process (engagement), outcome (behavior change).

**Case Studies and Examples**

In UK schools, SMSC is implemented through Ofsted-inspected activities like reflective assemblies and cultural celebrations. A qualitative study in Iran identified teacher-student interactions (e.g., respect, feedback) as key to spirituality transfer. In pedagogical training, electronic textbooks with tests enhance moral upbringing (Farsakhonova, 2019). Historical examples, like post-WWI emphases on peace education (IMC, 1928), illustrate SMSC's role in societal healing.

**Conclusion**

SMSC education is indispensable for cultivating well-rounded students equipped for ethical, social, and cultural navigation. By integrating insights from reference books like those by Bigger & Brown and Eaude, alongside empirical studies, educators can overcome challenges through reflective practices, ethical modeling, and interactive methods. Future research should focus on global adaptations and measurable impacts to ensure SMSC remains a cornerstone of education. Institutionalizing spirituality as inseparable from teaching will empower students to contribute positively to society.

**References**


- Asadov, Yu.N., et al. (2016). Diagnosis and Correction Techniques of Students' Competence. Tashkent Public Pedagogical Institute.
- Battistich, V., & Watson, M. (2003). Fostering social development in preschool and the early elementary grades. In International Handbook of Educational Research in the Asia-Pacific Region.
- Bigger, S., & Brown, E. (Eds.). (1999). Spiritual, Moral, Social, & Cultural Education: Exploring Values in the Curriculum. David Fulton Publishers.
- Carr, D. (1995). Towards a distinctive conception of spiritual education. Oxford Review of Education, 21(1), 83–98.
- Copley, T. (2000). Spiritual Development in the State School. University of Exeter Press.
- Department for Education (DfE). (2014). Promoting Fundamental British Values through SMSC.
- Eaude, T. (2008). Children's Spiritual, Moral, Social and Cultural Development: Primary and Early Years. Learning Matters.
- Erricker, C., &Erricker, J. (2000). Reconstructing Religious, Spiritual, and Moral Education. Routledge.
- Hay, D., & Nye, R. (1998). The Spirit of the Child. Jessica Kingsley Publishers.
- Hoffman, M.L., &Saltzstein, H.D. (1967). Parent discipline and the child's moral development. Journal of Personality and Social Psychology, 5(1), 45–57.
- International Missionary Council (IMC). (1928). Religious Education. Humphrey Milford.
- Office for Standards in Education (Ofsted). (2019). School Inspection Handbook.
- Yeaxlee, B. (1925). Spiritual Values in Adult Education. Oxford University Press.
- Zare, Z., et al. (2020). Spirituality and effective factors in education: A qualitative study. Journal of Education and Health Promotion, 9, 95.

# Challenges and Prospects of Spiritual Education in Modern Society
# ( आधुनिक समाज में आध्यात्मिक शिक्षा की चुनौतियाँ एवं संभावनाएँ )

**Dr.GIRISHKUMAR KHODABHAI CHAUHAN**
**( ASSISTANT PROFESSOR )**
**(M.A.,M.Ed.,M.Phil.,Ph.D.)**
**Email:girishkumarchauhan521@gmail.com Contact: 9925076989**
**L.N.K.College of Education (CTE), Patan**

## सार (Abstract)

आधुनिक युग वैज्ञानिक प्रगति, औद्योगीकरण, वैश्वीकरण और तकनीकी क्रांति का युग है। इस युग में मानव ने भौतिक क्षेत्र में अभूतपूर्व उपलब्धियाँ प्राप्त की हैं, किंतु इसके साथ-साथ मानसिक अशांति, नैतिक पतन, सामाजिक विघटन तथा जीवन-मूल्यों के ह्रास जैसी समस्याएँ भी उत्पन्न हुई हैं। वर्तमान शिक्षा प्रणाली मुख्यतः बौद्धिक विकास, तकनीकी दक्षता और आर्थिक सफलता पर केंद्रित हो गई है, जिसके कारण व्यक्ति का आत्मिक एवं नैतिक विकास उपेक्षित हो रहा है। आध्यात्मिक शिक्षा व्यक्ति को आत्मबोध, नैतिकता, करुणा, सहिष्णुता एवं सामाजिक उत्तरदायित्व से जोड़ने का कार्य करती है।

प्रस्तुत शोध-पत्र में आधुनिक समाज में आध्यात्मिक शिक्षा की अवधारणा, उसकी आवश्यकता, समक्ष उपस्थित प्रमुख चुनौतियाँ तथा भविष्य की संभावनाओं का विस्तृत विश्लेषण किया गया है। यह अध्ययन दर्शाता है कि आध्यात्मिक शिक्षा को यदि आधुनिक शिक्षा प्रणाली के साथ समन्वित किया जाए, तो यह न केवल व्यक्ति के समग्र व्यक्तित्व विकास में सहायक होगी, बल्कि समाज में शांति, सद्भाव और मानवीय मूल्यों की पुनर्स्थापना में भी महत्वपूर्ण भूमिका निभा सकती है।

## 1. प्रस्तावना

मानव सभ्यता का इतिहास यह प्रमाणित करता है कि शिक्षा केवल ज्ञान अर्जन का माध्यम नहीं रही है, बल्कि यह चरित्र निर्माण, नैतिक विकास और सामाजिक चेतना का भी आधार रही है। प्राचीन भारतीय शिक्षा प्रणाली में आध्यात्मिकता और नैतिकता को शिक्षा का मूल तत्व माना जाता था। गुरुकुल व्यवस्था में विद्यार्थी को विद्या के साथ-साथ आत्मसंयम, सेवा, अनुशासन और सत्य का बोध कराया जाता था।

किन्तु आधुनिक समाज में शिक्षा का स्वरूप व्यापक रूप से परिवर्तित हो गया है। आज शिक्षा को रोजगार, प्रतियोगिता और आर्थिक उन्नति का साधन माना जाने लगा है। इस भौतिकवादी दृष्टिकोण के परिणामस्वरूप व्यक्ति में तनाव, अवसाद, आत्मकेंद्रितता और सामाजिक असंवेदनशीलता बढ़ती जा रही है। ऐसे समय में आध्यात्मिक शिक्षा की आवश्यकता और भी अधिक प्रासंगिक हो जाती है, क्योंकि यह व्यक्ति को आंतरिक संतुलन और जीवन के वास्तविक उद्देश्य से जोड़ती है।

## 2. आध्यात्मिक शिक्षा की अवधारणा

आध्यात्मिक शिक्षा का अर्थ केवल धार्मिक शिक्षा तक सीमित नहीं है। यह धर्म से व्यापक अवधारणा है, जो व्यक्ति को आत्मज्ञान, आत्मचिंतन और जीवन के गूढ़ सत्य को समझने की प्रेरणा देती है। आध्यात्मिक शिक्षा का मूल उद्देश्य व्यक्ति में—

आत्मबोध का विकास
नैतिक मूल्यों की स्थापना
करुणा, प्रेम और सहिष्णुता की भावना
आत्मसंयम एवं अनुशासन
सामाजिक उत्तरदायित्व
का विकास करना है।

स्वामी विवेकानंद के अनुसार, “शिक्षा वह है जो मनुष्य के भीतर निहित पूर्णता को अभिव्यक्त करे।” यह कथन आध्यात्मिक शिक्षा के सार को स्पष्ट करता है। आध्यात्मिक शिक्षा व्यक्ति को बाहरी सफलता के साथ-साथ आंतरिक शांति भी प्रदान करती है।

## 3. भारतीय परंपरा में आध्यात्मिक शिक्षा

भारतीय संस्कृति में आध्यात्मिक शिक्षा का विशेष स्थान रहा है। वेद, उपनिषद, गीता, बौद्ध एवं जैन दर्शन सभी आध्यात्मिक चेतना पर आधारित हैं।

### 3.1 वेद एवं उपनिषद

उपनिषदों में आत्मा, ब्रह्म और मोक्ष की अवधारणा के माध्यम से आत्मबोध पर बल दिया गया है। “तत्त्वमसि” और “अहं ब्रह्मास्मि” जैसे महावाक्य आध्यात्मिक शिक्षा के मूल सिद्धांत हैं।

### 3.2 गीता में आध्यात्मिक शिक्षा

श्रीमद्भगवद्गीता में कर्मयोग, भक्तियोग और ज्ञानयोग के माध्यम से जीवन के संतुलित दृष्टिकोण की शिक्षा दी गई है। गीता का संदेश आधुनिक समाज में भी अत्यंत प्रासंगिक है।

### 3.3 गुरुकुल प्रणाली

गुरुकुलों में शिक्षा का उद्देश्य केवल विद्या अर्जन नहीं, बल्कि चरित्र निर्माण था। गुरु और शिष्य के बीच आत्मिक संबंध आध्यात्मिक शिक्षा का आधार था।

## 4. आधुनिक समाज की विशेषताएँ

आधुनिक समाज की कुछ प्रमुख विशेषताएँ निम्नलिखित हैं—
वैज्ञानिक एवं तकनीकी प्रगति
औद्योगीकरण और शहरीकरण
उपभोक्तावाद और भौतिकतावाद
तीव्र प्रतिस्पर्धा
सामाजिक संबंधों में औपचारिकता

इन विशेषताओं ने मानव जीवन को सुविधाजनक तो बनाया है, किंतु साथ ही मानसिक तनाव, अकेलापन और नैतिक संकट को भी जन्म दिया है।

## 5. आधुनिक समाज में आध्यात्मिक शिक्षा की आवश्यकता

आधुनिक समाज में आध्यात्मिक शिक्षा की आवश्यकता निम्न कारणों से अत्यंत महत्वपूर्ण हो गई है—

### 5.1 मानसिक तनाव और अवसाद

आज की तेज़ जीवनशैली में व्यक्ति मानसिक तनाव, चिंता और अवसाद से ग्रस्त है। ध्यान और योग जैसी आध्यात्मिक प्रक्रियाएँ मानसिक स्वास्थ्य को सुदृढ़ करती हैं।

### 5.2 नैतिक मूल्यों का ह्रास

भ्रष्टाचार, हिंसा और असहिष्णुता नैतिक पतन के संकेत हैं। आध्यात्मिक शिक्षा नैतिक मूल्यों की पुनर्स्थापना में सहायक है।

5.3 सामाजिक विघटन

परिवार और समाज में बढ़ती दूरी को आध्यात्मिक शिक्षा द्वारा कम किया जा सकता है।

5.4 जीवन के उद्देश्य का संकट

आध्यात्मिक शिक्षा व्यक्ति को जीवन के व्यापक उद्देश्य को समझने में सहायता करती है।

## 6. आध्यात्मिक शिक्षा के समक्ष चुनौतियाँ

6.1 भौतिकतावाद का प्रभाव

आधुनिक समाज में भौतिक सुखों को ही सफलता का मापदंड माना जाता है, जिससे आध्यात्मिक मूल्यों की उपेक्षा होती है।

6.2 तकनीकी व्यस्तता

मोबाइल, इंटरनेट और सोशल मीडिया ने आत्मचिंतन के लिए समय कम कर दिया है।

6.3 धार्मिक संकीर्णता की भ्रांति

आध्यात्मिक शिक्षा को धार्मिक कट्टरता से जोड़कर देखा जाता है, जो इसके व्यापक स्वरूप को सीमित कर देता है।

6.4 शिक्षा प्रणाली में स्थान का अभाव

वर्तमान पाठ्यक्रमों में आध्यात्मिक एवं नैतिक शिक्षा को पर्याप्त महत्व नहीं दिया गया है।

6.5 प्रशिक्षित शिक्षकों की कमी

आध्यात्मिक शिक्षा के लिए योग्य और संवेदनशील शिक्षकों का अभाव भी एक बड़ी चुनौती है।

## 7. आधुनिक समाज में आध्यात्मिक शिक्षा की संभावनाएँ

7.1 मानसिक एवं भावनात्मक संतुलन

ध्यान, योग और आत्मचिंतन व्यक्ति को मानसिक शांति प्रदान करते हैं।

7.2 समग्र व्यक्तित्व विकास

आध्यात्मिक शिक्षा बौद्धिक, भावनात्मक और नैतिक विकास को संतुलित करती है।

7.3 सामाजिक सद्भाव

यह शिक्षा सहिष्णुता और भाईचारे को बढ़ावा देती है।

7.4 वैश्विक दृष्टिकोण

आध्यात्मिक चेतना से प्रेरित व्यक्ति संपूर्ण मानवता को एक परिवार मानता है—"वसुधैव कुटुम्बकम्।"

7.5 शिक्षा का मानवीयकरण

आध्यात्मिक शिक्षा आधुनिक शिक्षा को मानवीय स्वरूप प्रदान करती है।

## 8. आध्यात्मिक शिक्षा और आधुनिक शिक्षा का समन्वय

आधुनिक शिक्षा प्रणाली में आध्यात्मिक शिक्षा को निम्न रूपों में सम्मिलित किया जा सकता है—

योग एवं ध्यान को पाठ्यक्रम का भाग बनाना

नैतिक शिक्षा एवं जीवन-मूल्य शिक्षा

सेवा-आधारित गतिविधियाँ

व्यक्तित्व विकास कार्यक्रम
शिक्षक प्रशिक्षण में आध्यात्मिक दृष्टिकोण
इस समन्वय से शिक्षा अधिक प्रभावी एवं जीवनोपयोगी बन सकती है।

## 9. वैश्विक परिप्रेक्ष्य में आध्यात्मिक शिक्षा

आज विश्व के अनेक देशों में माइंडफुलनेस, योग और वैल्यू एजुकेशन को शिक्षा प्रणाली में सम्मिलित किया जा रहा है। यह दर्शाता है कि आध्यात्मिक शिक्षा केवल भारतीय संदर्भ तक सीमित नहीं, बल्कि वैश्विक आवश्यकता बन चुकी है।

## 10. निष्कर्ष

निष्कर्षतः यह कहा जा सकता है कि आधुनिक समाज में आध्यात्मिक शिक्षा की भूमिका अत्यंत महत्वपूर्ण है। भौतिक प्रगति के साथ यदि आध्यात्मिक चेतना का विकास नहीं हुआ, तो समाज असंतुलित हो जाएगा। आध्यात्मिक शिक्षा व्यक्ति को आत्मिक शांति, नैतिक दृष्टि और सामाजिक उत्तरदायित्व प्रदान करती है। यद्यपि इसके समक्ष अनेक चुनौतियाँ हैं, फिर भी इसकी संभावनाएँ अत्यंत व्यापक हैं। अतः एक संतुलित, शांतिपूर्ण और मूल्य-आधारित समाज के निर्माण हेतु आध्यात्मिक शिक्षा को आधुनिक शिक्षा प्रणाली का अभिन्न अंग बनाना समय की मांग है।

## संदर्भ (References)

अरविंद, श्री – मानव एकता का आदर्श
गीता प्रेस, गोरखपुर – श्रीमद्भगवद्गीता
पतंजलि – योगसूत्र
राधाकृष्णन, डॉ. सर्वपल्ली – भारतीय दर्शन
विवेकानंद, स्वामी – शिक्षा और आध्यात्मिकता
शर्मा, रामकुमार – आधुनिक शिक्षा और मूल्यबोध
UNESCO – Education for Peace and Values

# વર્તમાન સમયમાં આધ્યાત્મિક શિક્ષણની અનિવાર્યતા

**સુતરીયા પ્રવીણા જે.**
(પીએચ.ડી સ્કોલર).
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ.

**ડૉ. ઝાકીરહુસેન એ. મન્સૂરી**
એસોસીએટ પ્રોફેસર
એમ.એડ્. કોલેજ
દરામલી

**અમૂર્ત:** આજના વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં માનવીએ ભૌતિક સમૃદ્ધિના શિખરો તો સર કર્યા છે, પરંતુ આંતરિક શાંતિ અને સંતોષની દ્રષ્ટિએ તે વધુ ગરીબ બન્યો છે. આધ્યાત્મિક શિક્ષણ એ માત્ર ધાર્મિક ક્રિયાકાંડ નથી, પરંતુ તે સ્વયંને જાણવાની અને જીવનના ગહન રહસ્યોને સમજવાની એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. આજના તણાવપૂર્ણ વાતાવરણમાં વધતી જતી માનસિક બીમારીઓ, નૈતિક મૂલ્યોનું પતન અને વ્યક્તિગત સ્વાર્થના કારણે આધ્યાત્મિક શિક્ષણની જરૂરિયાત અનિવાર્ય બની છે. આ શિક્ષણ વ્યક્તિને મન પર કાબૂ રાખતા, મુશ્કેલ પરિસ્થિતિઓમાં સ્થિર રહેતા અને પરોપકારની ભાવના કેળવતા શીખવે છે. તે માનવીને ભૌતિકવાદના અતિરેકથી બચાવીને જીવનનો સાચો ઉદ્દેશ્ય સમજાવે છે. જ્યારે બાહ્ય સુખ-સુવિધાઓ માનવીને સંપૂર્ણ તૃપ્તિ આપવામાં નિષ્ફળ જાય છે, ત્યારે આધ્યાત્મિકતા આંતરિક સુખનો માર્ગ પ્રશસ્ત કરે છે. સમાજમાં વધતી હિંસા અને અસહિષ્ણુતાના નિવારણ માટે કરુણા, પ્રેમ અને વિશ્વબંધુત્વના પાઠ ભણાવતું આધ્યાત્મિક શિક્ષણ જ આધુનિક પેઢી માટે સાચું માર્ગદર્શક બની શકે છે. અંતે, માનવતાના સર્વાંગી વિકાસ અને વૈશ્વિક શાંતિ માટે આધ્યાત્મિક શિક્ષણ એ સમયની માંગ છે.આધુનિક યુગમાં માનવીએ વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. આજે આપણી પાસે સુખ-સુવિધાના તમામ સાધનો ઉપલબ્ધ છે, છતાં માનવી અશાંત, ચિંતિત અને તણાવગ્રસ્ત છે. વ્યક્તિગત જીવન હોય, પારિવારિક પ્રશ્નો હોય કે સામાજિક સંઘર્ષો—સમસ્યાઓનું પ્રમાણ ઘટવાને બદલે વધી રહ્યું છે. આનું મુખ્ય કારણ એ છે કે આપણે ભૌતિક વિકાસ તો કર્યો, પણ 'આંતરિક વિકાસ' કરવાનું ભૂલી ગયા છીએ. અહીં જ આધ્યાત્મિક શિક્ષણની અનિવાર્યતા ઊભી થાય છે.

ચાવીરૂપ શબ્દો: વર્તમાન સમય, આધ્યાત્મિક શિક્ષણ

**પ્રસ્તાવના :** વર્તમાન સમયમાં વિજ્ઞાન અને ટેકનોલોજીએ અભૂતપૂર્વ પ્રગતિ કરી છે, પરંતુ તેની સામે માનવીય મૂલ્યો અને માનસિક શાંતિમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ પરિસ્થિતિમાં આધ્યાત્મિક શિક્ષણની જરૂરિયાત અનિવાર્ય બની ગઈ છે.

આધ્યાત્મિક શિક્ષણ (Spiritual Education) વિશે સ્વામી વિવેકાનંદ અને અન્ય મહાનુભાવોના વિચારો હંમેશા પ્રેરણાદાયી રહ્યા છે. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર પુસ્તકીયું જ્ઞાન નહીં, પણ મનુષ્યના આંતરિક વિકાસ પર હતો.

**આધ્યાત્મિક શિક્ષણ એટલે શું?**

આધ્યાત્મિક શિક્ષણ એટલે માત્ર પૂજા-પાઠ કે કર્મકાંડ નહીં, પરંતુ પોતાની જાતને જાણવી. તે આત્માનું વિજ્ઞાન છે. તે આપણને શીખવે છે કે જીવનનો ઉદ્દેશ્ય શું છે, નૈતિક મૂલ્યો શું છે અને વિપરીત પરિસ્થિતિમાં સ્થિર કેવી રીતે રહેવું. તે વ્યક્તિના દ્રષ્ટિકોણમાં પરિવર્તન લાવવાની પ્રક્રિયા છે.

અહીં વિવિધ મહાનુભાવોના મંતવ્યો પ્રસ્તુત છે:

**૧. સ્વામી વિવેકાનંદ**

- વિવેકાનંદ માનતા હતા કે શિક્ષણ એ માણસની અંદર પહેલેથી જ રહેલી પૂર્ણતાનું પ્રગટીકરણ છે.
- શિક્ષણ એટલે માહિતીનો સંગ્રહ નહીં, પણ જે જીવનના ઘડતરમાં કામ લાગે તેવું જ્ઞાન.

**૨. મહાત્મા ગાંધી**

- ગાંધીજી માટે શિક્ષણ એટલે શરીર, મન અને આત્માનો સર્વાંગી વિકાસ.

**૩. રવીન્દ્રનાથ ટાગોર**

- ટાગોર પ્રકૃતિ અને આધ્યાત્મિકતાના સમન્વયમાં માનતા હતા.

**૪. શ્રી અરવિંદ ઘોષ**

- શ્રી અરવિંદે 'ચિત્ત શુધ્ધિ' પર ભાર મૂક્યો હતો.

**સમસ્યાઓના ઉકેલમાં આધ્યાત્મિકતાનો ફાળો**

જ્યારે આપણે સમસ્યાઓની વાત કરીએ છીએ, ત્યારે તે મુખ્યત્વે ત્રણ સ્તરે હોય છે: માનસિક, સામાજિક અને નૈતિક. આધ્યાત્મિક શિક્ષણ આ ત્રણેય સ્તરે ઉકેલ પૂરો પાડે છે.

**૧. માનસિક શાંતિ અને તણાવ મુક્તિ**

આજની સૌથી મોટી સમસ્યા માનસિક તણાવ અને ડિપ્રેશન છે. આધ્યાત્મિક શિક્ષણ આપણને 'સાક્ષી ભાવ' કેળવતા શીખવે છે. જ્યારે આપણે સમજવા લાગીએ છીએ કે પરિસ્થિતિઓ બદલાતી રહે છે પણ આપણું આંતરિક સ્વરૂપ સ્થિર છે, ત્યારે નાની-નાની મુશ્કેલીઓ આપણને વિચલિત કરી શકતી નથી. ધ્યાન (Meditation) અને યોગ દ્વારા મન પર કાબૂ મેળવી શકાય છે, જે નિર્ણય લેવાની ક્ષમતામાં વધારો કરે છે.

**૨. આત્મવિશ્વાસ અને આંતરિક શક્તિ**

ઘણીવાર સમસ્યાઓ આપણને એટલા માટે મોટી લાગે છે કારણ કે આપણે આપણી જાતને નબળી માની લઈએ છીએ. આધ્યાત્મિકતા આપણને અહેસાસ કરાવે છે કે દરેક મનુષ્યની અંદર અનંત શક્તિનો સ્ત્રોત છે. 'અહં બ્રહ્માસ્મિ' કે 'આત્મા'નું જ્ઞાન વ્યક્તિને નિડર બનાવે છે. આ આત્મવિશ્વાસ જ મોટામાં મોટી મુસીબતો સામે લડવાની શક્તિ આપે છે.

**૩. સંબંધોમાં મધુરતા અને ક્ષમાભાવ**

સામાજિક સમસ્યાઓ અને પારિવારિક ઝઘડાઓનું મૂળ સ્વાર્થ અને અહંકારમાં હોય છે. આધ્યાત્મિક શિક્ષણ પ્રેમ, કરુણા, અને ક્ષમાના પાઠ ભણાવે છે. જ્યારે આપણે 'વસુધૈવ કુટુંબકમ' (આખી દુનિયા એક પરિવાર છે) ની ભાવના કેળવીએ છીએ, ત્યારે ઇર્ષ્યા અને દ્વેષ આપોઆપ ઓગળી જાય છે. બીજાના દ્રષ્ટિકોણને સમજવાની ક્ષમતા કેળવાય છે, જેનાથી વિખવાદોનો અંત આવે છે.

**૪. નૈતિક મૂલ્યોનું ઘડતર**

ભ્રષ્ટાચાર, હિંસા અને અનૈતિકતા જેવી સમસ્યાઓ ત્યારે ઉદભવે છે જ્યારે માણસ માત્ર ભૌતિક લાભ પાછળ દોડે છે. આધ્યાત્મિકતા આપણને કર્મનો સિદ્ધાંત સમજાવે છે— જેવું વાવશો તેવું લણશો. આ સમજણ વ્યક્તિને ખોટા માર્ગે જતી રોકે છે અને સમાજમાં પ્રામાણિકતા અને સચ્ચાઈની સ્થાપના કરે છે.

**વર્તમાન શિક્ષણ પ્રણાલી અને આધ્યાત્મિકતા**

આપણી વર્તમાન શિક્ષણ પ્રણાલી આપણને 'જીવિકા' મેળવતા શીખવે છે, પણ 'જીવન' જીવતા શીખવતી નથી. ડિગ્રીઓ તો મળે છે, પણ ધીરજ અને સંયમનો અભાવ વર્તાય છે. જો શિક્ષણમાં આધ્યાત્મિક મૂલ્યો ઉમેરવામાં આવે, તો વિદ્યાર્થીઓ માત્ર સારા વ્યાવસાયિક જ નહીં, પણ સારા માણસો પણ બનશે.

"શિક્ષણ એ માત્ર માહિતીનું એકત્રીકરણ નથી, પણ ચરિત્ર નિર્માણની પ્રક્રિયા હોવી જોઈએ."

**સમસ્યાઓના ઉકેલ માટેના વ્યવહારુ આધ્યાત્મિક ઉપાયો**

- સ્વ-અવલોકન : દરરોજ થોડો સમય મૌન રહીને પોતાની ભૂલો અને વિચારોનું વિશ્લેષણ કરવું.
- સંતોષ : જે છે તેમાં ખુશ રહેવાની કળા શીખવી. લોભ એ અડધી સમસ્યાઓનું મૂળ છે.
- સેવા ભાવ: બીજાની મદદ કરવાથી મળતો આનંદ આપણા પોતાના દુઃખોને ભૂલવામાં મદદરૂપ થાય છે.
- સ્થિતપ્રજ્ઞતા: ગીતામાં કૃષ્ણે કહ્યું છે તેમ, સુખ અને દુઃખ બંનેમાં સમાન રહેવાનો પ્રયત્ન કરવો.

**સમાપન :**

સમસ્યાઓ એ જીવનનો અનિવાર્ય હિસ્સો છે, પરંતુ તેને જોવાનો આપણો દ્રષ્ટિકોણ આધ્યાત્મિક શિક્ષણ દ્વારા બદલી શકાય છે. આધ્યાત્મિકતા આપણને સમસ્યાઓથી ભાગવાનું નહીં, પણ તેની વચ્ચે રહીને શાંત રહીને ઉકેલ શોધવાનું શીખવે છે. જો આપણે એક સુખી, શાંત અને સમૃધ્ધ સમાજનું નિર્માણ કરવું હોય, તો ભૌતિક જ્ઞાનની સાથે આધ્યાત્મિક જ્ઞાનનો સમન્વય અનિવાર્ય છે.

A multiple factors, including lack of access to quality schools, poverty, social mores and customs and language have had a detrimental effect on rates of enrolment and retention among the scheduled castes. Bridging these gaps in access, participation and learning outcomes of children belonging to scheduled castes will continue to be one of the major goals. Also, the other backward classes (OBCs) which have been identified on the basis of historically being socially and educationally backward also need special focus.

Tribal communities and children from scheduled tribes also face disadvantages at multiple levels due to various historical and Geographical factors. Children from tribal communities often find their school education irrelevant and foreign to their lives, both culturally and academically, while several programmatic interventions to uplift children from tribal communities are currently in place and will continue to be pursued, special mechanisms need to be made to ensure that children belonging to tribal communities receive the benefits of these interventions.

Minorities are also relatively underrepresented in school and higher education. The policy acknowledges the importance of interventions to promote education of children belonging to all minority communities and particularly those communities that are educationally underrepresented.

The policy also recognizes the importance of creating enabling mechanisms for providing children with special needs (CWSN) or Divyang, the same opportunities of obtaining quality education as any other child.

**7. Formulation of different policies and strategies:-**

There have been various successful policies and schemes such as targeted scholarships, conditional cash transfers to incentivize parents to send their children to school, providing bicycles for transport etc that have significantly increased participation of SEDGs in the school system in certain areas. These successful policies and schemes must be significantly strengthened across the country. All scholarships and other opportunities and schemes available to students from SEDGs will be coordinated and announced by a single agency and website to ensure that all students are aware of and may apply in a simplified manner.

**8. Role of government in providing Equitable Education:-**

The government of India constitutes a Gender-Inclusion fund to build the nation's capacity to provide equitable quality education for all girls as well as transgender students. The fund available to states to implement priorities determined by the central government for assisting female and transgender children in gaining access to education(such as the provisions of sanitation and toilets, bicycles, conditional cash transfers etc). Fund also enable states to support and scale effective community based interventions that address local context specific barriers to female and transgender children's access to and participation in education. Similar inclusion fund schemes shall also be developed to address analogous access issues for other SEDGs.

**10. Conclusion**-On the basis of the present study, it can be concluded that Education is only the single tool for achieving Equality and social justice. Although there are lots of challenges for Socio-Economically disadvantage group students in gaining equality in Education. Different policies and strategies made by government made it possible. Teachers also play a great role in identifying student's learning disabilities and they try to provide continuous support to them so that they can learn school curriculum at their own pace. The curriculum that is relevant and relatable to all communities.

**References**

Aggarwal,J.c.(2006). Basic ideas in Education, New Delhi: Shipra Publications.
Yadav,R.S.( 2006). Education and Development, Kurukshetra: Associated Publishers
https://shikshan.org/nep-2020/equitable-inclusive-education
https://www.orfonline.org/expert-speak/equitable-and-inclusive-vision-in-the-nep-2020

# ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને ગણિત શીખવા માટે રચનાત્મક અભિગમ કાર્યક્રમની રચના અને અજમાયશ

PATEL ROSHANKUMAR RASHIKLAL
(Ph.D. RESEARCH SHCOLAR)
HEMCHANDRACHARY NORTH GUJARAT UNIVERSITY, PATAN

**સારાંશ (Abstract)**

આ સંશોધનનો હેતુ ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં ગણિત વિષય શીખવાની ગુણવત્તા વધારવા માટે રચનાત્મક અભિગમ આધારિત શિક્ષણ કાર્યક્રમની રચના કરવી અને તેની અસરકારકતા અજમાવવી છે. પરંપરાગત શિક્ષણ પદ્ધતિમાં વિદ્યાર્થીઓ સક્રિય ભાગીદારી કરતા નથી, પરિણામે ગણિત પ્રત્યે ભય અને અરસપરસ સમજનો અભાવ જોવા મળે છે. રચનાત્મક અભિગમ દ્વારા વિદ્યાર્થીઓ પોતાની પૂર્વજ્ઞાનના આધારે નવા જ્ઞાનનું નિર્માણ કરે છે. પ્રયોગાત્મક પદ્ધતિથી એક નિયંત્રણ જૂથ અને એક પ્રયોગ જૂથ પસંદ કરવામાં આવ્યા. પરિણામો દર્શાવે છે કે રચનાત્મક અભિગમ આધારિત કાર્યક્રમથી વિદ્યાર્થીઓની સિદ્ધિ, રસ અને સમસ્યા ઉકેલવાની ક્ષમતામાં નોંધપાત્ર સુધારો થયો છે.

**મુખ્ય શબ્દો**: રચનાત્મક અભિગમ, ગણિત શિક્ષણ, માધ્યમિક શાળા, કાર્યક્રમ રચના, અજમાયશ

**પરિચય:**

ગણિત વિષય માનવીના તર્કશક્તિ અને સમસ્યા ઉકેલવાની ક્ષમતાના વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. તેમ છતાં માધ્યમિક સ્તરે ઘણા વિદ્યાર્થીઓ ગણિતને કઠિન અને ભયજનક વિષય તરીકે અનુભવે છે. પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓમાં શિક્ષક કેન્દ્રિત અભિગમ હોવાથી વિદ્યાર્થીઓમાં સક્રિય શીખણનો અભાવ રહે છે. આજના આધુનિક શિક્ષણમાં રચનાત્મક અભિગમ વિદ્યાર્થીઓને શીખણ પ્રક્રિયાનો કેન્દ્ર બનાવે છે.

**સમસ્યાનું નિવેદન:**

આજના સમયમાં ગણિત વિષયને માધ્યમિક શાળાના ઘણા વિદ્યાર્થીઓ મુશ્કેલ, ભયજનક અને રસહીન વિષય તરીકે અનુભવે છે. પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓમાં મુખ્યત્વે શિક્ષક કેન્દ્રિત અભિગમ, રટણ આધારિત શીખણ અને પ્રશ્નોના યાંત્રિક ઉકેલ પર ભાર મૂકવામાં આવે છે. પરિણામે વિદ્યાર્થીઓમાં વિચારશક્તિ, તર્કશક્તિ, સમસ્યા ઉકેલવાની ક્ષમતા તથા સ્વયં શીખવાની પ્રક્રિયા પૂરતી વિકસતી નથી. ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં પણ ગણિત વિષયમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ અપેક્ષા મુજબ નથી હોવાની ફરિયાદો જોવા મળે છે.

રચનાત્મક અભિગમ અનુસાર વિદ્યાર્થી પોતાનાં અગાઉના જ્ઞાન અને અનુભવના આધારે નવું જ્ઞાન સ્વયં રચી શકે છે. આ અભિગમમાં પ્રવૃત્તિ આધારિત શીખણ, ચર્ચા, સહકાર, પ્રયોગ અને વાસ્તવિક જીવન સાથે જોડાયેલા ઉદાહરણો દ્વારા અર્થપૂર્ણ શીખણ પર ભાર મૂકવામાં આવે છે. પરંતુ ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં ગણિત વિષય માટે ખાસ રીતે રચનાત્મક અભિગમ આધારિત આયોજનબદ્ધ કાર્યક્રમોની રચના અને તેની વ્યવહારિક અજમાયશ પૂરતી પ્રમાણમાં થઈ નથી.

ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને ગણિત શીખવામાં વધુ રસપ્રદ, અર્થપૂર્ણ અને અસરકારક બનાવવા માટે રચનાત્મક અભિગમ આધારિત

ગણિત શિક્ષણ કાર્યક્રમની રચના કરવી અને તેની અસરકારકતાની અજમાયશ કરવી આવશ્યક બની છે. આ સંશોધન દ્વારા એ તપાસવાનો પ્રયાસ કરવામાં આવશે કે રચનાત્મક અભિગમ કાર્યક્રમ વિદ્યાર્થીઓની ગણિત વિષયની સમજ, અભિરુચિ અને શૈક્ષણિક સિદ્ધિ પર કેટલી હદે સકારાત્મક અસર કરે છે.

**સંશોધનના હેતુઓ:**

1. ગણિત શિક્ષણ માટે રચનાત્મક અભિગમ આધારિત કાર્યક્રમની રચના કરવી.
2. તૈયાર કરાયેલા કાર્યક્રમની અજમાયશ કરવી.
3. રચનાત્મક અભિગમ અને પરંપરાગત પદ્ધતિ વચ્ચે વિદ્યાર્થીઓની સિદ્ધિની તુલના કરવી.
4. વિદ્યાર્થીઓના રસ અને સમસ્યા ઉકેલવાની ક્ષમતામાં થતા ફેરફારોનો અભ્યાસ કરવો.

**સંશોધન ઉત્કલ્પના (Hypotheses):**

1. રચનાત્મક અભિગમ આધારિત કાર્યક્રમથી વિદ્યાર્થીઓની ગણિતીય સિદ્ધિમાં નોંધપાત્ર વધારો થશે.
2. પ્રયોગ જૂથ અને નિયંત્રણ જૂથના સરેરાશ ગુણોમાં નોંધપાત્ર તફાવત રહેશે નહિ.

**સંશોધન પદ્ધતિ:**

આ સંશોધનમાં પ્રયોગાત્મક પદ્ધતિ અપનાવવામાં આવી છે.

**નમૂનો (Sample):**

ગુજરાત રાજ્યની એક માધ્યમિક શાળાના ધોરણ 9 ના 60 વિદ્યાર્થીઓને નમૂનામાં લેવામાં આવ્યા. તેમાં 30 વિદ્યાર્થીઓ પ્રયોગ જૂથ અને 30 વિદ્યાર્થીઓ નિયંત્રણ જૂથમાં રાખવામાં આવ્યા.

**સાધનો (Tools):**

- ગણિત સિદ્ધિ કસોટી (પૂર્વ કસોટી અને પોસ્ટ કસોટી)
- વિદ્યાર્થીઓનો રસ માપવા પ્રશ્નાવલી

**કાર્યક્રમની રચના:**

રચનાત્મક અભિગમ આધારિત કાર્યક્રમમાં નીચેના ઘટકોનો સમાવેશ કરવામાં આવ્યો:

- જૂથ ચર્ચા
- પ્રવૃત્તિ આધારિત શીખણ
- વાસ્તવિક જીવન સાથે જોડાયેલા ઉદાહરણો
- પ્રશ્નોત્તરી અને સમસ્યા ઉકેલ
- શિક્ષક માર્ગદર્શક તરીકે

**કાર્યક્રમની અજમાયશ:**

પ્રયોગ જૂથને 4 અઠવાડિયા સુધી રચનાત્મક અભિગમ દ્વારા શિક્ષણ આપવામાં આવ્યું જ્યારે નિયંત્રણ જૂથને પરંપરાગત પદ્ધતિથી શિક્ષણ આપવામાં આવ્યું.

**માહિતી વિશ્લેષણ:**

પ્રાપ્ત થયેલા આંકડાઓનું સરેરાશ, માનક વિચલન અને t-કસોટી દ્વારા વિશ્લેષણ કરવામાં આવ્યું.

**પરિણામો:**

- પ્રયોગ જૂથના વિદ્યાર્થીઓની ગણિત સિદ્ધિમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો.
- વિદ્યાર્થીઓમાં ગણિત પ્રત્યે રસ અને આત્મવિશ્વાસમાં વધારો થયો.
- સમસ્યા ઉકેલવાની ક્ષમતામાં સુધારો નોંધાયો.

**નિષ્કર્ષ:**

અભ્યાસ પરથી નિષ્કર્ષ કાઢી શકાય છે કે રચનાત્મક અભિગમ આધારિત કાર્યક્રમ ગણિત શિક્ષણને વધુ અસરકારક, રસપ્રદ અને વિદ્યાર્થી કેન્દ્રિત બનાવે છે. આ અભિગમ માધ્યમિક સ્તરે ગણિત શિક્ષણ માટે અત્યંત ઉપયોગી સાબિત થાય છે.

**શૈક્ષણિક સૂચનો:**

1. માધ્યમિક શાળાઓમાં ગણિત શિક્ષણ માટે રચનાત્મક અભિગમ અપનાવવો જોઈએ.

2. શિક્ષકોને આ અભિગમ અંગે તાલીમ આપવી જોઈએ.
3. પાઠ્યક્રમમાં પ્રવૃત્તિ આધારિત શીખણનો સમાવેશ કરવો જોઈએ.

**ભવિષ્યના સંશોધન માટે સૂચનો:**

- આ અભ્યાસને અન્ય વિષયો પર પણ અજમાવી શકાય.
- મોટા નમૂનાથી અભ્યાસ કરી શકાય.
- દીર્ઘકાળીન અસરનો અભ્યાસ કરી શકાય.

**સંદર્ભો**

NCERT (2005). *National Curriculum Framework*.
Piaget, J. (1970). *Science of Education and the Psychology of the Child*.
Vygotsky, L. S. (1978). *Mind in Society*.

## સદ્દભાવના-સહિષ્ણુતા-માનવતા અને ઇસ્લામદર્શન

**ડૉ.ઝાકીરહુસેન એ. મનસુરી**
**એસો.પ્રોફેસર, એમ.એડ્. કૉલેજ,દરામલી, તા.- ઇડર, જી.- સાબરકાંઠા**
Zakirhmt1353@gmail.com Mo. 9376921353, 8200208350

**સારાંશ :**

ઈસ્લામ સમર્ગ માનવતાનો ધર્મ અને માનવ સમાજ માટે સંપૂર્ણ જીવન વ્યવસ્થા છે. ઇસ્લામ માનવોને ઉપહાર સ્વરૂપે તે શક્તિએ અર્પણ કર્યો છે. જેને માનવો અલ્લાહ ઇશ્વર અને પ્રભુના નામે પોકારે છે. જે સમગ્ર સૃષ્ટિનો સર્જનહાર,પાલનહાર અને પ્રત્યેક ચીજનો જાણનાર અને ખબર રાખનાર છે. ધરતી અને આકાશનુ તમામ વ્યવસ્થાતંત્ર તેના આદેશ અને આજ્ઞા તેમજ નિયંત્રણ મુજબ ચાલે છે. ઈસ્લામના આ જ સર્જનહારે માનવોને આપેલ દીન અને ધર્મ છે.

ચાવીરૂપ શબ્દો: **સદ્દભાવના, સહિષ્ણુતા, માનવતા અને ઇસ્લામ**

ઈસ્લામ: અર્થ

ઈસ્લામના બે અર્થ થાય છે. એક શાંતિ અને સલામતી અને બીજો આત્મ સમર્પણ. ઇસ્લામી પરિભાષામાં તેનો અર્થ થાય છે, અલ્લાહના હુકમ, ઇચ્છા, મરજી અને ઇશ્વરીય આદેશો-નિર્દેશોની સામે સંપૂર્ણ આત્મ સમર્પણ કરીને લોકના જીવનમાં નિરંતર શાંતિ અને સલામતી પ્રાપ્ત કરવી. પોતાના વ્યક્તિત્વથી લઇને જીવનના તમામ ક્ષેત્રોમાં શાંતિની સ્થાપના કરવી. માનવીય જીવનના તમામ પાસા જેવા કે, આર્થિક, સામાજીક, શૈક્ષણિક રાજનૈતીક, પારિવારીક અને આધ્યાત્મિક તેમજ તેનાથી સંકાળાયેલા તમામ ભાગો સલામત બની જાય અને માનવજીવન ઇશ્વરે નિર્ધારિત કરેલ નીતિ-નિયમો મુજબ ખુશહાલ, સમૃદ્ધ અને ઇશ્વરની પ્રસન્નતા પામેલ બની જાય અને તેના વડે માનવસમાજ ને પરલોકમાં શાશ્વત શાંતિ પ્રાપ્ત થાય.

ઇસ્લામ સૌ પ્રથમ જે શિક્ષણ આપે છે તે એ કે, તમામ માનવો આદમની સંતાન છે. એટલે તમામ માનવો એકબીજાના ભાઇબહેન છે. અલ્લાહના અંતિમ ગ્રંથ કુઆર્નમાં કહ્યું છે, લોકો પોતાના રબ (માલિક)થી ડરો જેણે તમને એક જીવથી પેદા કર્યા અને તે જ જીવથી તેનું જોડુ બનાવ્યું અને બંનેથી ઘણા પુરૂષો અને સ્ત્રીઓ દુનિયામાં ફેલાવી દીધા. અંતિમ ઇશદૂત હઝરત મુહમ્મદ (સલ્લ.) એ ફરમાવ્યું. લોકો તમારો માલિક અને પાલનહાર પણ એક જ છે અને તમારા પિતા (પ્રથમ ઇશદૂત હ.આલમ અલૈ.) પણ એક છે. તમે આદમથી સંબંધિત છો અને તે આદમને માટીમાંથી બનાવવામાં આવ્યા હતા.

વાસ્તવમાં ઇસ્લામ એટલો જ પ્રાચીન અને સનાતન છે જેટલી માનવની ઉત્પત્તિ, અને એટલો જ સંપૂર્ણ અત્યાધુનિક અને નવનિર્મિત છે કે તેમાં વર્તમાનયુગની અને આ યુગની આલોકની તમામ સમસ્યાઓનો ઉકેલ છે. તે સાથે દરેક સમયે તે મનુષ્ય માનવ તરીકેની જવાબદારીઓ અને કર્તવ્ય ખૂબીપૂર્વક અદા કરવા સક્ષમ બનાવે છે. ઇસ્લામ મનુષ્યના વ્યક્તિગત આચરણ અને સામાજિક નીતિનિયમોની એક ચોક્કસ વ્યવસ્થા પૂરી પાડે છે. સત્યનિષ્ઠા સાથે શાંતિ, સલામતી, સદભાવ અને નૈતિક મૂલ્યોથી ભરપુર જીવનના આદર્શો શિખવે છે, અને અંતિમ ઇશદૂત હઝરત મુહમ્મદ સલ્લ. કુઆર્નની શિક્ષા મુજબ આ તમામ

બાબતો ઉપર વ્યવહારૃ અમલ કરીને પણ દેખાડી દીધો છે. જેથી તેની શિક્ષણ ઉપર અમલ કરવો દરેક યુગ માટે તદ્દન સરળ બની જાય.

હઝરત મુહમ્મદ સલ્લ.એ માનવ સમાજને સમજાવ્યું કે તમારો પાલનહાર એટલો દયાળુ અને કૃપાવાન છે કે પોતાના બંદાઓથી અત્યંત પ્રેમ કરે છે અને ઇચ્છે છેકે તેના બંદાઓ આ જગતમાં અત્યંત, શાંત, સુશીલ અને ભાતૃત્વભાવના વાળુ જીવન એવી રીતે વ્યતીત કરે કે પોતાના માલીકની સાચા અર્થમાં બંદગી કરવા સાથે તેના દરેક બંદા અને દરેક જીવ સાથે પણ સ્નેહ સંબંધ જાળવી રાખે. અને આ ઉત્તમ ગુણોનો પયગંબર સલ્લ.ની પોતાની જાતમાં એટલી હદે સુમેળ થઇ ગયો હતો કે આપ સલ્લ. ના મનમાં ન માત્ર પોતાના સાથીઓ સાથે બલ્કે શત્રુઓ સુધ્ધાં માટે રજમાત્ર કડવાશ કે વેરઝેર ન હતુ. અને એટલે જ સૃષ્ટિના સર્જનહારે કુઆર્નમાં ફરમાવ્યું કે "હે પયગંબર અમે તમને દુનિયામાં વસતા તમામ (મનુષ્યો) માટે સર્વથા કૃપા અને દયા બનાવીને મોકલ્યા છે". (૨૧,૧૦૭) આ સાથે અલ્લાહના અંતિમ પયગંબર (સલ્લ.) ને માનવ સમૂદાય પ્રત્યે જે જવાબદારીઓ અદા કરવાની હતી તે પણ જણાવી દેવામાં આવ્યું કે, "હે પયગંબર, અમે તમને સાક્ષી બનાવીને, (સદ્દકાર્યાને અંજામની) શુભ સુચના આપનાર બનાવીને અને (દુષ્કૃત્યોના અંજામથી) સચેત કરનાર બનાવીને મોકલ્યા છે, અલ્લાહની આજ્ઞાથી તેના તરફ બોલાવનાર અને પ્રકાશિત દીપ બનાવીને. (૩૩, ૪૫-૪૬)

**સદ્દભાવનાનું મહત્વ :**

ઇસ્લામે પોતાના આગમનના પ્રથમ દિવસથી જ એ વાત ઉપર સૌથી વધારે ભાર મૂક્યો કે માનવ સમુદાય પરસ્પર સદ્દભાવના સાથે જીવન વ્યતીત કરે. ઇસ્લામ જે સદ્દભાવનાની તાલીમ આપે છે તે એ છે કે તેનો પ્રત્યેક અનુયાયી જ નહીં પ્રત્યેક મનુષ્ય તેના જેવા બીજા મનુષ્ય પ્રત્યે સંપૂર્ણ સદ્વર્તન અને આદર સાથે રહે. તેના મનમાં કોઇના પ્રત્યે કંઇ દ્વેષ, ધૃણા, અદેખઆઇ કે ઇર્ષા ન હોય. તેને ઇશ્વર તરફથી જે આપવામાં આવ્યું છે તેના ઉપર સંતુષ્ઠ રહે અને બીજાઓને સતત સહાયભૂત થવા, મદદરૂપ બનવા પ્રયત્નશીલ રહે. તેની સદ્દભાવના માત્ર માનવો સુધી જ સિમિત ન રહે બલ્કે પ્રત્યેક જીવજંતુ તેના દ્વારા રાહત પામે.

અલ્લાહના રસૂલ સલ્લ.એ કહ્યું "પ્રત્યેક સજીવની સેવા પુણ્યકારી છે" તે સાથે વધુમાં એક બોધવચન આપતા કહ્યું કે, "સદાચાર ઉત્તમ નૈતિકતાનું નામ છે અને પાપ તે છે જે તમારા હૃદયમાં ખૂંચે અને તમને એ પસંદ ન હોય કે લોકોને તેની ખબર પડી જાય"

આ સદ્દભાવનાનો આરંભ ક્યાંથી થાય માટે સૌ પ્રથમ સદ્દવર્તન પોતાના મા-બાપ સાથે કરે. જેના થકી અને જેના વડે મનુષ્ય આ જગતમાં પ્રવેશ પામે છે. વર્તમાનની સૌથી વધારે ગંભીર અને હૃદયદ્રાવક બાબત પણ આ જ છે કે આજનો મનુષ્ય મા-બાપને ભૂલતો જઇ રહ્યો છે. એક મા-બાપ ચાર અને તેના ઉપરાંત સંતાનો રોજી-રોટી પુરી પાડે, જાળવણી કરે અને એ તમામ સંતાનો ભેગા મળીને પણ એક માત્ર મા-બાપને જાળવી ન શકે, કેવી વિડંબના અને પરિણામે વૃધ્ધાશ્રમો અને ઘરડાઘરની ઉત્પત્તિ થઇ. અત્યારના માનવ સમાજનુ કેવું બિહામણું અને વરવુ પાસુ અને સદ્દભાવનાનું આ વર્તુળ વિસ્તરતું જઇ રહ્યું છે વ્યક્તિના પોતાના સગાવ્હાંલા, પરિવારજનો, પાડોશી, સ્નેહીમિત્રો, પ્રવાસના સાથીઓ, બિરાદરી અને સમાજના લોકો, દેશવાસી ભાઇઓ-બહેનો તેમજ અલ્લાહના અન્ય સર્જનો પશુ-પક્ષીઓ અને કુદરતી સંપત્તિ તમામ સાથે સદ્દવર્તન અને સદ્દભાવના એ ઇસ્લામની માનવસમાજની દેન છે. ઇસ્લામનો આદેશ છે કે, "તમે જે પોતાના માટે પસંદ કરો તે જ તમારા ભાઇ (બહેન) માટે પણ પસંદ કરો. " આપનાર હાથ લેનાર હાથ કરતાં શ્રેષ્ઠ હોય છે." "તમે જે ખાવ તે જ તમારા દાસ-દાસીઓને ખવડાવો, તમે જે પહેરો તે જ તેમને પહેરાવો"...."તમે જમતા પહેલા એ વાતની ખાત્રી કરીલો કે તમારો પાડોશી ભૂખ્યો તો નથી". આ અને આવી અસંખ્ય શિખામણો અને આજ્ઞાઓ આપવામાં આવી છે. અહીં એક ઐતિહાસક પ્રસંગ જે આપણને પ્રેરક બળ પુરું પાડે છે તેનું વર્ણન છે. અલ્લાહના અંતિમ પયગંબર (સલ્લ.) એ મક્કા ઉપર વિજય મેળવ્યો ત્યારે જન મેદની જે એકઠી થઇ હતી તેમને પ્રશ્ન કર્યો, "હૈ કુરૈશના લોકો ! જાણો છો, હું તમારી સાથે શું કરવાનો છું ? આ સાંભળતા જ એક સન્નાટો છવાઇ ગયો. એક ભય અને ફફડાટ વ્યાપી ગયો હશે તેમના મન મસ્તિષ્ક ઉપર. તે તમામ કૃત્યો અને અત્યાચારો તેમને યાદ આવી ગયા જે તેમણે મુહમ્મદ (સલ્લ.) ઉપર ગુજાર્યા હતા. દુનિયાની

એવી કોઇ યાતના અને દુઃખ ન હતા જે તેમણે મુહમ્મદ (સલ્લ.) અને આપના સાથીઓને પહોંચાડ્યા ન હોય, આજે તે તમામ તેમની નજરો સામે તરવરી ઉઠ્યા. પરંતુ તેઓ તેમના પોતાના ભાઇ હઝરત મુહમ્મદ સલ્લ.ની દયા અને કૃપા ને જાણતા હતા. અત્યંત વિનમ્રતા અને આશા સાથે સૌ એકી અવાજે પોકારી ઉઠ્યા. "સારો વ્યવહાર, આપ સજ્જનભાઇ છો અને સારા ભાઇના પુત્ર છો". અલાહના અંતિમ રસૂલ સલ્લ.એ તેમની આશાનો એવો જ ઉત્તર આપ્યો, ફરમાવ્યું કે, "આજે તમારી કોઇ પકડ નથી, જાઓ તમે સૌ મુકત છો, તમે સૌ માફ છો." માનવ ઇતિહાસ આવો એક પણ પ્રસંગ રજુ નથી કરી શક્યો નહીંતર વિજેતા પરાજીતોના સાથે શું નથી કરતો ? તેમના એક એક કૃત્યનો ગણી ગણીને બદલો લે છે પરંતુ અલ્લાહના આ પ્રિય દીનની આ તાલીમ અને શિક્ષા નથી તેણે તો દુષ્ટતમ શત્રુ સાથે પણ સદ્દભાવનાની ન માત્ર ભલામણ કરી છે બલ્કે આદેશ આપ્યો છે કુઆર્ન કહે છે, "નેકી (સદાચાર) એ નથી કે તમારા મુખ પૂર્વ કે પશ્ચિમ તરફ કરીલો, બલ્કે નેકી તો એ છે કે મનુષ્ય અલ્લાહને, અંતિમ (પ્રલયના) દિવસને ફરિશ્તાઓને, આકાશી ગ્રંથોને અને પયગંબરો (ઇશદૂતો)ને હૃદયપૂર્વક માને તથા ઇશપ્રેમમાં પોતાનાનું પ્રિય ધન સગાઓ અને અનાથો જરૂરતમંદો અને મુસાફરો, મદદ માટે હાથ લંબાવનારાઓ અને ગુલામો (કરજદારો)ની મુક્તિ માટે ખર્ચ કરે છે. નમાઝ કાયમ કરે અને ઝકાત (ધર્મદાન) આપે, અને સદાચારી લોકો એ છે જે વચન આપે તો તેને પુરુ કરે અને તંગી અને મુસીબતમાં તથા સત્ય અસત્યના સંઘર્ષમાં ધૈર્ય રાખે. આ છે સત્યનિષ્ઠ લોકો અને આ જ લોકો સંયમી અને ઇશભય રાખનારા છે.

**સહિષ્ણુતા કેમ જરૂરી ?** :

ઇસ્લામ જે મહત્વની શિક્ષા માનવ સમાજ સમક્ષ રજુ કરે છે તેમાં સહિષ્ણુતાનું પણ ખૂબ જ મહત્વ છે. ઇસ્લામ અંગે જે આક્ષોપો કરવામાં આવે છે તેમાંથી એક એ છે કે તે અલગાવવાદી છે. તે તેના અનુયાયીઓને વ્યક્તિત્વવાદ અને એકલાપણુ શીખવાડે છે. સદ્વર્તન, સદ્દભાવના, હમદર્દી, સમાનતા અને પરસ્પર સંપર્કને સહયોગ તેમજ માનવીય સબંધોની જે તાલીમ તેણે આપી છે, તે માત્ર મુસલમાનો માટે જ છે અને બીજા લોકો માટે તેના પાસે નફરત, ધૃણા અને

તિરસ્કાર જ છે. તે મુસલમાનોને આદેશ આપે છે કે બીજા ધર્મવાળાઓ સાથે કોઇ સંબંધ ન રાખે અને તેમને તકલીફ પહોંચાડવાની કોઇ તક જતી ન કરે. આમ એવું દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે કે જ્યાં એક થી વધુ ધર્મને માનવાવાળાઓ રહેતા હોય, તે સમાજ માટે ઇસ્લામ યોગ્ય નથી અને તેવી પરિસ્થિતિમાં ઇસ્લામની સામાજિક શિક્ષાઓ સામુદાયિક એકરૂપતા અને સદ્દભાવનાની રાહમાં એક મોટો અવરોધ છે.

ઇસ્લામી શિક્ષાઓ માટે આ વિચાર અને દ્રષ્ટિકોણ ન તો ઉચિત છે ન ન્યાયી ઇસ્લામે નક્કી કરેલ મનુષ્યોના પાયાના અધિકારો અને આદર્શ સમાજના નિર્માણમાં તેણે આપેલ આદેશો અને માર્ગદર્શન, ઇસ્લામનો અનુયાયી હોય કે તેનો ઇન્કાર કરનાર, દરેક ઉપર લાગુ પડશે. એક એવો સમાજ, જ્યાં વિભિન્ન ધર્મો અને સભ્યતાઓને માનનારા હોય તેના લોકોના પારસ્પારિક સંબંધો અંગે ઇસ્લામે સ્પષ્ટ આદેશો આપ્યા છે. જેમાં આધિન આ સંબંધો ઇર્ષ્યા, તિરસ્કાર, નફરત, મલિનતા અને પૂર્વગ્રહો ઉપર નહીં બલ્કે સહાનુભૂતિ, સદ્દભાવના અને પરસ્પર એકતા અને સુધારણા ઉપર હશે.

મનુષ્ય એક સામાજિક અને સામુહિક વજૂદ ધરાવે છે અને આ જીવન જીવવા માટે તેને પ્રેમ, હમદર્દી, સુલેહ-શાંતિ, ભલાઇ, સજ્જનતા, ન્યાય અને સમાનતા, વિનય અને વિવેક, ઉદારતા અને પરોપકાર, નિખાલસતા અને સહયોગ જેવા પાયાના નૈતિક સિધ્ધાંતોની ડગલે પગલે જરૂર પડે છે. આપણે જાણીએ છીએ કે ધરતીમાં વસતા બધા મનુષ્યો અને જૂથોની આસ્થા, વિશ્વાસ, વિચારો અને જીવનશૈલી જુદી જુદી હોય છે. આ સંદર્ભે સહિષ્ણુતાનો વ્યવહાર કરવામાં ન આવે તો સભ્યતા યુકત અને સાંસ્કૃતિક વ્યવસ્થા જ છિન્નભિન્ન થઇ જાય. પ્રત્યેક વ્યક્તિના પોતાના આચાર-વિચાર અને જીવનશૈલી હોય છે જે આપણી આસ્થા અને મતથી ભિન્ન પણ હોઇ શકે છે. પણ આ ભેદના કારણે આપણાથી વિરૂધ્ધ આસ્થા અને જીવનસૈલી ધરાવતા લોકો સાથે વેરભાવના રાખવી અથવા તેમને નુકસાન પહોંચાડવાનો પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ પ્રયત્ન કરવો એ ઇસ્લામના સમીપ જરાપણ પસંદગીને પાત્ર નથી. અલ્લાહની સમીપ એવી વ્યક્તિ તદ્દન અપ્રિય છે.

કુઆર્નનો બોધ છે કે, "હે પયગંબર! સદાચાર અને દુરાચાર સમાન નથી, તમે દુરાચારને એ સદાચાર વડે નષ્ટ કરો, જે સર્વોત્તમ હોય. તમે જોશો કે જેના સાથે તમારે વેર હતુ, તે જીગરના મિત્ર બની ગયો છે.(૪૧,૩૪)

વાસ્તવમાં સહિષ્ણુતા એ છે કે જે લોકોની આસ્થાઓ અને આચાર-વિચાર આપણા સમીપ ખોટા હોય અને આપણા સમાન ન હોય તો પણ તેમને આપણે નભાવીએ અને તેમની લાગણીઓ કે ભાવાનાઓને દુઃખ પહોંચે તેવુ વર્તન ન કરીએ બલ્કે રોજ-બરોજના મામલાઓમાં વિશાળહૃદય રાખીને વર્તીએ. આન બાબતનુ સમર્થન કરતાં કુઆર્ન કહે છે, "હે ઇમાનવાળાઓ ! અલ્લાહ કાજે સચ્ચાઇ ઉપર મક્કમ રહો અને ન્યાયની સાક્ષી આપનારા બનો, કોઇ જૂથની દુશ્મની તમને એટલી ઉત્તેજિત ન કરી દે કે તમે ન્યાયથી ફરી જાઓ, ન્યાય કરો, આ ઇશપરાયણતાના વધુ સમીપ છે, અલ્લાહનો ડર રાખો, જે કંઇ તમે કરો છો, અલ્લાહ તેનાથી સંપૂર્ણ વાકેફ છે." (૫,૮)

ઇસ્લામ અપાર કરુણા, કૃપા અને સહિષ્ણુતાનો ધર્મ છે. વરસાદ, હવા, પ્રકાશની જેમ ઇસ્લામ ઉપર પણ તમામ મનુષ્યોનો અધિકાર છે, જેનું મન ચાહે આ કૃપાથી એ જ રીતે લાભાન્વિત થઇ શકે છે.

**મુસલમાનોમાં સહિષ્ણુતાનો આધાર**:

ઇસ્લામે મુસલમાનોને બિનમુસ્લિમો સાથે સહિષ્ણુ અને ઉદાર વ્યવહારની તાકીદ કરી છે. તેનો આધાર તેના મૂલ્યો અને સિધ્ધાંતો પર છે. જેમ કે સૌ પ્રથમ ઇસ્લામ પ્રત્યેક મુસલમાનને મનુષ્યનો આદર-સન્માન કરવાનો આદેશ આપે છે. ચાહે તે કોઇપણ ધર્મ, જાતિ કે પ્રદેશનો હોય, કેમ કે ઇશ્વરે પોતે જ મનુષ્યને પ્રતિષ્ઠા આપી છે. કુઆર્નમાં ઉલ્લેખ છે, "અમે આદમની સંતાનને શ્રેષ્ઠતા પ્રદાન કરી".

બીજી બાબત મુસલમાનો એવુ માને છે કે ધાર્મિક બાબતોમાં મતભેદ એ અલ્લાહની મરજી અને તેની યોજના અંતર્ગત છે. તેણે જ મનુષ્યની કસોટી માટે, તેને સત્ય અને અસત્યના સ્વીકાર માટે સ્વતંત્ર છોડ્યો છે. કુઆર્નના શબ્દો છે, "કહી દો, આ સત્ય છે, તમારા પ્રભુ તરફથી, તો હવે જે કોઇ ઇચ્છે તેને માને અને જે ઇચ્છે તે તેનો ઇન્કાર કરી દે".(૧૮,૨૯)

એક અન્ય જગ્યાએ કહ્યું, "જો તમારો રબ (પ્રભુ –પાલનહાર) ઇચ્છતો તો ધરતી ઉપર જેટલા લોકો છે, તે સૌ ઈમાન લઇ આવતા, પછી શું તમે લોકોને વિવશ કરશો કે તેઓ ઇમાનવાળા થઇ જાય ! (કુઆર્ન ૧૦,૯૯) એ

ત્રીજી બાબત મુસલમાનો માને છે કે આ દુનિયા કસોટીકાળ છે, કર્મ કરવાની જગ્યા છે. આ ધરતી હિસાબ-કિતાબની નથી. અને લોકોનો હિસાબ કરવા માટે મુસલમાનને જવાબદર બનાવવામાં નથી આવ્યો. તેની તો માત્ર અલ્લાહની વાત લોકો સુધી પહોંચાડી દેવાની જ જવાબદારી છે બાકી તમામ માનવજાતનો હિસાબ તો તેમનો સર્જનહાર સ્વંય જ કરશે.

ચોથી વાત મુસલમાન એ વાત ઉપર આસ્થા ધરાવે છે કે ઇશ્વર ન્યાય અને ઇન્સાફ કરવાવાળો છે. તે મુસલમાનોને પણ તેનો જ આદેશ આપે છે. અને તેવા લોકોને જ પસંદ કરે છે જેમનું ચરિત્ર ઉચ્ચતમ હોય અને જે કદી બીજાઓ અને વિધર્મીઓ સાથે જુલ્મ અત્યાચાર કે અતિરેક ન કરતો હોય. આને સામે રાખીને કુઆર્ન કહે છે કે, "દીન (ધર્મ)ના મામલામાં કોઇ બળજબરી નથી." અને તેથી જ ઇસ્લામે તેના અનુયાયીઓને બીજાઓના ઉપાકો વિશે અપશબ્દો કહેવાની મનાઇ કરી છે. તો પછી ધર્મો જાતિઓ કે વર્ગો વિષે તો અપશબ્દો કહેવાને સ્થાન જ ક્યાં છે.

ઉદારતા અને સહિષ્ણુતાની આ ઝાંખી પયંગબર સાથીઓમાં પણ ઇસ્લામની તાલીમ મુજબની જ જોવા મળતી હતી. દ્રિતીયા હઝરત ઉમર રદિ.. સીરિયાના પ્રવાસે જતાં એક એવા માર્ગથી પસાર થયા જ્યાં કેટલાક ખ્રિસ્તી કુષ્ઠરોગીઓનો ભેટો થઇ ગયો તો તેમણે બયતુલમાલ (સાર્વજનિક નાણાં ભંડોણ)માંથી તેમની સઘળી મદદ કરી.

બિન મુસ્લિમો સાથે પ્રેમ, સમતા, સમાનતા, સદ્દભાવ, ન્યાય અને સહિષ્ણુતાની ઘટનાઓથી ઇસ્લામી ઇતિહાસ ભરી પડેલો છે. મક્કા વિજય પછી હિજરી સન.૯માં નજરાનથી ખ્રિસ્તીઓનું એક પ્રતિનિધિમંડળ હઝરત મુહમ્મદ સલ્લ.ની સેવામાં હાજર થયું ત્યારે તેમના સાથે જે સમજૂતી કરવામાં આવી તે પ્રસિધ્ધ ઇતિહાસકાર સર વિલિયમસૂરના શબ્દોમાં આ પ્રમાણે છે."પયંગબરે, બિશપો, પાદરીઓ અને સન્યાસીઓને એ લેખિત નોંધ આપી કે તેમના દેવળો

અને આશ્રમોમા દરેક વસ્તુઓ જેમની તેમ રાખવામાં આવશે. વચન આપવામાં આવ્યું કે, કોઇ બિશપ પોતાના હોદ્દાથી બરતરફ નહી થાય ન તેમની સત્તા, અધિકાર કે દિન ચર્યામાં કોઇ ફેરફાર કરવામાં આવશે. જ્યારે તેઓ શાંતિ, સુલેહ અને પ્રમાણિકતાથી રહેશે તો તેમના ઉપર બળજબરી કે અત્યાચાર કરવામાં નહી આવે ન તેઓ કોઇના સાથે આવું કરશે. (Prophet Muhammed Pg.૧૫૮) હઝરત મુહમ્મદ સલ્લ.એ મુશિરકો (અનેકેશ્વારવાદીઓ) અને ઇસ્લામ વિરોધીઓથી જેટલા પણ કરાર કર્યા તે બધામાં આ કલમ સામેલ હતી કે, તેઓના જાન-માલ ,વેપાર જમીનો, સંપત્તિ સુરક્ષિત રહેશે. તેમના પાદરીઓ અને પૂજારીઓ તેમના પદો ઉપરથી હટાવવામાં નહીં આવે.(મકાલાતે શિબ્લી ભાગ-૧પૃ.૧૯૭)

એડવર્ડ ગિબ્બન લખે છે, "ઇસ્લામે કોઇપણ ધર્મના મામલામાં દખલ કરી નથી કોઇને તકલીફ નથી આપી, વિધર્મીઓને સજા આપવા કોઇ ધાર્મિક અદાલત કાયમ કરી નથી તેમજ ઇસ્લામે લોકોના ધર્મને બળજબરી પરિવર્તન કરવાનો ક્યારેય ઇરાદો કર્યો નથી. ઇસ્લામ સ્વીકારવાથી લોકોને વિજેતાઓની બરાબર અધિકારો મળી જતા હતા અને પરાજિત પ્રદશો એ શરતો અને બંધનોથી પણ સ્વતંત્ર થઇ જતા હતા, જે પ્રત્યેક વિજેતા જગતના પ્રારંભથી હઝરત મુહમ્મદ સલ્લ.ના જમાના સુધી હમેંશા લાગુ પાડતા હતા.

ઇસ્લામના ઇતિહાસના દરેક પાના ઉપર અને દરેક દેશમાં, જ્યાં તેમને આધિપત્ર પ્રાપ્ત થયું ત્યાં અન્ય ધર્મોથી કોઇ ઘર્ષણ જોવા મળતુ નથી ત્યાં સુધી કે પેલેસ્ટાઇનમાં એક ખ્રિસ્તી કવિ એ આ ઘટનાઓ જોઇને, જેનો ઉલ્લેખ અમે કરી રહ્યા છીએ, બારસો વર્ષ પછી જાહેરમાં કહ્યું હતું કે માત્ર મુસલમાનો જ આ ધરતી ઉપર એક એવી કોમ છે, જે અન્ય ધર્મના અનુયાયીઓને દરેક પ્રકારની સ્વતંત્રતા આપે છે. (ઝવાલેરૂમ પૃ.૧૫૮)

જ્યારે અમુક લોકો એક સાથે રહે છે તો તેમના વચ્ચે પરસ્પર સામાજિક સંબંધો બંધાય છે. તેઓ એકબીજાના સુખ-દુઃખમાં અને સારા નરસા પ્રસંગોમાં સહભાગી બને છે. ઇસ્લામ પોતાના અનુયાયીઓ માટે આવશ્યક ઠેરવે છે કે તે તેનાથી સંબંધિત ચાહે મુસ્લિમ હોય કે બિનમુસ્લીમ તેની યથાસંભવ મદદ કરે. એક મુસલમાનનો પિતા યહુદી હતો તેનુ અવસાન થયું તો તે મુસલમાન તેમની

મૈયત (સ્મશાનયાત્રા)માં ન ગયો. આ સાંભળીને પયંગબર સાહેબના સાથી હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.)એ કહ્યું તેણે સારૂ નથી કર્યું. "તેણે તેમના ક્રિયાક્રમમાં સહયોગ કરવાની જરૂર હતી."

આમ મુસલમાનોની સહિષ્ણુતા અને ઉદારતાનો ઇતિહાસ સાક્ષી છે. મુસલમાનો પરસ્પર અને અન્ય મનુષ્યો સાથે કેવી રીતે જીવન વ્યવહાર અને વર્તન કરે તેની વિસ્તારપૂર્વક શિક્ષા ઇસ્લામે તેમને આપી છે. વિશ્વના અન્ય દેશોની તુલનામાં ભારત એ રીતે વિશિષ્ટ છે કે અહીં વિભિન્ન સભ્યતાઓ, ધર્મો અને રીત-રિવાજોને માનનારાઓ એકી સાથે જીવન વિતાવે છે. દેશના પ્રત્યેક ગામ-શહેરમાં તમામ લોકો પોતપોતાની આસ્થાઓ સાથે સહિયારું જીવન જીવે છે. તેમના વચ્ચેની દિવાલો આજે પણ અસંખ્ય જગ્યાઓએ પરસ્પર મળેલી છે તેઓ પોતાની સામાજિક સમસ્યાઓ જ નહીં ક્યારેક તો આર્થિક અને તબીબી સમસ્યાઓ પણ સાથે રહીને હલ કરે છે. વર્તમાન ભારતીય સમાજની એકતા માત્ર સહિષ્ણુતા દ્વારા જ શક્ય છે. કેમ કે વિવાદો અને મતભેદો હોય છતાં પણ એકમેકના સહકાર વગર અહીં દિવસો પસાર કરવા શક્ય નથી એટલે શેષ વિશ્વ તો કદાચ સહિષ્ણુતા વિના પણ જીવિત રહી શકે પણ ભારતીય સમાજ માટે સહિષ્ણુતા વગર જીવન વિતાવવું દુષ્કર છે. ઇસ્લામના પાયાના દ્રષ્ટિકોણ મુજબ તમામ લોકો એક ઇશ્વરના બંદા હોવાના નાતે તમામ માનવો એક જ પરિવારના સભ્યો બની જાય છે. આ વિચાર ધારા બધા માનવોને પરસ્પર ભાઇચારાના એવા સંબંધમાં બાંધી દે છે, જ્યાં આસ્થાઓ અને માન્યતાઓના મતભેદો સાથે ચાલી પણ શકાય છે એ પરસ્પર સમજ-બૂઝથી હલ પણ કરી શકાય છે.

**માનવતાનો પ્રેરક** :

ઇસ્લામ માનવતાનો ધર્મ છે એણે આ પૃથ્વીની ઉત્પતિના પછી માનવીને પેદા કર્યો અને પ્રથમ દિવસથી જ તેનું સંબોધન માનવોથી જ છે. તમામ ઇશગ્રંથ એ વાતની સાક્ષી આપે છે કે તેમની તમામ શિખામણો, આદેશો, ચેતવણી, ખુશખબર અને આજ્ઞાઓનો સંબંધમાં માત્ર અને માત્ર માનવો સાથે છે અને અંતિમ ઇશગ્રંથ વાંચતા જ મનુષ્યના મનોમસ્તિષ્ક ઉપર એ છાપ ઉભી થાય છે કે આ ગ્રંથ મને સંબોધિત કરે છે, એટલે જ કુઆર્નનો કેન્દ્રીય વિષય મનુષ્ય છે. આ

કારણે ઇસ્લામ એક માનવનો બીજી માનવ સાથેના સંબંધને ખુબ જ મહત્તા આપે છે ભલે તેઓ પછી ગમે તે વિભિન્ન ધર્મ, જાતિ, સમૂહ કે વર્ગના હોય. કુઆર્ન કહે છે, "હે લોકો પોતાના માલિકનો ડર રાખો, જેણે તમને એક જીવથી પેદા કર્યા અને તે જ જાતિનું તેના માટે જોડુ પેદા કર્યું અને તે બંનેથી પુષ્કળ પુરૂષો અને સ્ત્રીઓ ફેલાવી દીધા." (૪,૧)

અલ્લાહે આ વિશ્વમાં માનવોની અનેક જાતિઓ, સમૂહો અને વર્ગો બનાવ્યા છે આ બધા વર્ગો અને જાતિઓ માત્ર એટલા માટે જ બનાવવામાં આવી છે કે તેમની ઓળખ સરળ થઇ જાય નહીંતર માનવીની હૈસિયતથી તમામ સમાન છે. કુઆર્ન કહે છે, "તમે સૌ પરસ્પર એક જ છો" (૪,૨૫) કુઆર્ને આગળ કહ્યું,

"હે મનુષ્યો ! અમે તમને એક જ પુરૂષ અને સ્ત્રીથી પેદા કર્યા અને પછી તમને વિભિન્ન જાતિ-સમૂહો અને વર્ગોનુ રૂપ આપ્યું, જેથી તમે એકબીજાને ઓળખી શકો વાસ્તવમાં અલ્લાહની નજીક સૌથી પ્રતિષ્ઠિત તે છે, જે તમારામાં સૌથી વધુ (ઇશ્વરનો) ડર રાખે છે" (૪૯,૧૩)

આમ ઇસ્લામ સૌથી વધારે મહત્વ માનવીને આપે છે જેને તેણે પોતાના સર્જનોમાં સૌથી શ્રેષ્ઠતા આપી છે અને એટલે જ તે માનવતા ઉપર સૌથી વધારે ભાર મૂકે છે કેમકે માનવોના સમૂહથી જ માનવસમાજનું નિર્માણ થાય છે અને તેમના વડે જ આ જગતમાં ઇશ્વરીય વ્યવસ્થાની પ્રસ્થાપના થાય છે. અંતિમ પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ. એ માનવો સમાજમાં દેખાતા ઊંચ-નીચ અને નાના-મોટાના ભેદભાવોને નાબુદ કરતા ફરમાવે છે કે, "કોઇ આરબને બિનઆરબઉપર અને કોઇ બિનઆરબને આરબ ઉપર શ્રેષ્ઠતા પ્રાપ્ત નથી, સિવાય કે સંયમના." (હદીસસંગ્રહ-બુખારીમાંથી) ઇસ્લામ માનવ સંબંધોને અવૈધ રીતે વિચ્છેદ કરવાની સખત મનાઇ ફરમાવે છે. પયગંબર સલ્લ. કહે છે, "હે લોકો તમારા જાન-માલ અને તમારી ઇજ્જત-આબરૂ એકબીજા માટે સન્માનીય છે."

કુઆર્ન કહે છે, "અને કોઇ જીવની, જે ને અલ્લાહે સન્માનીય ઠેરવ્યો છે હત્યા ન કરો (૬,૧૫૧) આ વાતનું સમર્થન કરતા પયગંબર સલ્લ.એ ફરમાવ્યું કે, જેણે કોઇ જીવની અવૈદ્ય હત્યા કરી તેણે સમગ્ર માનવસમાજની હત્યા કરી".

ઇસ્લામે પોતાના અનુયાયીઓમાં આ આદર્શ માનવીય ગુણો સદ્ભાવના સહિષ્ણુતા અને માનવતાનું એ હદે સિંચન કર્યું કે તેઓ સમગ્ર માનવસમાજ માટે દયા કરનારા અને ઉપકારક બની ગયા. સહઅસ્તિત્વની ભાવના એ હદે જાગૃત થઇ કે ઇસ્લામ જ્યાં પણ ગયા ત્યાં તેણે પોતાની છત્રછાયામાં તમામ લોકોને સમાવી લીધા. ભારતમાં ઇસ્લામનું જ્યારે આગમન થયું ત્યારે અહીંના લોકો જાતજાતના વર્ગો અને અસ્પૃશ્યતાના ભેદ સાથે જીવી રહ્યા હતા. ઇસ્લામે તેમને સમાનતા અને માનવતાનો સંદેશ આપ્યો અને તેને ફેલાવ્યો. ઇસ્લામના આ માનવીય ગુણોની પ્રસંશા તેના કટ્ટર શત્રુઓને પણ કરવી પડી છે. આમ આજે જગતમાં ઇસ્લામ જ સાચા અર્થમાં શાંતિ-સલામતિ અને માનવતાનો ધર્મ છે જે ખુદ તેના અર્થમાંથી જ તાદ્દશ્ય થાય છે.

**સંદર્ભસુચિ**

અલ-જાહિઝ : '**કિતાબ અલ-હયવાન**'

અબ્દુલ કરીમ શરીસ્તાની '**કિતાબ ઉલ મિલાલ વ નિહાલ**'

ગણેશદત્ત સારસ્વત '**ઇસ્લામ દર્શન**' એમ.એમ.આઈ. પબ્લિકેશન,ન્યુ દિલ્હી

ગુણવંત શાહ '**શિક્ષણ દર્શન**' બી. એસ. શાહ પ્રકાશન, અમદાવાદ

દવે જયેન્દ્ર શાસ્ત્રી '**કેળવણીના તાત્વિક આધારો**' યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

નટુભાઈ વિ. રાવલ (૨૦૧૧) '**કેળવણીની તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ**' પ્રથમ આવૃત્તિ, નીરવ પ્રકાશન, અમદાવાદ

રાહુલ સાંકૃત્યાયન '**ઇસ્લામ ધર્મ કી રૂપરેખા**' કિતાબ મહલ, દિલ્હી

# મલ્ટીમીડિયાના માધ્યમથી સંસ્કૃત શ્લોકોનું શ્રવણ અને ઉચ્ચારણ કરવાથી વિદ્યાર્થીઓની એકાગ્રતા પર થતી હકારાત્મક અસરો

**SNEHABEN SHAILESHBHAI RAVAL**
**(M.A, M.Ed.)**
**(ASSISTANT PROFESSOR)**
**Shree Saraswati Shikshan Mahavidhyalaya unjha**
**To- Unjha Ta-unjha, Dist:- Mehsana Pin code-384170**

## સારાંશ (Abstract)

પ્રસ્તુત સંશોધન પત્રનો મુખ્ય હેતુ મલ્ટીમીડિયા (ઓડિયો-વિઝ્યુઅલ) દ્વારા સંસ્કૃત શ્લોકો શીખવવાથી વિદ્યાર્થીઓની માનસિક એકાગ્રતામાં કેટલો સુધારો થાય છે તે તપાસવાનો છે. આ અભ્યાસમાં પ્રાયોગિક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સંશોધન દર્શાવે છે કે પરંપરાગત પદ્ધતિ કરતા મલ્ટીમીડિયાના ઉપયોગથી શ્લોકોના લયબદ્ધ ઉચ્ચારણ દ્વારા વિદ્યાર્થીઓના મગજ પર હકારાત્મક અસર થાય છે અને તેમની ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતામાં નોંધપાત્ર વધારો જોવા મળે છે.

## કડીરૂપ શબ્દોની સમજ (Key Words)

**મલ્ટીમીડિયા,સંસ્કૃત શ્લોક.,શ્રવણ અને ઉચ્ચારણ ,એકાગ્રતા**

## પ્રસ્તાવના (Introduction)

આજના ડિજિટલ યુગમાં શિક્ષણ પદ્ધતિ બદલાઈ રહી છે. સંસ્કૃત ભાષા એ માત્ર ભાષા નથી, પણ તે ધ્વનિ વિજ્ઞાન છે. સંસ્કૃત શ્લોકોના ઉચ્ચારણ વખતે પેદા થતા કંપનો મગજના કોષોને સક્રિય કરે છે. જ્યારે આ શ્લોકોને મલ્ટીમીડિયા (જેમ કે એનિમેશન, સંગીત અને લયબદ્ધ વિડિયો) સાથે જોડવામાં આવે છે, ત્યારે તે વિદ્યાર્થીઓની રુચિ વધારે છે અને મનની ચંચળતા ઘટાડી એકાગ્રતા વધારે છે.

## અભ્યાસના હેતુઓ (Objectives)

૧. વિદ્યાર્થીઓમાં સંસ્કૃત શ્લોકો પ્રત્યે રુચિ જાગૃત કરવી.

૨. મલ્ટીમીડિયા દ્વારા શ્લોક શ્રવણની એકાગ્રતા પર થતી અસર તપાસવી.

3. શ્લોકોના શુદ્ધ ઉચ્ચારણ અને માનસિક શાંતિ વચ્ચેનો સંબંધ તપાસવો.

## અભ્યાસની ઉત્કલ્પનાઓ (Hypothesis)

**H0 (શૂન્ય ઉત્કલ્પના):** મલ્ટીમીડિયા દ્વારા સંસ્કૃત શ્લોકો સાંભળવાથી વિદ્યાર્થીઓની એકાગ્રતામાં કોઈ નોંધપાત્ર ફેરફાર થતો નથી.

**H1 (વૈકલ્પિક ઉત્કલ્પના):** મલ્ટીમીડિયા દ્વારા સંસ્કૃત શ્લોકો સાંભળવાથી વિદ્યાર્થીઓની એકાગ્રતામાં હકારાત્મક વધારો થાય છે.

## અભ્યાસનો પ્રકાર (Type of Study)

આ અભ્યાસ **'પ્રાયોગિક સંશોધન' (Experimental Research)** પ્રકારનો છે, જેમાં 'પૂર્વ કસોટી' અને 'પશ્ચાત કસોટી' (Pre-test & Post-test) ડિઝાઇનનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## અભ્યાસના ચલ (Variables)

**સ્વતંત્ર ચલ:** મલ્ટીમીડિયા આધારિત સંસ્કૃત શ્લોક શિક્ષણ.

**પરતંત્ર ચલ:** વિદ્યાર્થીઓની એકાગ્રતાનું સ્તર.

**નિયંત્રિત ચલ:** વિદ્યાર્થીઓની ઉંમર, ધોરણ અને સમયગાળો.

## અભ્યાસનું મહત્વ (Significance of Study)

શિક્ષકોને આધુનિક ટેકનોલોજી દ્વારા સંસ્કૃત ભણાવવાની નવી દિશા મળે છે.

વિદ્યાર્થીઓમાં માનસિક તણાવ ઓછો થાય છે.

સ્મરણશક્તિ અને ગ્રહણશક્તિ વધારવામાં મદદરૂપ થાય છે.

## અભ્યાસનો વ્યાપવિશ્વ અને નમુનો (Population and Sample)

**વ્યાપવિશ્વ:** ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ.

**નમુનો:** કોઈ એક ચોક્કસ શાળાના ધોરણ ૮ ના ૫૦ વિદ્યાર્થીઓની યાદચ્છિક (Random) પસંદગી.

## માહિતીનું અર્થઘટન અને પૃથકકરણ (Data Interpretation and Analysis)

વિદ્યાર્થીઓને ૧૫ દિવસ સુધી રોજ ૨૦ મિનિટ મલ્ટીમીડિયા દ્વારા શ્લોક ગાન કરાવવામાં આવ્યું. ડેટા એકત્રિત કરવા માટે એકાગ્રતા માપન કસોટી (Concentration Test) લેવામાં આવી. પ્રાપ્ત થયેલા આંકડાઓનું સરેરાશ (Mean) અને t-test દ્વારા વિશ્લેષણ કરવામાં આવ્યું.

## વિશ્લેષણ પરિણામો અને તારણો (Analysis Results and Findings)

પૂર્વ કસોટી કરતા પશ્ચાત કસોટીમાં વિદ્યાર્થીઓના સ્કોરમાં ૨૫% થી ૩૦% નો વધારો જોવા મળ્યો.

વિદ્યાર્થીઓ લાંબા સમય સુધી વિષય વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરી શક્યા.

ઉચ્ચારણ શુદ્ધિ સાથે આત્મવિશ્વાસમાં પણ વધારો થયો.

## નિષ્કર્ષ (Conclusion)

નિષ્કર્ષ એ આવે છે કે મલ્ટીમીડિયાના માધ્યમથી સંસ્કૃત શ્લોકોનું શિક્ષણ આપવું એ માત્ર મનોરંજક નથી, પણ તે વૈજ્ઞાનિક રીતે વિદ્યાર્થીઓની એકાગ્રતા વધારવામાં અત્યંત અસરકારક છે. આ પદ્ધતિ પરંપરાગત ગોખણપટ્ટી કરતા વધુ હકારાત્મક પરિણામો આપે છે.

## સંદર્ભ સૂચિ (References)

પાઠક, સી. કે. (૨૦૧૮). શૈક્ષણિક મનોવિજ્ઞાન. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

વર્મા, આર. પી. (૨૦૨૦). મલ્ટીમીડિયા અને શિક્ષણ. દિલ્હી પબ્લિકેશન.

www.sanskritworld.in (સંસ્કૃત ધ્વનિ વિજ્ઞાન અને માનસિક અસરો).

# Spiritual Development and Nature Connection

*Dr. Kanchan S, Dubey, Assistant Professor*
*LNK College of Education, CTE, (Education Campus) PATAN*
*E-mail: dubeykanchan06@gmail.com*

**Abstract**
This paper explores the interconnected relationship between spiritual development and human connection to nature. Increasing empirical evidence suggests that engagement with natural environments significantly contributes to psychological wellbeing, fosters spiritual growth, and deepens moral and ecological awareness. By reviewing contemporary research from environmental psychology, developmental theory, and Eco-psychology, this study elucidates mechanisms by which nature nurtures spirituality and outlines implications for research and applied practice.

**Key words:**Eco-spirituality, Awe, Interconnectedness, Wholeness, and Stewardship.

1. Introduction

Spiritual development refers to the ongoing process of cultivating meaning, purpose, values, and connection with something greater than the self. Nature—through direct exposure, aesthetic experience, and symbolic significance—frequently acts as a catalyst in these processes. Understanding how nature influences spiritual development has important implications for psychology, education, therapy, and sustainability.

This type of relation highlights the diverse ways in which humans interact with nature to foster a sense of well-being, personal meaning, and a profound connection to something larger than themselves

Research on spiritual development and nature connection explores how interactionswith the natural world foster inner growth, meaning-making, and psychological well-being.

**The statement of the problem**

The statement of the problem for research on *Spiritual Development and Nature Connection in* focuses on the psychological and societal consequences of the "nature-spirit gap" and the lack of empirical understanding regarding how diverse natural experiences influence inner growth.

Rapid urbanization, constant digital connectivity, and a societal shift toward materialism have led to a detachment from the natural world, resulting in isolation and spiritual emptiness. Traditional spiritual practices are increasingly commercialized, treating nature as a backdrop for consumption rather than a sacred participant. Current research lacks consensus on how spirituality mediates nature's benefits and often overlooks diverse perspectives and operational barriers in incorporating spiritual-nature connections into practical applications.

**Significance of the Problem**

Addressing these gaps is essential for fostering human flourishing and global sustainability. Without a clear understanding of the nature-spirit bond, modern societies may continue to experience rising mental health crises and an inability to cultivate the ethical "caring and concern" necessary to protect a declining planet

**Research Objectives**

- Exploring Mediation: Determining if spirituality acts as a mediator between nature exposure and enhanced psychological well-being.
- Analyzing Cultural Frameworks: Investigating how indigenous or rural spiritual traditions (e.g., in India or Japan) promote ecological sustainability and mental health.
- Measuring Self-Transcendence: Testing whether nature exposure induces cognitive shifts, such as reduced perceived self-size and a greater sense of connection to a transcendent entity.
- Testing Ecological Self-Theory: Examining the assumption that an individual's sense of identity (ecological self) develops through interconnectedness with the natural environment.
- Evaluating Therapeutic Outcomes: Identifying specific spiritual experiences in nature—such as feelings of awe or expansiveness—that contribute to psychological healing in therapeutic settings.

**Research Questions**

Researchers typically address the following questions:

- Mechanisms of Change: How does direct contact with nature (exposure) versus a perceived emotional bond (connectedness) uniquely influence spiritual awareness?
- Moderating Variables: Do individual differences in "trait spirituality" (long-term disposition) amplify the spiritual effects of short-term nature exposure?
- Qualitative Impacts: In what ways do diverse natural environments (e.g., beautiful vs. threatening) evoke different spiritual emotions like awe, harmony, or fear?
- Behavioral Links: Does heightened spiritual ecological consciousness directly lead to more sustainable environmental behaviors?
- Societal Adaptation: How do spiritual practices like mindful gardening or traditional nature worship offer solutions to modern urban stress and environmental degradation?

**2. Literature Review**

2.1 Theoretical Background

Several theoretical frameworks propose that human beings possess an inherent capacity for spiritual experience, which can be nurtured through interactions with the environment. The Biophilia Hypothesis posits that humans are innately predisposed to connect with life and

life-like processes, including nature, which in turn fosters psychological and spiritual wellbeing. This connection is not automatic but shaped by cultural, psychological, and developmental factors. Springer Link

2.2 Nature and Spirituality in Environmental Psychology

Research in environmental psychology demonstrates that nature exposure enhances wellbeing and that spirituality may mediate this relationship. A study with adult participants found that nature exposure and connectedness to nature significantly predicted psychological wellbeing, with spirituality acting as a key mediator in these effects. ScienceDirect This suggests that the experience of awe, presence, and meaning in nature may deepen spiritual awareness, contributing to improved mental health outcomes.

A qualitative phenomenological study reported that individuals with strong nature connectedness often describe experiences of awe, presence, and a sense of universal energy—core aspects of spirituality. CapUArcABC

2.3 Spiritual Development in Childhood and Adolescence

Studies with younger populations suggest that engagement with nature contributes to spiritual development across the lifespan. Research on early childhood education indicates that repeated interactions with nature foster children's sense of wonder, empathy for others, and spiritual growth through experiences of beauty and mystery. Children & Nature Network However, longitudinal findings show that connectedness to nature and aspects of spiritual health may decline during adolescence, emphasizing the importance of sustained nature engagement. Children & Nature Network

A recent study among Filipino adolescents found meaningful relationships between connectedness to nature, spirituality, and resilience, indicating that those with higher nature connection also reported higher levels of spiritual orientation and resilience. IJMRA

2.4 Eco spirituality and Moral Development

Emerging research on Eco spirituality—the perception of nature as sacred and morally significant—suggests that spiritual-nature bonds can influence values and behavior, including environmental concern and stewardship. Surveys conducted across diverse cultural contexts showed that individuals perceiving nature as sacred were more likely to express moral constraints about environmental harm and stronger care for the planet. Oxford Brookes University

**3. Mechanisms Linking Nature and Spirituality**

3.1 Awe and Presence

Affect-laden experiences of awe, often triggered by encounters with vastness or beauty in nature, are associated with transcendent feelings and a sense of connection beyond the individual. These emotional states can shift priorities toward communal values and spiritual reflection.

3.2 Meaning and Sense of Self

Nature serves as a context in which individuals reflect on life, mortality, and purpose. The aesthetic and symbolic dimensions of landscapes provide fertile ground for meaning-making—a core process in many spiritual traditions.

3.3 Attachment and Connectedness

The concept of connectedness to nature—a psychological construct measuring how individuals include the natural world in their sense of self—relates to greater spiritual integration and care for others. Tools like the Connectedness to Nature Scale (CNS) are widely used to empirically assess this dimension. Wikipedia

**4. Implications for Practice and Future Research**

4.1 Therapeutic Applications

Nature-based therapeutic interventions, including forest bathing (shinrin-yoku), outdoor mindfulness, and ecotherapy, demonstrate potential in enhancing spiritual wellbeing and

psychological resilience. A scoping review on forest bathing indicates that mindful engagement with natural environments can facilitate spiritual awareness and promote holistic wellbeing. PubMed

4.2 Educational and Development Programs

Education systems that integrate nature experiences may support spiritual and moral development in children. Programs encouraging observation, exploration, and reflection in natural settings may strengthen empathy, care for others, and ecological responsibility.

4.3 Research Gaps

Despite growing evidence, more longitudinal and cross-cultural research is needed to unpack causal pathways between nature exposure, spirituality, and long-term wellbeing. Future work should also investigate how digital nature experiences and urban green spaces can support spiritual dimensions of development.

**5. Conclusion**

The research reviewed highlights a significant and complex relationship between spiritual development and connections with nature. Nature serves not only as a backdrop for human experience but also as an active catalyst for spiritual growth, wellbeing, ecological concern, and moral reflection. Integrating natural experiences into therapeutic, educational, and community practices may enhance individual and collective flourishing.

**References:**

Chawla, L. (2007). Childhood experiences associated with care for the natural world: A theoretical framework for empirical results. *Children, Youth and Environments*, *17*(4), 144–170.

Davis, J. (2011). *Young children and the environment: Early education for sustainability*. Cambridge University Press.

Haidt, J. (2003). The moral emotions. In R. J. Davidson, K. R. Scherer, & H. H. Goldsmith (Eds.), *Handbook of affective sciences* (pp. 852–870). Oxford University Press.

Kellert, S. R., & Wilson, E. O. (1993). *The biophilia hypothesis*. Island Press.

Louv, R. (2008). *Last child in the woods: Saving our children from nature-deficit disorder*. Algonquin Books.

Pargament, K. I. (2013). *Spiritually integrated psychotherapy: Understanding and addressing the sacred*. Guilford Press.

Schein, P. P. (2014). Nature experiences and children's spiritual development. *International Journal of Children's Spirituality*, *19*(3–4), 293–305. doi.org

Vining, J., Merrick, M. S., & Price, E. A. (2008). The distinction between humans and nature: Human perceptions of connectedness to nature and elements of the natural and unnatural. *Human Ecology Review*, *15*(1), 1–11.

Wilson, E. O. (1984). *Biophilia*. Harvard University Press.

Oxford Brookes University. (n.d.). *Research on ecospirituality and moral consequences*. Oxford Brookes University.

# ભારતમાં પ્રાથમિક શિક્ષણમાં આધ્યાત્મિક શિક્ષણ: એક અનિવાર્ય જરૂરિયાત

દિવ્યકાન્ત મહેશભાઇ પરમાર
સંશોધક
શિક્ષણશાસ્ત્ર વિભાગ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

**સારાંશ**

ભારત એ ઋષિ-મુનિઓ અને સંતોની ભૂમિ છે, જ્યાં શિક્ષણનો અર્થ માત્ર અક્ષરજ્ઞાન નથી, પરંતુ 'સા વિદ્યા યા વિમુક્તયે' (વિદ્યા એ છે જે મુક્તિ અપાવે) ના સિદ્ધાંત પર આધારિત છે. આજના ભૌતિકવાદી યુગમાં, જ્યારે શિક્ષણ માત્ર કારકિર્દી બનાવવા માટેનું સાધન બની ગયું છે, ત્યારે બાળકોમાં નાનપણથી જ આધ્યાત્મિકતાના બીજ રોપવા એ સમયની માંગ છે.જો આપણે ભારતના ભવિષ્યને સુરક્ષિત અને સુસંસ્કૃત બનાવવા માંગતા હોઈએ, તો પ્રાથમિક શિક્ષણમાં આધ્યાત્મિકતાનો સમાવેશ અનિવાર્ય છે. તે બાળકને માત્ર એક સક્ષમ એન્જિનિયર કે ડૉક્ટર જ નહીં, પણ એક સંવેદનશીલ અને સજ્જન નાગરિક બનાવશે.

ભારતની પ્રાથમિક શિક્ષણ પ્રણાલીમાં આધ્યાત્મિકતાનો સમન્વય એ કોઈ ધાર્મિક પ્રચાર નથી, પરંતુ માનવતાનો પ્રચાર છે.**NEP 2020**દ્વારા આપણે ફરી એકવાર 'વિશ્વગુરુ' બનવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. જો આપણે આપણા બાળકોને વિજ્ઞાનની સાથે સંસ્કાર અને

ટેકનોલોજીની સાથે તર્કશક્તિ (આધ્યાત્મિક દ્રષ્ટિકોણ) આપીશું, તો જ ભારતનો સર્વાંગી વિકાસ શક્ય છે.આધ્યાત્મિક શિક્ષણ એ હૃદયનું શિક્ષણ છે, અને હૃદયના શિક્ષણ વિનાનું શિક્ષણ એ શિક્ષણ જ નથી.જો ભારતને સાચા અર્થમાં 'સુવર્ણ યુગ' તરફ લઈ જવું હોય, તો આપણે આપણી પ્રાથમિક શાળાઓને માત્ર 'માહિતી કેન્દ્રો' મટાવી 'સંસ્કાર કેન્દ્રો' બનાવવી પડશે. આધ્યાત્મિક શિક્ષણ બાળકને મશીન બનતા અટકાવે છે અને તેને સંવેદનશીલ માણસ બનાવે છે.

**ચાવીરૂપ શબ્દો**: ભારત, પ્રાથમિક શિક્ષણ, આધ્યાત્મિક શિક્ષણ

**પ્રસ્તાવના**

ભારત એ ઋષિ-મુનિઓ અને સંતોની ભૂમિ છે, જ્યાં શિક્ષણનો અર્થ માત્ર અક્ષરજ્ઞાન નથી, પરંતુ 'સા વિદ્યા યા વિમુક્તયે' (વિદ્યા એ છે જે મુક્તિ અપાવે) ના સિદ્ધાંત પર આધારિત છે. આજના ભૌતિકવાદી યુગમાં, જ્યારે શિક્ષણ માત્ર કારકિર્દી બનાવવા માટેનું સાધન બની ગયું છે, ત્યારે બાળકોમાં નાનપણથી જ આધ્યાત્મિકતાના બીજ રોપવા એ સમયની માંગ છે.

**આધ્યાત્મિક શિક્ષણ**

આધ્યાત્મિક શિક્ષણનો અર્થ કોઈ ચોક્કસ ધર્મ કે પૂજા-પદ્ધતિનું શિક્ષણ નથી. તેનો સાચો અર્થ છે:

- **સ્વ-જાગૃતિ**:બાળક પોતાની જાતને ઓળખે.
- **નૈતિક મૂલ્યો**:સત્ય, અહિંસા, કરુણા અને પ્રેમનો વિકાસ.
- **આંતરિક શાંતિ**:માનસિક સ્થિરતા અને એકાગ્રતા મેળવવી.
- **વિશ્વ બંધુત્વ**:તમામ જીવો પ્રત્યે આદર અને એકતાની ભાવના.

**પ્રાથમિક શિક્ષણમાં તેનું મહત્વ**

બાળપણ એ માનવ જીવનનો પાયો છે. જેમ કાચી માટીને ગમે તેવો ઘાટ આપી શકાય છે, તેમ પ્રાથમિક શાળાના બાળકોમાં જે સંસ્કારોનું સિંચન થાય છે, તે આજીવન તેમની સાથે રહે છે.

**ચારિત્ર્ય નિર્માણ**

શિક્ષણનો મુખ્ય હેતુ સારો માણસ બનાવવાનો હોવો જોઈએ. આધ્યાત્મિકતા બાળકને પ્રામાણિકતા અને શિસ્ત શીખવે છે. તે તેને સમજાવે છે કે સફળતા કરતાં સદાચાર વધુ મહત્વનો છે.

**માનસિક સ્વાસ્થ્ય અને તણાવ મુક્તિ**

આજના સમયમાં બાળકો પર સ્પર્ધા અને હોમવર્કનું ભારે દબાણ હોય છે.ધ્યાન (Meditation) અને પ્રાર્થના જેવી આધ્યાત્મિક પ્રવૃત્તિઓ તેમના મનને શાંત રાખવામાં અને એકાગ્રતા વધારવામાં મદદ કરે છે.

**ભારતીય સંદર્ભ અને પ્રાચીનપરંપરા**

ભારતની પ્રાચીન 'ગુરુકુળ' પરંપરામાં શિક્ષણ સર્વાંગી હતું. ત્યાં ગણિત અને વિજ્ઞાનની સાથે જીવન જીવવાની કળા પણ શીખવવામાં આવતી હતી. ઉપનિષદો અને ભગવદ ગીતાના તત્વો બાળકોને સરળ વાર્તાઓ દ્વારા સમજાવવામાં આવતા હતા.

**મહાનુભવોના વિચારો**

- **સ્વામી વિવેકાનંદ**:તેમના મતે, "શિક્ષણ એ મનુષ્યમાં પહેલેથી જ રહેલી દિવ્યતાનું પ્રગટીકરણ છે."
- **મહાત્મા ગાંધી**:ગાંધીજીએ 'નયી તાલીમ' દ્વારા આત્મા, શરીર અને મનના સુમેળભર્યા વિકાસ પર ભાર મૂક્યો હતો.
  - **"જો હૃદયમાં શુદ્ધતા હશે, તો ચરિત્રમાં સુંદરતા આવશે. જો ચરિત્રમાં સુંદરતા હશે, તો ઘરમાં સંવાદિતા આવશે. અને જો ઘરમાં સંવાદિતા હશે, તો રાષ્ટ્રમાં વ્યવસ્થા અને વિશ્વમાં શાંતિ સ્થપાશે." – એ.પી.જે. અબ્દુલ કલામ**

**અભ્યાસક્રમમાં આધ્યાત્મિક શિક્ષણ**

શાળાઓમાં આ વિષયને બોજ બનાવ્યા વગર નીચેની પદ્ધતિઓથી શીખવી શકાય:

1. **પ્રાર્થના સભા**:દિવસની શરૂઆત શાંતિપાઠ કે સર્વધર્મ પ્રાર્થનાથી કરવી.
2. **મૂલ્યલક્ષી વાર્તાઓ**:પંચતંત્ર, હિતોપદેશ કે રામાયણ-મહાભારતની નૈતિક વાર્તાઓ દ્વારા બોધ આપવો.
3. **યોગ અને ધ્યાન**:દરરોજ ૧૦-૧૫ મિનિટ માટે પ્રાણાયામ અને મૌનનો અભ્યાસ કરાવવો.
4. **સેવા પ્રવૃત્તિઓ**:બાળકોને ગરીબોની મદદ કે પર્યાવરણની જાળવણી જેવી પ્રવૃત્તિઓમાંજોડીને પરોપકારની ભાવના જગાડવી.

**પડકારો અને ઉકેલ**

આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા અને પશ્ચિમી સંસ્કૃતિના પ્રભાવ હેઠળ બાળકો આધ્યાત્મિકતાથી દૂર જઈ રહ્યા છે. વાલીઓ પણ માત્ર ગુણ (Marks) પાછળ દોડી રહ્યા છે. આ માટે:

- શિક્ષકોએ પોતે આદર્શ રોલ મોડલ બનવું પડશે.
- શાળા અને પરિવાર વચ્ચે સુમેળ હોવો જોઈએ.

**નવી શિક્ષણ નીતિ (NEP 2020) અને આધ્યાત્મિક મૂલ્યો**

ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP)**એ ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં એક ક્રાંતિકારી પરિવર્તન છે. આ નીતિમાં માત્ર પુસ્તકિયા જ્ઞાનને બદલે

'સમગ્રલક્ષી વિકાસ' (Holistic Development) પર ભાર મૂકવામાં આવ્યો છે, જે આધ્યાત્મિક શિક્ષણના પાયા સાથે સીધો સંબંધ ધરાવે છે.

**ભારતીય જ્ઞાન પરંપરાનો સમાવેશ**

NEP 2020 માં સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે શિક્ષણનો ઉદ્દેશ્ય માત્ર જ્ઞાનાત્મક કૌશલ્યો વિકસાવવાનો નથી, પરંતુ સારા માનવીઓનું નિર્માણ કરવાનો પણ છે.

- **પ્રાચીન વારસો**:આ નીતિ ભારતીય જ્ઞાન પ્રણાલી (Indian Knowledge Systems) ને અભ્યાસક્રમમાં સામેલ કરવાની વાત કરે છે. જેમાં પ્રાચીન ભારતના નૈતિક મૂલ્યો, યોગ અને જીવન દર્શનનો સમાવેશ થાય છે.
- **ભારતીયતાનો ગર્વ**:વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિક મૂળ સાથે જોડાયેલા રહે તે માટે પ્રાદેશિક ભાષાઓમાં શિક્ષણ આપવા પર ભાર મુકાયો છે.

**પાયાના તબક્કે સામાજિક-ભાવનાત્મક શિક્ષણ (SEL)**

પ્રાથમિક શિક્ષણના સ્તરે (Foundational Stage), નવી નીતિ 'સામાજિક અને ભાવનાત્મક શિક્ષણ' પર ભાર મૂકે છે.

- **કરુણા અને સહાનુભૂતિ**:બાળકોમાં અન્ય પ્રત્યે સંવેદનશીલતા અને કરુણા જાગૃત કરવી એ આધ્યાત્મિકતાનો જ એક ભાગ છે.
- **મૂલ્ય આધારિત વિષયો**:પંચતંત્રની વાર્તાઓ અને ભારતીય લોકકથાઓ દ્વારા બાળકોને નૈતિકતા અને સત્યના માર્ગે ચાલવાની પ્રેરણા આપવાનું આયોજન છે.

**આધ્યાત્મિક શિક્ષણના આધુનિક ફાયદા**

આજના યુગમાં જ્યારે ડિપ્રેશન અને એન્ઝાયટી (ચિંતા) જેવી સમસ્યાઓ નાના બાળકોમાં પણ જોવા મળે છે, ત્યારે આધ્યાત્મિક શિક્ષણ એક ઔષધ તરીકે કામ કરે છે:

1. **નિર્ણય શક્તિ**:આધ્યાત્મિકતાથી બાળકનું મન શાંત થાય છે, જેથી તે યોગ્ય અને અયોગ્ય વચ્ચેનો તફાવત સમજી શકે છે.
2. **પર્યાવરણ સાથે જોડાણ**:આધ્યાત્મિકતા શીખવે છે કે કુદરતના દરેક કણમાં ઈશ્વર છે. આ ભાવનાથી બાળકો પર્યાવરણ પ્રેમી બને છે.
3. **સહનશીલતા**:વિવિધ ધર્મો અને સંસ્કૃતિઓ પ્રત્યે આદરની ભાવના કેળવાય છે, જે ભારતીય લોકશાહીની મજબૂતી માટે જરૂરી છે.

**શિક્ષકો અને વાલીઓની ભૂમિકા**

આધ્યાત્મિક શિક્ષણ પુસ્તકો વાંચીને નહીં, પણ આચરણ જોઈને શીખી શકાય છે.

- **શિક્ષક એક માર્ગદર્શક તરીકે**:શિક્ષકે માત્ર વિષયના નિષ્ણાત નહીં પણ એક 'ગુરુ' ની ભૂમિકા ભજવવી જોઈએ. તેમનું વર્તન બાળકો માટે પાઠ્યપુસ્તક સમાન હોય છે.

- **ઘરનું વાતાવરણ**:વાલીઓએ ઘરે પણ પૂજા, પ્રાર્થના કે સત્સંગ દ્વારા સાત્વિક વાતાવરણ પૂરું પાડવું જોઈએ.

**મહાત્મા ગાંધીના શિક્ષણ દર્શનમાં આધ્યાત્મિકતા**

ગાંધીજી માનતા હતા કે શિક્ષણનો હેતુ માત્ર અક્ષરજ્ઞાન નથી. તેમના મતે, **"શિક્ષણ એટલે બાળક અને મનુષ્યના શરીર, મન અને આત્મામાં રહેલા શ્રેષ્ઠ અંશોનું સર્વાંગી પ્રગટીકરણ."**

- **હૃદયની કેળવણી**:ગાંધીજીએ વારંવાર ભાર મૂક્યો હતો કે બુદ્ધિના વિકાસ કરતા હૃદયની કેળવણી (Education of the Heart) વધુ મહત્વની છે. જો હૃદયમાં દયા અને સત્ય ન હોય તો ઉચ્ચ ડિગ્રીઓ નકામી છે.
- **શ્રમ અને સેવા**:તેમણે 'વરધા શિક્ષણ યોજના' (નયી તાલીમ) દ્વારા શીખવ્યું કે આધ્યાત્મિકતા એટલે માત્ર માળા ફેરવવી નહીં, પણ હાથથી કામ કરવું અને સમાજની સેવા કરવી. પાયાના શિક્ષણમાં 'સફાઈ' અને 'કાંતણ' દ્વારા તેઓ બાળકોમાં નમ્રતા અને આત્મનિર્ભરતાના આધ્યાત્મિક ગુણો કેળવવા માંગતા હતા.

**યોગ અને પ્રાણાયામ: મન પર વિજય**

પ્રાથમિક શિક્ષણમાં યોગ એ આધ્યાત્મિકતાનું પ્રાયોગિક સ્વરૂપ છે. તે કોઈ ધર્મ નથી, પણ 'જીવન જીવવાનું વિજ્ઞાન' છે.

**એકાગ્રતા અને સ્મરણશક્તિ**

બાળકોનું મન ચંચળ હોય છે.**ત્રાટક** (એક બિંદુ પર જોવું) અને**ભ્રામરી પ્રાણાયામ**જેવી ક્રિયાઓથી મગજના કોષો સક્રિય થાય છે. તેનાથી

- બાળકોની યાદશક્તિ (Memory) માં વધારો થાય છે.
- લાંબા સમય સુધી અભ્યાસમાં ચિત્ત ચોંટાડી શકાય છે.

**ભાવનાત્મક સંતુલન**

આજના બાળકો નાની વાતોમાં ગુસ્સે થઈ જાય છે અથવા રડવા લાગે છે.**સૂર્ય નમસ્કાર**અને**શવાસન**દ્વારા શરીરમાં એવા અંતઃસ્ત્રાવો (Hormones) પેદા થાય છે જે મનને આનંદિત રાખે છે અને ગુસ્સા પર કાબૂ મેળવવામાં મદદ કરે છે.

**પ્રાર્થના અને મૌનનું મહત્વ**

શાળામાં થતી સામૂહિક પ્રાર્થના એ આધ્યાત્મિક શિક્ષણનું સૌથી મોટું સાધન છે.

- **સર્વધર્મ સંભાવ**:જ્યારે બાળક શાળામાં બધા ધર્મોના સાર રૂપ પ્રાર્થનાઓ ગાય છે, ત્યારે તેનામાં ઉદારતા આવે છે.
- **મૌનની શક્તિ**:જો દરરોજ વર્ગમાં ભણાવતા પહેલા માત્ર ૨ મિનિટનું મૌન (Silence) પાળવામાં આવે, તો બાળકોના મનનો ઘોંઘાટ ઓછો થાય છે અને તેઓ નવું જ્ઞાન મેળવવા માટે તૈયાર થાય છે.

**ભારતીય સંસ્કૃતિના જીવંત ઉદાહરણો**

આધ્યાત્મિક શિક્ષણને સમજવા માટે આપણે ઈતિહાસના કેટલાક પાત્રોને યાદ કરી શકીએ:

1. **ભક્ત પ્રહલાદ**:નાનપણમાં જ નારદ મુનિ પાસેથી મળેલા આધ્યાત્મિક સંસ્કારોને કારણે તે વિકટ પરિસ્થિતિમાં પણ અડગ રહી શક્યા. આ બતાવે છે કે બાળપણનું શિક્ષણ કેટલું શક્તિશાળી હોય છે.
2. **સ્વામી વિવેકાનંદ અને રામકૃષ્ણ પરમહંસ**:વિવેકાનંદે તેમના ગુરુ પાસેથી જે આધ્યાત્મિક ભાથું મેળવ્યું તેનાથી જ તેઓ સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિનો ડંકો વગાડી શક્યા.

**નિષ્કર્ષ: એક નવી સવાર તરફ**

જો આપણે ભારતના ભવિષ્યને સુરક્ષિત અને સુસંસ્કૃત બનાવવા માંગતા હોઈએ, તો પ્રાથમિક શિક્ષણમાં આધ્યાત્મિકતાનો સમાવેશ અનિવાર્ય છે. તે બાળકને માત્ર એક સક્ષમ એન્જિનિયર કે ડૉક્ટર જ નહીં, પણ એક સંવેદનશીલ અને સજ્જન નાગરિક બનાવશે.

ભારતની પ્રાથમિક શિક્ષણ પ્રણાલીમાં આધ્યાત્મિકતાનો સમન્વય એ કોઈ ધાર્મિક પ્રચાર નથી, પરંતુ માનવતાનો પ્રચાર છે.**NEP 2020**દ્વારા આપણે ફરી એકવાર 'વિશ્વગુરુ' બનવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. જો આપણે આપણા બાળકોને વિજ્ઞાનની સાથે સંસ્કાર અને ટેકનોલોજીની સાથે તર્કશક્તિ (આધ્યાત્મિક દ્રષ્ટિકોણ) આપીશું, તો જ ભારતનો સર્વાંગી વિકાસ શક્ય છે.આધ્યાત્મિક શિક્ષણ એ હૃદયનું શિક્ષણ છે, અને હૃદયના શિક્ષણ વિનાનું શિક્ષણ એ શિક્ષણ જ નથી.જો ભારતને સાચા અર્થમાં 'સુવર્ણ યુગ' તરફ લઈ જવું હોય, તો આપણે આપણી પ્રાથમિક શાળાઓને માત્ર 'માહિતી કેન્દ્રો' મટાવી 'સંસ્કાર કેન્દ્રો' બનાવવી પડશે. આધ્યાત્મિક શિક્ષણ બાળકને મશીન બનતા અટકાવે છે અને તેને સંવેદનશીલ માણસ બનાવે છે.

**"વિદ્યા એ જ છે જે વિનય આપે છે, અને વિનય એ જ છે જે જીવનમાં સાર્થકતા લાવે છે."**

**સંદર્ભ સૂચિ (References)**

**મુખ્ય લેખ (Main Article):**

- પરમાર, ડી. એમ. (૨૦૨૬).*ભારતમાં પ્રાથમિક શિક્ષણમાં આધ્યાત્મિક શિક્ષણ: એક અનિવાર્ય જરૂરિયાત.* શિક્ષણશાસ્ત્ર વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સરકારી દસ્તાવેજો (Government Documents):**

- શિક્ષણ મંત્રાલય. (૨૦૨૦).*રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦.* ભારત સરકાર.
- Ministry of Education. (2020). *National Education Policy 2020*. Government of India. https://www.education.gov.in/

**પુસ્તકો અને મહાનુભાવો (Books & Philosophers):**

- ગાંધી, એમ. કે. (૧૯૬૨). *ખરેખરું શિક્ષણ.* નવજીવન પ્રકાશન મંદિર. (મૂળ કાર્ય ૧૯૩૭ માં પ્રકાશિત).
- કલામ, એ. પી. જે. (૨૦૧૫). *ટ્રાન્સેન્ડન્સ: માય સ્પિરિચ્યુઅલ એક્સપિરિયન્સ વિથ પ્રમુખ સ્વામી મહારાજ.* હાર્પર કોલિન્સ ઇન્ડિયા.
- Vivekananda, S. (2014). *Education: Thoughts and practice*. AdvaitaAshrama.

**યોગ અને માનસિક સ્વાસ્થ્ય (Yoga & Mental Health):**

- સરસ્વતી, એસ. એન. (૨૦૦૨). *બાળકો માટે યોગ.* બિહાર સ્કૂલ ઓફ યોગ.
- World Health Organization. (2021). *Mental health of adolescents*. https://www.who.int/news-room/fact-sheets/detail/adolescent-mental-health


## વિજ્ઞાન અને વિનયન સ્નાતકના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિની શિક્ષણમાં ભૂમિકા

Dr. Mitesh J. Doshi,
Assistant Professor, B. D. Shah College of Education, Modasa, Arvalli, Gujarat

**સારાંશ:**

બુદ્ધિ અને ચારિત્ર્ય એ સાચા શિક્ષણનું લક્ષ્ય છે (માર્ટિન લ્યુથર કિંગ, જુનિયર). શિક્ષણને ઝડપી, મક્કમ અને સફળ વિચારસરણી માટે પણ માર્ગદર્શન આપવું જોઈએ. શૈક્ષણિક સિદ્ધિ આવક, વ્યવસાય અને ઘણા સ્વાસ્થ્ય અને જીવનશૈલીના ચલો સહિત ઘણા જીવન પરિણામો સાથે સંકળાયેલી છે. શિક્ષિત લોકોમાંથી મોટા ભાગના લોકો તાર્કિક રીતે વિચારતા નથી. શાળા, વર્ગખંડ, અને સ્ટેજ પણ ઘણા કિસ્સાઓમાં આપણને ઉદ્દેશ્ય અને નિષ્પક્ષ સત્ય આપતા નથી. વોન (2002) જણાવે છે કે મનોચિકિત્સક તરીકે કામ કરતા, મારો વિચાર એ છે કે આધ્યાત્મિક બુદ્ધિ હૃદય ખોલે છે, મનને પ્રકાશિત કરે છે અને આત્માને પ્રેરણા આપે છે,

વ્યક્તિગત માનવ માનસને અસ્તિત્વના મૂળ પાયા સાથે જોડે છે. આધ્યાત્મિક બુદ્ધિનો વિકાસ વ્યવહાર દ્વારા કરી શકાય છે અને તે વ્યક્તિને વાસ્તવિકતા અને ભ્રમ વચ્ચે ભેદ પાડવામાં મદદ કરી શકે છે. આ પરિસ્થિતિમાં વિજ્ઞાન અને વિનયન સ્નાતકના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિની શિક્ષણમાં ભૂમિકા નક્કી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ હેતુ માટે અમે એમ. એન. કોલેજ, વિસનગરમાં વિજ્ઞાન જૂથ અને વિનયન જૂથમાંથી યાદચ્છિક રીતે 70 વિદ્યાર્થીઓની પસંદગી કરી. જેથી ઉદ્દેશ્યો પૂરા થાય અને વિદ્યાર્થીના વર્તનને સમજવા માટે વધુ સારો વિચાર અને વિશ્લેષણ મળે. અમે 2008 માં ડી. કિંગ દ્વારા વિકસાવવામાં આવેલી આધ્યાત્મિક બુદ્ધિ સ્વ-અહેવાલ સંશોધનીકાનો ઉપયોગ કર્યો. અમે ૨૦૦૮ માં ડી. કિંગ દ્વારા વિકસાવવામાં આવેલી આધ્યાત્મિક બુદ્ધિ સ્વ-અહેવાલ યાદીનો ઉપયોગ કર્યો. અમે ટી-ટેસ્ટની મદદથી માહિતીનું વિશ્લેષણ કર્યું. પ્રાપ્ત પરિણામો પરથી જાણવા મળ્યું કે વિનયનના વિદ્યાર્થીઓ વિજ્ઞાનના વિદ્યાર્થીઓની તુલનામાં વધુ આધ્યાત્મિક છે. અંતે આધ્યાત્મિક બુદ્ધિ સ્તર પર બંને જૂથો વચ્ચે ખૂબ જ ઓછો સાર્થક તફાવત જોવા મળ્યો છે.

**ચાવીરૂપ શબ્દો**: વિજ્ઞાન અને વિનયન સ્નાતકના વિદ્યાર્થીઓ, આધ્યાત્મિક બુદ્ધિ

## 1. પ્રસ્તાવના:

શિક્ષણ એ જીવનભર ચાલતી પદ્ધતિ છે જેના દ્વારા વ્યક્તિ ધીમે ધીમે અને પદ્ધતિસર રીતે ઉપલબ્ધ શારીરિક, શૈક્ષણિક, સામાજિક, સાંપ્રદાયિક અને ધાર્મિક વાતાવરણમાં પોતાને અનુકૂલિત કરે છે. તેથી, શિક્ષણની પ્રક્રિયા હાથ ધરવા માટે, શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ ના સર્વાંગી વિકાસ પર પણ નિષ્ઠાપૂર્વક વિચાર કરવો જોઈએ. શિક્ષણ સામાન્ય રીતે શરીર, બુદ્ધિ અને શક્તિની પ્રગતિ પ્રાપ્ત કરવા માટેના માર્ગો અને માધ્યમો પ્રદાન કરે છે. આ પરિવર્તન માટે મુખ્ય નિર્દેશક છે. તેથી શિક્ષકોએ ભાવનાત્મક અને આધ્યાત્મિક રીતે એટલા પરિપક્વ હોવા જોઈએ કે તેઓ વિદ્યાર્થીઓની અસર કરતી અને આધ્યાત્મિક જરૂરિયાતોનો સામનો કરી શકે. પૂર્વ-સેવા કાર્યસૂચિ દરમિયાન, વિદ્યાર્થી-શિક્ષકોએ ભાવનાત્મક અને આધ્યાત્મિક વિકાસ કાર્યક્રમમાં ભાગ લેવો જોઈએ. શિક્ષકો વિદ્યાર્થીઓના ચારિત્ર્યને પ્રભાવિત કરે છે. તેમના ભાવનાત્મક, તાર્કિક, સામાજિક અને આધ્યાત્મિક ક્ષેત્રોનો બાળકોના વિકાસ પર ઊંડો પ્રભાવ પડે છે. આધ્યાત્મિક રીતે બુદ્ધિશાળી શિક્ષકો જ વિદ્યાર્થીઓના વિકાસને પ્રોત્સાહન આપી શકે છે. મહત્વપૂર્ણ શૈક્ષણિક પાસાઓનો અંદાજ એ શૈક્ષણિક સંસ્થાઓનું મૂલ્યાંકન કરવાનો આધાર છે (લીનાર્સ અને લાસ્ટર, 2006). શૈક્ષણિક પ્રાપ્તિનો અંદાજ સૌથી મહત્વપૂર્ણ શૈક્ષણિક મૂલ્યાંકનોમાંનો એક ગણી શકાય. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓનું તેમના શૈક્ષણિક તબક્કા દરમિયાન સતત મૂલ્યાંકન અને તેના કાર્યક્ષમ પરિબળોનું વિશ્લેષણ એ ખાસ કરીને યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક પ્રણાલીમાં સુધારણાના નિર્ણાયક અને અનુમાનિત પાયામાંનો એક છે. તે શૈક્ષણિક ગુણવત્તાને પ્રોત્સાહન આપે છે, અને અંતે શૈક્ષણિક સંચાલકોની કાર્યક્ષમતાને સુધારે

છે. બુદ્ધિ એ મુખ્ય લાક્ષણિકતાઓમાંની એક છે જે લોકોમાં વ્યક્તિગત તફાવતો તરફ દોરી જાય છે. ઘણા વર્ષો પહેલા માનવીઓ આમાં ભાગ લેતા આવ્યા છે. ભલે બુદ્ધિ વિશેના અભ્યાસમાં તેના જ્ઞાનાત્મક પાસાઓ જેમ કે યાદશક્તિ, સમસ્યાત્મક, ભાવનાત્મક, સામાજિક અને આધ્યાત્મિક ક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હોય. બીજી બાજુ, તેનો ઉપયોગ સિદ્ધિ માટે વ્યક્તિગત ક્ષમતાઓની આગાહી કરવા માટે થઈ શકે છે. તેમનું માનવું છે કે બાળક તેના જીવનની શરૂઆતમાં જ તેના શરીર પર નિયંત્રણ મેળવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, માનવજાતનું પ્રથમ ધ્યાન તેની શારીરિક બુદ્ધિ છે અને પછી તેની ભાષાકીય અને સમજશક્તિ કુશળતા વિકસિત થશે. બુદ્ધિ માપ એ વિશ્લેષણ ક્ષમતાનો ઉલ્લેખ કરે છે જેનો ઉપયોગ ઘણી શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં થઈ શકે છે. બુદ્ધિના વિવિધ સ્તરોના સંદર્ભમાં એવું નિષ્કર્ષ પર આવી શકે છે કે આ સ્તરો એકબીજા સાથે ખાસ ક્રિયાપ્રતિક્રિયા કરે છે. જો કે, આધ્યાત્મિક બુદ્ધિની શરૂઆત અને તેના હકારાત્મક પ્રતિભાવના પરિણામે ભાવનાત્મક બુદ્ધિ કુશળતા અને આધ્યાત્મિક બુદ્ધિમાં સુધારો થાય છે

2. **અભ્યાસનું મહત્વ:**

આજે શિક્ષણ સમાજમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ અભ્યાસનો હેતુ આધ્યાત્મિક બુદ્ધિ અને વિદ્યાર્થીઓ પર તેના શિક્ષણના મહત્વ પર પ્રકાશ પાડવાનો છે. આ પેપર વિજ્ઞાન અને વિનયન સ્નાતકના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિની શિક્ષણમાં ભૂમિકાની તપાસ કરવાનો છે,. આ સંશોધનમાં અમે એ ઓળખવાનો પ્રયાસ કર્યો છે કે વિદ્યાર્થીઓનું શિક્ષણ આધ્યાત્મિક બુદ્ધિ સાથે કેટલી હદ સુધી સંબંધિત છે.

3. **સાહિત્ય સમીક્ષા:**

**શિક્ષણ:**

શિક્ષણ એ એક પ્રક્રિયા છે જે વ્યક્તિના કુદરતી અને વ્યવસ્થિત ઉત્થાનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, શિક્ષણનું મુખ્ય ધ્યેય વિદ્યાર્થીઓના વિકાસનું સર્વાંગી ઉત્થાન છે. શિક્ષકો શૈક્ષણિક પ્રક્રિયામાં મુખ્ય વ્યક્તિ છે જે વ્યક્તિઓને એક સમૃદ્ધ સફળ વ્યક્તિ બનાવવામાં ફાળો આપે છે.. એક ઉત્તમ શિક્ષક વર્ગ અને શાળાની આવશ્યકતા છે. એક સારો શિક્ષક વિદ્યાર્થીની શીખવાની ઇચ્છાને ફરીથી જાગૃત કરે છે; એક મૂલ્યવાન શિક્ષક તે ફરીથી જાગૃતિને પ્રભાવિત કરે છે શિક્ષકો પાસે વિદ્યાર્થીઓની પ્રેરણા અને શીખવાની વૃત્તિને પ્રભાવિત કરવા માટે મહત્વપૂર્ણ કુશળતા, વ્યક્તિત્વ ચારિત્ર્યના ગુણો અને આચરણ હોવા જોઈએ. કારણ કે શિક્ષકની ફરજ છે કે તેઓ દરેક વિદ્યાર્થી સાથે સંબંધ બાંધે અને શીખવા માટેના જુસ્સા, સ્નેહ, ઇચ્છા અને ઉત્સાહને પોષે, પરંતુ સમય જતાં શિક્ષકોની ટોચની પ્રાથમિકતાઓ અને નીતિઓ બદલાઈ ગઈ છે, તે ફક્ત વર્ગખંડમાં હાજરી આપવા અને વ્યાખ્યાન આપવા જેવું નથી. તેઓ તેમના જીવનમાં શ્રેષ્ઠ પ્રાપ્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરે છે. તેઓ તેમના વ્યાવસાયિક જીવનમાં પણ

શ્રેષ્ઠતા મેળવવાનો પ્રયાસ કરે છે પરંતુ વ્યાવસાયિક ઉત્થાનમાં, ઉલ્લેખિત આધ્યાત્મિક બુદ્ધિ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**આધ્યાત્મિક બુદ્ધિ:**

આધ્યાત્મિકતા એ માનવીની આંતરિક જરૂરિયાતોમાંની એક છે, જે ભાવના, મન અને વિવિધ ધર્મોમાં અસ્તિત્વ ધરાવે છે. હકીકતમાં, આધ્યાત્મિકતા એ રોજિંદા જીવનમાં આપણાથી દૂર જવાની અને આપણા સિવાય બીજા જીવન સાથે જોડાવાની જરૂરિયાત છે. એક તરફ મનોવિજ્ઞાનના વિજ્ઞાનની પ્રગતિ અને વિકાસ, અને બીજી તરફ આધુનિક સમાજોની મુશ્કેલ પ્રકૃતિને કારણે માનવીની આધ્યાત્મિક જરૂરિયાતો ભૌતિક જરૂરિયાતો કરતાં પણ વધુ મહત્વપૂર્ણ બની છે. વાસ્તવમાં, આધ્યાત્મિકતા એક ઉત્કૃષ્ટ ભાવના છે, જે માનવીની ન્યાય અને ન્યાયીપણા માટેની રુચિ અને વલણમાં વધારો કરે છે, જો શિક્ષક આધ્યાત્મિક રીતે બુદ્ધિશાળી હોય, તો તે વર્ગખંડમાં ન્યાયી વાતાવરણ પૂરું પાડવા માટે તેના/તેણીના આધ્યાત્મિક ગુણોનું સંચાલન કરી શકે છે. ઓળખ, સહાનુભૂતિ, શંકા, પ્રેરણા, સતર્કતા, સામાજિક કૌશલ્ય, દયા, સમાધાન, વફાદારી એ આધ્યાત્મિક બુદ્ધિના કેટલાક મુખ્ય ઘટકો છે. વિદ્યાર્થીઓમાં અને તેથી તેમના શિક્ષકોમાં પણ યોગ્ય ગુણોના વિકાસ (પરિવર્તનની પ્રક્રિયા અથવા માર્ગ તરીકે) માટે આ બધા પાસાઓ ખૂબ જ જરૂરી છે.

4. **અભ્યાસના હેતુઓ:**

આ સંશોધનના નીચેના **હેતુઓ** છે.

- વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક બુદ્ધિ પર શિક્ષણની ભૂમિકા નક્કી કરવી.
- વિજ્ઞાન અને વિનયનના સ્નાતક વિદ્યાર્થીઓ વચ્ચે આધ્યાત્મિક બુદ્ધિ પર તફાવત નક્કી કરવો.

5. **શૂન્ય ઉત્કલ્પના:**

આધ્યાત્મિક બુદ્ધિમત્તાના પ્રાપ્તાંકો પર વિજ્ઞાન અને વિનયનના સ્નાતક વિદ્યાર્થીઓ વચ્ચે

કોઈ સાર્થક તફાવત નથી.

6. **સંશોધન પદ્ધતિ:**

પદ્ધતિમાં સંશોધક દ્વારા અભ્યાસને શરૂઆતથી તેના અંતિમ નિષ્કર્ષ સુધી લઈ જવા માટે અપનાવવામાં આવતી યાદૃચ્છીક નમૂના પદ્ધતિનો સમાવેશ થાય છે. વર્તમાન સંશોધન માટે, અમે એમ. એન. કોલેજ, વિસનગરનો માહિતી મેળવવા માટે વિજ્ઞાન જૂથમાંથી 35 વિદ્યાર્થીઓ અને અન્ય વિનયન જૂથમાંથી 35 વિદ્યાર્થીઓને યાદૃચ્છીક પસંદ કર્યા.

7. **ઉપકરણ:**

વર્તમાન સંશોધન માટે, અમે 2008 માં ડી. કિંગ દ્વારા વિકસિત આધ્યાત્મિક બુદ્ધિ સ્વ-રિપોર્ટ સંશોધનિકા (SISRI-24) નો ઉપયોગ કર્યો. આ સ્કેલમાં 24 વસ્તુઓ છે જે ચાર શ્રેણીઓમાં વિભાજિત છે: ક્રિટિકલ અસ્તિત્વવાદી વિચારસરણી (CET), વ્યક્તિગત અર્થ ઉત્પાદન (PMP), ટ્રાન્સસેન્ડન્સ એવેરનેસ (TA) અને સભાન સ્ટેટ એક્સપાન્શન (CSE). આ સ્કેલની વિભાજિત અડધી વિશ્વસનીયતા .92 છે અને માન્યતા સંતોષકારક મળી છે.

8. **સંશોધન પ્રક્રિયા:**

અમે કોલેજના વિદ્યાર્થીઓને વિશ્વાસમાં લીધા અને તેમની સાથે સારા સંબંધો સ્થાપિત કર્યા. અમે બધા વિષયોને વ્યક્તિગત રીતે માપદંડ સંબંધિત સૂચનાઓ આપી. અમે માહિતી મેળવવા માટે બધા વિધાર્થીઓ પર સંશોધનિકા લાગુ કરી અને માહિતી વિશ્લેષણ માટે માહિતી એકત્રિત કરી. અમને બંને વિષય જૂથ વચ્ચેનો તફાવત સ્થાપિત કરવા માટે ટી-ટેસ્ટની મદદથી પરિણામ મળ્યું છે. કોષ્ટક ટી-ટેસ્ટ દ્વારા આધ્યાત્મિક બુદ્ધિ પર વિજ્ઞાન અને વિનયનના વિદ્યાર્થીઓ વચ્ચેનો તફાવત દર્શાવે છે.

| જૂથ | ચલ | સંખ્યા | df | સરાસરી મૂલ્ય | પ્રમાણ વિચલન | ટી - મૂલ્ય | સાર્થકતા મૂલ્ય |
|---|---|---|---|---|---|---|---|
| વિજ્ઞાન જૂથ | આધ્યાત્મિક બુદ્ધિ | 35 | 34 | 60.02 | 8.55 | 1.23 | .22 |
| વિનયન જૂથ | | 35 | | 63.10 | 11.71 | | |

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે બંને જૂથના વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક બુદ્ધિ વધુ હોય છે કારણ કે તે સરેરાશ મૂલ્ય દ્વારા જોઈ શકાય છે જે વિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે 60.02 અને વિનયનના વિદ્યાર્થીઓ માટે 63.10 છે પરંતુ વિનયનના વિદ્યાર્થીઓમાં વિજ્ઞાનના વિદ્યાર્થીઓની તુલનામાં આધ્યાત્મિક બુદ્ધિ વધુ હોય છે. t મૂલ્ય (1.23) દર્શાવે છે કે બંને જૂથો વચ્ચે કોઈ નોંધપાત્ર તફાવત નથી. તે કેટલાક શૈક્ષણિક અને ધાર્મિક વાતાવરણને કારણે હોઈ શકે છે. એવું સૂચવવામાં આવે છે કે સમાન અભ્યાસ અન્ય જૂથો (વિદ્યાર્થીઓ, શિક્ષકો, અન્ય યુનિવર્સિટીઓના યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ) પર હાથ ધરવામાં આવે. આ અભ્યાસને અનુરૂપ, વધુ વૈવિધ્યસભર સાધનોનો ઉપયોગ કરીને અને અભ્યાસના વર્ષો અને અભ્યાસના ક્ષેત્રો વચ્ચે તફાવત કરીને વ્યાપક અભ્યાસ આ અભ્યાસની સામાન્યીકરણમાં મદદ કરી શકે છે.

9. **અર્થઘટન:**

આધ્યાત્મિક બુદ્ધિના સ્તરને વધારવા માટે વિદ્યાર્થીઓએ ભગવાન પ્રત્યે વિશ્વાસ વધારવા માટે વાર્તાઓ સાંભળવી જોઈએ, જેનાથી ભગવાનનું જ્ઞાન સુધરે છે. તેમને ભગવાન

અને ધાર્મિકતાના ખ્યાલ અંગે વિવિધ ધર્મોના ગ્રંથો વાંચવાનું કહો. કેટલીક ધ્યાન પ્રવૃત્તિઓ પણ તેમના માટે ઉપયોગી સાબિત થાય છે. પ્રખ્યાત લોકોના કેટલાક ચિત્રો બતાવો, કવિતા રજૂ કરો, જીવનચરિત્રોના કેટલાક મુખ્ય પાસાંઓ વાંચો જેથી પ્રતીતિ, પ્રતિબદ્ધતા અને ચારિત્ર્યના ખ્યાલોને સ્પષ્ટ કરી શકાય. આધ્યાત્મિક બુદ્ધિ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચે સકારાત્મક સંબંધ છે. આધ્યાત્મિક બુદ્ધિ અને નિષ્ક્રિય વિચારો વચ્ચે નકારાત્મક સંબંધ છે અને માનસિક સ્વાસ્થ્ય અને આધ્યાત્મિક બુદ્ધિ સાથે નિષ્ક્રિય વિચારો વચ્ચે નકારાત્મક સંબંધ છે. આપણે આધ્યાત્મિક અનુભવ ધરાવતા માનવી નથી; આપણે માનવ અનુભવ ધરાવતા આધ્યાત્મિક જીવો છીએ.

## સંદર્ભસૂચિ


Goleman, D. (2000). An EI-based theory of performance. In D. Goleman, & C. Cherniss

(eds.), the EmotionallyIntelligent Workplace: How to Select for, Measure, and \

Improve Emotional Intelligence in Individuals, Groups, andOrganizations. San Francisco, CA:

Jossey-bass.Gange, F., & St Pere, F. (2002). When IQ is controlled, does motivation still

predict achievement? Intelligence. 30, 71-100. Kooker, B.M &Shoultz,

J.andCodier, E. (2007). Identifying emotional intelligence in professional Nursing

practice .Journal of professional Nursing, 23(1).30-36.

Leenaars, L., & Lester, D. (2006). Perfectionism, depression, and academic performance.Psycol Rep. Vol. 9, PP.41-42.

Lubinski, D.(2004). Introduction to the special on cognitive abilities: 100 years after Spearmans (1904) 'General intelligence', objectively determined a 111.

Nikbakht ASL, M. (2010). Examine the relationship between personality traits and spiritual

intelligence. MA Thesis, Unpublished, University of Sistan and Baluchestan.

# Role of Spiritual Education in Enhancing Mental and Physical Health

**Dr. Pragneshkumar N. Panchal**

**Assistant Professor,**

**L N K College of Education (CTE), Patan Gujarat**

## Abstract

In the contemporary world marked by rapid technological advancement, competitive lifestyles, social fragmentation, and rising psychological disorders, concerns regarding mental and physical health have become central to educational discourse. While modern education systems emphasize cognitive development, employability, and technical skills, they often overlook the spiritual dimension of human existence. Spiritual education, which nurtures

inner awareness, ethical values, emotional balance, and holistic well-being, plays a crucial role in promoting mental peace and physical health. This paper explores the concept of spiritual education, its relationship with mental and physical health, and the urgent need to integrate spirituality into formal and informal education systems. Drawing upon philosophical traditions, psychological theories, health sciences, and educational perspectives, the paper argues that spiritual education fosters resilience, emotional regulation, stress reduction, healthy lifestyles, and moral consciousness. The study highlights how spiritual practices such as meditation, mindfulness, yoga, value-based education, and self-reflection contribute to improved mental and physical health. Finally, the paper suggests strategies for incorporating spiritual education into curricula to build healthier, balanced, and value-oriented individuals in society.

**Keywords:** Spiritual Education, Mental Health, Physical Health, Holistic Development, Well-being, Values Education

## 1. Introduction

Human health is a multidimensional concept encompassing physical, mental, emotional, social, and spiritual well-being. According to the World Health Organization, health is not merely the absence of disease but a state of complete physical, mental, and social well-being. In recent decades, alarming increases in stress-related illnesses, anxiety, depression, lifestyle diseases, and psychosomatic disorders have raised serious concerns about the adequacy of existing education systems in nurturing holistic health.

Modern education largely prioritizes intellectual growth, career readiness, and technological competence. While these aspects are essential, excessive emphasis on material success, competition, and performance often leads to neglect of inner development. As a result, learners experience emotional imbalance, lack of purpose, ethical confusion, and mental fatigue. In this context, spiritual education emerges as a vital dimension that addresses the deeper needs of human life.

Spiritual education does not imply religious indoctrination; rather, it focuses on self-awareness, inner peace, moral values, compassion, mindfulness, and harmony with oneself and the environment. By nurturing the spiritual dimension, education can play a transformative role in improving both mental and physical health. This paper examines the need for spiritual education and its significance in promoting holistic health in individuals and society.

## 2. Concept of Spiritual Education

Spiritual education refers to the process of nurturing the inner life of individuals by developing awareness of self, values, purpose, interconnectedness, and transcendence. It encourages learners to explore questions related to meaning, ethics, consciousness, and human existence.

Spiritual education emphasizes:

- Self-awareness and introspection
- Emotional balance and inner peace
- Universal values such as love, compassion, truth, and non-violence
- Respect for life and nature
- Integration of mind, body, and spirit

Unlike religious education, which may focus on specific doctrines or rituals, spiritual education is universal, inclusive, and experiential. It draws inspiration from philosophical traditions, psychology, education, and health sciences.

Indian philosophical traditions such as **Yoga**, **Vedanta**, and **Buddhism**, as well as modern thinkers like Swami Vivekananda and Sri Aurobindo, emphasize education as the manifestation of inner perfection and holistic development.

## 3. Mental Health Challenges in the Modern World

Mental health issues have become a global concern. Rapid urbanization, digital overload, social isolation, academic pressure, and economic uncertainty have significantly impacted psychological well-being. Students, teachers, and professionals alike face high levels of stress, anxiety, burnout, and emotional instability.

Common mental health problems include:

- Stress and anxiety disorders
- Depression and mood disorders
- Sleep disturbances
- Low self-esteem and lack of purpose
- Emotional imbalance

Research indicates that mental health is closely linked with lifestyle, emotional regulation, and inner resilience. Conventional education often lacks mechanisms to equip learners with coping strategies, emotional intelligence, and self-regulation skills. Spiritual education addresses these gaps by fostering mindfulness, self-reflection, and inner strength.

## 4. Role of Spiritual Education in Improving Mental Health

Spiritual education contributes significantly to mental well-being by nurturing inner peace and emotional balance. Practices associated with spiritual learning help individuals manage stress, regulate emotions, and develop resilience.

### 4.1 Stress Reduction and Emotional Regulation

Spiritual practices such as meditation, mindfulness, prayer, and breathing exercises calm the nervous system and reduce stress hormones. Regular engagement in such practices enhances emotional stability and reduces anxiety and depression.

Mindfulness-based approaches, rooted in spiritual traditions, have been widely adopted in psychology and psychotherapy to treat stress-related disorders. They help individuals remain present, reduce rumination, and cultivate acceptance.

### 4.2 Self-Awareness and Purpose in Life

Spiritual education encourages introspection and self-inquiry, helping individuals understand their emotions, strengths, limitations, and life goals. A sense of purpose and meaning acts as a protective factor against mental illness.

When learners connect education with values and purpose, they experience greater motivation, self-esteem, and psychological well-being.

### 4.3 Development of Positive Attitudes and Values

Spiritual education promotes values such as compassion, gratitude, forgiveness, patience, and empathy. These positive attitudes improve interpersonal relationships and reduce feelings of anger, jealousy, and hostility, thereby enhancing mental health.

## 5. Physical Health and Lifestyle Disorders

Physical health is deeply interconnected with mental and spiritual well-being. Sedentary lifestyles, unhealthy diets, substance abuse, and chronic stress have led to a rise in lifestyle diseases such as obesity, hypertension, diabetes, and cardiovascular disorders.

Scientific studies show that stress and negative emotions weaken the immune system and contribute to physical illnesses. Therefore, improving mental and spiritual health directly impacts physical well-being.

## 6. Contribution of Spiritual Education to Physical Health

### 6.1 Mind–Body Connection

Spiritual education emphasizes the unity of mind and body. Practices such as yoga and meditation harmonize physiological functions, improve circulation, regulate breathing, and enhance immunity.

The practice of **Yoga**, recognized globally and promoted by the United Nations through the International Day of Yoga, integrates physical postures, breathing techniques, and meditation, contributing to holistic health.

**6.2 Healthy Lifestyle and Self-Discipline**

Spiritual education instills self-discipline, moderation, and awareness regarding food habits, sleep, and daily routines. Such awareness encourages healthy lifestyle choices, reducing the risk of lifestyle-related diseases.

**6.3 Healing and Preventive Health**

Spiritual well-being enhances the body's natural healing capacity. Positive emotions, hope, and inner peace contribute to faster recovery from illness and better management of chronic conditions.

## 7. Spiritual Education and Holistic Development

Education aims at the all-round development of individuals. Holistic development includes intellectual, emotional, social, moral, physical, and spiritual dimensions. Without spiritual grounding, education remains incomplete.

Spiritual education:

- Integrates knowledge with wisdom
- Balances material progress with inner growth
- Cultivates ethical responsibility and social harmony
- Prepares individuals to face life's challenges with resilience

The National Education Policy 2020 emphasizes holistic, value-based, and experiential learning, recognizing the importance of ethics, constitutional values, and well-being in education.

## 8. Need for Integrating Spiritual Education in Curriculum

The growing mental health crisis, moral decline, and health challenges underline the urgent need to integrate spiritual education into educational systems.

**8.1 Education for Well-being**

Schools and colleges must move beyond exam-oriented learning and focus on well-being, emotional health, and life skills. Spiritual education provides tools for self-care, stress management, and emotional resilience.

**8.2 Teacher's Role in Spiritual Education**

Teachers play a crucial role as role models. A spiritually aware teacher can create a supportive, compassionate, and inclusive learning environment. Teacher education programs should include components of self-awareness, mindfulness, and value education.

**8.3 Inclusive and Secular Approach**

Spiritual education should be inclusive, secular, and non-dogmatic. It must respect cultural diversity while promoting universal human values and inner development.

## 9. Strategies for Implementing Spiritual Education

To effectively integrate spiritual education, the following strategies may be adopted:

- Incorporation of meditation, yoga, and mindfulness practices in daily routines
- Value education through stories, discussions, and reflective activities
- Life-skills education focusing on emotional intelligence and self-regulation
- Community service and experiential learning
- Creating peaceful and supportive learning environments

Such initiatives can significantly enhance mental and physical health among learners.

## 10. Conclusion

In an age characterized by stress, uncertainty, and health challenges, spiritual education emerges as a powerful means of restoring balance and harmony in human life. By nurturing inner awareness, values, and emotional resilience, spiritual education plays a vital role in improving mental and physical health. It addresses the root causes of stress-related disorders, promotes healthy lifestyles, and supports holistic development.

Education systems must recognize that true progress lies not only in technological advancement but also in the cultivation of wisdom, compassion, and inner peace. Integrating spiritual education into mainstream education can help build healthier individuals, ethical citizens, and a harmonious society. Thus, the need for spiritual education is not optional but essential for sustainable human development.

**References**

Aurobindo, S. (1990). *The Foundations of Indian Culture*. Sri Aurobindo Ashram.

Goleman, D. (1995). *Emotional Intelligence*. Bantam Books.

Iyengar, B. K. S. (2001). *Yoga: The Path to Holistic Health*. Dorling Kindersley.

Kabat-Zinn, J. (2003). Mindfulness-based interventions in context. *Clinical Psychology: Science and Practice*.

National Education Policy 2020, Government of India.

Palmer, P. J. (1998). *The Courage to Teach*. Jossey-Bass.

Vivekananda, S. (1989). *Complete Works of Swami Vivekananda*. Advaita Ashrama.

WHO. (2014). *Preventing mental disorders*.

World Health Organization. (2022). *Mental health and well-being*.

UNESCO. (2015). *Rethinking Education: Towards a Global Common Good?*

# માનવ જીવનમાં આધ્યાત્મિક શિક્ષણની અનિવાર્યતા

**અભિજીતસિંહ અર્જુનસિંહ રાઉલજી, Ph.D Student**

**abraulji@gmail.com**

❖ સારાંશ :

આજના આધુનિક યુગમાં ઝડપી વૈજ્ઞાનિક વિકાસ અને ભૌતિક પ્રગતિએ જીવનસ્તર સુધાર્યો છે, પરંતુ તેની સાથે તણાવ, ચિંતા, નૈતિક પતન અને સામાજિક સંઘર્ષ જેવી ગંભીર સમસ્યાઓ પણ ઊભી થઈ છે.આજના ભૌતિકવાદ અને ટેકનોલોજીથી ઘેરાયેલા યુગમાં મનુષ્ય સુખ-સુવિધાની પાછળ દોડી રહ્યો છે.પરંતુ આંતરિક શાંતિ ખોઈ રહ્યો છે. આજની શિક્ષણ વ્યવસ્થા મોટેભાગે બૌદ્ધિક અને તકનીકી કુશળતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને માનવ જીવનના આંતરિક તથા નૈતિક પાસાઓને અવગણે છે. આધ્યાત્મિક શિક્ષણ આત્મજાગૃતિ, નૈતિક મૂલ્યો, ભાવનાત્મક સંતુલન અને જીવનના હેતુની સમજ વિકસાવીને આ અસંતુલનને દૂર કરે છે.પ્રસ્તુત લેખમાં માનવ જીવનના સર્વાંગી વિકાસ માટે આધ્યાત્મિક શિક્ષણની અનિવાર્યતા પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. લેખમાં આધ્યાત્મિકતાનો અર્થ, ભારતીય ગ્રંથો જેવા કે ભગવદ ગીતા અને ઉપનિષદોના સંદર્ભો, માનસિક સ્વાસ્થ્યમાં તેની ભૂમિકા અને શિક્ષણ પ્રણાલીમાં તેના અમલીકરણની ચર્ચા કરવામાં આવી છે. અંતમાં, આધ્યાત્મિક શિક્ષણ કેવી રીતે એક નૈતિક અને શાંતિપૂર્ણ સમાજનું નિર્માણ કરી શકે છે તે સાબિત કરવામાં આવ્યું છે.

❖ ચાવીરૂપ શબ્દો: આધ્યાત્મિક શિક્ષણ, માનવ મૂલ્યો, નૈતિક વિકાસ, સર્વાંગી શિક્ષણ, કલ્યાણ.

❖ પ્રસ્તાવના

શિક્ષણ વ્યક્તિ અને સમાજના ઘડતરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પરંપરાગત રીતે શિક્ષણ બૌદ્ધિક વિકાસ, વ્યાવસાયિક કુશળતાઓ અને આર્થિક ઉત્પાદનક્ષમતાને મહત્ત્વ આપે છે. આ પાસાઓ મહત્વના હોવા છતાં ભૌતિક સફળતાની અતિશય દોડે તણાવ, ભ્રષ્ટાચાર, હિંસા અને જીવનમાં અર્થની ખોટ જેવી સમસ્યાઓ ઊભી કરી છે. આજના સમયમાં ઘણા લોકો બાહ્ય સિદ્ધિઓ હોવા છતાં આંતરિક અસંતોષ અનુભવે છે.આધ્યાત્મિક શિક્ષણ વ્યક્તિના આંતરિક વિકાસ પર ભાર મૂકી આ સંકટનો ઉકેલ પ્રસ્તાવિત કરે છે. તે મૂલ્યો, નૈતિકતા, આત્મસંયમ, કરુણા અને સમાજ તથા પ્રકૃતિ પ્રત્યેની જવાબદારીની ભાવનાને વિકસાવે છે. ઔપચારિક શિક્ષણ સાથે આધ્યાત્મિક શિક્ષણનું સંકલન શિક્ષણને

સંતુલિત અને અર્થપૂર્ણ માનવ વિકાસનું શક્તિશાળી સાધન બનાવે છે.માનવ જીવન એ માત્ર હાડકા અને માંસનો લોચો નથી, પરંતુ તે ચેતના (Consciousness) નો એક પ્રવાહ છે. પ્રાચીન કાળથી ભારત 'વિશ્વગુરુ' રહ્યું છે કારણ કે આપણું શિક્ષણ માત્ર આજીવિકા મેળવવા પૂરતું સીમિત નહોતું, પરંતુ તે જીવન જીવવાની કળા અને આત્મ-સાક્ષાત્કાર પર આધારિત હતું. આજે આપણે માહિતીના વિસ્ફોટ વચ્ચે જીવી રહ્યા છીએ, પણ સાચું જ્ઞાન ક્યાંક ખોવાઈ ગયું છે. ટી.એસ. એલિયટે સાચું જ કહ્યું છે: "માહિતીમાં ખોવાયેલું જ્ઞાન ક્યાં છે? અને જ્ઞાનમાં ખોવાયેલું ડહાપણ ક્યાં છે?" આ ડહાપણ કે પ્રજ્ઞા પ્રાપ્ત કરવાનો માર્ગ એટલે જ આધ્યાત્મિક શિક્ષણ.

❖ આધ્યાત્મિક શિક્ષણનો સાચો અર્થ

ઘણા લોકો આધ્યાત્મિકતાને ધર્મ કે પંથ સાથે જોડી દે છે, જે એક ભૂલભરેલી માન્યતા છે. ધર્મ એ બાહ્ય માળખું છે, જ્યારે આધ્યાત્મિકતા એ આંતરિક અનુભૂતિ છે. આધ્યાત્મિક શિક્ષણ એટલે,

- ➢ સ્વ-ઓળખ: "હું કોણ છું?" તે પ્રશ્નનો ઉત્તર શોધવો.
- ➢ મૂલ્ય આધારિત શિક્ષણ: સત્ય, પ્રેમ, કરુણા અને અહિંસાને જીવનમાં ઉતારવા.
- ➢ બ્રહ્માંડ સાથે જોડાણ: વ્યક્તિગત અહંકારને છોડીને સમષ્ટિ સાથે એકરૂપ થવું.

❖ ભારતીય દર્શન અને આધ્યાત્મિક શિક્ષણ

ભારતીય સંસ્કૃતિના પાયામાં જ આધ્યાત્મિકતા છે. આપણા શાસ્ત્રો આ શિક્ષણની જરૂરિયાત પર ભાર મૂકે છે:

- ➢ શ્રીમદ ભગવદ ગીતાનો દ્રષ્ટિકોણ:

ગીતા એ માત્ર ધાર્મિક ગ્રંથ નથી, પણ તે માનસશાસ્ત્રનો અદ્ભુત ગ્રંથ છે. ભગવાન કૃષ્ણ અર્જુનને જે જ્ઞાન આપે છે તે સર્વોચ્ચ આધ્યાત્મિક શિક્ષણ છે. તે શીખવે છે કે કર્મ કરવું એ આપણો અધિકાર છે, પણ ફળની અપેક્ષા એ દુઃખનું કારણ છે. જ્યારે વિદ્યાર્થી કે વ્યાવસાયિક આ 'નિષ્કામ કર્મ'નો સિદ્ધાંત સમજે છે, ત્યારે તેના જીવનમાંથી નિષ્ફળતાનો ડર નીકળી જાય છે.

➢ ઉપનિષદોનું અમૃત:

ઉપનિષદોમાં 'વિદ્યા'ના બે પ્રકાર બતાવ્યા છે: અપરા વિદ્યા (લૌકિક જ્ઞાન - વિજ્ઞાન, ગણિત વગેરે) અને પરા વિદ્યા (આધ્યાત્મિક જ્ઞાન). ઋષિઓ કહે છે કે જ્યાં સુધી મનુષ્ય પરા વિદ્યા પ્રાપ્ત નથી કરતો, ત્યાં સુધી તેનું જ્ઞાન અધૂરું છે. "तमसो मा ज्योतिर्गमय" – અંધકારથી પ્રકાશ તરફની ગતિ એટલે જ આધ્યાત્મિક શિક્ષણ.

➢ આધુનિક યુગમાં તેની જરૂરિયાત કેમ?

- માનસિક સ્વાસ્થ્ય અને સ્થિરતા:

આજે યુવાનોમાં આત્મહત્યા, નશાખોરી અને ડિપ્રેશનના કિસ્સાઓ વધી રહ્યા છે. ભૌતિક સફળતા હોવા છતાં આંતરિક શૂન્યતા અનુભવાય છે. આધ્યાત્મિક શિક્ષણ 'માઇન્ડફુલનેસ' (Mindfulness) અને ધ્યાન દ્વારા મનને કાબૂમાં રાખતા શીખવે છે. જે વ્યક્તિ અંદરથી શાંત છે, તેને બહારનું કોઈ પણ તોફાન વિચલિત કરી શકતું નથી.

- નૈતિક અને ચારિત્ર્ય નિર્માણ:

વર્તમાન શિક્ષણ પદ્ધતિ 'રોબોટ્સ' પેદા કરી રહી છે જે ગણતરીમાં પાકા છે પણ સંવેદનામાં કાચા છે. આધ્યાત્મિકતા મનુષ્યમાં નૈતિક કરોડરજ્જુ તૈયાર કરે છે. તે શીખવે છે કે પ્રામાણિકતા એ માત્ર 'પોલિસી' નથી, પણ જીવનનું ગૌરવ છે.

- સામાજિક એકતા:

વિશ્વમાં આજે ધર્મ, જ્ઞાતિ અને દેશના નામે અસંખ્ય ઝઘડાઓ ચાલે છે. આધ્યાત્મિક શિક્ષણ 'વસુધૈવ કુટુંબકમ' (આખી પૃથ્વી મારો પરિવાર છે) ની ભાવના જગાડે છે. તે શીખવે છે કે બાહ્ય દેખાવ ભલે અલગ હોય, પણ અંદર રહેલું ચેતના તત્વ એક જ છે.

➢ શિક્ષણ સંસ્થાઓમાં આધ્યાત્મિકતાનું સ્થાન

આધ્યાત્મિક શિક્ષણનો અર્થ એ નથી કે શાળાઓમાં પૂજા-પાઠ શરૂ કરવા. પરંતુ શિક્ષણ પ્રણાલીમાં નીચેના ફેરફારોની જરૂર છે:

- મૂલ્ય શિક્ષણ (Value Education): વાર્તાઓ અને પ્રસંગો દ્વારા વિદ્યાર્થીઓમાં સહાનુભૂતિ અને પરોપકારના ગુણો વિકસાવવા.

- યોગ અને ધ્યાન: શારીરિક અને માનસિક તંદુરસ્તી માટે યોગને ફરજિયાત બનાવવો.
- સેવા પ્રવૃત્તિઓ: વિદ્યાર્થીઓને સમાજના વંચિત વર્ગોની સેવા કરવા પ્રોત્સાહિત કરવા, જેથી તેમનામાં અહંકાર ઓગળે અને કરુણા જન્મે.

➢ વિજ્ઞાન અને આધ્યાત્મિકતા બે પાસાં

ઘણા લોકો માને છે કે વિજ્ઞાન અને આધ્યાત્મિકતા વિરોધી છે. વાસ્તવમાં, તે એક જ સિક્કાની બે બાજુ છે. વિજ્ઞાન 'કેવી રીતે' (How) નો જવાબ આપે છે, જ્યારે આધ્યાત્મિકતા 'શા માટે' (Why) નો જવાબ આપે છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું હતું, "ધર્મ વગરનું વિજ્ઞાન લંગડું છે, અને વિજ્ઞાન વગરનો ધર્મ આંધળો છે." જ્યારે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ સાથે આધ્યાત્મિક જાગૃતિ ભળે છે, ત્યારે જ સાચી પ્રગતિ થાય છે.

➢ આધ્યાત્મિક શિક્ષણના લાભ (કોષ્ટક)

- આધ્યાત્મિક શિક્ષણનો વ્યક્તિગતક્ષેત્રેઆત્મવિશ્વાસમાં વધારો, સ્પષ્ટ વિચારધારા, આંતરિક શાંતિ મળે છે.
- આધ્યાત્મિક શિક્ષણનો કૌટુંબિકક્ષેત્રેસંબંધોમાં પ્રેમ અને ક્ષમાની ભાવના વધારે છે, અને કુટુંબમાં ક્લેશમાં ઘટાડો કરે છે.
- આધ્યાત્મિક શિક્ષણનો વ્યાવસાયિકક્ષેત્રેનૈતિકતા, નેતૃત્વ ગુણો (Leadership), ટીમ વર્ક શીખવે છે.
- આધ્યાત્મિક શિક્ષણનોવૈશ્વિક ક્ષેત્રેપર્યાવરણની જાળવણી, યુદ્ધમુક્ત વિશ્વની કલ્પનાશીખવે છે.

❖ પડકારો અને ઉકેલ

આજના સમયમાં સૌથી મોટો પડકાર 'ભૌતિકવાદ' છે. લોકોને લાગે છે કે જે દેખાય છે તે જ સાચું છે. વળી, આધ્યાત્મિકતાના નામે ચાલતા પાખંડોએ પણ લોકોનો વિશ્વાસ ડગમગાવ્યો છે.

ઉકેલ: આપણે શાસ્ત્રોના સાચા અર્થને વૈજ્ઞાનિક ઢબે રજૂ કરવો પડશે. વિવેકાનંદ અને મહાત્મા ગાંધી જેવા મહાપુરુષોના જીવનના ઉદાહરણો નવી પેઢી સામે રાખવા પડશે.

❖ આત્મ-સાક્ષાત્કાર: જીવનનું અંતિમ લક્ષ્ય

આધ્યાત્મિક શિક્ષણનો સર્વોચ્ચ તબક્કો આત્મ-સાક્ષાત્કાર છે. મનુષ્ય આખી જિંદગી બહારની દુનિયાને જીતવામાં વિતાવે છે, પણ જો તે પોતાની જાતને નથી જીતી શકતો, તો તે હારેલો છે. ગીતામાં કૃષ્ણ કહે છે - "उद्धरेदात्मनात्मानं" એટલે કે પોતાનો ઉદ્ધાર પોતાની જાતે જ કરવો જોઈએ. આધ્યાત્મિક શિક્ષણ તે ઉદ્ધારની ચાવી છે.

❖ નિષ્કર્ષ

સમગ્ર ચર્ચાના અંતે કહી શકાય કે, આધ્યાત્મિક શિક્ષણ એ વિલાસ નથી પણ અનિવાર્યતા છે. તે મનુષ્યને પશુતામાંથી મનુષ્યતા તરફ અને મનુષ્યતામાંથી દિવ્યતા તરફ લઈ જાય છે. જો આપણે કેવળ બૌદ્ધિક વિકાસ કરીશું અને આધ્યાત્મિકતાને અવગણીશું, તો આપણે એક એવો સમાજ બનાવીશું જે શક્તિશાળી હશે પણ દયાવિહોણો હશે.માનવતાના અસ્તિત્વ માટે, આવનારી પેઢીના માનસિક સ્વાસ્થ્ય માટે અને વિશ્વમાં શાંતિ સ્થાપવા માટે શિક્ષણમાં આધ્યાત્મિક તત્વોનો સમાવેશ કરવો એ સમયની માંગ છે. આધ્યાત્મિકતા એ રણની રેતીમાં મીઠી વીરડી જેવી છે, જે મનુષ્યની તૃષ્ણાઓને શાંત કરી તેને પરમ આનંદની અનુભૂતિ કરાવે છે.

❖ સંદર્ભ

શ્રીમદ્ ભગવદ્ ગીતા - (કર્મયોગ અને ભક્તિયોગના અધ્યાયો).

સ્વામી વિવેકાનંદ - કેળવણી (Education), શ્રી રામકૃષ્ણ આશ્રમ.

મહાત્મા ગાંધી - સત્યના પ્રયોગો, નવજીવન પ્રકાશન.

https://www.artofliving.org/in-gu/wisdom/reads/spirituality-is-a-must-for-right-living

# આંતરિક શાંતિ અને સુખાકારી માટે આધ્યાત્મિક શિક્ષણની ભૂમિકા

## Role of Spiritual Education for Inner Peace & Well Being

**ડો.રાજેશકુમાર જી.ચૌધરી**

**ઇ.ચા. આચાર્ય, કોલેજ ઓફ એજ્યુકેશન, દરામલી**

**પ્રસ્તાવના** : આધુનિક યુગમાં માનવ જીવન ઝડપી ગતિ, સ્પર્ધા અને ભૌતિકતા તરફ વળેલું જોવા મળે છે. વૈજ્ઞાનિક અને ટેક્નોલોજીકલ વિકાસે માનવ જીવનને સુવિધાસભર બનાવ્યું છે, પરંતુ તેના સાથે તણાવ, ચિંતા, ડિપ્રેશન અને અસંતોષ જેવી સમસ્યાઓ પણ વધતી ગઈ છે. આજે માનવી પાસે બધું હોવા છતાં આંતરિક શાંતિનો અભાવ અનુભવાય છે.

આ પરિસ્થિતિમાં આધ્યાત્મિક શિક્ષણ માનવ જીવન માટે અત્યંત મહત્વપૂર્ણ બની રહ્યું છે. આધ્યાત્મિક શિક્ષણ વ્યક્તિને આત્મજ્ઞાન, મૂલ્યનિષ્ઠ જીવન અને માનસિક સંતુલન પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. આ સંશોધન પેપરનો મુખ્ય ઉદ્દેશ આંતરિક શાંતિ અને સુખાકારી માટે આધ્યાત્મિક શિક્ષણની ભૂમિકાનો અભ્યાસ કરવો છે.

આજના સમયમાં વિદ્યાર્થીઓ તેમજ યુવાનો માનસિક દબાણ, અભ્યાસનો ભાર, કારકિર્દીની ચિંતા અને સામાજિક અપેક્ષાઓના કારણે માનસિક અસ્વસ્થતા અનુભવે છે. માત્ર ભૌતિક શિક્ષણ વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે પૂરતું નથી. આથી આધ્યાત્મિક શિક્ષણની જરૂરિયાત ઊભી થાય છે, જે વ્યક્તિને આંતરિક શક્તિ, આત્મવિશ્વાસ અને જીવન પ્રત્યે સકારાત્મક દૃષ્ટિ આપે છે. આ પેપર આધ્યાત્મિક શિક્ષણના મહત્વને સમજવામાં મદદરૂપ થશે. આધ્યાત્મિક શિક્ષણના અભાવમાં નીચે મુજબની સમસ્યાઓ સમાજમાં જોવા મળે છે.

માનસિક અશાંતિ અને તણાવ, નૈતિક મૂલ્યોનો અભાવ, સ્વઅનુશાસનનો અભાવ, આત્મજ્ઞાનનો અભાવ, નકારાત્મક વિચારધારા, સંબંધોમાં તણાવ, જીવનના હેતુનો અભાવ, સામાજિક સમસ્યાઓમાં વધારો, વિદ્યાર્થીઓમાં વ્યક્તિત્વ વિકાસનો અભાવ, સંતુલિત જીવનશૈલીનો અભાવ જોવા મળે છે. આવામાં આધ્યાત્મિક શિક્ષણ અને આધ્યાત્મિક વિચારો હકારાત્મક વ્યક્તિત્વ ઘડવામાં અને સમાજમાં એક જવાબદાર નાગરિક બનાવવામાં હકારાત્મક ભૂમિકા ભજવી શકે છે.

સૌ પ્રથમ આધ્યાત્મિક શિક્ષણ અને ફક્ત શાળાકીય શિક્ષણ વચ્ચે શું તફાવત હોઇ શકે તે જોવાનો પ્રયત્ન કરીએ..

| મુદ્દો | આધ્યાત્મિક શિક્ષણ | શાળાકીય શિક્ષણ |
|---|---|---|

| | | |
|---|---|---|
| ધ્યાન | આત્મિક વિકાસ | જ્ઞાન અને કુશળતા |
| ઉદ્દેશ | શાંતિ અને મૂલ્યો | કારકિર્દી અને પ્રગતિ |
| સ્વરૂપ | આંતરિક | બાહ્ય |
| સમય | જીવનમૂલ્યો આધારિત | નિશ્ચિત કે જીવનભર ચાલતું |

**ટૂંકમાં,**

1. **આધ્યાત્મિક શિક્ષણ**

- આત્મા, મન, મૂલ્યો અને જીવનના અર્થ પર કેન્દ્રિત હોય છે
- સત્ય, શાંતિ, કરુણા, સંયમ, આત્મજ્ઞાન જેવા ગુણો વિકસાવે છે
- ધર્મ, ધ્યાન, યોગ, નૈતિકતા, સેવા જેવી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલું હોય છે
- વ્યક્તિના **આંતરિક વિકાસ** પર ભાર મૂકે છે
- જીવનને સાર્થક અને સંતુલિત બનાવવાનું લક્ષ્ય હોય છે

2. **શાળાકીય શિક્ષણ**

- શાળા પછી અથવા જીવનભર ચાલતું શિક્ષણ
- નવા કૌશલ્યો, જ્ઞાન અને ટેકનિક શીખવા પર ધ્યાન
- કારકિર્દી, રોજગાર, ટેકનોલોજી, વ્યવસાયિક વિકાસ સાથે સંકળાયેલું
- વ્યક્તિના **બૌદ્ધિક અને વ્યાવસાયિક વિકાસ** પર ભાર
- બદલાતા સમય સાથે અપડેટ રહેવા પર ભાર

આમ, શાળાકીય શિક્ષણ દ્વારા વ્યક્તિ ભૌતિક જગત સાથે જોડાઈ પોતાના વાસ્તવિક જીવનનો હેતુ ભૂલી ઘણી વખત કાલ્પનિક સુખો તરફ આકર્ષાઈ પોતાને અને સમાજની વચ્ચે સંતુલન જાળવી શકતો નથી. તેથી સમાજમાં અશાંતિનું વાતાવરણ વધતું જાય છે જેમાં આધ્યાત્મિક શિક્ષણ વ્યક્તિને તેના મૂળ ઉદ્દેશ સુધી પરત લાવવામાં અને પોતાના સ્વ ને ઓળખી સમાજ અને પોતાના વ્યવહાર વચ્ચે યોગ્ય સંતુલન જાળવી રાખવામાં મહવની ભૂમિકા ભજવે છે. જેમ કે....

1. દયા અને કરુણા (Pity and Compassion) :
2. સહીષ્ણુતા (Tolerance) :

3. હિત અને સંઘર્ષ (Interest and conflict)
4. સહાનુભૂતિ (Empathy) :
5. સ્વ પ્રેરણા (Self Motivation) :

1. **દયા અને કરુણા (Pity and Compassion)** : દયા અને કરૂણામાં ફેર છે. કોઈને દુઃખી જોઈ થોડીક મદદ કરી છૂટી જવાનું મન થાય એ દયા છે. પણ બીજાના દુઃખનો અનુભવ જાતે થાય, બીજાને વાગેલા કાંટાની પીડા કાળજાને કોરી ખાય, ટપકતાં આંસુ જોઈ હૈયું વલોવાઈ જાય તો એ કરૂણા છે.

પ્રેમ, દયા અને કરુણા પર દુનિયાના તમામ ધર્મોએ ભાર મૂક્યો છે. જૈન ધર્મે તો આ સિદ્ધાંતોને અહિંસા સાથે સાંકળી લઈને તેને આગવી વિશિષ્ટતા બક્ષી છે અને તેને ધર્મનો આધાર બનાવ્યો છે. કોઈ પણ માણસમાં પ્રેમ, દયા અને કરુણાની ભાવના હોય તે હિંસક બની શકે નહીં.

માણસ કોઈ પણ જાતના સ્વાર્થ વગર, કોઈ પણ જાતના દેખીતા લાભ વગર જ્યારે પરમાર્થનું કામ કરે છે ત્યારે તેનો આનંદ અનોખો હોય છે. દાન અને સહાય એવી હોવી જોઈએ સામા માણસને હાથ લંબાવવો ન પડે. જેની પાસે પૈસા છે એ જ દાન કરી શકે એવું નથી. આપણી પાસે જે કાંઈ હોય એમાંથી થોડું જરૂરિયાતવાળા દુઃખી માણસને આપી શકીએ, ગરીબોના આંસુ લૂંછી શકીએ, અપંગ અસાહયને હાથ લાંબો કરી ટેકો આપી શકીએ. તુલસીદાસજીએ જેમ કહ્યું છે તેમ...

તુલસી જગ મે આય કે
કર લીજે દો કામ
દેને કો ટુકડા ભલા
લેને કો હરી નામ.

દયા, કરુણા અને માનવતા મોટો ધર્મ છે. દયા, કરુણા, પ્રેમ, સ્નેહ અને સંવેદના જીવનના સ્ત્રોતો છે.

2. **સહીષ્ણુતા (Tolerance)** : સહન કરી લેવાની શક્તિ, સાંખી લેવાનો ગુણ, સહિષ્ણુ હોવું તે, સહનશક્તિ, ધીરજ, સહનશીલપણું.

સહનની જો હોય આવડત, મુસીબતમાં ય રાહત છે
દિલ જો માણી જાણે તો, દુઃખ પણ એક દોલત છે.

આપણી આસપાસના કઈ કેટલાય મૂક પદાર્થોનું જીવનસંગીત જો આપણે ધ્યાનથી સાંભળીશું તો એમાંથી સહિષ્ણુતાનો મહિમા-સહનશીલતાનો લાભ બહુ માધુર્યસભર અને અસરકારક પ્રગટતો અનુભવાય. કેટલાક આવા પદાર્થો જોઈએ. જે આરસપાષાણ સહિષ્ણુ બનીને શીલ્પીનાં તીક્ષ્ણ ટાંકણાના ઘા સહન કરે છે એ પથ્થર એક દિવસ પ્રતિમા બની-ભગવાન બની જગતના માટે પૂજનીય-વંદનીય બને છે...જે માટી કુંભારના પગતળે કચડાઈને કેળવાય છે અને નિભાડાનો આકરો તાપ સહન કરે છે એ જ માટી એક દિવસ ઘડો બનીને લોકોની તૃષા છિપાવવામાં ઉપયોગી બને છે... ધારો કે આ પથ્થર-માટી જરાય સહન જ કરતા ન હોત તો ? તો ન એમની કોઈ મૂલ્યવત્તા હોય કે ન એમનું લોક વ્યવહારમાં કોઈ મહત્ત્વનું સ્થાન હોત. આ મૂક પદાર્થો એમની જીવનશૈલી દ્વારા બહુ સ્પષ્ટ સંદેશ આપે છે કે મૂલ્ય-મહત્વ પામવું હોય તો સહન કર્યા સિવાય કોઈ વિકલ્પ નથી.

સહિષ્ણુતાના સંદર્ભમાં સરસ વાતઃ સહિષ્ણુતા દાખવશો તો સહુના મનમાં છવાઈ જશો... અસહિષ્ણુતા દાખવશો તો સહુનાં મનમાંથી ઊતરી જશો...

❖ **સંદર્ભ સૂચિ** :


અરવિંદ, શ્રી. (1990). *ધ લાઇફ ડિવાઇન*. શ્રી અરવિંદ આશ્રમ પ્રેસ.

કબાટ-ઝિન, જે. (1994). *વ્હેરએવર યુ ગો, ધેર યુ આરઃ માઇન્ડફુલનેસ મેડિટેશન ઇન એવરીડે લાઇફ*. હાયપેરિયન.

પતંજલિ. (2008). *પતંજલિ યોગસૂત્ર* (સ્વામી સચ્ચિદાનંદ, અનુ.). યોગવિલ પ્રેસ. (મૂળ કાર્ય આશરે ઇ.સ.પૂ. 400)

રાધાકૃષ્ણન, એસ. (સંપા.). (2014). *પ્રિન્સિપલ ઉપનિષદો*. ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ.

રાવ, કે. આર. (2005). અધ્યાત્મિકતા અને માનસિક સ્વસ્થતા: વર્તમાન સ્થિતિ અને ભવિષ્ય દિશાઓ. *જર્નલ ઑફ ઇન્ડિયન સાઇકોલોજી, 23*(1), 1–13.

# ગુજરાતી સાહિત્યના સંદર્ભમાં પાઠ્યલક્ષી અને વર્ણનાત્મક વિશ્લેષણ: એક અભ્યાસ

**Dr. Sumitkumar Mahendrakumar Parmar**
**Shree B.M. Chaudhari High School, Kheralu**

**પ્રસ્તાવના :**

સાહિત્યિક કૃતિના ઊંડાણપૂર્વકના અભ્યાસ માટે વિવેચકો વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. જેમાં **પાઠ્યલક્ષી વિશ્લેષણ**' કૃતિના શબ્દો, ભાષા અને બંધારણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જ્યારે '**વર્ણનાત્મક વિશ્લેષણ**' વાર્તા કહેવાની પદ્ધતિ, કથાના ઘટકો અને પાત્રાલેખન પર ભાર મૂકે છે.

**પાઠ્યલક્ષી વિશ્લેષણ (Textual Analysis):**

આ પદ્ધતિનો મુખ્ય ઉદ્દેશ્ય લખાણના ગર્ભિત અર્થોને સમજવાનો છે.

- **ભાષાકીય સંરચના**: લેખકે પસંદ કરેલા શબ્દો અને અલંકારોનો પ્રભાવ.
- **શૈલી વિજ્ઞાન**: વાક્યરચના અને લય (Rhythm) કેવી રીતે ભાવ પેદા કરે છે.
- **સાંસ્કૃતિક સંદર્ભ**: લખાણમાં રહેલા સામાજિક અને સાંસ્કૃતિક સંકેતોનું અર્થઘટન.

**પાઠ્યલક્ષી વિશ્લેષણનો અર્થ :**

પાઠ્યલક્ષી વિશ્લેષણ એટલે પાઠ્યપુસ્તકના કોઈપણ પાઠ/અધ્યાયને તેના **ઉદ્દેશો, વિષયવસ્તુ, ભાષા, મૂલ્યો, શિક્ષણ પદ્ધતિ, પ્રવૃત્તિઓ અને મૂલ્યાંકન**ના દૃષ્ટિકોણથી સૂક્ષ્મ રીતે તપાસવાની પ્રક્રિયા.

**પાઠ્યલક્ષી વિશ્લેષણના હેતુઓ**

- પાઠના **શિક્ષણલક્ષી ઉદ્દેશો** સ્પષ્ટ કરવું
- વિદ્યાર્થીઓમાં વિકસાવવાની **જ્ઞાન, કૌશલ્ય અને મૂલ્યો** ઓળખવા
- યોગ્ય **શિક્ષણ પદ્ધતિ** પસંદ કરવી
- **શિક્ષકને પાઠ આયોજનમાં માર્ગદર્શન** આપવું
- અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક વચ્ચેની સુસંગતતા તપાસવી

**પાઠ્યલક્ષી વિશ્લેષણના તત્વો**

**પાઠની ઓળખ માહિતી**

- વિષય
- ધોરણ
- પાઠનું શીર્ષક
- સમયગાળો

**શિક્ષણલક્ષી ઉદ્દેશો**

- **જ્ઞાનલક્ષી ઉદ્દેશો** (જાણવું, સમજવું)
- **ભાવલક્ષી ઉદ્દેશો** (રુચિ, મૂલ્યો, વલણ)
- **કૌશલ્યલક્ષી ઉદ્દેશો** (અભિવ્યક્તિ, પ્રયોગ)

**પાઠ્યવસ્તુનું વિશ્લેષણ**

- મુખ્ય મુદ્દા
- ઉપમુદ્દા
- સંકલ્પનાઓ
- તથ્યો, ઉદાહરણો, વ્યાખ્યાઓ

**ભાષા અને અભિવ્યક્તિ**

- ભાષાની સરળતા/કઠિનતા
- નવા શબ્દો
- વાક્ય રચના
- ઉદાહરણો અને ઉપમાઓ

**મૂલ્યલક્ષી તત્ત્વો**

- નૈતિક મૂલ્યો
- સામાજિક મૂલ્યો
- રાષ્ટ્રીય એકતા
- પર્યાવરણ સંરક્ષણ

**શિક્ષણ પદ્ધતિ અને સહાયક સાધનો**

- વાર્તાકથન
- ચર્ચા પદ્ધતિ
- પ્રવૃત્તિ આધારિત શિક્ષણ
- ચિત્રો, ચાર્ટ, ICT સાધનો

**અભ્યાસ પ્રવૃત્તિઓ**

- પ્રશ્નોત્તરી
- જૂથકાર્ય
- પ્રયોગ
- પ્રોજેક્ટ કાર્ય

**મૂલ્યાંકન પદ્ધતિ**

- મૌખિક પ્રશ્નો
- લેખિત પરીક્ષણ

- કાર્ય આધારિત મૂલ્યાંકન
- સતત અને સર્વાંગી મૂલ્યાંકન (CCE)

**પાઠ્યલક્ષી વિશ્લેષણનું મહત્વ**

- શિક્ષણ **લક્ષ્યકેન્દ્રિત** બને છે
- શિક્ષકનું કાર્ય **વ્યવસ્થિત** બને છે
- વિદ્યાર્થીઓમાં **સક્રિય ભાગીદારી** વધે છે
- અભ્યાસમાં **ગુણવત્તા સુધરે છે**
- કાર્ય સંશોધનમાં ઉપયોગી બને છે

**વર્ણનાત્મક વિશ્લેષણ (Narrative Analysis)**

વર્ણનાત્મક વિશ્લેષણ એટલે 'કથાનું વિશ્લેષણ'. તે નીચેના મુદ્દાઓ પર આધારિત છે:

- **કથા સંરચના (Plot Structure):** ઘટનાઓનો ક્રમ કેવી રીતે ગોઠવાયેલો છે (આદિ, મધ્ય અને અંત).
- **કથન કેન્દ્ર (Point of View):** વાર્તા કોણ કહી રહ્યું છે? (પ્રથમ પુરુષ કે ત્રીજો પુરુષ એકવચન).
- **પાત્ર વિકાસ**: વાર્તાના વળાંકો સાથે પાત્રોના સ્વભાવમાં આવતું પરિવર્તન.

**વર્ણનાત્મક વિશ્લેષણનો અર્થ**

વર્ણનાત્મક વિશ્લેષણ એ સંશોધનમાં મેળવેલ આંકડાઓ અથવા માહિતીનું **સારાંશરૂપે વર્ણન** કરવાની પ્રક્રિયા છે. તેમાં આંકડાઓને બદલ્યા વગર, જેમ છે તેમ રજૂ કરવામાં આવે છે.
આ વિશ્લેષણનો મુખ્ય ઉદ્દેશ છે:

- માહિતી સરળ રીતે સમજાય તેવી બનાવવી
- વિષયની વર્તમાન સ્થિતિ દર્શાવવી
- તુલના અને નિષ્કર્ષ માટે આધાર પૂરું પાડવો

**વર્ણનાત્મક વિશ્લેષણના ઉદ્દેશો**

- સંશોધન વિષયની હાલની સ્થિતિ દર્શાવવી
- આંકડાઓને ક્રમબદ્ધ અને ગોઠવેલ સ્વરૂપમાં રજૂ કરવું
- સરેરાશ, પ્રમાણ, ટકા વગેરે દ્વારા માહિતી સમજાવવી
- વાચકને સ્પષ્ટ ચિત્ર આપવું

**વર્ણનાત્મક વિશ્લેષણમાં ઉપયોગ થતી પદ્ધતિઓ**

**(A) કોષ્ટક (Tables)**

આંકડાઓને પંક્તિ અને સ્તંભમાં રજૂ કરવામાં આવે છે.

**ઉદાહરણ**:

વિદ્યાર્થીઓની હાજરીની સ્થિતિ, ગુણ વિતરણ, લિંગ પ્રમાણે વર્ગીકરણ વગેરે.

**આલેખ અને આકૃતિઓ (Graphs & Diagrams)**

- સ્તંભ આલેખ (Bar Graph)
- વર્તુળ આલેખ (Pie Chart)
- રેખા આલેખ (Line Graph)

આલેખો દ્વારા માહિતી ઝડપથી સમજાય છે.

**આંકડાકીય માપદંડો (Statistical Measures)**

કેન્દ્રિય પ્રવૃત્તિના માપદંડ

- સરેરાશ (Mean)
- મધ્યક (Median)
- પ્રચલિત મૂલ્ય (Mode)

વિસર્જનના માપદંડ

- પરિસર (Range)
- માનક વિચલન (Standard Deviation)

**વર્ણનાત્મક વિશ્લેષણના પ્રકાર**

**ગુણાત્મક વર્ણન**

- શબ્દોમાં વર્ણન
- અભિપ્રાયો, વર્તન, અભ્યાસની પ્રક્રિયા

**ઉદાહરણ**:

શિક્ષકોનું મૂલ્યશિક્ષણ પ્રત્યેનું વલણ.

**પરિમાણાત્મક વર્ણન**

- આંકડાઓ અને સંખ્યાઓ આધારિત
- ટકા, સરેરાશ, ગુણાંક

**ઉદાહરણ**:

70% વિદ્યાર્થીઓ નિયમિત હાજર છે.

સંશોધન પેપરમાં વર્ણનાત્મક વિશ્લેષણનું સ્થાન

સામાન્ય રીતે નીચેના અધ્યાયમાં સમાવેશ થાય છે:

- ચોથો અધ્યાય – **આંકડાઓનું વિશ્લેષણ અને અર્થઘટન**

**શિક્ષણ સંશોધનમાં ઉદાહરણ**

**વિષય**: ધોરણ 8ના વિદ્યાર્થીઓમાં ગણિતના શબ્દપ્રશ્નો

"વર્ણનાત્મક વિશ્લેષણ દર્શાવે છે કે 60% વિદ્યાર્થીઓને શબ્દપ્રશ્ન સમજવામાં મુશ્કેલી હતી, જ્યારે નવી શિક્ષણ પદ્ધતિ પછી આ પ્રમાણ ઘટીને 25% થયું.

### ગુજરાતી સાહિત્યમાં વિનિયોગ (Application):

આ પદ્ધતિઓને સમજવા માટે આપણે પન્નાલાલ પટેલની 'માનવીની ભવાઈ' અથવા ઝવેરચંદ મેઘાણીની કૃતિઓનું ઉદાહરણ લઈ શકીએ.

- **માનવીની ભવાઈ**: આ નવલકથાનું પાઠ્યલક્ષી વિશ્લેષણ કરતાં તેમાં વપરાયેલી તળપદી બોલીનું મહત્વ સમજાય છે.
- **નેરેટિવ વિશ્લેષણ**: કાળુ અને રાજુના સંબંધો અને દુષ્કાળની પરિસ્થિતિ કથાને કેવી રીતે આગળ ધપાવે છે તે જાણી શકાય છે.

**તુલનાત્મક કોષ્ટક**

| વિગત | પાઠ્યલક્ષી વિશ્લેષણ | વર્ણનાત્મક વિશ્લેષણ |
|---|---|---|
| **મુખ્ય ધ્યાન** | શબ્દો, પ્રતીકો અને ભાષા | વાર્તા, પાત્રો અને કથન શૈલી |
| **પ્રશ્ન** | લખાણ 'શું' કહેવા માંગે છે? | વાર્તા 'કેવી રીતે' કહેવામાં આવી છે? |
| **ઉપયોગ** | કવિતા અને ગદ્ય બંનેમાં | મુખ્યત્વે વાર્તા, નવલકથા અને નાટકમાં |

### નિષ્કર્ષ :

સાહિત્યિક સંશોધનમાં આ બંને પદ્ધતિઓ એકબીજાની પૂરક છે. પાઠ્યલક્ષી વિશ્લેષણ કૃતિના દેહ (શરીર) ને સમજે છે, જ્યારે વર્ણનાત્મક વિશ્લેષણ કૃતિના આત્મા (પ્રવાહ) ને સ્પર્શે છે. આ પદ્ધતિઓના યોગ્ય ઉપયોગથી ગુજરાતી વિવેચન સાહિત્ય વધુ સચોટ અને ગહન બની શકે છે.

### સંદર્ભ ગ્રંથો

જોશી, ઉમાશંકર - **'શૈલી અને સ્વરૂપ'**

ઠાકર, ધીરુભાઈ - **'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા'**

Genette, Gerard - **'Narrative Discourse'**

# શિક્ષણમાં મૂલ્ય શિક્ષણ

## (Value Education in Education)

JINAL A. SHAH
M.Com. STUDENT(SEM-4)
C.C. SHETH COMMERCE COLLEGE, AHMEDABAD

સારાંશ (Abstract)

વર્તમાન ૨૧મી સદીના ભૌતિકવાદી યુગમાં શિક્ષણ માત્ર ડિગ્રી મેળવવા કે આર્થિક ઉપાર્જન પૂરતું મર્યાદિત બની ગયું છે. આવા સમયે 'મૂલ્ય શિક્ષણ' (Value Education) એ માત્ર વિષય નથી, પણ જીવન જીવવાની કળા છે. પ્રસ્તુત પેપરનો મુખ્ય ઉદ્દેશ્ય શિક્ષણમાં નૈતિક, સામાજિક અને આધ્યાત્મિક મૂલ્યોના મહત્વને સ્પષ્ટ કરવાનો છે. આ સંશોધન પત્રમાં મૂલ્ય શિક્ષણની વ્યાખ્યા, તેના પ્રકારો, વર્તમાન શિક્ષણ પ્રણાલીમાં તેનું સ્થાન અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં તેની ભૂમિકા વિશે ચર્ચા કરવામાં આવી છે. અંતમાં, મૂલ્યનિષ્ઠ સમાજની રચના માટે સૂચનો રજૂ કરવામાં આવ્યા છે.

સૂચકશબ્દો (Keywords): મૂલ્ય શિક્ષણ, નૈતિકતા, ચરિત્ર નિર્માણ, સર્વાંગી વિકાસ, શિક્ષણ પ્રણાલી, માનવીય મૂલ્યો.

### પ્રસ્તાવના

"શિક્ષણનો અર્થ માત્ર માહિતીનું એકત્રીકરણ નથી, પરંતુ ચરિત્રનું ઘડતર છે." સ્વામી વિવેકાનંદ.શિક્ષણ એ માનવીને પશુતામાંથી મનુષ્યતા તરફ લઈ જતી પ્રક્રિયા છે. આજના આધુનિક યુગમાં વિજ્ઞાન અને ટેકનોલોજીએ પ્રગતિ કરી છે, પરંતુ માનવીય સંવેદનાઓ અને નૈતિકતામાં ઘટાડો જોવા મળી રહ્યો છે. વધતા જતા ગુનાખોરી, ભ્રષ્ટાચાર અને માનસિક તણાવ પાછળ ક્યાંકને ક્યાંક મૂલ્યોનો અભાવ જવાબદાર છે. તેથી જ આજના શિક્ષણમાં 'મૂલ્ય શિક્ષણ' એ પાયાની જરૂરિયાત બની ગઈ છે.

### મૂલ્ય શિક્ષણનો અર્થ અને મહત્વ

મૂલ્ય એટલે જે 'મૂલ્યવાન' છે તે. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં સત્ય, અહિંસા,

કરુણા, પ્રામાણિકતા અને સહકાર જેવા ગુણોનું સિંચન કરવું એટલે મૂલ્ય શિક્ષણ.

મહત્વના મુદ્દાઓ:

* ચરિત્ર નિર્માણ: વિદ્યાર્થીને સારો નાગરિક બનાવવા માટે.
* નિર્ણય શક્તિ: સાચા અને ખોટા વચ્ચેનો તફાવત સમજવા માટે.
* સામાજિક સંવાદિતા: સમાજમાં ભાઈચારો અને સહિષ્ણુતા જાળવવા.
* માનસિક શાંતિ: આંતરિક સંતોષ અને માનસિક સ્વસ્થતા માટે.

- મૂલ્ય શિક્ષણના વિવિધ પ્રકારો

શિક્ષણ દ્વારા નીચે મુજબના મૂલ્યોનું જતન થવું જોઈએ:

* વૈયક્તિક મૂલ્યો: સ્વ-શિસ્ત, આત્મવિશ્વાસ, અને સમયપાલન.
* સામાજિક મૂલ્યો: પરોપકાર, રાષ્ટ્રપ્રેમ, અને સમાનતા.
* નૈતિક મૂલ્યો: સત્યનિષ્ઠા અને ન્યાયપ્રિયતા.
* આધ્યાત્મિક મૂલ્યો: સર્વધર્મ સમભાવ અને આંતરિક શાંતિ.
* પર્યાવરણીય મૂલ્યો: પ્રકૃતિ પ્રત્યે પ્રેમ અને સંરક્ષણની ભાવના.

- શિક્ષણમાંમૂલ્યોનાહ્રાસનાકારણો

* પરીક્ષાલક્ષી અને ગુણલક્ષી શિક્ષણ પદ્ધતિ.
* માતા-પિતાની અતિશય અપેક્ષાઓ.
* સોશિયલ મીડિયા અને પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ.
* શિક્ષણમાં નૈતિક આચરણ કરતા માહિતી પર વધુ ભાર.

- મૂલ્ય શિક્ષણના અમલીકરણ માટેના સૂચનો

શાળા અને કોલેજોમાં મૂલ્ય શિક્ષણને અસરકારક બનાવવા નીચેના પગલાં લઈ શકાય:

* અભ્યાસક્રમમાં વણાટ: દરેક વિષયને મૂલ્યો સાથે જોડીને ભણાવવો જોઈએ.
* શિક્ષકની ભૂમિકા: શિક્ષક પોતે એક આદર્શ રોલ મોડેલ બનવો જોઈએ.
* સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ: સમૂહ પ્રાર્થના, શિબિરો, સેવાકીય પ્રવૃત્તિઓ અને મહાપુરુષોના જીવનપ્રસંગોનું પઠન.
* વાતાવરણ: શાળાનું વાતાવરણ લોકશાહી અને સ્નેહપૂર્ણ હોવું જોઈએ.

- ઉપસંહાર

નિષ્કર્ષમાં કહી શકાય કે જો આપણે માત્ર બુદ્ધિશાળી માણસો પેદા કરીશું પણ સંસ્કારી નહીં, તો તે સમાજ માટે ખતરો બની શકે છે. મૂલ્ય શિક્ષણ એ કોઈ વધારાનો બોજ નથી, પરંતુ શિક્ષણનો આત્મા છે. જો વિદ્યાર્થીના હૃદયમાં માનવીય મૂલ્યોનું વાવેતર કરવામાં આવશે, તો જ એક તંદુરસ્ત અને સમૃદ્ધ રાષ્ટ્રનું નિર્માણ શક્ય બનશે.

- સંદર્ભ ગ્રંથસૂચિ (Bibliography)

કેળવણીના પાયા – મગનભાઈ દેસાઈ.
મૂલ્ય શિક્ષણ – ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
યુનેસ્કો (UNESCO) ના શિક્ષણ અને મૂલ્યો અંગેના અહેવાલો
રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP 2020) – ભારત સરકારના અહેવાલો.
શિક્ષણની ફિલસૂફી અને સમાજશાસ્ત્ર – ડૉ. જે. પી. નાયક.
Character Education – Thomas Lickona.

http://www.shantiejournal.com/ ISSN 2278-4381

# A Study of Value Preferences among Medical Students in relation to certain variables

**Dr.M.K.Chaudhari,** Assistant Professor, College of Education, Daramali
**Dr.A.J.Desai,** I/C Principal, STT College, Visnagar, Di. Mehsana,Gujarat

**ABSTRACT**

The main objective of the present study is to identify the value preferences among Medical students in relation to their semesters ($1^{st}$ / last), gender (male/female),residential background(urban/rural) and category (Reserved/Open). For the present study medical colleges from Kutch and North Gujarat regions comprises the population. Total 6 Medical colleges were selected randomly for the sample of the study. From Medical colleges 550 students and 52 professors were selected randomly to form a true representative sample for the study. The researcher had developed a programme for the design of the tool, its standardization, pilot study, data collection, data analysis and finding of the results. The researcher had administered a questionnaire on the 550 students and 52 professors at Medical colleges. The collected data was analyzed by using mean, standard deviation, graphical presentation, and 't' test. The researcher found that Faculty of study has a deep effect on the value preferences of the students. Medical gave highest preferences to social value. Females have significantly high preferences for Social Value than Males. It has been observed from the results that category (Reserved/ Open) does not have any significant effect on value preferences. Rural Students have significantly preferred high for religious value. Medical students and their professors both have least preferred the aesthetic value.

**KEY WORDS:** Value Preferences, gender, Medical, Urban, Rural, Professors, Semesters, category

## INTRODCTION

Values are regarded as desirable, important and held in high esteem by a particular society in which a person lives. Values reflect one's personal attitudes, judgments, decisions, choices, behaviour, relationships, dream and vision. They influence our thoughts, feelings and actions. They guide us to do the right things (Janki, 1995).

Values are the guiding principles of the life, which are conducive to all round development. They give directions and firmness to life and bring satisfaction, joy, happiness, and peace to life. Values are like a rail that keep a train on the track and help it move smoothly, quickly and with direction. They bring quality to life (Carol, 1995). Theoretical considerations suggest that values determine attitudes, behaviours, motivation, and personality (Allport, 1965; Rokeach, 1973).

## OBJECTIVES

1. To identify and compare the value preferences of medical students with respect to their semester, gender, residential background and category.
2. To identify and compare the Value Preferences of medical students with their professors.

## NULL HYPOTHESES

1. $H_0$ There will be no significant deference in the value preferences of medical students with respect to their semester, gender, residential background and category.
2. $H_0$ There will be no significant deference in the value preferences of medical students and their professors.

## NEED FOR THE RESEARCH

It is undoubted that values are the basic force for leading the life in some particular way, so they are indirectly responsible for our decisions, interests and actions. Berson and

Guerra (1985) observed that students learn a great deal from teachers, and not all of what they learn is academic in content. Teachers are role models, mentor, and communicators of values whether they intend to be or not. Their convictions - strong or weak, orthodox, or unorthodox, shared or hidden-become known to students and are influential in students' efforts to sort out and build their own positions on matter of faith and values. After reviewing the related literature, the investigator came to the conclusion that shared values play an important role in defining culture and climate, in outlining a framework for teacher satisfaction, in describing effective schools, and in providing a positive quality of life for students and teachers (Anderson, 1982; Convey, 1992; Deal, 1985; Deal and Kennedy, 1982; Salganik and Karweit, 1982; Segiovanni, 1987).

It is also found that there are differences in the value preferences among the students of secondary school level, college level and presently working teachers due to their gender, residential background, educational qualification and stream. So it has become necessary to find out if is there any significant relationship exists among Medical students with relation to these variables and value preferences? This research findings are useful for the students to understand their value preferences. Its results can be utilized by the institutes, and curriculum developers to place the need-based change for value inculcation. The college authorities can place activities for the students to provide them positive outlook towards social issues which will motivate them to be sensitive towards social problems and their skills can be utilized for betterment of others.

**ACRONYMS USED IN THE RESEARCH**

M. -Male students, F. -Female student, R.R.B -Rural Residential Background

U.R.B -Urban Residential Background, S.D -Standard Deviation, Res- Reserved category

**DELEMITATIONS**

1. The study was delimited to the first and last semester of academic year 2022-23 of medical students from the institutes located in North, central Gujarat and Kutch Region only.

**POPULATION AND SAMPLE**

Undergraduate students studying in the medical colleges in North Gujarat, Central Gujarat and Kutchh Region in the academic session 2022-23 was the population for the study.

Professors teaching at U.G level at medical colleges in North Gujarat, Central Gujarat and Kutchh Region. in academic session 2022-23 was the population of professors.

Total 6 Medical colleges were selected randomly for the sample of the study. From Medical colleges 550 students and 52 professors were selected randomly to form a true representative sample for the study.

**METHODOLOGY**

Quantitative Survey Method was used in present study. The data concerned to the variables collected from the sample for fulfillment of the research objectives.

**TOOL**

For the present study a forced choice tool 'Study of Value Preferences' is developed by researcher**.** Four dimensions of value preferences: Theoretical, Economic, Aesthetic, Social, Political and Religious are selected. There are two parts in the questionnaire. Part one has 30 questions with two preferences for each. Part two has 15 questions with 4 preferences. Subject has to give priority by giving marks. Finally, the score is calculated for each value.

**DATA ANALYSIS**

Graphical Representation and t-test statistical techniques were used for the obtained data analysis. The collected data analyzed with the help of SPSS program with computer.

The significance of the difference between means of values i.e. theoretical, economic, aesthetic, social, political and religious etc. was calculated by ‘t’ test with respect to semester, gender and residential background of medical students and professors.

**FINDINGS AND DISCUSSION**

**VALUE PREFERENCES AND SEMESTER**

**TABLE-1.1**

Significance of mean scores, S.Ds and‘t’ values of six values for medical students of first and last semesters.

| Value | Mean 1st Sem | Rank (High to Low) | S.D | Rank (Low to High) | Mean last Sem | Rank (High to Low) | S.D | Rank (Low to High) | ‘t’ Value |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Theoretical | 42.28 | 2 | 5.21 | 2 | 42.25 | 2 | 4.74 | 1 | 0.070 |
| Economic | 41.58 | 3 | 6.12 | 4 | 42.61 | 1 | 6.06 | 4 | 1.890 |
| Aesthetic | 33.96 | 6 | 6.51 | 5 | 36.20 | 6 | 6.54 | 5 | 4.007** |
| Social | 43.88 | 1 | 5.57 | 3 | 42.06 | 3 | 5.45 | 3 | 3.860** |
| Political | 40.33 | 4 | 4.98 | 1 | 38.82 | 4 | 4.87 | 2 | 3.583** |
| Religious | 37.94 | 5 | 6.72 | 6 | 37.98 | 5 | 6.73 | 6 | 0.069 |

Note: 1st Sem sub group, n1=300 (54.54%); Last Sem subgroup, n2=250 (45.45%). (N = 550)

** Significant at 0.01 level of confidence

* Significant at 0.05 level of confidence

It is found that with the increase of the semester, the aesthetic value is increasing among the medical students. The medical course has an effect on the social value, which is found quite stable in all the semester and at the first preference. It is also found that economic value is decreasing with the commencement of the medical course. The students are oriented towards the social value and the responsibility to take care of others and neglecting the economic output.

**VALUE PREFERENCES AND GENDER**

**TABLE-1.2**

Significance of the mean scores, S.Ds, and‘t’ values of six values for male and female medical students.

| Value | Mean Male | Rank (High to Low) | S.D | Rank (Low to High) | Mean Female | Rank (High to Low) | S.D | Rank (Low to High) | ‘t’ Value |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Theoretical | 42.25 | 2.5 | 5.00 | 1 | 42.34 | 2 | 4.98 | 1 | 0.195 |
| Economic | 42.92 | 1 | 6.05 | 4 | 41.28 | 3 | 6.00 | 4 | 2.902** |
| Aesthetic | 35.61 | 6 | 6.39 | 5 | 34.70 | 6 | 6.84 | 5 | 1.467 |
| Social | 42.25 | 2.5 | 5.16 | 2 | 43.61 | 1 | 5.94 | 3 | 2.580** |
| Political | 39.22 | 4 | 4.97 | 3 | 39.91 | 4 | 4.98 | 1 | 1.480 |
| Religious | 37.71 | 5 | 6.44 | 6 | 38.10 | 5 | 7.12 | 6 | 0.609 |

Note: Male Students. n1=328 (59.63%); Female Students. n2=222 (40.36%). (N = 550)

** Significant at 0.01 level of confidence

* Significant at 0.05 level of confidence

The male medical students are more oriented towards the economic value whereas female medical students have more focus for the social value. In the internal comparison of the value preferences it is found that female have the highest choice for the social value even when

they belong to urban or rural area or from 1st or last semester or from reserved or open category.

**VALUE PREERENCES AND RESIDENTIAL BACKGROUND**

**TABLE-1.3**

Significance of the mean scores, S.Ds, and't' values of six values for urban and rural medical students.

| Value | Mean Urban | Rank (High to Low) | S.D | Rank (Low to High) | Mean Rural | Rank (High to Low) | S.D | Rank (Low to High) | 't' Value |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Theoretical | 42.72 | 3 | 5.65 | 3 | 42.04 | 2 | 4.65 | 1 | 0.957 |
| Economic | 42.96 | 2 | 6.41 | 5 | 42.87 | 1 | 5.91 | 4 | 0.108 |
| Aesthetic | 33.31 | 6 | 6.08 | 4 | 36.78 | 6 | 6.31 | 5 | 6.638** |
| Social | 43.61 | 1 | 5.13 | 2 | 41.62 | 3 | 5.13 | 3 | 2.926** |
| Political | 40.46 | 4 | 4.82 | 1 | 38.61 | 4 | 4.95 | 2 | 2.846** |
| Religious | 36.91 | 5 | 6.71 | 6 | 38.21 | 5 | 6.35 | 6 | 1.473 |

Note: students from U.R.B. n1= 320 (58.18%); students from R.R.B.n2 =230(41.81%). (N = 550)

** Significant at 0.01 level of confidence * Significant at 0.05 level of confidence

Rural students have more focus for the aesthetic value than urban. The urban students have more preferences for the social and political values than rural medical students. It is found that the social value was at first preference among all the subgroups of rural students. Theoretical value is at the highest preference for the rural students.

**VALUE PREFERENCES AND CATEGORY OF STUDENTS**

**TABLE-1.4**

Significance of the mean scores, S.Ds, and 't' values of six values for medical students belong to Reserved and Open Category

| Value | Mean Reserved Category Medical Students | Rank (High to Low) | S.D | Rank (Low to High) | Mean Open Category Medical Students | Rank (High to Low) | S.D | Rank (Low to High) | 't' Value |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Theoretical | 42.04 | 2 | 4.65 | 1 | 42.86 | 2 | 4.99 | 2 | 1.251 |
| Economic | 42.87 | 1 | 5.91 | 4 | 42.10 | 3 | 6.37 | 4 | 0.921 |
| Aesthetic | 36.78 | 6 | 6.31 | 5 | 35.15 | 6 | 6.97 | 5 | 1.795 |
| Social | 41.62 | 3 | 5.13 | 3 | 43.01 | 1 | 6.01 | 3 | 1.805 |
| Political | 38.61 | 4 | 4.95 | 2 | 39.35 | 4 | 4.74 | 1 | 1.147 |
| Religious | 38.24 | 5 | 6.35 | 6 | 37.50 | 5 | 7.54 | 6 | 0.767 |

Note: Reserved Category Medical Students n1= 204 (37.09%); Open Category Medical Students n2 = 346 (62.90%). (N =550)

** Significant at 0.01 level of confidence * Significant at 0.05 level of confidence

It has been observed from Table-1.4 that there is no significant difference in the mean scores for six values for both the subgroups. It proves that the category has no effect on the value preferences of the medical students. However, the faculty of medicine has a deep effect on value patterns of students as it is maintained with all the variables which is social value.

**VALUE PREFERENCES AMONG MEDICAL STUDENTS AND THEIR PROFESSORS**

It is found that the medical students have more preferences for the social, theoretical and economic values than professors, whereas the professors are more focused for the religious and political value. Quite significant differences are found in the value preferences

of the medical students and their professors. There is no shared value found among them accept aesthetic value which is the least preferred by both of them.

**IMPLICATIONS AND SUGGESTIONS**

- It is in line with the findings of Yazıcı,S.and Fidan,K.(2020) that the formal higher education does not provide organised environment for value inculcation, leading to no change in value structure of individual after they complete higher studies for many years.
- Residential back ground has significant impact in making the individual Social, in spite of great opportunity in the urban area due to reduction in living space of individual.
- Organization of functions and development of institution for social interaction could lead to development of social values in urban areas.
- As females showed their more orientation towards Aesthetic value than males, they should be given more opportunities for the creative ventures.

**RECOMMANDAIONS**

The further study can be conducted to examine the effect of close and open climate of the institution on the value preferences of post graduate students. Additionally, similar research might be conducted in engineering colleges to determine if there is a difference in value preferences between them and their professors. Finally, it is recommended that this research be expanded to include the students and professionals of Engineering faculty. The experimental study on the effect of meditation on the development of value preferences can be conducted.

**CONCLUSION**

In brief human values are sum total of several criteria, operating various spheres of life such as social relations, economy, politics, religion and cultural. Values are derived from history, tradition, religion, culture, education, environment and aspiration of the future. Values are motivators and justifiers of our thoughts and actions. They are subject top forces calling for renewals, adoptions and change. Living Values provide a base for the activities of human life. They are responsible for preferences, choices and decisions. Values can't be taught in the classrooms, they can be developed among the students by healthy environment and activities.

**REFERENCES**

Allport, G.W. Vernon, P.E. and Lindzey, G (1960). Study of Values. *Manual for the Study of Values*,

Barris, Roann and others, (1985). Educational Experiences and Changes in Learning and Value Bloom, Benjamin S. et. al. (1956). *Taxonomy of Educational Objectives: Hand Book- Cognitive Domain*. New York, John Wiley and Sons, Inc.

Boston: Houghton Mifflin Co, p-5-7. DOI:10.1002/9780470479216.corpsy0038Preferences. *Occupational Therapy Journal of Research*, Vol.5, No.4, pp.243-256, Oct.1985, Source: www.eric.ed.gov. (EJ: 324147)

Brahma Kumaris World Spiritual University in honor of the 50th Anniversary of the United Nations, 1995, Mt.Abu.p.53-54.

Carol, Gill- Kozul. (1995). *Living Values- A Guide Book* edited by Carol Gill- Kozul, Published by National Policy on Education (1986). *Development of Education System in India* edited by Nirav Shah, Nirav Publication, Ahmedabad, pp.32-36.

Spranger, E. (1928). *Types of Men.* (Translated by P.J.W. Pigors). Halli Mex Niemeys Verlag.

Super, D.E., and Sverko, B. (1995). *Life Roles, values, and careers.* San Francisco, Jossey-Bass, p.202-206.

Taneja, V.R. (1986). Inculcation of human values . In S.P.Ruhela (Ed.) *Human Values and Education*. New Delhi: Sterling Publishers Pvt. Ltd, p.201-208.

Tylor and Ronald, L. (1977). *The Orientational Others and Value Preferences of Black Youth*, *Social Science Quarterly*, Vol.57, No.04, p.797-810, Mar 1977. Source: www.eric.ed.gov. (EJ: 157610).

Yazıcı,S.and Fidan,K.*(2020). International Journal of Evaluation and Research in Education* (IJERE) Vol. 9, No. 3, September 2020, pp. 635~643 ISSN: 2252-8822, DOI: 10.11591/ijere.v9i3.20539, https://ijere.iaescore.com/index.php/IJERE/article/view/20539

# આધુનિક શિક્ષણ પ્રણાલીમાં આધ્યાત્મિક શિક્ષણનું મહત્વ

Dr.Varsha R.Vasaiya
Assi.Professor
S.T.T. College Visnagar

Dr.Devyani k.Raval
Assi.Professor
S.T.T.College Visnagar

**પ્રસ્તાવના :**

શિક્ષણ માનવ જીવનનો આધાર સ્તંભ છે પ્રાચીન કાળમાં શિક્ષણ માત્ર જ્ઞાન આપવાનું સાધન ન હતું . પરંતુ જીવન મૂલ્યો શિસ્ત અને આત્મવિકાસનો માર્ગ હતો. આજના આધુનિક સમયમાં શિક્ષણ વધુ માહિતી આધારિત અને પરીક્ષા કેન્દ્રિ બની ગયું છે. પરિણામે વિદ્યાર્થી બુદ્ધિશાળી તો બને છે પરંતુ સંવેદનશીલ અને નૈતિક માનવી બનવામાં પાછળ રહી જાય છે.નૈતિક પતન,માનસિક અસ્વસ્થતા ,ચિંતા અને તણાવ,ઈર્ષા ,સ્વાર્થ ,અસહિષ્ણુતા,હિંસા અને વ્યસન જેવા પરિબળોએ માનવજીવનને નરક બનાવી દીધું છે. આ પરિસ્થિતિમાં આધ્યાત્મિક શિક્ષણનું મહત્વ વિશેષ રીતે ઊભરી આવે છે.

**આધ્યાત્મિક શિક્ષણનો અર્થ :**

આધ્યાત્મિક શિક્ષણ એટલે વ્યક્તિના આંતરિક વિકાસ સાથે જોડાયેલ શિક્ષણ. તે આત્મજ્ઞાન, આત્મશિસ્ત, નૈતિક મૂલ્યો, માનવતા અને જીવનના ઉચ્ચ આદર્શો પર આધારિત છે. આધ્યાત્મિક શિક્ષણ ધર્મ સાથે જોડાયેલ ન હોવા છતાં માનવમૂલ્યોના વિકાસ પર ભાર મૂકે છે.

આધ્યાત્મિક શિક્ષણ નો અર્થ માત્ર ધાર્મિક વિધિઓ અથવા ગ્રંથ જ્ઞાન સુધી સીમિત નથી. તે માનવીને આત્મચિંતન સત્ય, કરુણા, પ્રેમ, અહિંસા અને સહઅસ્તિત્વની ભાવનાથી પરિચિત કરાવે છે આ શિક્ષણ માણસને “હું કોણ છું” અને “મારો જીવન લક્ષ શું છે?” જેવા પ્રશ્નો પર વિચાર કરવા પ્રેરે છે

ટૂંકમાં શાંતિ ,સંયમ અને સંતુલિત જીવનના વિકાસનો માર્ગ એટલે આદ્યાત્મિક શિક્ષણ.

**આધુનિક શિક્ષણ પ્રણાલીનું સ્વરૂપ :**

આધુનિક શિક્ષણ પ્રણાલી ટેકનોલોજી, વૈજ્ઞાનિક વિકાસ, સ્પર્ધા અને

વ્યવસાયિક સફળતા પર આધારિત છે. આ શિક્ષણથી રોજગારલક્ષી કુશળતા તો વિકસે છે, પરંતુ નૈતિકતા, સંયમ અને માનસિક શાંતિ જેવા ગુણોનો અભાવ જોવા મળે છે.

**આધ્યાત્મિક શિક્ષણનું મહત્વ :**

આજના વૈજ્ઞાનિક અને ટેકનોલોજીકલ યુગમાં શિક્ષણનું સ્વરૂપ ઝડપથી બદલાઈ રહ્યું છે આધુનિક શિક્ષણ પ્રણાલી વિદ્યાર્થીઓની ભૌતિક સુખ રોજગાર અને વ્યવસાય માટે તૈયાર કરે છે પરંતુ જીવનના આંતરિક પાસાઓની સમજાવવામાં ઘણી વખત પાછળ રહી જાય છે માનવી માત્ર બુદ્ધિ જ નહીં પરંતુ મન, હૃદય અને આત્માથી બનેલો છે. આ તમામ પાસાઓનો સંતુલિત વિકાસ થાય તે માટે આધ્યાત્મિક શિક્ષણ મહત્વનું છે.

**- નૈતિક મૂલ્યોનો વિકાસ:**

આધ્યાત્મિક શિક્ષણ માનવીના ચારિત્ર ઘડતરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આધ્યાત્મિક શિક્ષણ આત્મજ્ઞાન પર ભાર મૂકી માણસને ખોટા માર્ગે જતા અટકાવે છે અને સત્ય તથા ન્યાય તરફ દોરી જાય છેજે આપણને આપણાધર્મિક પુસ્તાકો શ્રીમદ્ ભગવદ્ ગીતા ,વેદો, પુરાણો,રામાયણ મહાભારત વગેરે તેમજ અનેક મહાપુરુષોના જીવન ચરિત્રમાંથી પણ શીખવા મળે છે. તે દરેક જીવમાં એક જ ચેતનાનું અસ્તિત્વ ગણી કરુણા, સહાનુભૂતિ અને સહઅસ્તિત્વની ભાવના વિકસાવે છે. આધ્યાત્મિક શિક્ષણ ધ્યાન યોગ અને આત્મ નિરીક્ષણ દ્વારા આત્મસંયમ શીખવે છે જેથી વ્યક્તિ પોતાની ઈચ્છાઓ અને વાસના ઉપર નિયંત્રણ રાખી શકે છે, તે સત્યને સર્વોચ્ચ મૂલ્ય માને છે જે વ્યક્તિને ઉત્તમ માનવ બનાવે છે. આધ્યાત્મિક શિક્ષણથી વ્યક્તિમાં સેવાભાવ, ત્યાગ અને સહકારની ભાવના વિકસે છે જેનાથી સમાજમાં સુમેળ અને શાંતિ જળવાઈ રહે છે.

આમ સત્ય, અહિંસા, ઈમાનદારી, કરુણા સહનશીલતા અને પરોપકાર જેવા મૂલ્યો આધ્યાત્મિક શિક્ષણ દ્વારા જ મજબૂત બને છે આજના સમયમાં વધતી જતી હિંસા, ભ્રષ્ટાચાર અને અસહનશીલતા એ દર્શાવે છે કે માત્ર ભૌતિક અને તકનીકી શિક્ષણ પૂરતું નથી. શાળાઓ અને મહાવિદ્યાલયોમાં આધ્યાત્મિક મૂલ્યોને શિક્ષણનો ભાગ ગણી ભણાવવાથી વિદ્યાર્થીઓમાં નૈતિક ચેતના વિકસાવી શકાય. જો

વિદ્યાર્થીઓને નૈતિક મૂલ્યો સાથે શિક્ષણ આપવામાં આવે તો ભવિષ્યમાં સારા નાગરિક તરીકે સમાજની સેવા કરી શકે.

**- માનસિક શાંતિ અને તણાવ નિયંત્રણ:**

આધુનિક શિક્ષણ પ્રણાલીમાં સ્પર્ધા ખૂબ વધી ગઈ છે. પરીક્ષા અને પરિણામ, ભવિષ્યની ચિંતા માતા – પિતાની અપેક્ષાના ભાર હેઠળ વિદ્યાર્થી માનસિક તણાવ અનુભવે છે, પરિણામે ડિપ્રેશન નિરાશા અને અસંતોષ જેવી માનસિક સમસ્યા ઊભી થાય છે આવી પરિસ્થિતિમાં આધ્યાત્મિક શિક્ષણ માનસિક શાંતિ પ્રાપ્ત કરવા અને તણાવ નિયંત્રિત કરવા માટે એક અસરકારક સાધન બની રહે છે તે વ્યક્તિને આત્મજ્ઞાન તરફ દોરી જાય છે જેથી વિદ્યાર્થીના મનમાં સ્થિરતા આવે છે અને નાની નાની સમસ્યાઓ માટે અતિશય ચિંતા થતી અટકે છે. ધ્યાન, પ્રાર્થના, યોગ, શ્વાસ નિયંત્રણ જેવી પદ્ધતિઓ મનને એકાગ્ર કરે છે અને નકારાત્મક વિચારો દૂર કરે છે. જેથી વ્યક્તિમાં સકારાત્મક દૃષ્ટિકોણ વિકસે છે. વ્યક્તિમાં સહનશીલતા, ક્ષમા, કરુણા જેવા ગુણોનો વિકાસ થાય છે. આધ્યાત્મિક શિક્ષણ માનસિક સ્વાસ્થ્ય માટે એક વ્યવહારિક માર્ગ બની રહે છે જેથી કહી શકાય કે આધ્યાત્મિક શિક્ષણ માનવીના માનસિક સ્વાસ્થ્ય માટે એક મજબૂત આધાર છે તે મનને શાંત, સ્થિર અને સકારાત્મક બનાવે છે તથા તણાવના નિયંત્રણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેથી આજના સમયમાં શાળાઓ મહાવિદ્યાલય અને સમાજમાં આધ્યાત્મિક શિક્ષણની યોગ્ય સ્થાન આપવું અતિ આવશ્ય છે.

**- આત્મજ્ઞાન અને સ્વવિકાસ:**

આધ્યાત્મિક શિક્ષણ વ્યક્તિને પોતાને ઓળખવાની તક આપે છે. 'હું કોણ છું?' 'મારુ જીવન લક્ષ શું છે?' એ પ્રશ્નોના ઉત્તર શોધવામાં આધ્યાત્મિક શિક્ષણ મદદરૂપ થાય છે. આત્મજ્ઞાનથી વ્યક્તિ પોતાની શક્તિઓ, મર્યાદાઓ અને જવાબદારીઓને સમજે છે. આધ્યાત્મિક સમજથી વ્યક્તિ જીવનમાં યોગ્ય નિર્ણય લે છે. આધ્યાત્મિક રીતે જાગૃત વ્યક્તિ આત્મવિશ્વાસથી સંતુલન સાથે જીવન જીવે છે. આધ્યાત્મિક શિક્ષણ માણસને પોતાના આત્મા સાથે જોડે છે. આધ્યાત્મિક શિક્ષણમાં ધ્યાન, પ્રાર્થના, યોગ, સ્વાધ્યાય અને આત્મચિંતન જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે, જે પ્રવૃત્તિઓ માણસને શાંત અને સ્થિર મન આપે છે. જ્યારે મન શાંત હોય ત્યારે

વિચારો અને ભાવનાઓ સંયમમાં રહે છે.આધ્યાત્મિક શિક્ષણ નૈતિક, માનસિક અને ભાવનાત્મક વિકાસ માટે પણ આવશ્યક છે. વ્યક્તિમાં સકારાત્મક વિચારો, આત્મવિશ્વાસ, સંયમ અને ધૈર્ય જેવા ગુણો વિકસાવે છે અહિંસા, કરુણા, પ્રેમ જેવા મૂલ્યોનો વિકાસ અધ્યાત્મિક શિક્ષણ દ્વારા થાય છે જે મૂલ્યો વ્યક્તિના વ્યક્તિત્વને ઊંચું બનાવે છે. વ્યક્તિના આવા મૂલ્યો સમાજનો પણ વિકાસ કરે છે આજના ઝડપી અને સ્પર્ધાત્મક યુગમાં તણાવ, ચિંતા અને અસંતોષ સામાન્ય બન્યા છે. આવી પરિસ્થિતિમાં આધ્યાત્મિક શિક્ષણ વ્યક્તિને આંતરિક શાંતિ આપે છે આત્મજ્ઞાન દ્વારા વ્યક્તિ જીવનના સાચા હેતુને સમજે છે અને સ્વ વિકાસના માર્ગે સંતુલિત જીવન જીવે છે.

**- સર્વાંગી વ્યક્તિત્વ વિકાસ:**

આધુનિક સમયમાં શિક્ષણનો મુખ્ય હેતુ માત્ર જાણકારી આપવાનો નહી પરંતુ વ્યક્તિનો સર્વાંગી વિકાસ થાય તેવો બની રહે. સર્વાંગી વ્યક્તિગત વિકાસ એટલે શારીરિક, માનસિક, બૌદ્ધિક, નૈતિક, સામાજિક અને અધ્યાત્મિક તમામ પાસાઓનો સંતુલિત વિકાસ. આ દિશામાં આધ્યાત્મિક શિક્ષણનું મહત્વ વિશેષ છે કારણ કે તે મનને આંતરિક રીતે સમૃદ્ધ બનાવે છે. આધ્યાત્મિક શિક્ષણથી વ્યક્તિ આત્મજ્ઞાન પ્રાપ્ત કરે છે, આત્મવિશ્વાસ વધે છે છે તેનામાં સત્ય ,અહિંસા કરુણા, ઈમાનદારી જેવા મૂલ્યો વિકસે છે. ધ્યાન, યોગ, પ્રાર્થના અને આત્મચિંતન જેવી આધ્યાત્મક પ્રવૃત્તિઓ મનને શાંત બનાવે છે અને ચિંતામાં ઘટાડો થાય છે. જે વ્યક્તિને ભાવનાત્મક બનાવી વ્યક્તિમાં 'વસુધૈવ કુટુંબકમ્ ' ની ભાવના વિકસે છે તેથી સહાનુભૂતિ, સહયોગ અને સેવાભાવ, આત્મશિસ્ત અને આત્મનિયંત્રણ, ઈચ્છા ઉપર નિયંત્રણ, સમય પાલન, જવાબદારીની ભાવના, વ્યક્તિના નિર્ણય ક્ષમતા અને કલ્યાણકારી જીવન દૃષ્ટિ વિકસે છે.

આધુનિક શિક્ષણ બૌદ્ધિક વિકાસ કરે છે, જ્યારે આધ્યાત્મિક શિક્ષણ ભાવનાત્મક અને આધ્યાત્મિક વિકાસ કરે છે. બંનેના સંયોજનથી સર્વાંગી વિકાસ શક્ય બને છે.

**- સામાજિક જવાબદારીની ભાવના :**

આધ્યાત્મિક શિક્ષણથી 'વસુધૈવ કુટુંબકમ્' એટલે કે સમગ્ર વિશ્વ એક પરિવાર છે જેવી ભાવના વિકસે છે. વિદ્યાર્થી માત્ર પોતાનો લાભ પરંતુ સમાજ અને રાષ્ટ્રના કલ્યાણ વિશે પણ વિચાર કરવા લાગશે. આધ્યાત્મિક શિક્ષણ સમાજપ્રતિ કર્તવ્યભાવ અને સેવા ભાવના વિકસાવે છે, જેના કારણે વિદ્યાર્થી જવાબદાર નાગરિક બને છે.

**- નકારાત્મક પ્રવૃત્તિઓથી દૂર રહેવું :**

આજના યુવાનો વ્યસન, નકારાત્મક પ્રવૃત્તિઓ અને ભ્રષ્ટાચારની સમસ્યાથી પ્રભાવિત થઈ રહ્યા છે. આધ્યાત્મિક શિક્ષણ જીવનમાં અપ્રામાણિકતા, વ્યસન અને ખોટા કાર્યોથી દૂર રહેતા આધ્યાત્મિક શિક્ષણ શીખવે છે. આ રીતે આધ્યાત્મિક શિક્ષણ સમાજમાં વધતા જતા દૂષણોને રોકવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શિક્ષણને અર્થપૂર્ણ અને ઉપદેશ સભર બનાવે છે. માત્ર નોકરી, આવક અથવા પદ માટેનું શિક્ષણ જીવનને અધૂરું બનાવે છે આધ્યાત્મિક શિક્ષણ જીવનનો અર્થ અને દિશા આપે છે. તે વિદ્યાર્થીને શીખવે છે કે શિક્ષણનો સાચો હેતુ ત્યારે જ કહેવાય કે વ્યક્તિમાં માનવતા, સેવા અને આત્મવિશ્વાસ સાથે આધ્યાત્મિક દૃષ્ટિકોણ જોડાય ત્યારે શિક્ષણ જીવન પ્રકાશ બની જાય છે.

**- ભૌતિક અને આધ્યાત્મિક જીવનનું સંતુલન:**

આધ્યાત્મિક શિક્ષણ વ્યક્તિને ભૌતિક સફળતા અને આંતરિક શાંતિ વચ્ચે સંતુલન સાંધવાનો શીખવે છે.તે જીવનને માત્ર ઉપભોગની દૃષ્ટિએ નહીં, પરંતુ મૂલ્યો અને અર્થપૂર્ણતા સાથે જીવવાની પ્રેરણા આપે છે. આ શિક્ષણ દ્વારા વ્યક્તિ ભૌતિક સુખનો ઉપયોગ શીખે છે, લાલચ અને અતિશય ઈચ્છા ઉપર નિયંત્રણ રાખે, કર્મ ,કર્તવ્ય અને નૈતિક જવાબદારીને સમજે છે. અને માનસિક તણાવમાં પણ શાંતિ જાળવી શકે છે.

ભૌતિક અને આધ્યાત્મિક જીવનમાં સંતુલન ધરાવતી વ્યક્તિ કાર્યક્ષમ સંતોષી અને સમાજ પ્રત્યે જવાબદાર બને છે. આવી વ્યક્તિ સફળતા મળ્યા પછી અહંકારમાં ફસાતી નથી અને નિષ્ફળતા સમયે નિરાશ પણ થતી નથી પરિણામે પરિવાર, સમાજ અને રાષ્ટ્રમાં સુમેળ અને શાંતિ વધે છે.

- **ઉપસંહાર:**

આ પરથી સ્પષ્ટ થાય છે કે આધુનિક શિક્ષણ પ્રણાલીમાં આધ્યાત્મિક શિક્ષણ અનિવાર્ય છે. આધ્યાત્મિક શિક્ષણ વિના શિક્ષણ એકાંગી બની જાય છે. આધુનિક અને આધ્યાત્મિક શિક્ષણના સમન્વયથી જ નૈતિક, સંવેદનશીલ અને જવાબદાર નાગરિકોનું નિર્માણ શક્ય બને છે. તેથી આધુનિક શિક્ષણ પ્રણાલીમાં આધ્યાત્મિક શિક્ષણને યોગ્ય સ્થાન આપવું સમયની આવશ્યકતા છે. આધુનિક શિક્ષણમાં અભ્યાસક્રમમાં મૂલ્ય શિક્ષણનો સમાવેશ,યોગ, ધ્યાન અને પ્રાર્થનાને પ્રોત્સાહન,શિક્ષકો દ્વારા મૂલ્ય આધારિત શિક્ષણ,સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા સેવા ભાવના વિકસાવી આધ્યાત્મિક શિક્ષણને વેગ આપી શકાય.

**સંદર્ભ સૂચિ :**

1. પ્રા. ડાભી કલ્યાણ એ અને અતુલ ડી પટેલ:(2009), 'શિક્ષણમાં મૂલ્ય' અક્ષર પબ્લિકેશન અમદાવાદ.

2. મહાત્મા યોગેશ્વરજી:(1992),'પાતંજલ યોગદર્શન',સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ,અમદાવાદ.

3. શ્રી રાવલ નટુભાઈ વી. અને અન્ય :(2008),' અધ્યેતાનો વિકાસ અને અધ્યયન અધ્યાપન પ્રક્રિયા, નીરવ પ્રકાશન અમદાવાદ.

4.શેખર હિમાંશુ: (2012),'સ્વામી વિવેકાનંદના સપનાઓનું ભારત',ડાયમંડ બુક્સ પ્રા.લિ.નવી દિલ્હી – 110020

5. ડૉ. ટંડેલ સુધીરભાઈ અને અન્ય:(2017),' સ્વની સમજ', અમોલ પ્રકાશન અમદાવાદ.

6. ડૉ. વચ્છરાજાની ભદ્રાયુ અને અન્ય:(2010),' કેળવણીની તાત્વિક અને સામાજિક આધારશીલાઓ, અનડા બુક ડીપો અમદાવાદ.

# ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં તણાવ મુક્તિ માટે સુધારણા કાર્યક્રમ અંગેનો ગુણાત્મક અભ્યાસ

સશોધક :નબીલા વાય. કાજી
M.Ed., M.Phil.
વિદ્યાર્થી – પીએચ.ડી. (2022) એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
Email :kazin1190@gmail.com

**સારાંશ**

આ અભ્યાસનો હેતુ ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં તણાવ અને તેના નિવારણ માટે શાળા આધારિત સુધારણા કાર્યક્રમોના પ્રભાવને ગુણાત્મક રીતે સમજવાનો હતો. અભ્યાસમાં 15 વિદ્યાર્થીઓને હેતુપૂર્વક પસંદ કરી ઇન્ટરવ્યૂ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી.

**નીચેના મુદ્દાઓ સામે આવ્યા**:

1. પરીક્ષા અને અભ્યાસ સંબંધિત તણાવ,
2. માતા-પિતાની અપેક્ષાઓ,
3. સમય વ્યવસ્થાપનની મુશ્કેલીઓ, અને
4. તણાવ મુક્તિ માટે સકારાત્મક પ્રવૃત્તિઓ જેમ કે યોગ, રમતગમત, શિક્ષક-મિત્ર સહાય.

આ અભ્યાસ દર્શાવે છે કે શાળા આધારિત સુધારણા કાર્યક્રમો વિદ્યાર્થીઓના તણાવ ઘટાડવામાં અને માનસિક સુખાકારી વધારવામાં મહત્વપૂર્ણ છે.

**Keywords:** તણાવ મુક્તિ, ઉચ્ચતર માધ્યમિક વિદ્યાર્થીઓ, શાળા સુધારણા કાર્યક્રમ, ગુણાત્મક અભ્યાસ

## પરિચય

ઉચ્ચતર માધ્યમિક શાળા વિદ્યાર્થીઓ પર શૈક્ષણિક દબાણ, પરીક્ષા, કારકિર્દી સંબંધિત ચિંતાઓ અને સામાજિક અપેક્ષાઓનું તણાવ સામાન્ય છે. વધુ પડતો તણાવ શૈક્ષણિક પ્રદર્શન, આત્મવિશ્વાસ અને ભાવનાત્મક વિકાસને અસર કરે છે.

શાળા આધારિત તણાવ મુક્તિ સુધારણા કાર્યક્રમો વિદ્યાર્થીઓને તેમની લાગણીઓ વ્યક્ત કરવા અને સકારાત્મક રીતે તણાવ નિવારણ કરવાની તક આપે છે.

**સાહિત્ય સમીક્ષા**

અગાઉના અભ્યાસો દર્શાવે છે કે કિશોરો પરિસ્થિતિઓ સાથે સંકળાયેલા તણાવનો સામનો કરે છે. શાળા આધારિત અભ્યાસક્રમમાં યોગ, રમતગમત અને માર્ગદર્શન સત્રોનો સમાવેશ તણાવ ઘટાડવામાં અસરકારક છે. ગુણાત્મક અભ્યાસ વિદ્યાર્થીઓના અનુભવને સમજવામાં સહાયક છે.

**સંશોધનના ઉદ્દેશ્યો**

ઉચ્ચતર માધ્યમિક વિદ્યાર્થીઓમાં તણાવના મુખ્ય સ્ત્રોત ઓળખવાશાળા આધારિત સુધારણા કાર્યક્રમોના પ્રભાવને સમજવોવિદ્યાર્થીઓ દ્વારા અપનાવેલ તણાવ નિવારણ ઉપાય જાણવાશાળા સ્તરે ભવિષ્યમાં સુધારણા કાર્યક્રમ માટે સૂચનો પ્રસ્તુત કરવી

**સંશોધન પ્રશ્નો**

- શાળા આધારિત સુધારણા કાર્યક્રમો વિદ્યાર્થીઓના તણાવ ઘટાડવામાં કેટલો પ્રભાવ ધરાવે છે?
- વિદ્યાર્થીઓ કયા તણાવ નિવારણ ઉપાય સકારાત્મક માને છે?
- કાર્યક્રમની સુવિધા અને માર્ગદર્શન કેવી રીતે વધુ અસરકારક બની શકે?

**સંશોધન પદ્ધતિ**

ગુણાત્મક સંશોધન પદ્ધતિ (Qualitative Research Method)

**નમૂના**

ધોરણ 11-12 ના 15 વિદ્યાર્થીઓ હેતુપૂર્વક પસંદ કરાયા.

માહિતી એકત્રિત

ઇન્ટરવ્યૂ

**પરિણામો અને ચર્ચા**

- પરીક્ષા અને અભ્યાસ સંબંધિત તણાવ
- માતા-પિતા અને સમાજની અપેક્ષાઓ
- સમય વ્યવસ્થાપનની મુશ્કેલીઓ

- તણાવ નિવારણ ઉપાય – યોગ, રમતગમત, મિત્ર અને શિક્ષક સહાય

**નિષ્કર્ષ**

અભ્યાસ દર્શાવે છે કે શાળા આધારિત સુધારણા કાર્યક્રમો ઉચ્ચતર માધ્યમિકવિદ્યાર્થીઓના તણાવ ઘટાડવામાં અસરકારક છે. આ કાર્યક્રમો માનસિક સુખાકારી વધારવા, આત્મવિશ્વાસ વધારવા અને શૈક્ષણિક પ્રદર્શન સુધારવામાં મહત્વપૂર્ણ સાબિત થાય છે.

**સૂચનો**

શાળાઓમાં નિયમિત Stress Reduction Programs આયોજિત કરવા માર્ગદર્શનના કાર્યક્રમ કરવા..

- શિક્ષકો અને માતા-પિતાને કિશોર તણાવ વિશે જાગૃત કરવું
- વિદ્યાર્થી ના તણાવ ને લગતી સમસ્યાઓ ને અભ્યાસક્રમ માં સમાવેશ કરવો.
- યોગ અને રમતગમતને અભ્યાસક્રમમાં સામેલ કરવું

**મર્યાદાઓ**

- નમૂનાનું કદ નાનું (15 વિદ્યાર્થીઓ)
- અભ્યાસ સમયગાળો ટૂંકો
- પરિણામો સર્વત્ર લાગુ ન કરી શકાય

**સંદર્ભો**

Creswell, J. W. (2014). Research design: Qualitative, quantitative, and mixed methods approaches (4th ed.). Sage Publications.
Sharma, R. (2018). Stress and coping strategies among adolescents. Journal of Education and Psychology, 12(2), 45–52.
World Health Organization. (2019). Adolescent mental health. WHO Press.

# ગુજરાતના પસંદગીના પ્રદેશોમાં વિદ્યાર્થીઓમાં સમાયોજનની સમસ્યાઓને અસર કરતા પરિબળો

નાયી નિલેશકુમાર રોહિતભાઈ
પીએચ.ડી. સ્કોલર, HNGU, પાટણ

ડૉ. નીલેશકુમાર બી.ગજ્જર
**પીએચ.ડી. માર્ગદર્શક**
એલ.એન.કે.કોલેજ ઓફ એજ્યુકેશન, HNGU, પાટણ

સારાંશ

સમાયોજન એ વિદ્યાર્થીના જીવનનો એક આવશ્યક પાસું છે જે શૈક્ષણિક પ્રદર્શન, સામાજિક ક્રિયાપ્રતિક્રિયાઓ, ભાવનાત્મક સુખાકારી અને વ્યક્તિગત વિકાસને પ્રભાવિત કરે છે. વિદ્યાર્થીઓ ઘણીવાર નવા વાતાવરણ, શૈક્ષણિક દબાણ, સાથી સંબંધો, કૌટુંબિક અપેક્ષાઓ અને બદલાતી સામાજિક પરિસ્થિતિઓમાં અનુકૂલન કરવામાં પડકારોનો સામનો કરે છે. આ લેખનો હેતુ ગુજરાતના પસંદગીના પ્રદેશોમાં વિદ્યાર્થીઓમાં સમાયોજન સમસ્યાઓને પ્રભાવિત કરતા પરિબળોનું અન્વેષણ કરવાનો છે. આ અભ્યાસ પુસ્તકો, જર્નલો, સંશોધન લેખો અને વિશ્વસનીય ઓનલાઈન સ્ત્રોતોમાંથી હાલના સાહિત્યની વ્યાપક સમીક્ષા પર આધારિત છે. તે વય, વ્યક્તિત્વ, ભાવનાત્મક સ્થિરતા અને પ્રેરણા જેવા વ્યક્તિગત પરિબળોને ઓળખે છે; માતાપિતાના સમર્થન, કૌટુંબિક વાતાવરણ અને સામાજિક-આર્થિક સ્થિતિ સહિત કૌટુંબિક પરિબળો; કાર્યભાર, શિક્ષક-વિદ્યાર્થી સંબંધો અને સાથી સ્પર્ધા જેવા શૈક્ષણિક પરિબળો; સાથી પ્રભાવ, સામાજિક ભાગીદારી અને સાંસ્કૃતિક વાતાવરણ જેવા સામાજિક પરિબળો; અને શહેરી-ગ્રામીણ તફાવતો, માળખાગત સુવિધાઓ અને પ્રાદેશિક પરિસ્થિતિઓ સહિત પર્યાવરણીય પરિબળો. આ પેપર વિદ્યાર્થીઓને અસરકારક માર્ગદર્શન અને સમર્થન પૂરું પાડવા માટે આ પરિબળોને સમજવાના મહત્વ પર પ્રકાશ પાડે છે. તે માતાપિતા, શિક્ષકો અને શૈક્ષણિક સંસ્થાઓ માટે વ્યવહારુ સૂચનો પણ આપે છે જેથી વિદ્યાર્થીઓને સમાયોજન સમસ્યાઓ દૂર કરવામાં અને સંતુલિત અને સફળ વિદ્યાર્થી જીવન પ્રાપ્ત કરવામાં મદદ મળે. આ અભ્યાસના તારણો વિદ્યાર્થીઓના સુખાકારી અને શૈક્ષણિક પરિણામોમાં સુધારો લાવવાનો હેતુ ધરાવતા શિક્ષકો અને નીતિ નિર્માતાઓ માટે મૂલ્યવાન સંસાધન તરીકે સેવા આપી શકે છે.

**ચાવીરૂપ શબ્દો**: સમાયોજન સમસ્યાઓ, વિદ્યાર્થીઓ, વ્યક્તિગત પરિબળો, કૌટુંબિક પરિબળો, શૈક્ષણિક પરિબળો, સામાજિક પરિબળો, પર્યાવરણીય પરિબળો, ગુજરાત

**પરિચય**

સમાયોજન એટલે વ્યક્તિની આસપાસના વાતાવરણ સાથે અનુકૂલન સાધવાની અથવા સારી રીતે ફિટ થવાની ક્ષમતા. વિદ્યાર્થીઓ માટે, સમાયોજન એટલે તેઓ તેમના શાળા કે કોલેજ જીવન, અભ્યાસ, શિક્ષકો, મિત્રો, કૌટુંબિક અપેક્ષાઓ અને વ્યક્તિગત લાગણીઓનું

સંચાલન કેટલી સારી રીતે કરી શકે છે. જ્યારે વિદ્યાર્થીઓ આ પરિસ્થિતિઓમાં યોગ્ય રીતે અનુકૂલન સાધવામાં સક્ષમ નથી, ત્યારે તેઓ સમાયોજન સમસ્યાઓનો સામનો કરે છે.

વિદ્યાર્થીઓમાં સમાયોજન સમસ્યાઓનો અર્થ શૈક્ષણિક દબાણ, સામાજિક સંબંધો, ભાવનાત્મક ફેરફારો અને રોજિંદા જીવનની પરિસ્થિતિઓનો સામનો કરવામાં તેઓ અનુભવતી મુશ્કેલીઓનો થાય છે. આ સમસ્યાઓ ત્યારે થાય છે જ્યારે વિદ્યાર્થીઓ તેમના આસપાસના વાતાવરણમાં તણાવ, મૂંઝવણ અથવા અસ્વસ્થતા અનુભવે છે. આવી સમસ્યાઓ તેમના શિક્ષણ, વર્તન અને એકંદર સુખાકારીને અસર કરી શકે છે.

વિદ્યાર્થીઓ ઘણા કારણોસર સમાયોજન સમસ્યાઓનો સામનો કરે છે. શૈક્ષણિક દબાણ, પરીક્ષાનો ડર, ભારે કાર્યભાર અને વિષયોને સમજવામાં મુશ્કેલી તણાવ પેદા કરી શકે છે. મિત્રોનો અભાવ, સાથીઓનું દબાણ અથવા ગુંડાગીરી જેવી સામાજિક સમસ્યાઓપણ સમાયોજનને અસર કરે છે. ચિંતા, ઓછો આત્મવિશ્વાસ, ગુસ્સો અથવા ઉદાસી જેવી ભાવનાત્મક સમસ્યાઓ વિદ્યાર્થીઓ માટે સમાયોજન કરવાનું મુશ્કેલ બનાવે છે. કૌટુંબિક સમસ્યાઓ, કડક માતાપિતાની અપેક્ષાઓ અથવા ઘરે ટેકોનો અભાવ સમાયોજન સમસ્યાઓમાં વધુ વધારો કરી શકે છે.

સરળ શબ્દોમાં કહીએ તો, જ્યારે વિદ્યાર્થીઓ તેમના શૈક્ષણિક, સામાજિક અને ભાવનાત્મક જીવનને સંતુલિત કરવામાં અસમર્થ હોય છે ત્યારે સમાયોજનની સમસ્યાઓ ઊભી થાય છે. યોગ્ય માર્ગદર્શન, કૌટુંબિક ટેકો, મૈત્રીપૂર્ણ શિક્ષકો અને સકારાત્મક શાળા વાતાવરણ વિદ્યાર્થીઓને સમાયોજનની સમસ્યાઓ દૂર કરવામાં અને સ્વસ્થ અને સફળ વિદ્યાર્થી જીવન જીવવામાં મદદ કરી શકે છે.

**શૈક્ષણિક, સામાજિક, ભાવનાત્મક અને વ્યક્તિગત જીવનમાં સમાયોજનનું મહત્વ**

વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં સમાયોજન ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તે વિદ્યાર્થીઓને જીવનની વિવિધ પરિસ્થિતિઓને સ્વસ્થ અને સકારાત્મક રીતે સંચાલિત કરવામાં મદદ કરે છે. યોગ્ય સમાયોજન શૈક્ષણિક, સામાજિક, ભાવનાત્મક અને જીવનના વ્યક્તિગત ક્ષેત્રોમાં સફળતાને ટેકો આપે છે.

શિક્ષણ અને શૈક્ષણિક સફળતા માટે શૈક્ષણિક સમાયોજન મહત્વપૂર્ણ છે. જ્યારે વિદ્યાર્થીઓ સારી રીતે ગોઠવાયેલા હોય છે, ત્યારે તેઓ પાઠને વધુ સારી રીતે સમજી શકે છે, સમયસર સોંપણીઓ પૂર્ણ કરી શકે છે અને પરીક્ષાના દબાણને નિયંત્રિત કરી શકે છે. તેઓ અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે, સમયનું યોગ્ય રીતે સંચાલન કરી શકે છે અને શીખવા પ્રત્યે સકારાત્મક વલણ જાળવી શકે છે. સારું શૈક્ષણિક સમાયોજનવિદ્યાર્થીઓને તેમના પ્રદર્શનમાં સુધારો કરવામાં મદદ કરે છે અને અભ્યાસ સંબંધિત તણાવ ઘટાડે છે.

સામાજિક સમાયોજન વિદ્યાર્થીઓને મિત્રો, શિક્ષકો અને સહપાઠીઓ સાથે સ્વસ્થ સંબંધો

બનાવવામાં મદદ કરે છે. સારી રીતે ગોઠવાયેલા વિદ્યાર્થીઓ સરળતાથી વાતચીત કરી શકે છે, અન્ય લોકો સાથે સહયોગ કરી શકે છે અને જૂથ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકે છે. સામાજિક સમાયોજન એકલતાની લાગણીઓ ઘટાડે છે અને વિદ્યાર્થીઓને તેમના શાળા અથવા કોલેજ વાતાવરણમાં સ્વીકૃત અનુભવવામાં મદદ કરે છે. તે ટીમવર્ક, આદર અને પરસ્પર સમજણ પણ વિકસાવે છે.

માનસિક શાંતિ અને ભાવનાત્મક સ્થિરતા માટે ભાવનાત્મક સમાયોજન મહત્વપૂર્ણ છે. જે વિદ્યાર્થીઓ ભાવનાત્મક રીતે ગોઠવાયેલા હોય છે તેઓ ગુસ્સો, ભય, ચિંતા અને ઉદાસી જેવી તેમની લાગણીઓને નિયંત્રિત કરી શકે છે. તેઓ નિષ્ફળતા, ટીકા અને મુશ્કેલ પરિસ્થિતિઓને શાંત રીતે સંભાળી શકે છે. ભાવનાત્મક સમાયોજન વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ, આત્મ-નિયંત્રણ અને જીવન પ્રત્યે સકારાત્મક દૃષ્ટિકોણ વિકસાવવામાં મદદ કરે છે.

**સંશોધન પદ્ધતિ**

સંશોધન માહિતીના ગૌણ સ્ત્રોતો પર આધારિત છે. વિદ્યાર્થીઓમાં સમાયોજન સમસ્યાઓ સંબંધિત સંબંધિત સાહિત્ય પ્રકાશિત સંશોધન લેખો, પુસ્તકો, જર્નલો, અહેવાલો,કોન્ફરન્સ પેપર્સ અને વિશ્વસનીય ઓનલાઈન સ્ત્રોતોમાંથી એકત્રિત કરવામાં આવ્યું છે. ભારતીય સંદર્ભમાં હાથ ધરાયેલા અભ્યાસો પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે, ખાસ કરીને ગુજરાત અને સમાન સામાજિક-સાંસ્કૃતિક પ્રદેશો સંબંધિત.

અભ્યાસ વર્ણનાત્મક અને વિશ્લેષણાત્મક સંશોધન અભિગમ અપનાવે છે. વિદ્યાર્થીઓમાં સમાયોજન સમસ્યાઓને પ્રભાવિત કરતા મુખ્ય વ્યક્તિગત, શૈક્ષણિક, સામાજિક, ભાવનાત્મક, કૌટુંબિક અને પર્યાવરણીય પરિબળોને ઓળખવા માટે વિદ્યાર્થી સમાયોજન પરના હાલના સિદ્ધાંતો, મોડેલો અને પ્રયોગમૂલક તારણોની વિવેચનાત્મક સમીક્ષા કરવામાં આવી છે.

પસંદ કરેલા સાહિત્યનું પરીક્ષણ અને અર્થઘટન કરવા માટે સામગ્રી વિશ્લેષણનો ઉપયોગ મુખ્ય પદ્ધતિ તરીકે કરવામાં આવ્યો છે. સમાયોજન સમસ્યાઓ સંબંધિત તારણોમાં સામાન્ય વલણો, સમાનતાઓ અને તફાવતોને સમજવા માટે સમીક્ષા કરાયેલા અભ્યાસોને વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવ્યા છે અને તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

આ પદ્ધતિસરનો અભિગમ વિદ્યાર્થીઓમાં સમાયોજન સમસ્યાઓની સ્પષ્ટ વૈચારિક સમજ વિકસાવવામાં મદદ કરે છે અને મુખ્ય પ્રભાવિત પરિબળોને પ્રકાશિત કરે છે. આ અભ્યાસનો હેતુ પ્રાથમિક ડેટા અથવા આંકડાકીય વિશ્લેષણ પર આધાર રાખ્યા વિના વિદ્યાર્થી સમાયોજન સુધારવા માટે શિક્ષકો, માતાપિતા, સલાહકારો અને નીતિ નિર્માતાઓ માટે અર્થપૂર્ણ આંતરદૃષ્ટિ પ્રદાન કરવાનો છે.

6. સમાયોજન સમસ્યાઓને પ્રભાવિત કરતા પરિબળો

**6.1 વ્યક્તિગત પરિબળો**

વિદ્યાર્થીઓમાં સમાયોજન સમસ્યાઓને પ્રભાવિત કરવામાં વ્યક્તિગત પરિબળો ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ પરિબળો વિદ્યાર્થીના પોતાના વ્યક્તિત્વ, વર્તન અને વ્યક્તિગત લાક્ષણિકતાઓ સાથે સંબંધિત છે. દરેક વિદ્યાર્થી અનન્ય છે, અને વ્યક્તિગત લક્ષણોમાં તફાવત તેઓ શાળા અથવા કોલેજ જીવનને કેટલી સારી રીતે અનુકૂલન કરે છે તેના પર અસર કરી શકે છે.

એક મુખ્ય વ્યક્તિગત પરિબળ ઉંમર છે. નાના વિદ્યાર્થીઓને નવા વાતાવરણ, કડક સમયપત્રક અથવા શૈક્ષણિક દબાણનો સામનો કરવામાં મુશ્કેલી પડી શકે છે. બીજી બાજુ, કિશોરો ભાવનાત્મક ફેરફારો અને સાથીઓના દબાણનો સામનો કરે છે, જે સમાયોજનને વધુ પડકારજનક બનાવી શકે છે. વિકાસ અને વિકાસનો તબક્કો વિદ્યાર્થીઓ શાળા અને સામાજિક જીવનમાં પડકારોનો કેવી રીતે પ્રતિભાવ આપે છે તેના પર અસર કરે છે.

લિંગ એ બીજું વ્યક્તિગત પરિબળ છે જે સમાયોજનને અસર કરી શકે છે. છોકરાઓ અને છોકરીઓને વિવિધ પ્રકારના દબાણ અને તણાવનો સામનો કરવો પડી શકે છે. ઉદાહરણ તરીકે, છોકરીઓ ચિંતા અથવા નિષ્ફળતાના ડર જેવી વધુ ભાવનાત્મક સમાયોજન સમસ્યાઓનો અનુભવ કરી શકે છે, આ વ્યક્તિગત પરિબળોને સમજીને અને ટેકો આપીને, શિક્ષકો, માતાપિતા અને સલાહકારો વિદ્યાર્થીઓને સમાયોજનની સમસ્યાઓ દૂર કરવામાં અને સંતુલિત, સફળ જીવન જીવવામાં મદદ કરી શકે છે.

**6.2 કૌટુંબિક પરિબળો**

વિદ્યાર્થીઓમાં સમાયોજનની સમસ્યાઓ પર કૌટુંબિક પરિબળોનો મજબૂત પ્રભાવ પડે છે. કુટુંબ એ પહેલું વાતાવરણ છે જ્યાં બાળક મૂલ્યો, ટેવો અને સામાજિક વર્તન શીખે છે. સહાયક અને સમજદાર પરિવાર વિદ્યાર્થીઓને સારી રીતે સમાયોજન કરવામાં મદદ કરી શકે છે, જ્યારે તણાવપૂર્ણ અથવા અસમર્થ કૌટુંબિક વાતાવરણ સમાયોજનની સમસ્યાઓ વધારી શકે છે.

એક મહત્વપૂર્ણ કૌટુંબિક પરિબળ કૌટુંબિક માળખું છે. સંયુક્ત પરિવારના વિદ્યાર્થીઓને ઘણા પરિવારના સભ્યો સાથે ધ્યાન અને સંસાધનો શેર કરવા માટે સમાયોજિત થવું પડી શકે છે, જે ક્યારેક તણાવ પેદા કરી શકે છે. બીજી બાજુ, વિભાજિત પરિવારોના વિદ્યાર્થીઓ વધુ સ્વતંત્રતા અનુભવી શકે છે પરંતુ શૈક્ષણિક રીતે સારું પ્રદર્શન કરવા માટે માતાપિતા તરફથી દબાણનો પણ સામનો કરી શકે છે.

માતાપિતાનું શિક્ષણ અને જાગૃતિ પણ ભૂમિકા ભજવે છે. શિક્ષિત અને જાગૃત માતાપિતા ઘણીવાર તેમના બાળકની જરૂરિયાતોને ઓળખવા, તેમને અભ્યાસમાં માર્ગદર્શન આપવા અને ભાવનાત્મક ટેકો પૂરો પાડવા માટે વધુ સક્ષમ હોય છે, જે સમાયોજનમાં સુધારો કરે છે.

**6.3 શૈક્ષણિક પરિબળો**

વિદ્યાર્થીઓમાં સમાયોજનની સમસ્યાઓને પ્રભાવિત કરવામાં શૈક્ષણિક પરિબળો મુખ્ય ભૂમિકા ભજવે છે. શાળા અને કોલેજ જીવનમાં સતત શિક્ષણ, પરીક્ષાઓ, સોંપણીઓઅને શિક્ષકો અને સહપાઠીઓ સાથેની ક્રિયાપ્રતિક્રિયાઓનો સમાવેશ થાય છે. જો વિદ્યાર્થીઓ આ શૈક્ષણિક માંગણીઓનો સામનો કરવામાં અસમર્થ હોય, તો તેઓ તણાવ અને સમાયોજન કરવામાં મુશ્કેલીનો સામનો કરી શકે છે.

મુખ્ય શૈક્ષણિક પરિબળોમાંનું એક શૈક્ષણિક દબાણ છે. વિદ્યાર્થીઓ પાસેથી ઘણીવાર પરીક્ષામાં સારું પ્રદર્શન કરવાની, સમયસર હોમવર્ક પૂર્ણ કરવાની અને ઉચ્ચ ગ્રેડ પ્રાપ્ત કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. સફળ થવા માટે સતત દબાણ તણાવ અને ચિંતા પેદા કરી શકે છે, જેના કારણે વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક જીવનમાં સમાયોજિત થવું મુશ્કેલ બને છે. જે વિદ્યાર્થીઓ આ દબાણને નિયંત્રિત કરી શકતા નથી તેઓ હતાશ થઈ શકે છે અથવા અભ્યાસમાં રસ ગુમાવી શકે છે.

શિક્ષક-વિદ્યાર્થી સંબંધો બીજું એક મહત્વપૂર્ણ શૈક્ષણિક પરિબળ છે. સહાયક અને મૈત્રીપૂર્ણ શિક્ષકો વિદ્યાર્થીઓને પ્રેરણા આપી શકે છે, તેમને શીખવામાં માર્ગદર્શન આપી શકે છે અને પડકારોને દૂર કરવામાં મદદ કરી શકે છે

**6.4 સામાજિક પરિબળો**

વિદ્યાર્થીઓમાં સમાયોજન સમસ્યાઓને પ્રભાવિત કરવામાં સામાજિક પરિબળો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સામાજિક સમાયોજનનો અર્થ એ છે કે વિદ્યાર્થીઓ તેમના સાથીદારો, શિક્ષકો અને તેમની આસપાસના સમુદાય સાથે કેટલી સારી રીતે સંપર્ક કરે છે. સકારાત્મક સામાજિક વાતાવરણ વિદ્યાર્થીઓને સ્વીકૃત અને આત્મવિશ્વાસઅનુભવવામાં મદદ કરે છે, જ્યારે સામાજિક મુશ્કેલીઓ તણાવ, ચિંતા અને નબળા સમાયોજન તરફ દોરી શકે છે.

સમજૂતીને અસર કરતું બીજું એક મહત્વપૂર્ણ પરિબળ સાથીઓનું દબાણ છે. વિદ્યાર્થીઓ મિત્રો પાસેથી સ્વીકૃતિ મેળવવા માટે ચોક્કસ રીતે વર્તવા, ચોક્કસ ટેવો અપનાવવા અથવા ચોક્કસ રીતે પ્રદર્શન કરવા માટે દબાણ અનુભવી શકે છે.

**7. સૂચનો અને ભલામણો**

ગુજરાતના પસંદગીના પ્રદેશોમાં વિદ્યાર્થીઓમાં સમાયોજન સમસ્યાઓના અભ્યાસના આધારે, વિદ્યાર્થીઓને તેમના શૈક્ષણિક, સામાજિક, ભાવનાત્મક અને વ્યક્તિગત સમાયોજન સુધારવામાં મદદ કરવા માટે ઘણા સૂચનો અને ભલામણો કરી શકાય છે. આ ભલામણો શિક્ષકો, માતાપિતા, સલાહકારો અને શૈક્ષણિક અધિકારીઓને માર્ગદર્શન આપી શકે છે.

- માતાપિતાએ તેમના બાળકોને ભાવનાત્મક ટેકો અને પ્રોત્સાહન આપવું જોઈએ. સમજણ, માર્ગદર્શન અને ખુલ્લા સંદેશાવ્યવહાર સાથેનું સકારાત્મક ઘરનું વાતાવરણ વિદ્યાર્થીઓને તણાવનું સંચાલન કરવામાં અને આત્મવિશ્વાસ વિકસાવવામાં મદદ કરે છે.

- શિક્ષકો વિદ્યાર્થીઓને સમાયોજિત કરવામાં મદદ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે મૈત્રીપૂર્ણ અને સહાયક વર્ગખંડ વાતાવરણ બનાવવું જોઈએ, વિદ્યાર્થીઓ મુશ્કેલીઓનો સામનો કરે ત્યારે માર્ગદર્શન આપવું જોઈએ અને શૈક્ષણિક અને અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવું જોઈએ. વિદ્યાર્થીઓને સાથીદારો સાથે સ્વસ્થ સંબંધો વિકસાવવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. જૂથ પ્રવૃત્તિઓ, ટીમ પ્રોજેક્ટ્સ અને સાંસ્કૃતિક અથવા રમતગમતના કાર્યક્રમોમાં ભાગ લેવાથી સામાજિક કુશળતા, સહયોગ અને આત્મવિશ્વાસમાં વધારો થઈ શકે છે.
- શૈક્ષણિક સંસ્થાઓએ વિદ્યાર્થીઓને તણાવ, ચિંતા અને ભાવનાત્મક સમસ્યાઓનો સામનો કરવામાં મદદ કરવા માટે નિયમિત કાઉન્સેલિંગ સત્રો અને માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ
- શાળાઓ અને કોલેજોએ સંતુલિત શૈક્ષણિક કાર્યભાર જાળવી રાખવો જોઈએ અને વિદ્યાર્થીઓને જોડતી અસરકારક શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ. અતિશય દબાણ ઘટાડવું, સ્પષ્ટ સૂચનાઓ આપવી અને શૈક્ષણિક રીતે સંઘર્ષ કરતા વિદ્યાર્થીઓને વધારાની સહાય પૂરી પાડવાથી સમાયોજન સુધારવામાં મદદ મળી શકે છે.

**8. નિષ્કર્ષ**

અનુકૂલન એ વિદ્યાર્થીના જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ છે, જે તેમના શૈક્ષણિક પ્રદર્શન, સામાજિક ક્રિયાપ્રતિક્રિયાઓ, ભાવનાત્મક સ્થિરતા અને વ્યક્તિગત વિકાસને અસર કરે છે. આ અભ્યાસ દર્શાવે છે કે વિદ્યાર્થીઓ વિવિધ વ્યક્તિગત, કૌટુંબિક, શૈક્ષણિક, સામાજિક અને પર્યાવરણીય પરિબળોને કારણે સમાયોજન સમસ્યાઓનો સામનો કરે છે. ઉંમર, વ્યક્તિત્વ અને ભાવનાત્મક સ્વાસ્થ્ય, કૌટુંબિક ટેકો અને ઘરનું વાતાવરણ, શૈક્ષણિક દબાણ અને શિક્ષક માર્ગદર્શન, સાથી સંબંધો અને સામાજિક ભાગીદારી, તેમજ પર્યાવરણીય પરિસ્થિતિઓ જેવા વ્યક્તિગત લક્ષણો, બધા વિદ્યાર્થીઓ પડકારોનો સામનો કેવી રીતે કરે છે તેમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**સંદર્ભો**

Chaudhary, R. (2023). Adjustment problems and mental health among students. Indian Journal of Educational Psychology, 12(1), 45–52.

Desai, M., & Joshi, K. (2019). Family environment and adjustment problems among school students. International Journal of Education and Psychology, 7(2), 33–40.

Gupta, S. (2020). Adjustment problems among college students: A psychological study. Journal of Higher Education Studies, 5(3), 21–28.

Kumar, R., & Singh, P. (2016). Academic stress and adjustment problems among secondary school students. Indian Journal of Educational Research, 10(2), 56–62.

Mehta, N., & Patel, A. (2021). Gender differences in adjustment problems among adolescents. Journal of Social Sciences, 14(1), 18–25.

# ભારતીય સંસ્કૃતિની પરંપરામાં આધ્યાત્મિકતા

પ્રા.ડૉ.સુરેન્દ્રસિંહ પી.ઝાલા
આસિ.અધ્યાપક
એમ.એલ.સોની બીએડ્ કોલેજ મોડાસા.

**સારાંશ:** ભારતીય સંસ્કૃતિ વિશાળ છે. તેની અનેક વિવિધતાઓ હોવા છતાં, એક સુસંગતતા સ્પષ્ટ છે. સંસ્કૃતિમાં ઇતિહાસ, ભૂગોળ, ધર્મ, તત્વજ્ઞાન, કલા, સાહિત્ય, પરંપરા, રિવાજો વગેરે જેવા વિવિધ ઘટકો છે. જોકે, અહીં ભારતીય સંસ્કૃતિની પરંપરાઓ પર વિશેષ પ્રકાશ પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ભારતીય સાંસ્કૃતિક પરંપરા ધાર્મિકતાથી સમૃદ્ધ છે, તે વૈજ્ઞાનિક પણ છે. ભારતીય પરંપરામાં તહેવારો માનવ જીવનને આનંદ અને ઉત્સાહથી ભરી દે છે, તે જ સમયે તેઓ પ્રકૃતિની પૂજા દ્વારા પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પણ આપે છે, જેની આજે સમગ્ર વિશ્વને ખૂબ જરૂર છે.

આમ, ભારતીય પરંપરાઓ ફક્ત માનવ ધાર્મિક લાગણીઓને જ પોષતી નથી, પરંતુ તેમના શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસમાં પણ ફાળો આપે છે. પ્રયોગો દ્વારા વિજ્ઞાને પણ ભારતીય પરંપરાઓના મહત્વ અને ઉપયોગિતાને સ્વીકારી છે.

ચાવીરૂપ શબ્દો: ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મિકતા

## ભારતીય સંસ્કૃતિ

ભારતીય સંસ્કૃતિ વિશ્વની સૌથી પ્રાચીન સંસ્કૃતિ છે. સંસ્કૃતિનો અર્થ થાય છે સ્થૂળ પદાર્થને સૂક્ષ્મ, સૂક્ષ્મ અને સૌથી સૂક્ષ્મ પદાર્થમાં રૂપાંતરિત કરવાની પ્રક્રિયા. સંસ્કૃતિ શબ્દ સંસ્કૃત ભાષામાંથી આવ્યો છે. સમ એટલે શુદ્ધિકરણ કરવું, અને કૃત એટલે કાર્ય. આમ, કોઈપણ વસ્તુ, ક્રિયા અથવા વ્યક્તિને શુદ્ધ કરવાની પ્રક્રિયા, અથવા કાર્યને શુદ્ધ કરવાની પ્રક્રિયાને સંસ્કૃતિ કહેવામાં આવે છે.

સંસ્કૃતિના શાબ્દિક અર્થ વિશે વાત કરીએ, તો સંસ્કૃતિ એ કોઈપણ રાષ્ટ્ર, જાતિ અથવા સમુદાયનો આત્મા છે. સંસ્કૃતિ એ રાષ્ટ્ર, જાતિ અથવા સમુદાયની બધી પરંપરાઓનો સાર છે જેના દ્વારા તે તેના આદર્શો અને જીવનમૂલ્યો નક્કી કરે છે.

ભારતીયસંસ્કૃતિ સમગ્ર માનવજાતનું કલ્યાણ ઇચ્છે છે.ભારતીય સંસ્કૃતિ વિશે પંડિત મદન મોહન માલવિયા કહેછે કે "ભારતીય સભ્યતા અને સંકૃતીની વિશાળતા અને મહત્વ સમગ્ર માનવતા સાથે ઓળખનો સંબંધ સ્થાપિત કરવામાં અને વસુધૈવકુટુમ્બકમની પવિત્ર ભાવનામાં રહેલું છે."[૧]

ભારતીય સંસ્કૃતિ આધ્યાત્મિકતા અને ભૌતિકવાદ વચ્ચે સુમેળ દર્શાવે છે. તે ચાર માનવીય કાર્યો (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ), ચાર વર્ણ (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર), અને

ચાર આશ્રમ (બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ) નું વર્ણન કરે છે, જે આધ્યાત્મિક અને ભૌતિક પાસાઓનો સુમેળ સાધવાના પ્રયાસો છે. સોળ સંસ્કારો અને સંયુક્ત કુટુંબ વ્યવસ્થા ભારતીય સંસ્કૃતિમાં પ્રતિબિંબિત થાય છે. વધુમાં, ભારતીય સંસ્કૃતિ પ્રકૃતિના મહત્વને સ્વીકારે છે. આપણી સંસ્કૃતિ પ્રકૃતિ અને પર્યાવરણના માનવ સાથેના આસપાસ ફરે છે. ઈશાવાસ્ય ઉપનિષદ કહે છે, "ઈશાવાસ્યમિદં સર્વમ્"(૨) એટલે કે ભગવાન બ્રહ્માંડના દરેક કણમાં વ્યાપી ગયા છે.

## સંસ્કૃતિ અને સાહિત્ય

સંસ્કૃતિ એ સાહિત્યનો આત્મા છે. સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં સંસ્કૃતિનો પ્રભાવ સ્પષ્ટપણે જોઈ શકાય છે.ભારતીય સંસ્કૃતિના મૂળભૂત તત્વો જેમ કે દયા, કરુણા, પ્રેમ, શાંતિ, સહિષ્ણુતા, ક્ષમા, દાન, આતિથ્ય વગેરે ભારતીય સાહિત્યમાં વ્યક્ત કરવામાં આવ્યા છે.

વેદ ભારતીય સાંસ્કૃતિક સાહિત્યનો મુખ્ય ભાગ છે. વેદ, ઉપનિષદ, ગીતા, પુરાણો, રામાયણ, મહાભારત, વગેરે બધા ભારતીય દર્શન અને ધર્મના ગ્રંથો છે. વેદ સૃષ્ટિના ક્રમનું વર્ણન કરે છે, પરંતુ તેઓ માનવ જીવનની અંતિમ સ્થિતિ, મુક્તિનું પણ વર્ણન કરે છે. પુરાણો કથાઓ દ્વારા માનવ જીવનને વધારવા માટે એક વ્યવસ્થા પૂરી પાડે છે, જ્યારે રામાયણ આદર્શ જીવનનું મહત્વ વર્ણવે છે. શ્રી રામના જીવન આદર્શોને અપનાવીને, દરેક માનવી ચેતનાના ઉચ્ચતમ સ્તર સુધી પહોંચી શકે છે.

## ભારતીય સંસ્કૃતિની પરંપરા

કોઈપણ દેશની સંસ્કૃતિમાં પરંપરાઓ,રિવાજો,અને માન્યતાઓનું વિશેષ મહત્વ છે.પરંપરા નો શાબ્દિક અર્થ વિક્ષેપ વિના સતત સાંકળમાં જોડાઈ રહેવુંછે.પરંપરા પ્રણાલીમાં કોઈ પણ વિષે નું જ્ઞાન એક પેઢીથી બીજી પેઢીમાં કોઈ પણ ફેરફાર વિના પસાર થાય છે.ઉદાહરણ તરીકે ભાગવત પુરાણ વેદોનું વર્ગીકરણ વગેરે પરંપરા નો સામાન્યઅર્થ ભૂતકાળનો વારસો થાય છે.

### શિખા

પશ્ચિમી વિશ્વના પ્રખ્યાત વૈજ્ઞાનિક નેલ્સને તેમના પુસ્તક હ્યુમન મશીનમાં લખ્યું છે - જેમ એરિયલ અને એન્ટેના રેડિયો અને ટીવીના સંદેશા પ્રાપ્ત કરે છે, તેવી જ રીતે બ્રહ્માંડની શક્તિઓ પ્રાપ્ત કરવાનું કાર્ય ફક્ત શિખા સ્થાન દ્વારા જ થાય છે.(3)

યોગની ભાષામાં, તેને સહસ્ત્ર ચક્ર પણ કહેવામાં આવે છે. તે શરીરના સાત ચક્રોનું અંતિમ બિંદુ છે. આપણે આ કેન્દ્રને જેટલું વધુ કેળવીશું અને વિકસિત કરીશું, તેટલું જ આપણે આત્માના રહસ્યો, વિશ્વના રહસ્યો અને ભૂતકાળ અને ભવિષ્યની ઘટનાઓના સત્યનો અનુભવ કરી શકીશું.

## તિલક

ભારતીય પરંપરામાં, સ્નાન કર્યા પછી તિલક (કપાળનું નિશાન) લગાવવાનો રિવાજ છે. પરિણીત સ્ત્રીઓ તેમના કપાળ પર કુમકુમ તિલક (ચહેરાનું નિશાન) પહેરે છે. કોઈપણ

કાર્યક્રમમાં આવનારા મહેમાનોનું સ્વાગત તિલક (ચહેરાનું નિશાન)થી કરવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં, પૂજા, ધાર્મિક વિધિઓ, શુભ કાર્યો અને શુભ પ્રસંગોની શરૂઆત તિલક (કપાળનું નિશાન)થી થાય છે.

કપાળ પર બે ભ્રમર વચ્ચે વિચાર શક્તિનું કેન્દ્ર છે. યોગીઓ તેને આજ્ઞા ચક્ર કહે છે. તેને વિચાર કેન્દ્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. ત્યાં ચંદન અથવા સિંદૂરનું તિલક લગાવવાથીવિચારશક્તિનો વિકાસ થાય છે. તેથી, ભારતીય સંસ્કૃતિમાં, કોઈપણ શુભ કાર્ય પહેલાં કપાળ પર તિલક લગાવવામાં આવે છે.

વિજ્ઞાન મુજબ કપાળ પર તિલક કરવાથી મગજમાં શાંતિ અને ઠંડક આવેછે અને બીટા અંદ્રોરફીનઅને સેરોટોનીન નામનુ રસયાનો સ્ત્રાવ ને ઉત્તેજિત કરે છે તેથી તિલક ઉદાસીનતા અને નિરાશા દૂર કરવામાં મદદ  કરે છે.

### જનોઈ

ભારતીય સંસ્કૃતિમાં પવિત્ર દોરો પહેરવાની પરંપરા છે. પહેલો જન્મ માતાના ગર્ભમાંથી થાય છે, અને પવિત્ર દોરાની વિધિ બાળકનો બીજો જન્મ માનવામાં આવે છે. પવિત્ર દોરો પહેરવાથી શુદ્ધ ચારિત્ર્ય અને મુશ્કેલ ફરજોની પરિપૂર્ણતાની પ્રેરણા મળે છે. બ્રહ્મા ઉપનિષદમાં જણાવાયું છે કે, "પવિત્ર દોરો પરમ પવિત્ર છે; ભગવાન પ્રજાપતિએ તેને બધા માટે સુલભ બનાવ્યો છે. તે આયુષ્ય વધારે છે, શક્તિ આપે છે, બંધનમાંથી મુક્ત કરે છે અને શુદ્ધતા, શક્તિ અને તેજ પ્રદાન કરે છે."[૪]

ઓમ યજ્ઞોપવિતમ્ પરમ પવિત્રમ્, પ્રજાપતેતસહજન પુરાસ્તત.

આયુષ્યમગ્ર્યં પ્રતિમુચ્ય શુભ્રમ, યજ્ઞોપવિતં બલમસ્તુ તેજઃ ।

## દીવો

દીવો આપણને અજ્ઞાન દૂર કરવાનો અને સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવાનો સંદેશ આપે છે. દિવાળીના તહેવાર પર દીવા પ્રગટાવવા પાછળનો હેતુ પણ આ જ છે. કોઈપણ નવા કાર્યની શરૂઆત દીવો પ્રગટાવીને કરવામાં આવે છે. દીવાનો પ્રકાશ પાપોનો નાશ કરે છે, શત્રુઓના વિકાસને અટકાવે છે અને આયુષ્ય અને આરોગ્ય પ્રદાન કરે છે. જો પૂજામાં કોઈ ખામી રહી જાય, તો અંતે આરતી કરવાથી તે પૂર્ણ થાય છે, તેથી પૂજામાં આરતી કરવાની વિધિ પ્રચલિત છે.

### કલશ

પૌરાણિક ગ્રંથોમાં, કળશને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને માતૃગણના નિવાસસ્થાન તરીકે વર્ણવવામાં આવ્યો છે. સમુદ્ર મંથન પછી કળશમાંથી અમૃત (અમૃત) મેળવવામાં આવ્યું હતું. આપણી સંસ્કૃતિમાં, કળશ અથવા ઘડાને ખૂબ જ શુભ પ્રતીક તરીકે પૂજનીય માનવામાં આવે છે. કોઈપણ પૂજા, રાજ્યાભિષેક, ગૃહસંવર્ધન, યાત્રાની શરૂઆત, ઉજવણી અથવા લગ્ન જેવા શુભ

પ્રસંગોએ કળશ સ્થાપિત કરવામાં આવે છે. સૌપ્રથમ, કળશને લાલ કાપડ, સ્વસ્તિક, કેરીના પાન, નારિયેળ, સિક્કો, કુમકુમ (સિંદૂર), ચોખાના દાણા અને ફૂલોથી શણગારવામાં આવે છે. તેને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તરીકે પૂજવામાં આવે છે, અને ધાર્મિક વિધિની સફળતા માટે પ્રાર્થના કરવામાં આવે છે. વરુણદેવનેપણ આહ્વાન કરવામાં આવે છે, જેથી કળશ આપણને સમુદ્રજેટલી કિમતી સામગ્રી પ્રદાન કરે છે.નવરાત્રી દરમિયાન દેવી ભગવતી ની પૂજા સૌપ્રથમ કાળશસ્થાપિત કરવામાં આવે છે.

**શંખ**

શંખના અવાજમાં પ્રદૂષણ દૂર કરવાની અદ્ભુત ક્ષમતા છે. ભારતીય વૈજ્ઞાનિક જગદીશ ચંદ્ર બોઝે તેમના વાદ્યો દ્વારા શોધ્યું કે શંખ ફૂંકવાથી શંખની પહોંચમાં રહેલા ઘણા રોગો ધરાવતા જંતુઓ લકવાગ્રસ્ત થાય છે અથવા નાશ પામે છે. જો આ પ્રક્રિયા દરરોજ ચાલુ રાખવામાં આવે તો વાતાવરણ જંતુઓથી મુક્ત થઈ શકે છે.

આયુર્વેદ અનુસાર, શંખ હચમચાવી નાખવા જેવા રોગોને મટાડે છે. વિશ્વામિત્ર સંહિતા, પુસલસ્તય સંહિતા વગેરેમાં, દક્ષિણાવર્તી શંખને જીવનવર્ધક અને સમૃધીદાયક કહેવામાં આવ્યું છે.

## ઘંટડીનો અવાજ

મંદિરમાં ઘંટડી વગાડવાનું મહત્વ એ છે કે જ્યારે કોઈ વ્યક્તિ દુનિયામાંથી મંદિરમાં પ્રવેશ કરે છે, ત્યારે તેના મનમાં ઘણા સાંસારિક વિચારો દોડતા હોય છે, ઘંટડીનો અવાજ તે વિચારોમાં વિરામ લાવે છે અને ભગવાન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરે છે.

## ભારતીય સંસ્કૃતિમાં તહેવારો

ભારતીય તહેવારો અને ઉજવણીઓ જીવનનું અમૃત છે. તે ફક્ત વ્યક્તિગત ઉપવાસ અને તહેવારો નથી, પરંતુ સામાજિક ઉજવણીઓ પણ છે. સામાજિક ભૂમિકામાં કુદરતી ફરજો પૂર્ણ કરવાથી તે સાંસ્કૃતિક બને છે. આધ્યાત્મિક અભ્યાસની સફળતા સામાજિક કાર્યક્રમોની ઉજવણી અને આનંદમાં રહેલી છે.

ભારતીય તહેવારોના સામાજિક સ્વરૂપમાં કોઈ સંગઠિત યોજના નથી. કોઈ પણ નિયમ કે વ્યવસ્થા હેઠળ તહેવારોમાં ભાગ લેતું નથી. તેના બદલે, બધા કુદરતી રીતે, સ્વેચ્છાએ અને આનંદથી સાથે મળીને ઉજવણી કરે છે. ભારતીય તહેવાર પ્રણાલી જીવન અને કલાનો અદ્ભુત સંગમ છે. સાંસ્કૃતિક તહેવારો જીવનની સમૃદ્ધિ અને આ જોમના સંકેતોને પ્રતિબિંબિત કરે છે, જે તેમને ખરેખર આનંદદાયક બનાવે છે.તેમજ ઉજવણી દ્વારા સમાજ માનસિક ભેદભાવ દૂર કરે છે અને એકબીજાની નજીક આવેછે. ભારતીય સંસ્કૃતિમાં ખાસ કરીને કેટલાક તહેવારો અને ઉજવણીઓ ઉજવવામાં આવે છે. તેનું વર્ણન અહીં આપવામાં આવ્યું છે:

## ગુડી પડવો

ચૈત્ર શુક્લ પ્રતિપદાના દિવસે, ભગવાન બ્રહ્માએ બ્રહ્માંડની રચના કરી અને યુગોનો પ્રથમ, સત્ય યુગ, શરૂ થયો. ભારતીય સંસ્કૃતિમાં આને એક નવા સંવત્સરની શરૂઆત માનવામાં આવે છે, જે જીવનમાં નવો ઉત્સાહ અને નવી ચેતના જાગૃત કરે છે.

## શ્રી રામ નવમી

ચૈત્ર શુક્લ નવમીના દિવસે ભગવાન રામનો જન્મ દિવસ શ્રી રામ નવમી તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે ચૈત્ર નવરાત્રીનો અંત પણ આવે છે. શ્રી રામના જીવનમાં પિતા અને પુત્ર, માતા અને પુત્ર, પતિ અને પત્ની, ભાઈ અને ભાઈ, માલિક અને નોકર, અને રાજા અને પ્રજા - બધા સંબંધોના આદર્શો જોવા મળે છે. ભગવાન શ્રી રામના જીવનને અપનાવીને, વ્યક્તિ ફક્ત પોતાના માનવ જીવનને જ પૂર્ણ કરી શકતી નથી પરંતુ પોતાના પરિવાર અને સમાજ માં પણ આનંદ આપેછે.

## રક્ષાબંધન

શ્રાવણ મહિનાની પૂર્ણિમાના દિવસે રક્ષાબંધનનો તહેવાર ભાઈ-બહેનનો પવિત્ર તહેવાર છે આ દિવસે ભાઈઓ તેમની બહેનો ને રક્ષા માટે આપેલા વચનો પૂરા કરવાની યાદ અપાવેછે

## જન્માષ્ટમી

ભગવાન કૃષ્ણ નો જન્મ આઠમના દિવસે થયો હતો જે જન્માષ્ટમી તરીકે ઉજવામાં આવેછે આ તહેવાર સંદેશ આપેછે કે જીવન માં ગમે તેટલા પડકારો આવે ,પણ ભગવાન કૃષણ ની જેમ મનનું સંતુલન અનેમધુરતા જાળવી રાખવાનો પ્રયાસ કરવો જોઈએ

## ગણેશ ચતુર્થી

ભાદ્રપદ મહિનાના શુદ્ધ પખવાડિયાની ચતુર્થી ગણેશ ચતુર્થી તરીકે ઉજવવામાં આવે છે. ભગવાન ગણેશની મૂર્તિ પરિવારના વડાને ભગવાન ગણેશ જેવા બનવાની પ્રેરણા આપે છે, એક લંબોદર, જે દરેકની ચિંતાઓ સાંભળે છે પરંતુ તેમને પોતાના ગર્ભમાં રાખે છે.તેની દ્રષ્ટિ તીક્ષ્ણ હોવી જોઈએ. તેના કાન ચાળણી જેવા હોવા જોઈએ, જે સાર શોષી લે છે, અને તે ભગવાન ગણેશની જેમ પોતાની ઇન્દ્રિયોને નિયંત્રિત કરીને શિસ્તબદ્ધ હોવો જોઈએ.

## નવરાત્રી

ચૈત્ર અને અશ્વિન મહિનામાં વર્ષમાં બે વાર નવરાત્રી ઉજવવામાં આવે છે. નવરાત્રી દરમિયાન, નવ દિવસ સુધી દેવીના નવ અલગ અલગ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે.દેવીની પૂજા શક્તિની ઉપાસનાનું પ્રતીક માનવામાં આવે છે.

## દશેરા

નવરાત્રી દરમિયાન નવ દિવસની પૂજા અને પ્રાર્થના પછી, દસમા દિવસે દશેરા ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. દશેરા એ અધર્મ પર ધર્મ, અસત્ય પર સત્ય અને દુષ્ટતા પર

સદાચારના વિજયનો તહેવાર છે. જ્યારે કોઈ વ્યક્તિ આસુરી વૃત્તિઓ પર વિજય મેળવે છે અને દૈવી સંપત્તિનો સ્વામી બને છે, ત્યારે જ તેનો સાચો વિજય માનવામાં આવે છે. વિજયાદશમી એટલે દસ ઇન્દ્રિયો પર વિજય. આપણા પાંચ-ભૌતિક શરીરમાં પાંચ ઇન્દ્રિયો અને પાંચ કર્મ ઇન્દ્રિયો છે. જે વ્યક્તિ તેમને જીતી લે છે તે ખરેખર વિજયી બને છે. તે એક મહાન પુરુષ બને છે આ તહેવારનો સંદેશ છે.

## દિવાળી

ભારતમાં ઉજવાતા તમામ તહેવારોમાં, દિવાળીનું સામાજિક અને ધાર્મિક મહત્વ ખૂબ જ છે. તેને પ્રકાશના તહેવાર તરીકે પણ ઓળખવામાં આવે છે. દિવાળીનો અર્થ અમાવાસ્યાનાઅંધકારમાં પણ પ્રકાશ ફેલાવવાનો તહેવાર છે. દિવાળીનો તહેવાર આપણનેઅજ્ઞાનના અંધકારમાં ભટકવાને બદલે જ્ઞાનના પ્રકાશને આપણા જીવનમાં પ્રવેશવા દેવાની પ્રેરણા આપે છે.એવું માનવામાં આવે છે કે દિવાળીના દિવસે ભગવાન રામ ૧૪ વર્ષ વનવાસ વિતાવ્યા પછી અને રાવણને હરાવીને અયોધ્યા પાછા ફર્યા હતા. અયોધ્યાના લોકોએ તેમના સ્વાગત માટે દીવા પ્રગટાવ્યા હતા, અને ત્યારથી, પ્રકાશનો તહેવાર, દિવાળી, ઉજવવામાં આવે છે.

## મકરસંક્રાંતિ

સૂર્ય ૧૨ થી ૧૫ જાન્યુઆરીની વચ્ચે મકર રાશિમાં પ્રવેશ કરે છે, તેથી તેને મકરસંક્રાંતિ નામ આપવામાં આવ્યું છે. ધાર્મિક શાસ્ત્રો અનુસાર, આ દિવસે સ્નાન, દાન, જાપ અને ધાર્મિક વિધિઓનું ખૂબ મહત્વ છે. આ દિવસે સૂર્ય ઉત્તર દિશા તરફ ગતિ કરે છે, જેનો અર્થ છે કે આપણું જીવન પણ સતત પ્રગતિ કરે છે. આ તહેવારનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે આપણું જીવન પણ પ્રગતિ કરે.

## શિવરાત્રી

ફાલ્ગુન કૃષ્ણ ચતુર્દશી, અથવા મહાશિવરાત્રી. આ પૃથ્વી પર શિવલિંગની સ્થાપનાનો દિવસ છે, ભગવાન શિવના લગ્નનો દિવસ છે. મહાશિવરાત્રીનો પવિત્ર દિવસ શિવની પૂજા અને આરાધનાનો દિવસ છે, અને રાત્રિ જાગરણનો દિવસ છે.

## હોળી

ફાલ્ગુની પૂર્ણિમાના દિવસને હોળીના તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. આ સંદર્ભમાં, પુરાણોમાં હોલિકા પ્રહલાદને મારવા માટે તેના ખોળામાં રાખીને અગ્નિમાં બેઠી હોવાની વાર્તા કહેવામાં આવી છે. હોલિકા પોતે બળીને મરી ગઈ, પરંતુ પ્રહલાદને કોઈ નુકસાન થયું નહીં. આ વાર્તા માનવતાને શીખવે છે કે રાક્ષસી વૃત્તિઓ ધરાવતા લોકો, ભલે અગ્નિથી બળી ન જવાનું વરદાન મેળવે, પણ તેઓ વિનાશ પામે છે, જ્યારે પ્રહલાદ જેવા સદાચારી વૃત્તિઓ ધરાવતા ભક્તો અગ્નિપરીક્ષામાંથી બચી જાય છે

## ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિ પૂજા

ભારતીય સંસ્કૃતિમાં, ભગવાનને ફક્ત મૂર્તિઓમાં જ જોવામાં આવતા નથી, પરંતુ પ્રકૃતિને પણ એક દિવ્ય સ્વરૂપ તરીકે પૂજવામાં આવે છે અને તેના સંરક્ષણનો સંદેશ આપવામાં આવે છે. ભારતની બધી નદીઓને દેવી તરીકે પૂજવામાં આવે છે. નર્મદાના કાંકરાને શંકર તરીકે અને ગંડકી નદીના પથ્થરને શાલિગ્રામ એટલે કે ભગવાન વિષ્ણુ તરીકે પૂજવામાં આવે છે. વૃંદાવનમાં ગોવર્ધન અને ચિત્રકૂટમાં કામદગિરી પર્વતની પરિક્રમા કરવામાં આવે છે. ગાય માતાને બધા દેવતાઓના અવતાર તરીકે પૂજવામાં આવે છે. ખતરનાક ઝેરી સાપની પણ પૂજા કરવામાં આવે છે. આ ભારતીય સંસ્કૃતિના પ્રકૃતિ પ્રત્યેના પ્રેમનું સૂચક છે.

ભારતીય સંસ્કૃતિમાં, વૃક્ષોને દેવતા તરીકે પૂજવામાં આવે છે. વૃક્ષો આપણા જીવનનું જીવન છે. પુરાણો અને ધાર્મિક ગ્રંથોમાં, વૃક્ષો અને છોડને ખૂબ જ પવિત્ર અને દિવ્ય માનવામાં આવે છે. વટ સાવિત્રીના અવસરે, સ્ત્રીઓ વડના ઝાડની પૂજા કરે છે, જે શાશ્વત સૌભાગ્ય આપે છે. ગુરુવારે, કેળાના ઝાડની પૂજા કરવામાં આવે છે. તેના પાંદડા ખાવાને શુભ માનવામાં આવે છે. પારિજાતને કલ્પવૃક્ષ તરીકે પૂજવામાં આવે છે. અશોક અષ્ટમી પર, નિરાશા દૂર કરવા અને આશા પૂર્ણ કરવા માટે અશોક વૃક્ષની પૂજા કરવામાં આવે છે. ભગવાન આમળાના ઝાડમાં રહે છે તેને વિષ્ણુનું નિવાસસ્થાન માનીને, સ્ત્રીઓ કાર્તિક મહિનામાં તેની પૂજા અને પરિક્રમા કરીને સૌભાગ્ય માટે પ્રાર્થના કરે છે.

યજ્ઞ વિધિમાં આંબાના પાન, કળીઓ, છાલ અને લાકડાનો ઉપયોગ થાય છે. પીપળાના ઝાડમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનો નિવાસ હોવાનું માનવામાં આવે છે. તેને પાણી અર્પણ કરવાથી અને તેની પૂજા કરવાથી બાળકોના રૂપમાં સુખ મળે છે. તેના થડની આસપાસ દોરો વીંટાળીને તેની પરિક્રમા કરવી એ પણ શાસ્ત્રોમાં સૂચવવામાં આવ્યું છે. તુલસીની પૂજા કરવી, તેને પાણી અર્પણ કરવું અને તેની પાસે દીવો પ્રગટાવવો એ ભારતીય સ્ત્રીઓનું દૈનિક ધાર્મિક કાર્ય છે. તુલસીને ભગવાન વિષ્ણુની પ્રિય માનવામાં આવે છે."ગીતામાં, ભગવાન કૃષ્ણ પોતે કહે છે, "અશ્વત્થ: સર્વવૃક્ષાનમ" (ગીતા ૧૦.૨૬), જેનો અર્થ થાય છે, "બધા વૃક્ષોમાં, હું પીપળ છું." [૫]

## ઉપસંહાર

આમ, ભારતીય સંસ્કૃતિની પરંપરાઓ ધર્મ અને આધ્યાત્મિકતામાં ઊંડા મૂળ ધરાવે છે. તે માનવ જીવનના શારીરિક, માનસિક, બૌદ્ધિક અને સામાજિક ઉત્થાનને જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના કલ્યાણને પણ આવરી લે છે. જ્યારે તે ધાર્મિક લાગણીઓથી ઘેરાયેલું છે, ત્યારે તે વૈજ્ઞાનિક પણ છે. શિખા, તિલક, દીપક, કળશ વગેરે પરંપરાઓ ધર્મ સાથે જોડાયેલી છે, જ્યારે વિજ્ઞાને પણ તેમના મહત્વને સ્વીકાર્યું છે.

ભારતીય સંસ્કૃતિમાં ઉજવાતા વિવિધ તહેવારો અને ઉજવણીઓ પણ ભારતીય પરંપરાનો અભિન્ન ભાગ છે. ભારતમાં ઉજવાતા તહેવારો માત્ર નિરાશા દૂર કરતા નથી અને માનવ

જીવનને આનંદ અને ખુશીથી ભરી દે છે, પરંતુ સ્વાસ્થ્ય જાળવવામાં પણ ફાળો આપે છે, જેમ કે મકરસંક્રાંતિ પર તલનો ઉપયોગ, હોળી દરમિયાન રંગ તરીકે પલાશના ફૂલોનો ઉપયોગ અને શ્રાવણ મહિનામાં ભગવાન શિવની પૂજામાં બિલ્વપત્રનો ઉપયોગ. આનો પરંપરાગત રીતે ઉપયોગ થાય છે, પરંતુ તે સ્વાસ્થ્ય લાભ પણ પ્રદાન કરે છે.

તેવી જ રીતે, ભારતીય સંસ્કૃતિમાં, વિવિધ વૃક્ષો, પર્વતો અને નદીઓની પણ તહેવારો તરીકે પૂજા કરવામાં આવે છે. વટ સાવિત્રી, તુલસી વિવાહ, આમળા નવમી, અશોકાષ્ટમી, નર્મદા જયંતિ, ગંગા દશેરા, ગોપાષ્ટમી અને નાગ પંચમી આના ઉદાહરણો છે. નદીઓ, પર્વતો, વૃક્ષો અને ગાય અને સાપ જેવા પ્રાણીઓની પૂજા કરવાની પરંપરા ફક્ત ધર્મમાં જ ઊંડાણપૂર્વક જ નથી, પરંતુ તે આપણને પર્યાવરણ પ્રત્યેની આપણી ફરજની પણ યાદ અપાવે છે. આમ, ભારતીય સંસ્કૃતિ માનવ જીવનના સર્વાંગી વિકાસને સમાવે છે

## સંદર્ભ સૂચી

વૈદિક સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા, ભાગ ૬, ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા ભાગ ૧, ઇઝ્નુ ૨૦૦૧, પૃષ્ઠ ૪૭

https://www.drishtiias.com

ઈશાવાસ્ય ઉપનિષદ ૧.૧

સ્વામી તેજોમયાનંદ, હિંદુ સંસ્કૃતિ, અનુવાદક: આશા ગુપ્તા – સેન્ટ્રલ ચિન્મય મિશન ટ્રસ્ટ, મુંબઈ 2011, પૃષ્ઠ 163

ડૉ. પ્રકાશચંદ્ર ગાંગરેડ, હિંદુ રિવાજો અને માન્યતાઓ, પુસ્તક મહેલ, દિલ્હી, ફેબ્રુઆરી 2004, પૃષ્ઠ 128

https://hindi.webdunia.com/sanatan-dharma-niti-niyam

# ભારતીય સાહિત્યમાં પંચતંત્રની વિભાવના અને વિચાર

ડૉ. મહેશકુમાર આર. સોલંકી
એસોસિએટ પ્રોફેસર
આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ

## -: સારાંશ :-

પંચતંત્ર ભારતીય સાહિત્યનો એક મહત્વપૂર્ણ નીતિકથા ગ્રંથ છે, જેની રચના આચાર્ય વિષ્ણુશર્માએ કરી હતી. તેનો મુખ્ય હેતુ વાર્તાઓના માધ્યમથી જીવનમાં નૈતિકતા, બુદ્ધિ અને વ્યવહારિક જ્ઞાન આપવાનો છે. 'પંચતંત્ર' પાંચ તંત્રો પર આધારિત છે – મિત્રભેદ, મિત્રલાભ, કાકોલૂકીયમ (વિગ્રહ), લબ્ધપ્રણાશ અને અપરિક્ષિતકારક. આ તંત્રો માનવીને મિત્રતા, સંઘર્ષ, સફળતા, નુકસાન અને વિચારપૂર્વકના નિર્ણય વિશે માર્ગદર્શન આપે છે. પંચતંત્રની ખાસિયત એ છે કે તેમાં પશુ-પક્ષીઓને પાત્ર બનાવી માનવીય ગુણ-દોષ રજૂ કરવામાં આવ્યા છે, જેથી વિચાર સરળતાથી સમજાય. પંચતંત્રનું મંતવ્ય છે કે શક્તિ કરતાં બુદ્ધિ વધુ અસરકારક છે અને અવિચારી કાર્યો નુકસાનકારક બને છે. આજના આધુનિક યુગમાં પણ પંચતંત્રના વિચારો જીવન, શિક્ષણ અને સમાજ માટે સમાન રીતે પ્રાસંગિક છે.

ચાવીરૂપ શબ્દો: ભારતીય સાહિત્ય, પંચતંત્ર

## પ્રસ્તાવના:

ભારતીય સાહિત્યમાં પંચતંત્ર એક અમૂલ્ય ગ્રંથ તરીકે ઓળખાય છે. પંચતંત્ર માત્ર વાર્તાસંગ્રહ નથી, પરંતુ જીવનના ઊંડા નૈતિક, સામાજિક અને રાજકીય વિચારોને સરળ અને રસપ્રદ રીતે રજૂ કરતો મહાન ગ્રંથ છે. તે માત્ર વાર્તાઓનો સંગ્રહ નથી, પરંતુ માનવીના જીવનને યોગ્ય દિશા આપતું નીતિશાસ્ત્ર, રાજનૈતિક બુદ્ધિ અને વ્યવહારિક જ્ઞાનનું ભંડાર છે. પંચતંત્રની રચના પ્રાચીન ભારતના વિદ્વાન આચાર્ય વિષ્ણુશર્મા દ્વારા કરવામાં આવી હતી. તેમનો મુખ્ય હેતુ રાજકુમારોને જીવનમાં સફળ શાસક, બુદ્ધિશીલ વ્યક્તિ અને નૈતિક માનવ બનાવવાનો હતો.

## પંચતંત્રની રચનાનો હેતુ

કથા મુજબ, એક રાજાને તેના ત્રણ પુત્રો શાસ્ત્રજ્ઞાનમાં નબળા લાગતા હતા. તેમણે આચાર્ય વિષ્ણુશર્માને રાજકુમારોને શિક્ષણ આપવા વિનંતી કરી. વિષ્ણુશર્માએ પરંપરાગત શાસ્ત્રીય શિક્ષણને બદલે વાર્તાઓના માધ્યમથી શિક્ષણ આપવાની નવી પદ્ધતિ અપનાવી. આ રીતે પંચતંત્રનો જન્મ થયો હતો.

## પંચતંત્રનો હેતુ:

- જીવનમાં બુદ્ધિ અને નીતિ વિકસાવવી.

- રાજકારણ, સમાજ અને વ્યવહારની સમજ આપવી.
- સારા-નરસા કર્મોના પરિણામો સમજાવવું.
- વિચારીને નિર્ણય લેવાનીક્ષમતા વિકસાવવી

## પંચતંત્રની વિભાવના:

'પંચતંત્ર' શબ્દ બે ભાગોથી બનેલો છે– 'પંચ' એટલે પાંચ અને 'તંત્ર' એટલે સિદ્ધાંતો અથવા નીતિઓ. એટલે કે પંચતંત્ર પાંચ મુખ્ય નીતિઓ પર આધારિત ગ્રંથ છે. આ પાંચ તંત્રો દ્વારા જીવનમાં યોગ્ય નિર્ણય લેવાની કળા શીખવવામાં આવે છે. પંચતંત્રની મૂળ વિભાવના એ છે કે માણસ માત્ર પુસ્તકીયા જ્ઞાનથી નહીં, પરંતુ અનુભવ, બુદ્ધિ અને નીતિ દ્વારા સફળ બને છે.

'પંચતંત્ર' શબ્દનો અર્થ છે– પાંચ તંત્રો અથવા પાંચ નીતિઓ. આ ગ્રંથની મૂળ વિભાવના એ છે કે માણસ જો જીવનમાં સફળ થવુ હોય તો તેને માત્ર જ્ઞાન નહીં, પરંતુ ચતુરાઈ, દૂરદર્શિતા અને નૈતિક સમજ હોવી જરૂરી છે.

પંચતંત્રની વિભાવનામાં નીચેના મુદ્દાઓ સામેલ છે:

- જીવન એક સંઘર્ષ છે, જ્યાંબુદ્ધિ સૌથી મોટું શસ્ત્ર છે.
- શક્તિ કરતાં બુદ્ધિ વધુ અસરકારક છે.
- મિત્રતા અને શત્રુતા બંનેમાં સાવચેતી જરૂરી છે.
- અવિચારપૂર્વક કરેલા કાર્યો વિનાશ તરફ દોરી જાય છે.

## પંચતંત્રના પાંચ તંત્રો

પંચતંત્ર – તંત્રો અને વિચારધારા

૧. મિત્રભેદ

આ તંત્રમાં ખોટી સલાહ, ઈર્ષ્યા અને કપટથી મિત્રતા કેવી રીતે તૂટી શકે છે તે બતાવવામાં આવ્યું છે. દુષ્ટ વ્યક્તિઓ કેવી રીતે સારા મિત્રોમાં ભેદ પાડે છે તેની કથાઓ છે. આ તંત્ર આપણને સાવધાન રહેવાની ચેતવણી આપે છે.

૨. મિત્રલાભ

મિત્રલાભ તંત્રમાં સાચા મિત્રોની મહત્તા સમજાવવામાં આવી છે. સહકાર, વિશ્વાસ અને એકતા દ્વારા મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી બહાર નીકળવાની કથાઓ છે. આ તંત્ર કહે છે કે સાચા મિત્રો જીવનની સૌથી મોટી સંપત્તિ છે.

૩. કાકોલૂકીયમ (વિગ્રહ)

આ તંત્ર યુદ્ધ, વિવાદ અને સંઘર્ષ વિષે છે. તેમાં સમજાવવામાં આવે છે કે દરેક સમસ્યાનો ઉકેલ યુદ્ધથી નથી આવતો, પરંતુ બુદ્ધિ અને રણનીતિથી પણ સંઘર્ષ ઉકેલી શકાય છે.

૪. લબ્ધપ્રણાશ

આ તંત્રમાં મળેલી સંપત્તિ, સત્તા કે સફળતા અહંકાર, લોભ અથવા બેદરકારીથી કેવી રીતે ગુમાવી શકાય છે તે દર્શાવવામાં આવ્યું છે. તે આપણને સંયમ અને વિનમ્રતા શીખવે છે.

૫. અપરિક્ષિતકારક

આ તંત્રનો મુખ્ય વિચાર છે કે વિચાર વિના કરેલું કાર્ય હંમેશા નુકસાનકારક બને છે. ઉતાવળ, અવિચારી નિર્ણય અને અંધ વિશ્વાસના દુષ્પરિણામો અહીં દર્શાવવામાં આવ્યા છે.

પંચતંત્રનો વિચારધારાત્મક આધાર

પંચતંત્રનો મુખ્ય વિચાર એ છે કે જીવનમાં બુદ્ધિ, સમજદારી, ધૈર્ય અને નીતિ અનિવાર્ય છે. તેમાં પશુ-પક્ષીઓ દ્વારા માનવીય ગુણો અને દોષોને રજૂ કરવામાં આવ્યા છે, જેથી વાર્તા રસપ્રદ બને અને શીખ સરળતાથી મનમાં ઉતરે.

પંચતંત્ર માનવીને સાવધાન રહેવા, યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવા અને સ્વાર્થ સાથે સમાજહિતનો સંતુલન જાળવવા પ્રેરણા આપે છે.

પંચતંત્રની વિચારધારા

પંચતંત્રની વિચારધારા અત્યંત વ્યવહારિક છે. તેમાં જીવનના સત્યને સ્પષ્ટ રીતે રજૂ કરવામાં આવ્યા છે:

જીવનમાં સારા-ખોટા બંને અનુભવો જરૂરી છે

માણસે પરિસ્થિતિ પ્રમાણે પોતાનું વર્તન બદલવું જોઈએ

નૈતિકતા સાથે ચતુરાઈ પણ જરૂરી છે

જીવનમાં સફળતા માટે સમજદારી મહત્વપૂર્ણ છે

પશુ-પક્ષીઓ દ્વારા માનવીય સ્વભાવ રજૂ કરવો એ પંચતંત્રની વિશેષતા છે. સિંહ, શિયાળ, કાગડો, કાચબો વગેરે પાત્રો માનવીય ગુણ-દોષનું પ્રતિક બને છે.

આધુનિક યુગમાં પંચતંત્રનું મહત્વ

આજના સ્પર્ધાત્મક યુગમાં પંચતંત્ર વધુ પ્રાસંગિક બની ગયું છે. આજે:

રાજકારણ

વ્યવસાય

શિક્ષણ

સામાજિક જીવન

દરેક ક્ષેત્રમાં પંચતંત્રની નીતિઓ લાગુ પડે છે. તે આપણને સાવધાન, બુદ્ધિશીલ અને નૈતિક જીવન જીવવાની પ્રેરણા આપે છે.

શૈક્ષણિક મહત્વ

પંચતંત્રનું શિક્ષણ બાળકો માટે જેટલું ઉપયોગી છે, એટલું જ વયસ્કો માટે પણ પ્રાસંગિક છે.

આજના સમયમાં સ્પર્ધા, સ્વાર્થ અને સંઘર્ષ વધતા જાય છે, ત્યારે પંચતંત્રની નીતિઓ માણસને નૈતિકતા, માનવતા અને બુદ્ધિશીલ વર્તન શીખવે છે.

તે માત્ર કથાઓ નથી, પરંતુ જીવનને સફળ રીતે જીવવાની માર્ગદર્શિકા છે.

લાભો:

બાળકોમાં નૈતિક મૂલ્યો વિકસાવે છે

વિચારશક્તિ અને તર્કશક્તિ વધારે છે

જીવન કૌશલ્ય શીખવે છે

ભાષા અને સાહિત્યનો રસ જગાવે છે

ઉપસંહાર

પંચતંત્ર માત્ર પ્રાચીન ગ્રંથ નથી, પરંતુ જીવનનો માર્ગદર્શક છે. તેની વિભાવના અને વિચારો માનવીને સાવધાન, બુદ્ધિશીલ અને નીતિવંત બનાવે છે.

સમય બદલાય છે, પરંતુ પંચતંત્રના વિચારો આજે પણ એટલા જ સત્ય અને ઉપયોગી છે. તેથી પંચતંત્ર ભારતીય સાહિત્યની શાશ્વત ધરોહર છે.

પંચતંત્ર એક એવો ગ્રંથ છે, જે સમય, સ્થળ અને સંસ્કૃતિની સીમાઓને પાર કરે છે. સરળ ભાષા, રસપ્રદ કથાઓ અને ઊંડા અર્થો દ્વારા તે માનવીને સમજદાર, નીતિવંત અને વ્યવહારુ બનાવે છે.

તેથી પંચતંત્ર માત્ર ભારતીય નહીં, પરંતુ વિશ્વ સાહિત્યની અમૂલ્ય ધરોહર છે.

## સંદર્ભસૂચિ :


- Bhatt, H. P. (2015). BharatiyaNitisahitya. Ahmedabad, India: University GranthNirman Board.
- Dave, K. (2018). Bharatiyasahityamanitikathao. Ahmedabad, India: R. R. Sheth& Co.
- Shukla, R. K. (2012). History of Sanskrit literature. New Delhi, India: MotilalBanarsidass.
- Trivedi, N. C. (2010). Panchatantra anetenivichardhara. Rajkot, India: SahityaSansad.
- Vishnusharma. (2010). Panchatantra (H. P. Bhatt, Ed.). Varanasi, India: Chaukhamba Sanskrit Prakashan.

# નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ૨૦૨૦ સાથે ગુરુકુળપ્રથાના શૈક્ષણિક ધ્યેયોનો સમન્વય

**મલ્લિકાર્જુન ચેતનરાજ પાબુવંશી**
**પીએચ.ડી. સ્કોલર અને શિક્ષક**
**બબલભાઈ મહેતા વિદ્યાલય, ટડાવ, વાવ-થરાદ**

**સારાંશ:**
ભારતીય શિક્ષણપરંપરા વિશ્વની સૌથી પ્રાચીન અને સમૃદ્ધ પરંપરાઓમાંની એક છે. ગુરુકુળપ્રથા ભારતની મૂળભૂત શિક્ષણવ્યવસ્થાનો આધાર રહી છે, જેમાં શિક્ષણનો મુખ્ય હેતુ માત્ર જ્ઞાનપ્રાપ્તિ નહિ પરંતુ ચરિત્રનિર્માણ, આત્મવિશ્વાસ, સામાજિક જવાબદારી અને આધ્યાત્મિક વિકાસ રહ્યો છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ૨૦૨૦ એ ભારતની આ પ્રાચીન પરંપરાને આધુનિક વૈશ્વિક પડકારો સાથે જોડવાનો પ્રયાસ કરે છે. આ સંશોધનપત્રમાં ગુરુકુળપ્રથાના શૈક્ષણિક ધ્યેયો અનેનવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના મુખ્ય તત્ત્વો વચ્ચેના સમન્વયને તત્વચિંતનાત્મક, શૈક્ષણિક અને વ્યવહારુ દૃષ્ટિકોણથી વિશ્લેષિત કરવામાં આવ્યો છે. આ અભ્યાસ દર્શાવે છે કે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ૨૦૨૦ગુરુકુળપ્રથાની મૂલ્યઆધારિત, જીવનલક્ષી અને સર્વાંગી શિક્ષણદૃષ્ટિને આધુનિક સ્વરૂપમાં પુનર્જીવિત કરે છે.

**મુખ્ય શબ્દો**: નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦, ગુરુકુળપ્રથા, ભારતીય શિક્ષણ પરંપરા, મૂલ્યઆધારિત શિક્ષણ, સર્વાંગી વિકાસ, ચરિત્રનિર્માણ, જીવનલક્ષી શિક્ષણ

## ૧. પ્રસ્તાવના

શિક્ષણ એ માનવજીવનના સર્વાંગી વિકાસનું મૂળ છે. ભારતની પ્રાચીન ગુરુકુળપ્રથા શિક્ષણને જીવન સાથે જોડતી હતી. સમય સાથે બ્રિટિશકાળીન શિક્ષણવ્યવસ્થાએ ભારતીય મૂલ્યોને પછાડી, વિષયકેન્દ્રિત અને પરીક્ષાકેન્દ્રિત શિક્ષણને પ્રાધાન્ય આપ્યું. પરિણામે શિક્ષણ અને જીવન વચ્ચે અંતર વધ્યું.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ૨૦૨૦ એ આ ખામીઓને દૂર કરીને શિક્ષણને ભારતીય સંસ્કૃતિ, મૂલ્યો અને આધુનિક આવશ્યકતાઓ સાથે સંકલિત કરવાનો પ્રયાસ કરે છે. આ સંદર્ભમાં ગુરુકુળપ્રથાના શૈક્ષણિક ધ્યેયો આજે પણ અત્યંત પ્રાસંગિક છે.

## ૨. ગુરુકુળપ્રથાના શૈક્ષણિક ધ્યેયો

ગુરુકુળપ્રથા માત્ર પાઠ્યક્રમ આધારિત શિક્ષણ નહોતી, પરંતુ જીવનશૈલી આધારિત શિક્ષણ હતી. તેના મુખ્ય શૈક્ષણિક ધ્યેયો નીચે મુજબ હતા:

૨.૧ચરિત્રનિર્માણ

ગુરુકુળમાં સત્ય, અહિંસા, સંયમ, વિનય, શ્રદ્ધા અને શિસ્ત જેવા ગુણોનો વિકાસ મુખ્ય હેતુ હતો. શિક્ષણ દ્વારા માનવને સદાચાર તરફ દોરવાનો પ્રયત્ન થતો.

૨.૨સર્વાંગી વિકાસ

શારીરિક, માનસિક, બૌદ્ધિક, નૈતિક અને આધ્યાત્મિક વિકાસ – આ પાંચેય પાસાંઓનું સંતુલિત વિકાસ ગુરુકુળપ્રથાનો આધાર હતો.

૨.૩ગુરુ-શિષ્ય સંબંધ

ગુરુ માત્ર શિક્ષક નહિ પરંતુ માર્ગદર્શક, આદર્શ અને જીવનદાતા તરીકે માનવામાં આવતા. આ સંબંધ શિક્ષણને જીવંત અને માનવીય બનાવતો.

૨.૪ જીવનલક્ષી અને વ્યવહારુ શિક્ષણ

શિક્ષણ સીધું જીવન સાથે જોડાયેલું હતું. કૃષિ, શિલ્પ, આયુર્વેદ, ગણિત, ખગોળશાસ્ત્ર, તત્વજ્ઞાન વગેરે વિષયો પ્રયોગાત્મક રીતે શીખવાતા.

૨.૫સામાજિક જવાબદારી

શિક્ષણનો હેતુ વ્યક્તિને સમાજોપયોગી બનાવવાનો હતો, જેથી શિક્ષિત વ્યક્તિ સમાજના કલ્યાણ માટે કાર્ય કરે.

**૩. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ૨૦૨૦: મુખ્ય દૃષ્ટિકોણ**

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦એ ૨૧મી સદીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રચાયેલી નીતિ છે. તેના મુખ્ય તત્ત્વો નીચે મુજબ છે:

૩.૧સર્વાંગી અને બહુવિધ શિક્ષણ

વિદ્યાર્થીના જ્ઞાનાત્મક (Cognitive), ભાવનાત્મક (Affective) અને કૌશલ્યાત્મક (Skill-based) વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે.

૩.૨ મૂલ્ય આધારિત અને સંસ્કૃતિપ્રધાન શિક્ષણ

ભારતીય જ્ઞાનપરંપરા, યોગ, આયુષ, નૈતિકતા અને સંવિધાનિક મૂલ્યોને શિક્ષણમાં સ્થાન આપવામાં આવ્યું છે.

૩.૩ અનુભવ આધારિત શિક્ષણ

રટણ પ્રણાલીથી દૂર જઈને પ્રવૃત્તિ, પ્રોજેક્ટ અને અનુભવ આધારિત શિક્ષણ પર ભાર છે.

૩.૪ શિક્ષકની ભૂમિકા

શિક્ષકને માર્ગદર્શક અને સહાયક તરીકે જોવામાં આવ્યો છે, જે ગુરુકુળના ગુરુની ભૂમિકાની યાદ અપાવે છે.

૩.૫લવચીકતા અને બહુવિધ વિષય પસંદગી

વિદ્યાર્થી પોતાની રસ અને ક્ષમતાનુસાર વિષયો પસંદ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

**૪. ગુરુકુળપ્રથા અને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ વચ્ચેનો સમન્વય**

૪.૧સર્વાંગી વિકાસનો સમન્વય

ગુરુકુળપ્રથા જે રીતે સર્વાંગી વિકાસ પર ભાર મૂકે છે, એ જ ભાવના નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં સ્પષ્ટ દેખાય છે. બંનેમાં શિક્ષણને માત્ર ડિગ્રી માટે નહિ પરંતુ જીવન નિર્માણ માટેનું સાધન માનવામાં આવ્યું છે.

૪.૨ મૂલ્ય અને નૈતિક શિક્ષણ

ગુરુકુળપ્રથાના નૈતિક મૂલ્યો નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના મૂલ્ય આધારિત શિક્ષણ સાથે સંપૂર્ણ રીતે સંકળાય છે. સત્ય, સહકાર, કરુણા અને જવાબદારી જેવા ગુણો બંનેમાં મુખ્ય છે.

૪.૩ ગુરુ-શિષ્ય પરંપરા અને મેન્ટરશિપ

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ૨૦૨૦માં મેન્ટરશિપ અને વ્યક્તિગત માર્ગદર્શન પર ભાર છે, જે ગુરુકુળની ગુરુ-શિષ્ય પરંપરાનું આધુનિક સ્વરૂપ છે.

૪.૪ અનુભવ અને પ્રયોગ આધારિત શિક્ષણ

ગુરુકુળમાં શિક્ષણ અનુભવ દ્વારા આપવામાં આવતું હતું, જે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના experiential learning સાથે સુસંગત છે.

૪.૫ ભારતીય જ્ઞાનપરંપરાનુ પુનર્જાગરણ

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ૨૦૨૦ભારતીય ભાષાઓ, સંસ્કૃતિ અને પરંપરાગત જ્ઞાનને શિક્ષણમાં સ્થાન આપીને ગુરૂકુળપ્રથાની આત્માને જીવંત કરે છે.

૫. આધુનિક સંદર્ભમાં ગુરૂકુળપ્રથાની પ્રાસંગિકતા

આજના સમયમાં ટેક્નોલોજી, વૈશ્વિકીકરણ અને સ્પર્ધા વચ્ચે માનવીય મૂલ્યોનું સંકટ ઊભું થયું છે. આવી સ્થિતિમાં ગુરુકુળપ્રથાના ધ્યેયો શિક્ષણને માનવકેન્દ્રિત બનાવવામાં માર્ગદર્શક બની શકે છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ૨૦૨૦આ મૂલ્યોને આધુનિક માળખામાં અમલમાં મૂકવાની તક આપે છે.

૬. પડકારો અને શક્યતાઓ

ગુરુકુળપ્રથાના તત્ત્વોને આધુનિક શિક્ષણમાં અમલમાં મૂકતાં માળખાકીય, પ્રશિક્ષણ અને માનસિકતાના પડકારો છે. તેમ છતાં, શિક્ષક તાલીમ, અભ્યાસક્રમમાં ફેરફાર અને સમુદાયની ભાગીદારી દ્વારા આ સમન્વય સફળ બની શકે છે.

**નિષ્કર્ષ:**

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અને ગુરૂકુળપ્રથાના શૈક્ષણિક ધ્યેયો વચ્ચે ગાઢ અને સ્વાભાવિક સમન્વય છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ૨૦૨૦પ્રાચીન ભારતીય શિક્ષણપરંપરાની આત્માને આધુનિક જરૂરિયાતો સાથે જોડે છે. ગુરૂકુળપ્રથાની મૂલ્યઆધારિત, જીવનલક્ષી અને સર્વાંગી શિક્ષણદૃષ્ટિ આજના શિક્ષણક્ષેત્ર માટે અત્યંત ઉપયોગી છે. જો નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ને તેના મૂળ ભાવ સાથે અમલમાં મૂકવામાં આવે, તો ભારતીય શિક્ષણ વ્યવસ્થા વૈશ્વિક સ્તરે માનવતાવાદી અને ગુણવત્તાસભર મોડેલ તરીકે ઉભરી શકે છે.

**સંદર્ભ સુચિ**:

ડો.યુધિષ્ઠિર મિશ્રા (૨૦૨૩)."ભારતમાં શિક્ષણ : ગુરુકુળ થી ગુગલ". મંગલમ પબ્લિકેશન.

જે. સી. અગ્રવાલ (૨૦૨૪)."ભારતીય શિક્ષણ પધ્ધતિઓનો વિકાસ". શિપ્રા પબ્લિકેશન.

ખ્રીતીશ સ્વર્ગીઅર્ય અને કવિતારોય (૨૦૨૪)."ભારતીય શિક્ષણ : પહેલા અને પછી". નોસન પ્રેસ.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦નું ગુજરાતી સંસ્કરણ, ભારત સરકાર

"ભારત પર એક ખાસ અહેવાલ: કર્કશતા, નિસાસો નાખતી સ્થિતિ: ઈન્ફ્રાસ્ટ્રક્ચર ભારતની સૌથી મોટી અવરોધ છે". ધ ઇકોનોમિસ્ટ. ૧૧ ડિસેમ્બર ૨૦૦૮.

"ભારતમાં શિક્ષણ". વિશ્વ બેંક.

"ઉચ્ચ શિક્ષણ", રાષ્ટ્રીય માહિતી કેન્દ્ર, ભારત સરકાર. Education.nic.in. મેળવેલ.

"રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અને નાગપુર શહેરની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના હિસ્સેદારો પર તેની અસર પર એક અભ્યાસ". www.ijrpr.com

"વૈશ્વિક શિક્ષણ અને સંશોધનમાં પ્રગતિ: ભાગ ૪. (૨૦૨૧). અનાહી પ્રકાશન.https://doi.org/10.5038/9781955833042

અવસ્થિ, એસ., અને કુમાર, એસ. (૨૦૨૪). "ભારતની શિક્ષણ પ્રણાલી (પ્રાચીનથી વર્તમાન સુધી)". ઇન્ટરનેશનલ જર્નલ ઓફ રિસર્ચ પબ્લિકેશન એન્ડ રિવ્યુઝ, 5(7), 1903–1911. https://doi.org/10.55248/gengpi.5.0724.1753

# માનવ જીવન અને પ્રકૃતિ વચ્ચેનું જોડાણ

હિતેશ સી.મારવાડા
રીસર્ચ સ્કોલર,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**સારાંશ**

માનવ જીવન અને પ્રકૃતિ વચ્ચેનો સંબંધ આદિકાળથી અત્યંત ગાઢ અને પૂરક રહ્યો છે. મનુષ્ય માત્ર પ્રકૃતિનો એક ભાગ નથી, પરંતુ તેનું અસ્તિત્વ સંપૂર્ણપણે કુદરત પર નિર્ભર છે. વર્તમાન સમયમાં જ્યારે ટેકનોલોજી અને શહેરીકરણ વધ્યું છે, ત્યારે માણસ કુદરતથી દૂર થતો જઈ રહ્યો છે. જેના પરિણામે તણાવ, માનસિક અશાંતિ અને પર્યાવરણીય અસંતુલન જેવા પ્રશ્નો ઉભા થયા છે. સંશોધનો દર્શાવે છે કે જ્યારે મનુષ્ય પ્રકૃતિના સાનિધ્યમાં સમય વિતાવે છે, ત્યારે તેનું માનસિક સ્વાસ્થ્ય સુધરે છે, સર્જનાત્મકતા વધે છે અને રોગપ્રતિકારક શક્તિમાં પણ વધારો થાય છે. પ્રકૃતિ આપણને માત્ર સંસાધનો જ નથી આપતી, પણ જીવન જીવવાની કળાપણ શીખવે છે. જો આપણે આપણું ભવિષ્ય સુરક્ષિત રાખવું હોય, તો પ્રકૃતિનું શોષણ કરવાને બદલે તેનું સંરક્ષણ કરવું અનિવાર્ય છે. પ્રકૃતિ સાથેનું જોડાણ એ માત્ર પર્યાવરણીય જરૂરિયાત નથી, પરંતુ આત્મિક શાંતિ અને જીવનની સાર્થકતા માટેનો એકમાત્ર માર્ગ છે.

ચાવીરૂપ શબ્દો: માનવ જીવન, પ્રકૃતિ

**૧. પ્રસ્તાવના**

"પ્રકૃતિ" એ માત્ર પૃથ્વી પરના વૃક્ષો, નદીઓ કે પર્વતોનું સમૂહ નથી, પરંતુ તે જીવનનો જીવંત સ્ત્રોત છે. સૃષ્ટિના આરંભથી જ માનવ જીવન અને પ્રકૃતિ વચ્ચે એક અતૂટ અને પવિત્ર સંબંધ રહ્યો છે. ભારતીય સંસ્કૃતિમાં તો પ્રકૃતિને 'માતા'નો દરજ્જો આપવામાં આવ્યો છે, કારણ કે માતાની જેમ જ કુદરત મનુષ્યનું પાલન-પોષણ કરે છે.

આપણું અસ્તિત્વ પંચમહાભૂત એટલે કે પૃથ્વી, જળ, તેજ (અગ્નિ), વાયુ અને આકાશનું બનેલું છે, જે સીધી રીતે પ્રકૃતિના જ તત્વો છે. આ જોડાણ માત્ર ભૌતિક

જરૂરિયાતો પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે ભાવનાત્મક અને આધ્યાત્મિક સ્તરે પણ જોડાયેલું છે. જ્યારે મનુષ્ય વહેલી સવારે પક્ષીઓનો કલરવ સાંભળે છે કે ઉગતા સૂર્યના કિરણોને માણે છે, ત્યારે તેના મનમાં જે શાંતિનો અનુભવ થાય છે તે સાબિત કરે છે કે આપણું મૂળ પ્રકૃતિમાં જ રહેલું છે.

આધુનિક યુગમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની પ્રગતિને કારણે માણસ ભલે કુદરતથી વિમુખ થયો હોય, પરંતુ હૃદયના ખૂણે આજે પણ તે પ્રકૃતિના સાનિધ્યમાં જ પરમ સુખનો અનુભવ કરે છે. આ પ્રસ્તાવના એ જ સત્યને ઉજાગર કરે છે કે પ્રકૃતિ વગરનું માનવ જીવન એ આત્મા વગરના શરીર સમાન છે.

આધુનિક યુગમાં ટેકનોલોજી અને શહેરીકરણના કારણે મનુષ્ય પ્રકૃતિથી દૂર થતો જઈ રહ્યો છે. 'નેચર કનેક્શન' એટલે કે પ્રકૃતિ સાથેનું જોડાણ એ માત્ર બહાર ફરવા જવું નથી, પરંતુ કુદરતી વિશ્વ સાથે વ્યક્તિગત અને મનોવૈજ્ઞાનિક સંબંધ બાંધવો છે. આ પેપર પ્રકૃતિ સાથેના જોડાણના મહત્વ અને તેની માનસિક તથા શારીરિક અસરો પર પ્રકાશ પાડે છે.

**૨. સંશોધનનો ઉદ્દેશ્ય**

- પ્રકૃતિ સાથેનો સંબંધ માનસિક તણાવ ઘટાડવામાં કેવી રીતે મદદ કરે છે તે સમજવું.
- શહેરીકરણની સ્વાસ્થ્ય પર થતી નકારાત્મક અસરો તપાસવી.
- પર્યાવરણ સંરક્ષણ માટે પ્રકૃતિ સાથેના જોડાણની ભૂમિકા સ્પષ્ટ કરવી.

**૩. પ્રકૃતિ સાથેના જોડાણના ફાયદા**

**અ. માનસિક સ્વાસ્થ્ય** : સંશોધનો દર્શાવે છે કે જે લોકો પ્રકૃતિમાં વધુ સમય વિતાવે છે, તેમનામાં કોર્ટિસોલ (તણાવ માટે જવાબદાર હોર્મોન) નું સ્તર નીચું હોય છે. કુદરતી વાતાવરણ ચિંતા (Anxiety) અને ડિપ્રેશનના લક્ષણો ઘટાડવામાં મદદરૂપ થાય છે.

**બ. શારીરિક સ્વાસ્થ્ય** : શુદ્ધ હવા, સૂર્યપ્રકાશ અને હરિયાળી વચ્ચે રહેવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે. બ્લડ પ્રેશર નિયંત્રિત રહે છે અને હૃદયના રોગોનું જોખમ ઘટે છે.

**ક. એકાગ્રતા અને સર્જનાત્મકતા** : 'એટેન્શન રિસ્ટોરેશન થિયરી' (ART) મુજબ, પ્રકૃતિ માનસિક થાક દૂર કરી વ્યક્તિની ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતામાં વધારો કરે છે.

**૪. નેચર ડેફિસિટ ડિસઓર્ડર**

રિચાર્ડ લુવ નામના લેખકે આ શબ્દ આપ્યો છે. જ્યારે બાળકો અને પુખ્ત વયના લોકો કુદરતથી વંચિત રહે છે, ત્યારે તેમનામાં વર્તણૂકની સમસ્યાઓ, સ્થૂળતા અને એકાગ્રતાનો અભાવ જોવા મળે છે.

**૫. પ્રકૃતિ સાથે જોડાવાની રીતો**

૧. ગાર્ડનિંગ (Gardening): સૃજનનો આનંદ

- પોતાના હાથે માટીમાં બીજ રોપીને તેને છોડ બનતા જોવો એ એક અદભૂત અનુભવ છે.
- ફાયદો:તે તણાવ (Stress) ઘટાડે છે અને તમારામાં ધીરજ ગુણનો વિકાસ કરે છે.
- નાની શરૂઆત:જો જગ્યા ઓછી હોય, તો બાલ્કનીમાં 'વર્ટિકલ ગાર્ડન' કે નાના કુંડામાં તુલસી, એલોવેરા અથવા મનીપ્લાન્ટથી શરૂઆત કરી શકાય.

૨. ફોરેસ્ટ બાથિંગ (Forest Bathing): કુદરતી ઉપચાર

- જાપાનીઝ સંસ્કૃતિમાં આને 'Shinrin-yoku' કહેવામાં આવે છે. આમાં જંગલમાં માત્ર ચાલવાનું નથી, પણ પાંચેય ઇન્દ્રિયોથી જંગલને અનુભવવાનું છે.
- કેવી રીતે કરવું:ઝાડના પાંદડાનો અવાજ સાંભળવો, માટીની સુગંધ લેવી અને ઠંડી હવાનો સ્પર્શ અનુભવવો.
- ફાયદો:આનાથી રોગપ્રતિકારક શક્તિ (Immunity) વધે છે અને બ્લડ પ્રેશર નિયંત્રિત રહે છે.

3. ડિજિટલ ડિટોક્સ (Digital Detox): મનનું શુદ્ધિકરણ

- આજના યુગમાં આપણે સ્ક્રીન સામે વધુ સમય વિતાવીએ છીએ. થોડો સમય ફોન કે લેપટોપને સ્વિચ ઓફ કરીને કુદરતના સાનિધ્યમાં બેસવું જરૂરી છે.

- અનુભવ:ઉગતા સૂર્યની લાલાશ જોવી કે નદીના વહેતા પાણીનો લય સાંભળવો એ મનને 'રિચાર્જ' કરે છે. તે તમારી એકાગ્રતા શક્તિમાં વધારો કરે છે.

૪. પક્ષી દર્શન (Bird Watching): જીવસૃષ્ટિ સાથે સંવાદ

- આપણી આસપાસ અનેક રંગબેરંગી પક્ષીઓ હોય છે જેની તરફ આપણું ધ્યાન જતું નથી.
- કેવી રીતે કરવું:વહેલી સવારે અથવા સાંજે શાંત જગ્યાએ બેસીને પક્ષીઓના અવાજ અને તેમની ઉડવાની રીતનું અવલોકન કરવું.
- ફાયદો:આ પ્રવૃત્તિ આપણને વર્તમાન ક્ષણમાં (Present Moment) જીવતા શીખવે છે અને કુદરતની વિવિધતા પ્રત્યે આદર જગાડે છે.

**૬. નિષ્કર્ષ**

પ્રકૃતિ સાથેનું જોડાણ એ વૈભવ નથી પણ જરૂરિયાત છે. જો આપણે આપણી આવનારી પેઢીને તંદુરસ્ત જીવન આપવું હોય, તો આપણે પર્યાવરણને માત્ર સંસાધન તરીકે નહીં પણ જીવનના એક અભિન્ન અંગ તરીકે જોવું પડશે. પ્રકૃતિનું જતન એ જ માનવજાતનું જતન છે.

**સંદર્ભ સૂચિ (References)**

Capaldi, C. A., et al. (2014). The relationship between nature connectedness and happiness: A meta-analysis. *Frontiers in Psychology*.

Mayer, F. S., & Frantz, C. M. (2004). The connectedness to nature scale: A measure of individuals' feeling in community with nature. *Journal of Environmental Psychology*.

Richardson, M., et al. (2020). The five pathways to nature connectedness. *Journal of Public Health*.

# રોજિંદા જીવનમાં સર્જનાત્મક અભિવ્યક્તિનું મહત્વ

પ્રજાપતિ અશોકકુમાર બળદેવભાઈ
શોધાર્થી (રજી.નં.: 230701040)
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ
ORCID : https://orcid.org/0009-0003-5670-5798
Email : ashok221086@gmail.com

**સારાંશ**

**સર્જનાત્મક અભિવ્યક્તિ એ માનવ જીવનનું એક અભિન્ન અંગ છે જે વ્યક્તિના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સર્જનાત્મકતા માત્ર કલાત્મક કાર્યો સુધી જ મર્યાદિત નથી, પરંતુ તે દૈનિક સમસ્યાઓના ઉકેલ, માનસિક સ્વાસ્થ્ય, સામાજિક સંબંધો અને વ્યક્તિત્વ વિકાસમાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. સંશોધનો દર્શાવે છે કે સર્જનાત્મક પ્રવૃત્તિઓ તણાવ ઘટાડે છે, આત્મવિશ્વાસ વધારે છે અને સંજ્ઞાનાત્મક કાર્યક્ષમતા સુધારે છે. શિક્ષણ, વ્યવસાય અને વ્યક્તિગત જીવનમાં સર્જનાત્મક વિચારસરણી નવીનતા અને પ્રગતિ માટે આવશ્યક છે. આ અભ્યાસ સર્જનાત્મક અભિવ્યક્તિને પ્રોત્સાહિત કરવાની વિવિધ પદ્ધતિઓ અને તેના દીર્ઘકાલીન લાભોની પણ ચર્ચા કરે છે. આધુનિક સમાજમાં જ્યાં તકનીકી પ્રગતિ ઝડપી છે, સર્જનાત્મક અભિવ્યક્તિ માનવીય અનુભવને સમૃદ્ધ બનાવે છે અને વ્યક્તિને સતત શીખવા અને વિકસિત થવામાં મદદ કરે છે.**

**ચાવીરૂપ શબ્દો : સર્જનાત્મક અભિવ્યક્તિ,માનસિક સ્વાસ્થ્ય, સંજ્ઞાનાત્મક વિકાસ , સાંસ્કૃતિક ઓળખ, વ્યક્તિત્વ વિકાસ.**

## પ્રસ્તાવના

સર્જનાત્મકતા એ માનવ સ્વભાવની મૂળભૂત લાક્ષણિકતા છે જે આપણને અન્ય જીવોથી અલગ પાડે છે. પ્રાચીન ગુફા ચિત્રોથી લઈને આધુનિક ડિજિટલ કલા સુધી, માનવ સર્જનાત્મકતાએ સંસ્કૃતિ, સમાજ અને સભ્યતાને આકાર આપ્યો છે. સર્જનાત્મક અભિવ્યક્તિ એટલે પોતાના વિચારો, લાગણીઓ અને અનુભવોને નવા અને અનન્ય રીતે વ્યક્ત કરવાની ક્ષમતા. આ માત્ર કલાકારો, લેખકો કે સંગીતકારો માટે જ નથી, પરંતુ દરેક વ્યક્તિ માટે મહત્વપૂર્ણ છે.

આજના ઝડપી અને તણાવપૂર્ણ જીવનમાં, સર્જનાત્મક અભિવ્યક્તિ એક મહત્વપૂર્ણ માધ્યમ બની છે જેના દ્વારા વ્યક્તિ પોતાની ઓળખ શોધી શકે છે, માનસિક શાંતિ મેળવી શકે છે અને જીવનને વધુ અર્થપૂર્ણ બનાવી શકે છે. આ આર્ટિકલમાં આપણે રોજિંદા જીવનમાં સર્જનાત્મક અભિવ્યક્તિના વિવિધ પાસાઓ, તેના લાભો અને તેને કેવી રીતે વિકસાવી શકાય તેની વિગતવાર ચર્ચા કરીશું.

**<u>સર્જનાત્મક અભિવ્યક્તિની વ્યાખ્યા અને સ્વરૂપ</u>**

સર્જનાત્મક અભિવ્યક્તિ એ પોતાના આંતરિક વિશ્વને બાહ્ય સ્વરૂપમાં રૂપાંતરિત કરવાની પ્રક્રિયા છે. તેમાં વિવિધ સ્વરૂપો સમાવિષ્ટ છે જેમ કે દૃશ્ય કળા (ચિત્રકામ, શિલ્પકળા), પ્રદર્શન કળા (નૃત્ય, નાટક), સાહિત્ય (કવિતા, વાર્તા લેખન), સંગીત અને હસ્તકલા. આધુનિક સમયમાં ડિજિટલ કલા, ફોટોગ્રાફી, વિડિયો નિર્માણ અને વિવિધ ટેકનોલોજી આધારિત માધ્યમો પણ સર્જનાત્મક અભિવ્યક્તિના નવા માર્ગો ખોલી રહ્યા છે.

સર્જનાત્મકતા માત્ર કલાત્મક ક્ષેત્રો સુધી મર્યાદિત નથી. રસોઈમાં નવા પ્રયોગો કરવા, ઘરની સજાવટમાં પોતાની શૈલી વ્યક્ત કરવી, સમસ્યાઓના નવીન ઉકેલો શોધવા, કાર્યસ્થળે નવા વિચારો રજૂ કરવા - આ બધું સર્જનાત્મક અભિવ્યક્તિના વિવિધ સ્વરૂપો છે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ, સર્જનાત્મકતા એક જટિલ સંજ્ઞાનાત્મક પ્રક્રિયા છે જેમાં કલ્પના, વિચલિત વિચારસરણી, લવચીકતા અને નવીનતા સામેલ છે.

**<u>માનસિક સ્વાસ્થ્યમાં સર્જનાત્મક અભિવ્યક્તિનો ફાળો</u>**

સંશોધનો સ્પષ્ટ રીતે દર્શાવે છે કે સર્જનાત્મક પ્રવૃત્તિઓ માનસિક સ્વાસ્થ્ય પર સકારાત્મક અસર કરે છે. જ્યારે વ્યક્તિ સર્જનાત્મક કાર્યમાં રોકાય છે, ત્યારે મગજમાં ડોપામિન અને સેરોટોનિન જેવા સકારાત્મક રસાયણો મુક્ત થાય છે, જે સુખ અને સંતોષની લાગણી ઉત્પન્ન કરે છે. આર્ટ થેરાપી, મ્યુઝિક થેરાપી અને અન્ય સર્જનાત્મક ઉપચાર પદ્ધતિઓ હવે માન્ય ક્લિનિકલ હસ્તક્ષેપો તરીકે સ્થાપિત થઈ છે.

સર્જનાત્મક અભિવ્યક્તિ તણાવ અને ચિંતા ઘટાડવામાં વિશેષ અસરકારક છે.

જ્યારે વ્યક્તિ પેઇન્ટિંગ કરે છે, સંગીત વગાડે છે અથવા લખે છે, ત્યારે તે વર્તમાન ક્ષણમાં સંપૂર્ણપણે રોકાઈ જાય છે, જે માઇન્ડફુલનેસ જેવી અવસ્થા બનાવે છે. આ પ્રક્રિયા નકારાત્મક વિચારોને શાંત કરે છે અને માનસિક શાંતિ પ્રદાન કરે છે. ડિપ્રેશન અને PTSD જેવી સ્થિતિઓમાં પણ સર્જનાત્મક થેરાપી લાભદાયી સાબિત થઈ છે.

સર્જનાત્મક પ્રવૃત્તિઓ આત્મસન્માન અને આત્મવિશ્વાસ પણ વધારે છે. જ્યારે વ્યક્તિ કંઈક નવું સર્જન કરે છે અથવા પોતાની કૃતિ પૂર્ણ કરે છે, ત્યારે તેને સિદ્ધિની અનુભૂતિ થાય છે. આ સકારાત્મક અનુભવ વ્યક્તિને વધુ પડકારો સ્વીકારવા અને નવા ક્ષેત્રોમાં પ્રયાસ કરવા પ્રેરે છે.

**<u>બાળકોના વિકાસમાં સર્જનાત્મક અભિવ્યક્તિનું મહત્વ</u>**

બાળપણમાં સર્જનાત્મક અભિવ્યક્તિ વિશેષ મહત્વ ધરાવે છે. બાળકો સ્વાભાવિક રીતે સર્જનાત્મક હોય છે અને વિવિધ માધ્યમો દ્વારા પોતાની આસપાસની દુનિયાને સમજવાનો પ્રયાસ કરે છે. ચિત્રકામ, રંગભરણી, માટીકામ અને અન્ય સર્જનાત્મક પ્રવૃત્તિઓ બાળકોને ફાઇન મોટર સ્કિલ્સ વિકસાવવામાં મદદ કરે છે.

સર્જનાત્મક પ્રવૃત્તિઓ બાળકોમાં સમસ્યા નિરાકરણની ક્ષમતા, ટીકાત્મક વિચારસરણી અને નિર્ણય લેવાની કુશળતા વિકસાવે છે. જ્યારે બાળક પોતાના વિચારોને સાકાર રૂપ આપે છે, ત્યારે તે યોજના બનાવવાનું, પ્રયોગ કરવાનું અને સુધારો કરવાનું શીખે છે. આ કુશળતાઓ જીવનના દરેક ક્ષેત્રમાં ઉપયોગી થાય છે.

સર્જનાત્મક અભિવ્યક્તિ બાળકોને પોતાની લાગણીઓ સમજવામાં અને વ્યક્ત કરવામાં પણ મદદ કરે છે. નાના બાળકો જે શબ્દોમાં પોતાની લાગણીઓ કહી શકતા નથી, તે ચિત્રો દ્વારા વ્યક્ત કરી શકે છે. આ ભાવનાત્મક વિકાસનો મહત્વપૂર્ણ ભાગ છે. વધુમાં, સામૂહિક સર્જનાત્મક પ્રવૃત્તિઓ બાળકોમાં સામાજિક કુશળતા અને સહકારની ભાવના વિકસાવે છે.

**<u>શિક્ષણમાં સર્જનાત્મકતાની ભૂમિકા</u>**

પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓ ઘણીવાર કંઠસ્થ વિદ્યા અને પરીક્ષા કેન્દ્રિત હોય છે, પરંતુ આધુનિક શિક્ષણશાસ્ત્ર સર્જનાત્મકતાના મહત્વને માન્યતા આપે છે.

સર્જનાત્મક શિક્ષણ પદ્ધતિઓ વિદ્યાર્થીઓને કેવળ માહિતી યાદ રાખવાને બદલે તેને લાગુ કરવા, પ્રશ્ન કરવા અને નવા જ્ઞાનનું સર્જન કરવા પ્રોત્સાહિત કરે છે.

પ્રોજેક્ટ-બેઝ્ડ લર્નિંગ, સમસ્યા આધારિત શિક્ષણ અને અનુભવાત્મક શિક્ષણ જેવી પદ્ધતિઓ વિદ્યાર્થીઓને સર્જનાત્મક રીતે વિચારવા માટે જગ્યા આપે છે. જ્યારે વિદ્યાર્થીઓને પોતાના પ્રોજેક્ટ ડિઝાઇન કરવાની, પ્રયોગો કરવાની અને મૌલિક સંશોધન કરવાની તક મળે છે, ત્યારે તેઓ ઊંડી સમજ વિકસાવે છે અને શીખેલું લાંબા સમય સુધી યાદ રહે છે.

વિજ્ઞાન, ગણિત અને ટેકનોલોજી જેવા વિષયોમાં પણ સર્જનાત્મકતા મહત્વપૂર્ણ છે. મહાન વૈજ્ઞાનિક શોધો અને ગાણિતિક સિદ્ધાંતો સર્જનાત્મક વિચારસરણીના પરિણામો છે. STEM શિક્ષણમાં કલાનો સમાવેશ કરીને STEAM બનાવવાની પહેલો આ સમજને પ્રતિબિંબિત કરે છે. કલા અને વિજ્ઞાનનું સંયોજન સંપૂર્ણ, સંતુલિત શિક્ષણ પ્રદાન કરે છે.

**<u>વ્યવસાયિક જીવનમાં સર્જનાત્મકતાની જરૂરિયાત</u>**

આજના ઝડપી બદલાતા વ્યવસાયિક વાતાવરણમાં, સર્જનાત્મકતા એક મૂલ્યવાન કુશળતા બની છે. કંપનીઓ એવા કર્મચારીઓને મૂલ્ય આપે છે જે નવીન વિચારો લાવી શકે, સમસ્યાઓના અનન્ય ઉકેલો શોધી શકે અને બદલાતા સંજોગોમાં અનુકૂલિત થઈ શકે. સર્જનાત્મક વિચારસરણી નવી ઉત્પાદનો વિકસાવવા, પ્રક્રિયાઓ સુધારવા અને સ્પર્ધાત્મક લાભ મેળવવા માટે આવશ્યક છે.

ઉદ્યોગસાહસિકતા મૂળભૂત રીતે સર્જનાત્મક પ્રયાસ છે. સફળ ઉદ્યોગસાહસિકો બજારમાં જરૂરિયાતો અને તકો ઓળખે છે અને નવીન ઉકેલો બનાવે છે. Google, Apple અને અન્ય નવીન કંપનીઓ પોતાના કર્મચારીઓને સર્જનાત્મકતા માટે સમય અને સંસાધનો પૂરા પાડે છે, કારણ કે તેઓ સમજે છે કે નવીનતા તેમના વ્યવસાયની વૃદ્ધિ માટે મહત્વપૂર્ણ છે.

સર્જનાત્મક અભિવ્યક્તિ કાર્યસ્થળે તણાવ વ્યવસ્થાપન અને કાર્ય-જીવન સંતુલન માટે પણ મહત્વપૂર્ણ છે. સર્જનાત્મક શોખ અથવા પ્રવૃત્તિઓ કામના તણાવમાંથી રાહત પ્રદાન કરે છે અને કર્મચારીઓને તાજગી અનુભવવામાં મદદ કરે છે. કેટલીક કંપનીઓ હવે કાર્યસ્થળે કલા, સંગીત અને અન્ય સર્જનાત્મક પ્રવૃત્તિઓ

માટે સુવિધાઓ પ્રદાન કરે છે.

**સામાજિક બંધનમાં સર્જનાત્મક અભિવ્યક્તિનો ફાળો**

સર્જનાત્મક અભિવ્યક્તિ લોકો વચ્ચે સેતુ બનાવે છે અને સામાજિક જોડાણને મજબૂત બનાવે છે. સામૂહિક કલા પ્રોજેક્ટ્સ, કોમ્યુનિટી થિયેટર, સંગીત બેન્ડ્સ અને અન્ય સહયોગી સર્જનાત્મક પ્રયાસો સામાન્ય ઉદ્દેશ્ય અને અનુભવો માટે લોકોને એકસાથે લાવે છે. આ પ્રવૃત્તિઓ સામુદાયિક ભાવના વિકસાવે છે અને સામાજિક એકતા મજબૂત કરે છે.

વિવિધ સંસ્કૃતિઓ અને પરંપરાઓની સર્જનાત્મક અભિવ્યક્તિઓ આપણને અન્ય લોકોને સમજવામાં અને તેમની પ્રશંસા કરવામાં મદદ કરે છે. કલા, સંગીત અને સાહિત્ય ભાષા અને સાંસ્કૃતિક સીમાઓને પાર કરી શકે છે. આ આંતરરાષ્ટ્રીય સમજણ અને સહિષ્ણુતા વધારવામાં ફાળો આપે છે.

પરિવારમાં સાથે મળીને સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરવી - જેમ કે રાંધવું, હસ્તકલા બનાવવી, અથવા સંગીત વગાડવું - સંબંધોને મજબૂત બનાવે છે. આ પ્રવૃત્તિઓ સંચાર માટે તક પ્રદાન કરે છે, સહકારને પ્રોત્સાહન આપે છે અને સંયુક્ત યાદો બનાવે છે. જે પરિવારો નિયમિત રીતે સાથે સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં જોડાય છે, તેઓ સામાન્ય રીતે મજબૂત બંધન અને વધુ સકારાત્મક સંબંધો અનુભવે છે.

**તકનીકી અને ડિજિટલ યુગમાં સર્જનાત્મકતા**

ડિજિટલ ટેકનોલોજીએ સર્જનાત્મક અભિવ્યક્તિ માટે નવા દરવાજા ખોલ્યા છે. ડિજિટલ આર્ટ, મ્યુઝિક પ્રોડક્શન સોફ્ટવેર, વિડિયો એડિટિંગ એપ્લિકેશન્સ અને અન્ય ટૂલ્સે સર્જનાત્મકતાને વધુ સુલભ બનાવી છે. હવે કોઈપણ સ્માર્ટફોન સાથે વ્યક્તિ ફોટોગ્રાફી, વિડિયો નિર્માણ અથવા સંગીત બનાવણીમાં જોડાઈ શકે છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે સર્જકોને વૈશ્વિક પ્રેક્ષકો સુધી પહોંચવાની તક આપી છે. યુટ્યુબ, ઇન્સ્ટાગ્રામ અને અન્ય પ્લેટફોર્મ્સ પર ગુજરાતી સર્જકો પોતાની કૃતિઓ શેર કરી શકે છે અને સમગ્ર વિશ્વમાંથી પ્રતિભાવ મેળવી શકે છે. આ તેમને પ્રોત્સાહન આપે છે અને ઘણીવાર નવી તકો તરફ દોરી જાય છે.

જો કે, ડિજિટલ યુગમાં પારંપરિક સર્જનાત્મક કલાઓનું મહત્વ પણ જાળવવું જરૂરી છે. હાથથી પેઇન્ટિંગ કરવી, શારીરિક સાધનો વગાડવા અને હાથથી લખવું જેવી

પ્રવૃત્તિઓ એક અલગ પ્રકારનો સંવેદનાત્મક અને માનસિક અનુભવ પ્રદાન કરે છે જે ડિજિટલ માધ્યમો સાથે ભાગ્યે જ પ્રાપ્ત થઈ શકે. આદર્શ રીતે, પરંપરાગત અને આધુનિક સર્જનાત્મક પ્રથાઓનું સંતુલન હોવું જોઈએ.

વધુમાં, અતિશય સ્ક્રીન ટાઇમ અને ડિજિટલ વપરાશ માનસિક સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર કરી શકે છે. સર્જનાત્મક પ્રવૃત્તિઓ, વિશેષ કરીને જે ટેકનોલોજીથી દૂર હોય, ડિજિટલ ડિટોક્સ અને માનસિક આરામ પ્રદાન કરી શકે છે. બાગકામ, માટીકામ, પેઇન્ટિંગ અથવા સાધનો વગાડવા જેવી પ્રવૃત્તિઓ વ્યક્તિને વર્તમાન ક્ષણમાં લાવે છે અને ડિજિટલ વિશ્વના સતત ઉત્તેજનામાંથી વિરામ આપે છે.

**<u>સર્જનાત્મકતા અને પર્યાવરણ જાગૃતિ</u>**

સર્જનાત્મક અભિવ્યક્તિ પર્યાવરણીય જાગૃતિ અને સંરક્ષણમાં પણ ભૂમિકા ભજવે છે. કલાકારો અને સર્જકો તેમની કૃતિઓ દ્વારા પર્યાવરણીય મુદ્દાઓ પર ધ્યાન આકર્ષિત કરી શકે છે. રિસાયકલ કરેલ સામગ્રીમાંથી કલા બનાવવી એ સર્જનાત્મકતા અને પર્યાવરણ સંરક્ષણનું સુંદર સંયોજન છે.

પ્રકૃતિ આધારિત કલા અને શિલ્પકલા બાળકો અને પુખ્ત વયના લોકોને પ્રકૃતિ સાથે જોડવામાં મદદ કરે છે. જ્યારે વ્યક્તિ પત્થર, લાકડું, પાંદડા અથવા અન્ય કુદરતી સામગ્રી સાથે સર્જનાત્મક રીતે કામ કરે છે, ત્યારે તે પર્યાવરણ પ્રત્યે ઊંડી પ્રશંસા અને જવાબદારીની ભાવના વિકસાવે છે. આ ખાસ કરીને શહેરી વાતાવરણમાં મહત્વપૂર્ણ છે, જ્યાં લોકો ઘણીવાર પ્રકૃતિથી વિમુખ થઈ જાય છે.

સર્જનાત્મક અભિવ્યક્તિ ટકાઉ જીવનશૈલીને પણ પ્રોત્સાહિત કરી શકે છે. DIY (Do It Yourself) સંસ્કૃતિ લોકોને વસ્તુઓ ખરીદવાને બદલે બનાવવા પ્રોત્સાહિત કરે છે, જે વપરાશવાદ ઘટાડે છે. જૂના કપડાંને નવા ફેશનમાં રૂપાંતરિત કરવા, ફર્નિચરને ફરીથી ડિઝાઇન કરવું અથવા ઘરે સજાવટી વસ્તુઓ બનાવવી એ સર્જનાત્મક અને પર્યાવરણને અનુકૂળ પ્રથાઓ છે.

**<u>નિષ્કર્ષ અને ભવિષ્યની દિશા</u>**

રોજિંદા જીવનમાં સર્જનાત્મક અભિવ્યક્તિનું મહત્વ બહુપક્ષીય અને ગહન છે. તે વ્યક્તિગત વિકાસ, માનસિક સ્વાસ્થ્ય, શિક્ષણ, વ્યવસાય, સામાજિક સંબંધો અને

સાંસ્કૃતિક ઓળખ - જીવનના દરેક પાસાને સ્પર્શે છે. સર્જનાત્મકતા માત્ર મનોરંજન અથવા શોખ નથી; તે માનવ અસ્તિત્વનો મૂળભૂત ભાગ છે જે આપણને સંપૂર્ણ અને અર્થપૂર્ણ જીવન જીવવામાં મદદ કરે છે.ભવિષ્યમાં, જેમ જેમ સમાજ વધુ જટિલ અને તકનીકી બનતો જશે, માનવ સર્જનાત્મકતાનું મહત્વ વધુ વધશે. શિક્ષણ પદ્ધતિઓએ સર્જનાત્મકતાને કેન્દ્રમાં મૂકવી જોઈએ, કાર્યસ્થળોએ નવીનતા અને સર્જનાત્મક વિચારસરણીને પ્રોત્સાહન આપવું જોઈએ, અને સમાજે તમામ વ્યક્તિઓને તેમની સર્જનાત્મક ક્ષમતા અન્વેષણ કરવા માટે અવકાશ અને સંસાધનો પ્રદાન કરવા જોઈએ.ગુજરાતી સમાજના સંદર્ભમાં, આપણી સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને આધાર તરીકે લઈને આધુનિક સર્જનાત્મક અભિવ્યક્તિઓને પ્રોત્સાહન આપવું મહત્વપૂર્ણ છે. પરંપરાગત કલાઓને સાચવતા સાથે સાથે નવી સર્જનાત્મક સંભાવનાઓ શોધવી એ આપણું લક્ષ્ય હોવું જોઈએ. શાળાઓ, કોલેજો, કમ્યુનિટી સેન્ટર્સ અને ઓનલાઈન પ્લેટફોર્મ્સ દ્વારા સર્જનાત્મક પ્રવૃત્તિઓની તકો વધારવી જોઈએ.અંતે, દરેક વ્યક્તિએ પોતાના જીવનમાં સર્જનાત્મક અભિવ્યક્તિ માટે જગ્યા બનાવવી જોઈએ. ભલે તે દિવસમાં થોડી મિનિટો માટે જર્નલ લખવું હોય, સાપ્તાહિક આર્ટ ક્લાસ લેવી હોય, અથવા મહિનામાં એક વાર નવી રેસિપી અજમાવવી હોય - આ નાના સર્જનાત્મક કૃત્યો સંચિત થઈને આપણા જીવનને રૂપાંતરિત કરી શકે છે. **સર્જનાત્મકતા એ જીવનની યાત્રા છે, મંઝિલ નહીં**, અને આ યાત્રા પોતે જ પુરસ્કારકારક અને આનંદદાયક છે.

**<u>સંદર્ભસૂચિ</u>**

કપૂર, આર., અને શર્મા, એસ. (2022). સર્જનાત્મક અભિવ્યક્તિ અને માનસિક સ્વાસ્થ્ય: ભારતીય સંદર્ભમાં અભ્યાસ. ભારતીય મનોવિજ્ઞાન જર્નલ, 45(3), 234-256.

ઠક્કર, એસ., અને જોષી, ડી. (2022). બાળકોના વિકાસમાં કલા અને સર્જનાત્મકતાની ભૂમિકા. બાળ વિકાસ અને શિક્ષણ, 15(3), 178-199.

દવે, વી., અને અમીન, એચ. (2021). સાંસ્કૃતિક વારસો અને સમકાલીન સર્જનાત્મક અભિવ્યક્તિ: ગુજરાતી કલાકારોનો અભ્યાસ. સાંસ્કૃતિક અધ્યયન જર્નલ, 12(2), 89-110.

પટેલ, એમ. વી., અને દેસાઈ, કે. પી. (2021). શિક્ષણમાં સર્જનાત્મક પદ્ધતિઓઃ ગુજરાતના શાળાઓમાં અભ્યાસ. શૈક્ષણિક સંશોધન અને નવીનતા, 18(2), 112-135.

મહેતા, એન., વોરા, આર., અને શાહ, એ. (2023). કાર્યસ્થળે સર્જનાત્મકતા અને તેની ઉત્પાદકતા પરની અસર. ભારતીય વ્યવસ્થાપન અભ્યાસ જર્નલ, 28(1), 67-89.

રાવલ, કે., મોદી, આર., અને ભટ્ટ, પી. (2023). વૃદ્ધાવસ્થામાં સર્જનાત્મક પ્રવૃત્તિઓ અને સંજ્ઞાનાત્મક સ્વાસ્થ્ય. વૃદ્ધાવસ્થા અને માનસિક સ્વાસ્થ્ય, 27(1), 34-52.

સોની, પી., અને ત્રિવેદી, જે. (2020). સર્જનાત્મક થેરાપી અને તણાવ વ્યવસ્થાપન. ભારતીય મેડિકલ રિસર્ચ જર્નલ, 152(4), 445-460.

# શિક્ષણમાંસર્વાંગી વિકાસ : એકઅધ્યયન

Patel PragnabahenPravinbhai
Ph.D Student
Department of Education, H.N.G.U PATAN

**સારાંશ**

આધુનિક સમયમાં શિક્ષણનો હેતુ માત્ર વિષયજ્ઞાન પૂરતો સીમિત રહ્યો નથી,પરંતુ બાળકના સર્વાંગી વિકાસ તરફ કેન્દ્રિત થયો છે. સર્વાંગી વિકાસમાં શારીરિક, માનસિક, બૌદ્ધિક, સામાજિક, ભાવનાત્મક તથા નૈતિક વિકાસનો સમાવેશ થાય છે. આ સંશોધન પેપરનો હેતુ શિક્ષણમાં સર્વાંગી વિકાસની સંકલ્પના, તેના વિવિધ પાસાઓ, શિક્ષક તથા શાળાની ભૂમિકા અને અમલ દરમિયાન આવતા પડકારોનું અધ્યયન કરવાનો છે. આ અભ્યાસ દ્વારા શિક્ષણવ્યવસ્થાને વધુ બાળક કેન્દ્રિત અને જીવનોપયોગી બનાવવાના માર્ગો સૂચવવામાં આવ્યા છે.

**મુખ્યશબ્દો:**શિક્ષણ, સર્વાંગીવિકાસ, બાળવિકાસ, શિક્ષકની ભૂમિકા, શાળા

**1. પ્રસ્તાવના**

શિક્ષણ માનવજીવનના વિકાસ માટેનું સૌથી શક્તિશાળી સાધન છે. સમાજની પ્રગતિ અને રાષ્ટ્રના નિર્માણમાં શિક્ષણની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. પ્રાચીન સમયથી જ શિક્ષણનો હેતુ માનવને સંસ્કારી, જ્ઞાનવાન અને જવાબદાર નાગરિક બનાવવાનો રહ્યો છે. પરંતુ સમય સાથે સમાજ, ટેકનોલોજી અને જીવનશૈલીમાં આવેલા પરિવર્તનોએ શિક્ષણના હેતુઓને પણ વિસ્તૃત કર્યા છે.

આજના સમયમાં માત્ર પુસ્તકીય જ્ઞાન ધરાવતો વ્યક્તિ પૂરતો સક્ષમ ગણાતો નથી. જીવનમાં આવનારા વિવિધ પડકારોનો સામનો કરવા માટે વ્યક્તિમાં આત્મવિશ્વાસ, નિર્ણયક્ષમતા, સહકારભાવ, સંવેદનશીલતા અને નૈતિક મૂલ્યો હોવા આવશ્યક છે. આ તમામ ગુણોનો વિકાસ શિક્ષણ દ્વારા શક્ય બને છે. તેથી શિક્ષણમાં સર્વાંગી વિકાસની સંકલ્પનાને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. શિક્ષણમાં સર્વાંગી વિકાસનો અર્થ એ છે કે બાળકનાતમામ પાસાઓનો સંતુલિત વિકાસ થાય. શાળા, શિક્ષક, પાઠ્યક્રમ અને સહપાઠ્ય પ્રવૃત્તિઓ દ્વારા બાળકના આંતરિક અને બાહ્ય વિકાસને પ્રોત્સાહન આપવામાં આવે છે. આ સંદર્ભમાં

"શિક્ષણમાં સર્વાંગી વિકાસ : એક અધ્યયન" વિષય અત્યંત મહત્વપૂર્ણ બને છે. શિક્ષણ માનવીના સર્વાંગી વિકાસ માટેનું મુખ્ય સાધન માનવામાં આવે છે. પરંપરાગત શિક્ષણપદ્ધતિમાં લાંબા સમય સુધી માત્ર પાઠ્યપુસ્તક જ્ઞાન અને પરીક્ષાલક્ષી સિદ્ધિ પર ભાર મૂકવામાં આવ્યો હતો,પરંતુ આધુનિક શિક્ષણ વિચારધારામાં આ અભિગમ પૂરતો નથી માનવામાં આવતો. આજના સમયમાં શિક્ષણનો હેતુ વિદ્યાર્થીના શારીરિક, માનસિક, બૌદ્ધિક, ભાવનાત્મક, સામાજિક તથા નૈતિક વિકાસને સંતુલિત રીતે વિકસાવવાનો છે. સર્વાંગી વિકાસ વિદ્યાર્થીને જીવનના વાસ્તવિક પડકારોનો સામનો કરવા સક્ષમ બનાવે છે. શિક્ષણ પ્રક્રિયામાં સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ, રમતો, કલા, સંગીત, યોગ, જીવનકૌશલ્યો અને મૂલ્યશિક્ષણનો સમાવેશ આવશ્યક બની ગયો છે. નવી શિક્ષણ નીતિમાં પણ વિદ્યાર્થી કેન્દ્રિત, પ્રવૃત્તિ આધારિત અને અનુભવલક્ષી શિક્ષણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. શિક્ષક હવે માત્ર જ્ઞાન આપનાર નહીં પરંતુ માર્ગદર્શક, પ્રેરક અને સહયોગી તરીકે કાર્ય કરે છે. સર્વાંગી વિકાસ દ્વારા વિદ્યાર્થીમાં આત્મવિશ્વાસ, સહકાર, નેતૃત્વ, સર્જનાત્મકતા અને નિર્ણયક્ષમતા વિકસે છે. આ અભ્યાસનો હેતુ શિક્ષણમાં સર્વાંગી વિકાસની સંકલ્પના, તેના વિવિધ પરિમાણો તથા શૈક્ષણિક પ્રક્રિયામાં તેની અસરને ઊંડાણપૂર્વક સમજવાનો છે.

## 2. સર્વાંગી વિકાસની સંકલ્પના

"સર્વાંગી" શબ્દનો અર્થ સર્વ પાસાઓને આવરી લે તેવો થાય છે. સર્વાંગી વિકાસ એટલે બાળકના જીવનના તમામ પાસાઓનો સમતુલિત વિકાસ. તેમાં માત્ર બૌદ્ધિક વિકાસ નહીં પરંતુ શારીરિક, માનસિક, સામાજિક, ભાવનાત્મક અને નૈતિક વિકાસનો સમાવેશ થાય છે. બાળક એક સંપૂર્ણ વ્યક્તિ છે અને તેના વિકાસ માટે દરેક પાસું મહત્વનું છે. જો શિક્ષણ માત્ર પરીક્ષા કેન્દ્રિત બની જાય તો બાળકનો સંપૂર્ણ વિકાસ શક્ય નથી. તેથી શિક્ષણ પ્રક્રિયામાં અનુભવ આધારિત શિક્ષણ, પ્રવૃત્તિ આધારિત શિક્ષણ અને મૂલ્ય આધારિત શિક્ષણ પર ભાર મૂકવામાં આવે છે.

## 3. સર્વાંગી વિકાસના વિવિધ પાસાઓ

### 3.1 શારીરિક વિકાસ

શારીરિક વિકાસ બાળકના સ્વાસ્થ્ય, શક્તિ અને કાર્યક્ષમતાને વિકસાવે છે. રમતો,

યોગ, વ્યાયામ અને સ્વચ્છતા સંબંધિત પ્રવૃત્તિઓ દ્વારા શારીરિક વિકાસ શક્ય બને છે. સ્વસ્થ શરીર વિના માનસિક અને બૌદ્ધિક વિકાસ શક્ય નથી.

**3.2 માનસિક વિકાસ**

માનસિક વિકાસમાં વિચારશક્તિ, સ્મરણશક્તિ, કલ્પનાશક્તિ અને સમજણનો સમાવેશ થાય છે. યોગ્ય શૈક્ષણિક વાતાવરણ અને સકારાત્મક શિક્ષણ પદ્ધતિ બાળકના માનસિક વિકાસમાં મદદરૂપ થાય છે.

**3.3 બૌદ્ધિક વિકાસ**

બૌદ્ધિક વિકાસ દ્વારા બાળકમાં તર્કશક્તિ, સમસ્યા હલ કરવાની ક્ષમતા અને સર્જનાત્મક વિચાર વિકસે છે. પ્રશ્નોત્તરી, ચર્ચા, પ્રોજેક્ટ વર્ક અને પ્રયોગાત્મક શિક્ષણ બૌદ્ધિક વિકાસને વેગ આપે છે.

**3.4 સામાજિક વિકાસ**

સામાજિક વિકાસ દ્વારા બાળક સમાજમાં સમાયોજિત થવાનું શીખે છે. સહકાર, સહાનુભૂતિ, ટીમવર્ક અને નેતૃત્વ જેવા ગુણો સામાજિક વિકાસના પરિણામ છે. સમૂહ પ્રવૃત્તિઓ અને સહપાઠ્ય કાર્યક્રમો આ વિકાસમાં સહાયક બને છે.

**3.5 ભાવનાત્મક વિકાસ**

ભાવનાત્મક વિકાસ બાળકને પોતાની લાગણીઓ સમજવા અને નિયંત્રિત કરવા સક્ષમ બનાવે છે. પ્રેમ, કરુણા, સહનશીલતા અને આત્મવિશ્વાસ જેવા ગુણો ભાવનાત્મક વિકાસથી વિકસે છે.

**3.6 નૈતિક વિકાસ**

નૈતિક વિકાસ દ્વારા સત્ય, અહિંસા, ઈમાનદારી અને જવાબદારી જેવા મૂલ્યો વિકસે છે. મૂલ્ય આધારિત શિક્ષણ અને શિક્ષકનું આદર્શ વર્તન નૈતિક વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

**4. શિક્ષકની ભૂમિકા**

શિક્ષક સર્વાંગી વિકાસનો મુખ્ય શિલ્પી છે. શિક્ષક માત્ર જ્ઞાન આપનાર નહીં પરંતુ માર્ગદર્શક, પ્રેરક અને મિત્ર તરીકે કાર્ય કરે છે. શિક્ષક બાળકની ક્ષમતાઓને ઓળખી તેને વિકસાવવાનો પ્રયાસ કરે છે. પ્રવૃત્તિ આધારિત શિક્ષણ, સકારાત્મક પ્રોત્સાહન અને વ્યક્તિગત ધ્યાન દ્વારા શિક્ષક બાળકના સર્વાંગી વિકાસમાં

મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

**5. શાળાની ભૂમિકા**

શાળા બાળકના સર્વાંગી વિકાસ માટેનું મુખ્ય કેન્દ્ર છે. શાળાનું વાતાવરણ, ભૌતિક સુવિધાઓ અને સહપાઠ્ય પ્રવૃત્તિઓ બાળકના વિકાસને અસર કરે છે. શાળાએ રમતગમત, સાંસ્કૃતિક કાર્યક્રમો, શૈક્ષણિક પ્રવાસો અને સામાજિક સેવા જેવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું જોઈએ.

**6. સર્વાંગી વિકાસમાં આવતા પડકારો**

શિક્ષણમાં સર્વાંગી વિકાસ અમલમાં અનેક પડકારો આવે છે જેમકે –

- પાઠ્યક્રમનો વધારાનો ભાર
- પરીક્ષા કેન્દ્રિત શિક્ષણ
- સાધનો અને સુવિધાઓની અછત
- શિક્ષકો પર વધતો વહીવટી ભાર

આ પડકારો દૂર કરવા માટે શિક્ષણ વ્યવસ્થામાં સતત સુધારાની જરૂર છે.

**7. નિષ્કર્ષ**

શિક્ષણમાં સર્વાંગી વિકાસ આજના સમયની આવશ્યકતા છે. માત્ર જ્ઞાન આધારિત શિક્ષણથી સક્ષમ નાગરિકો ઊભા કરી શકાય નહીં. બાળકના સર્વ પાસાઓનો સંતુલિત વિકાસ થાય તેવા પ્રયાસો કરવાથી જ શિક્ષણનો સાચો હેતુ સિદ્ધ થશે.
શિક્ષક, શાળા અને સમાજની સંયુક્ત જવાબદારી છે કે તેઓ સર્વાંગી વિકાસ આધારિત શિક્ષણ વ્યવસ્થા વિકસાવે..

**સંદર્ભસૂચિ**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020

NCERT પ્રકાશનો

શિક્ષણશાસ્ત્રના ગુજરાતી ગ્રંથો

શૈક્ષણિક જર્નલ અને સંશોધન લેખો

http://www.shantiejournal.com/ ISSN 2278-4381

# સર્જનાત્મક અભિવ્યક્તિ

**CHAUDHARI PRITIBEN T.**
**(PH.D REASEARCH SCHOLAR)**
**REVABA SARVAJANIK EDUCATION COLLEGE, MEHSANA.**
**EMAIL- chaudharipriti1992@gmail.com**

**પરિચય:**

માનવજીવન માત્ર દૈહિક જરૂરિયાતો પૂરતું સીમિત નથી; તે વિચારો, ભાવનાઓ, કલ્પનાઓ અને અનુભવોના સતત પ્રવાહથી રચાયેલું છે. માનવ પોતાની આંતરિક સંવેદનાઓને જયારે કલાત્મક, નવતર અને સ્વતંત્ર રીતે વ્યક્ત કરે છે. ત્યારે તે પ્રક્રિયાને '**સર્જનાત્મક અભિવ્યક્તિ**' કહેવામાં આવે છે. સર્જનાત્મક અભિવ્યક્તિ માનવસંસ્કૃતિનો આધારસ્તંભ છે, જેના વિના સમાજનું સાંસ્કૃતિક અને બૌદ્ધિક વિકાસ શક્ય નથી.

સર્જનાત્મક અભિવ્યક્તિ માનવજાતી સાથે જન્મથી જોડાયેલી શક્તિ છે. પ્રાગૈતિહાસિક ગુફાચિત્રોથી માંડીને આધુનિક ડિજીટલ કલા સુધી, માનવે પોતાની લાગણીઓ અને વિચારોને વિવિધ સ્વરૂપોમાં વ્યક્ત કર્યા છે. સાહિત્ય, સંગીત, નૃત્ય, ચિત્રકલા, નાટક અને લોકકલા આ તમમાં માધ્યમો સર્જનાત્મક અભિવ્યક્તિના જીવંત ઉદાહરણો છે. આ અભિવ્યક્તિ માત્ર વ્યક્તિગત સંતોષ પૂરતી નથી. પુરતી નથી. પરંતુ તે સમાજના મૂલ્યો, પરંપરાઓ અને સંસ્કૃતિનું પ્રતિબિંબ પણ બને છે.

આજના વૈશ્વિકીકરણ અને આધુનિકીકરણ યુગમાં સર્જનાત્મક અભિવ્યક્તિના સ્વરૂપોમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળે છે. એક તરફ પરંપરાગત કલા અને લોકસાહિત્ય સંરક્ષણ માટે સંઘર્ષ કરે છે. તો બીજી તરફ નવી ટેકનોલોજી સર્જનાત્મક અભિવ્યક્તિને નવા આયામો આપે છે. આવી સ્થિતિમાં સર્જનાત્મક અભિવ્યક્તિના તત્વ, સ્વરૂપ અને સામાજિક ભૂમિકાનું વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય અધ્યયન જરૂરી બની રહે છે.

શૈક્ષણિક દૃષ્ટિએ પણ સર્જનાત્મક અભિવ્યક્તિનું વિશેષ મહત્વ છે. શિક્ષણ માત્ર માહિતી આપવાનું સાધન નથી, પરંતુ વિદ્યાર્થીઓમાં વિચારશક્તિ, કલ્પનાશક્તિ અને અભિવ્યક્તિની કુશળતા વિકસાવવાનું સાધન છે. સર્જનાત્મક અભિવ્યક્તિ દ્વારા વ્યક્તિત્વ વિકાસ, આત્મવિશ્વાસ અને નવીન દ્રષ્ટિકોણનો વિકાસ થાય છે.

**સર્જનાત્મકતા : અર્થ અને સ્વરૂપ :**

સર્જનાત્મકતા એટલે મૌલિક વિચારો, જ્ઞાન અને કૌશલ્યોના પ્રયોજન વડે કંઈક નવું સર્જન, ઉત્પન્ન કે પેદા કરવાનો ગુણ. દા. ત. ગહન મનોમંથનને અંતે નિષ્પન્ન થતી કોઈ નવી રચના, કોઈ તદ્દન નવા વિચાર પરનું પુસ્તક, કોઈ નવી કૃતિ, શિલ્પ, આવિષ્કાર વગેરે.

'સર્જનાત્મકતા' એટલે નવીનતા, મૌલિકતા અને કલ્પનાશક્તિ દ્વારા કંઈક નવું સર્જવાની માનવ ક્ષમતા. સર્જનાત્મકતા માનવમનની એવી શક્તિ છે, જેના દ્વારા માણસ પરંપરાગત

વિચારોની સીમા તોડી નવા વિચાર, નવી દ્રષ્ટી અને નવા સ્વરૂપો ઊભા કરે છે. તે માત્ર કલા કે સાહિત્ય પૂરતી સીમિત નથી, પરંતુ જીવનના દરેક ક્ષેત્રમાં તેનો પ્રભાવ જોવા મળે છે.

માનસશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી સર્જનાત્મકતા બુદ્ધિ, કલ્પના અને અનુભવોના સંયોજનથી ઉત્પન્ન થાય છે. સર્જનાત્મક વ્યક્તિ સમસ્યાઓને નવી રીતે વિચારે છે અને તેના ઉકેલ માટે નવી દિશા સૂચવે છે. આથી કહી શકાય કે સર્જનાત્મકતા માનવ વિકાસની મહત્વપૂર્ણ શક્તિ છે.

**અભિવ્યક્તિ : અર્થ અને લક્ષણો :**

'અભિવ્યક્તિ' એટલે વ્યક્તિના આંતરિક વિચારો, લાગણીઓ અને અનુભવોને બહાર લાવવાની પ્રક્રિયા. અભિવ્યક્તિ ભાષા, કલા, ચિહ્નો, હાવભાવ કે વર્તન દ્વારા થઈ શકે છે. માનવ પોતાની લાગણીઓને વ્યક્ત કર્યા વિના રહી શકતો નથી; તેથી અભિવ્યક્તિ માનવજીવનનો અનિવાર્ય અંગ છે.

અભિવ્યક્તિ સિદ્ધાંત ભાવનાઓ પરના તેના સામાન્ય ભાર અને ક્લાસિકવાદથી દૂર રહેવા સાથે, રોમેન્ટિઝમે આ દૃષ્ટિકોણને સ્વીકાર્યું અને પ્રોત્સાહન આપ્યું કે કલા એ સ્વ-પ્રતિબિંબ અથવા સ્વ-શોધના અર્થમાં અભિવ્યક્તિનું એક સ્વરૂપ છે.

**અભિવ્યક્તિના મુખ્ય લક્ષણો :**

- આંતરિક ભાવનાનું પ્રતિબિંબ
- સંવાદ અને સંપ્રેષણનું સાધન
- વ્યક્તિગત તેમજ સામાજિક સ્વરૂપ
- સંસ્કૃતિ અને પરંપરાનો પ્રભાવ

**સર્જનાત્મક અભિવ્યક્તિ :**

જયારે સર્જનાત્મકતા અને અભિવ્યક્તિ એકબીજા સાથે જોડાય છે ત્યારે 'સર્જનાત્મક અભિવ્યક્તિ'નો જન્મ થાય છે. સર્જનાત્મક અભિવ્યક્તિ એટલે વ્યક્તિ દ્વારા પોતાની આંતરિક કલ્પનાઓ, લાગણીઓ અને વિચારોને મૌલિક, નવીન અને કલાત્મક રીતે વ્યક્ત કરવાની પ્રક્રિયા.

સર્જનાત્મક અભિવ્યક્તિમાં માત્ર ભાવનાનું પ્રદર્શન નથી, પરંતુ તેમાં વિચારની ઊંડાણ, કલ્પનાની ઊંચાઈ અને અભિવ્યક્તિની મૌલિકતા રહેલી હોય છે. તે વ્યક્તિના આંતરિક વિશ્વ અને બાહ્ય સમાજ વચ્ચે સેતુનું કાર્ય કરે છે.

**સર્જનાત્મક અભિવ્યક્તિના તત્વો :**

૧. કલ્પનાશક્તિ – નવી છબી અને વિચાર રચવાની ક્ષમતા

૨. મૌલિકતા – પોતાનો અનોખો અભિગમ

૩. ભાવાત્મકતા – લાગણીઓની ઊંડાણપૂર્વક રજૂઆત

૪. સ્વતંત્રતા – બંધનમુક્ત વિચારધારા

૫. સૌન્દર્યબોધ – કલાત્મક સંતુલન અને સૌન્દર્યની સમજ

**સર્જનાત્મક અભિવ્યક્તિના સ્વરૂપો :**

- સાહિત્ય (કવિતા, વાર્તા, નવલકથા)
- દૃશ્યકલા (ચિત્ર, શિલ્પ)
- સંગીત અને નૃત્ય
- નાટક અને ફિલ્મ
- લોકકલા અને લોકસાહિત્ય

**મહત્વ** :

- વ્યક્તિની **આંતરિક શક્તિનો વિકાસ** કરે છે.
- **સંવેદનશીલતા અને માનવતા** વધારે છે.
- સમાજમાં **નવચેતના અને પરિવર્તન** લાવે છે.
- શિક્ષણ અને સંશોધનમાં **મૌલિક** વિચારધારાને પ્રોત્સાહન આપે છે.

આમ, સર્જનાત્મક અભિવ્યક્તિ માનવીના આંતરિક વિશ્વને બહાર લાવતું એક સશક્ત માધ્યમ છે. માનવી પોતાની લાગણીઓ, વિચારધારા, અનુભવો અને કલ્પનાઓને જ્યારે કલાત્મક, સાહિત્યિક કે બૌદ્ધિક સ્વરૂપે રજૂ કરે છે ત્યારે તે માત્ર વ્યક્તિગત સંતોષ પૂરતું સીમિત ન રહી સમાજના બૌદ્ધિક અને સાંસ્કૃતિક વિકાસમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

સર્જનાત્મક અભિવ્યક્તિ વ્યક્તિના વ્યક્તિત્વ વિકાસ, આત્મવિશ્વાસ, સંવેદનશીલતા અને વિચારશક્તિને પ્રબળ બનાવે છે. સાહિત્ય, કલા, સંગીત, નૃત્ય, નાટક તથા આધુનિક ડિજિટલ માધ્યમો દ્વારા થતી સર્જનાત્મક અભિવ્યક્તિ સમાજની સંસ્કૃતિ, પરંપરા અને મૂલ્યોને જીવંત રાખવામાં સહાયક બને છે. સર્જનાત્મક અભિવ્યક્તિ માત્ર કલાત્મક ક્ષેત્ર પૂરતી માર્યાદિત ન રહી જીવનના દરેક ક્ષેત્રમાં ઉપયોગી બની છે.

અંતમાં કહી શકાય કે સર્જનાત્મક અભિવ્યક્તિ માનવીની આંતરિક શક્તિઓને ઉજાગર કરી સમાજના સર્વાંગી વિકાસ માટે પ્રેરક તત્વરૂપે કાર્ય કરે છે. તેથી વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે સર્જનાત્મક અભિવ્યક્તિને પ્રોત્સાહન આપવું સમયની આવશ્યકતા છે.

**સંદર્ભસૂચિ**

ત્રિવેદી, રમેશ. સર્જનાત્મક અભિવ્યક્તિ અને માનવ વિકાસ. રાજકોટ: પાર્થ પ્રકાશન.
દવે, ચંદ્રકાંત. સાહિત્ય અને સર્જનાત્મકતા. અમદાવાદ: યુનીવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
ભટ્ટ, ઉષાબેન. કલા અને સમાજ. અમદાવાદ: યુનીવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

# ડિજિટલ યુગમાં શિક્ષણ અને સર્વગ્રાહી વિકાસના પડકારો

**Nehal R. Ramavat**

Research scholar,

Hemchandracharya North Gujarat University,Patan

❖ **સારાંશ:**

ડિજિટલ યુગે શિક્ષણ વ્યવસ્થામાં વ્યાપક પરિવર્તન લાવ્યુ છે. ઓનલાઇન શિક્ષણ, સ્માર્ટ ક્લાસરૂમ અને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા જ્ઞાનની ઉપલબ્ધિ સરળ બની છે, પરંતુ સાથે સાથે સર્વગ્રાહી વિકાસ સંબંધિત અનેક પડકારો ઊભા થયા છે. આ સંશોધન પેપર ડિજિટલ યુગમાં શિક્ષણ અને સર્વગ્રાહી વિકાસ વચ્ચેના સંબંધનું વિશ્લેષણ કરે છે. ડિજિટલ અસમાનતા, માનવીય સંપર્કનો અભાવ, માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર પડતી અસર ,માહિતીની અતિ પ્રચુરતા અને મૂલ્ય શિક્ષણનો અભાવ જેવા પડકારો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે અભ્યાસ દર્શાવે છે કે ડિજિટલ શિક્ષણ બૌદ્ધિક વિકાસને પ્રોત્સાહન આપે છે, પરંતુ ભાવનાત્મક સામાજિક અને નૈતિક વિકાસ માટે સંતુલિત અભિગમ જરૂરી છે બ્લેન્ડેડ લર્નિંગ, મૂલ્ય આધારિત શિક્ષણ અને ડિજિટલ નૈતિકતાના સંકલન દ્વારા આ પડકારોનો સામનો કરી શકાય છે. અંતે,સંશોધન નિષ્કર્ષ એ કહે છે કે ટેકનોલોજી સાધન તરીકે ઉપયોગમાં લેવાય તો જ ડિજિટલ શિક્ષણ સર્વગ્રાહી વિકાસને સાર્થક રીતે સિદ્ધ કરી શકે છે.

માત્ર ટેકનિકલ જ્ઞાન પર ભાર મૂકવાથી મૂલ્ય આધારિત શિક્ષણ અને નૈતિક વિકાસ પાછળ રહી જાય છે. તેથી શિક્ષણ માટે ટેકનોલોજી નો વિવેકપૂર્ણ ઉપયોગ ખૂબ જરૂરી છે. ટેકનોલોજી સર્જન અને વિસર્જન બંને માટે જવાબદાર બની શકે છે.

**ચાવીરૂપ શબ્દો: ડિજિટલ યુગ, શિક્ષણ, સર્વગ્રાહી વિકાસ**

**પ્રસ્તાવના:**

21 મી સદીમાં ડિજિટલ ટેકનોલોજી માનવજીવન ના દરેક ક્ષેત્રમાં વ્યાપી ગઈ છે. શિક્ષણ ક્ષેત્ર પણ આ પરિવર્તનથી અસ્પૃશ્ય રહ્યું નથી. ઓનલાઈન શિક્ષણ ઈ લર્નિંગ પ્લેટફોર્મ,સ્માર્ટ ક્લાસરૂમ ,AI બિગ ડેટા અને વર્ચ્યુઅલ રિયાલિટી જેવી

ટેકનોલોજીઓએ શિક્ષણની પદ્ધતિ,અભિગમ અને માળખામાં મૂળભૂત ફેરફાર કર્યા છે. શિક્ષણનો મુખ્ય હેતુ માત્ર જ્ઞાન પ્રદાન નહીં પરંતુ વિદ્યાર્થીનો સર્વગ્રાહી વિકાસ -બૌદ્ધિક, શારીરિક માનસિક સામાજિક નૈતિક અને ભાવનાત્મક વિકાસ સાધવાનો છે.ડિજિટલ યુગમાં આ હેતુ પ્રાપ્ત કરવા માટે અનેક તકો સાથે ગંભીર પડકારરૂપ પણ ઊભા થયા છે આ સંશોધન પેપર નો ઉદ્દેશ્ય ડિજિટલ યુગમાં શિક્ષણ અને સર્વગ્રાહી વિકાસ સામે ઊભા થતા મુખ્ય પડકારોનું તત્વજ્ઞાનિક અને વિશ્લેષણાત્મક અધ્યયન કરવો છે.

**1. સર્વગ્રાહી વિકાસની સંકલ્પના:**

સર્વગ્રાહી વિકાસ નો અર્થ વિદ્યાર્થીના જીવનના તમામ પાસાઓનો સંતુલિત વિકાસ થાય તેવો શૈક્ષણિક પ્રયત્ન છે. તેમાં જ્ઞાનાત્મક વિકાસ સાથે મૂલ્ય શિક્ષણ, સામાજિક કુશળતાઓ, સર્જનાત્મકતા,શારીરિક સ્વાસ્થ્ય અને ભાવનાત્મક બુદ્ધિમત્તાનો સમાવેશ થાય છે.પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓમાં શિક્ષક વિદ્યાર્થી સીધો સંપર્ક સહ અભ્યાસ પ્રવૃતિઓ અને સહશૈ ક્ષણિક કાર્યક્રમો દ્વારા આ વિકાસને પ્રોત્સાહન આપવામાં આવતું હતું. ડિજિટલ યુગમાં આ પ્રક્રિયાનું સ્વરૂપ બદલાયું છે,જેના કારણે સર્વગ્રાહી વિકાસ જાળવી રાખવો એક પડકારરૂપ કાર્ય બની ગયો છે

**2. ડિજિટલ શિક્ષણની લાક્ષણિકતાઓ:**

ડિજિટલ શિક્ષણની મુખ્ય લાક્ષણિકતાઓમાં સમય અને સ્થળની મર્યાદાઓનો અભાવ, સ્વગતિએ શીખવાની તક, મલ્ટીમીડિયા આધારિત અભ્યાસ સામગ્રી અને વૈશ્વિક સ્તરે માહિતીની સરળ ઉપલબ્ધિ નો સમાવેશ થાય છે.આ લાક્ષણિકતાઓ શિક્ષણને વધુ લોકશાહી અને સુલભ બનાવે છે, પરંતુ સાથે સાથે તે શિક્ષણની ગુણવત્તા, માનવીય સંપર્ક અને મૂલ્ય આધારિત શિક્ષણ અંગે પ્રશ્નો ઉભા કરે છે.

ડિજિટલ શિક્ષણ આધુનિક શિક્ષણ વ્યવસ્થાનો મહત્વનો ભાગ બની ગયું છે. તેમાં માહિતી અને સંચાર ટેકનોલોજીનો ઉપયોગ કરીને શિક્ષણ પ્રક્રિયાને વધુ અસરકારક, રસપ્રદ અને સર્વગ્રાહી બનાવવામાં આવે છે. ડિજિટલ શિક્ષણની મહત્વની લાક્ષણિકતા એ છે કે વિદ્યાર્થી પોતાની સુવિધા મુજબ સમય અને સ્થળે

અભ્યાસ કરી શકે છે. જે શિક્ષણની પ્રક્રિયાને પ્રોત્સાહન આપે છે. બીજું કે તેમાં વીડિયો, એનિમેશન, સિમ્યુલેશન ક્વિઝ અને ઓનલાઈન ચર્ચાઓ દ્વારા શીખવાની પ્રક્રિયા વધુ જીવંત બને છે તેથી વિદ્યાર્થીની સમજણ અને રસમાં વધારો થાય છે. તેમાં વિદ્યાર્થી વ્યક્તિગત ક્ષમતા અને રસ અનુસાર અભ્યાસ કરી શકે છે

આપ્રકારના શિક્ષણની એક મહત્વપૂર્ણ લાક્ષણિકતા એ છે કે સંસાધનો સરળ ઉપલબ્ધ છે.ઇ- બુક, ઓપન એજ્યુકેશન રિસોર્સિસ અને વિવિધ શૈક્ષણિક એપ્લિકેશનથી ગુણવત્તાયુક્ત સામગ્રી સહેલાઈથી મળે છે. ઉપરાંત તરત મળતા મૂલ્યાંકન પરિણામોથી વિદ્યાર્થી પોતાની પ્રગતિ તુરંત જાણી પોતાના માટે ઉપચારાત્મક કાર્ય કરી શકે છે. આ પ્રકારનુ શિક્ષણ સમાવેશી શિક્ષણને પણ પ્રોત્સાહન આપે છે.

<u>3. ડિજિટલ યુગમાં શિક્ષણના મુખ્ય પડકારો:</u>

**3.1માનવીય સંપર્ક નો અભાવ**:

ઓનલાઇન શિક્ષણમાં શિક્ષક વિદ્યાર્થીઓ વચ્ચે સીધો માનવીય સંપર્ક ઘટે છે પરિણામે ભાવનાત્મક જોડાણ, મૂલ્ય શિક્ષણ અને સામાજિક કુશળતાઓના વિકાસમાં અડચણ આવે છે. સર્વગ્રાહી વિકાસ માટે જરૂરી સહકાર સંવાદ અને સહ અનુભવ ડિજિટલ માધ્યમમાં મર્યાદિત બની જાય છે.

**3.2 ડિજિટલ અસમાનતા**:

ડિજિટલ યુગ નો સૌથી મોટો પડકાર ડિજિટલ ડિવાઇડ છે. તમામ વિદ્યાર્થીઓને સમાન ટેકનોલોજીકલ સાધનો,ઇન્ટરનેટ સુવિધા અને ડિજિટલ સાક્ષરતા ઉપલબ્ધ નથી.આ અસમાનતા શિક્ષણમાં સામાજિક અને આર્થિક અંતરને વધુ ઊંડું બનાવે છે જે સર્વગ્રાહી વિકાસ માટે અવરોધ રૂપ બને છે.

**3.3 માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર અસર**:

દીર્ઘ સમય સુધી સ્ક્રીન સામે બેસવાથી આંખોનો થાક, શારીરિક નિષ્ક્રિયતા અને માનસિક તાણ જેવી સમસ્યાઓ વધે છે. ડિજિટલ શિક્ષણમાં શારીરિક પ્રવૃત્તિઓ અને રમતોની અછત વિદ્યાર્થીઓના શારીરિક વિકાસને ખરાબ અસર કરે છે.

**3.4 માહિતીનો અતિ પ્રવાહ**:

ડિજિટલ યુગમાં માહિતીની અતિ પ્રચુરતા છે. દરેક માહિતી વિશ્વસનીય હોય જ એવું નથી. યોગ્ય માર્ગદર્શનના અભાવે વિદ્યાર્થી ગેરમાર્ગે દોરાઈ શકે છે. આ સ્થિતિમાં વિવેકશક્તિ અને સમીક્ષાત્મક વિચાર શક્તિ વિકસાવવી એક મોટો પડકાર છે.

**3.5 મૂલ્ય શિક્ષણ નો પ્રશ્ન:**

ડિજિટલ શિક્ષણ મુખ્યત્વે કૌશલ્ય અને માહિતી પર કેન્દ્રિત હોય છે. નૈતિક મૂલ્યો, સામાજિક જવાબદારી અને માનવીય  સંવેદનશીલતા જેવા પાસાઓને પૂરતું મહત્વ ન મળવાથી સર્વગ્રાહી વિકાસ અધુરો રહી શકે છે.

**4. સર્વગ્રાહી વિકાસ પર ડિજિટલ શિક્ષણની અસર:**

ડિજિટલ શિક્ષણ બૌદ્ધિક વિકાસને ઝડપથી પ્રોત્સાહન આપે છે, પરંતુ ભાવનાત્મક અને સામાજિક વિકાસ માટે પૂરતું માળખું ન હોય તો અસંતુલન સર્જાય છે. સર્જનાત્મકતા, સહકાર અને નેતૃત્વ જેવા ગુણો વિકસાવવા માટે સંતુલિત અભિગમ જરૂરી છે. ટેકનોલોજી સાધન હોવી જોઈએ,લક્ષ્ય નહીં- આ સિદ્ધાંતને અવગણવાથી શિક્ષણનો મૂળ હેતુ ભુલાઈ શકે છે.

**5. પડકારો અને સંભવિત ઉપાયો:**

ડિજિટલ યુગમાં  સર્વગ્રાહી વિકાસ સુનિશ્ચિત કરવા માટે નીચેના ઉપાયો મહત્વપૂર્ણ છે:

- ડિજિટલ અસમાનતા દૂર કરવા સરકારી અને સંસ્થાગત સ્તરે સમાન સુવિધાઓ પૂરી પાડવી.
- બ્લેન્ડેડ લર્નિંગ દ્વારા પરંપરાગત અને ડિજિટલ શિક્ષણનું  સંકલન.
- શિક્ષકોને ડિજિટલ પેડાગોજી અને મૂલ્ય આધારિત શિક્ષણ માટે તાલીમ આપવી.
- વિદ્યાર્થીઓમાં ડિજિટલ નૈતિકતા અને સમીક્ષાત્મક વિચાર શક્તિ વિકસાવવી.
- શારીરિક અને સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓને ડિજિટલ માધ્યમ સાથે સંકલિત કરવી.

**6. નિષ્કર્ષ:**

ડિજિટલ યુગમાં શિક્ષણ અનિવાર્ય આવશ્યકતા બની ગયું છે. તે શિક્ષણને વધુ સુલભ અને અસરકારક બનાવે છે,પરંતુ સર્વગ્રાહી વિકાસ માટે અનેક પડકારો પણ સર્જે છે.જો ટેકનોલોજીનો ઉપયોગ સંતુલિત માનવીય અને મૂલ્ય આધારિત અભિગમ સાથે કરવામાં આવે તો ડિજિટલ શિક્ષણ સર્વગ્રાહી વિકાસનું શક્તિશાળી સાધન બની શકે છે.આવું શિક્ષણ જ ભવિષ્યના જવાબદાર, સંવેદનશીલ અને સક્ષમ નાગરિકોનું નિર્માણ કરી શકે છે.

**સંદર્ભ સૂચિ:**

ત્રિવેદી, એમ. આર. (2021). શિક્ષણમાં ટેકનોલોજીનો પ્રભાવ અને તેની મર્યાદાઓ. ભારતીય શિક્ષણ સમીક્ષા, 8(1), 23-34.

જોશી, એલ. એમ. (2021). ડિજિટલ યુગમાં શિક્ષકની ભૂમિકા. શિક્ષક શિક્ષણ જર્નલ, 10(1), 39-47.

નાયેક, એસ. પી. (2020). શિક્ષણમાં માહિતી અને સંચાર ટેકનોલોજીનો ઉપયોગ. નવી દિલ્હી: નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT).

પટેલ, આર. કે. (2019). શિક્ષણ અને સમાજ: આધુનિક પડકારો. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

ભટ્ટ, પી. એન. (2018). શિક્ષણ અને સર્વગ્રાહી વિકાસ. ગાંધીનગર: ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ.

ભારત સરકાર, શિક્ષણ મંત્રાલય. (2020). રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020. નવી દિલ્હી: ભારત સરકાર.

મકવાણા, કે. ડી. (2022). ડિજિટલ શિક્ષણ અને સામાજિક અસમાનતા. સમાજવિજ્ઞાન અભ્યાસ, 15(3), 61-72.

યુનેસ્કો. (2019). ડિજિટલ લર્નિંગ અને સમાનતા. નવી દિલ્હી: યુનેસ્કો ભારત કાર્યાલય.

શાહ, એન. જે. (2020). ડિજિટલ યુગમાં શિક્ષણની નવી દિશાઓ. શૈક્ષણિક સંશોધન જર્નલ, 12(2), 45-58.

# Spiritual Education: A Need of Human Beings

**Dr. Chandreshkumar H. Rathod**
**Associate Professor**
**B.D. Shah College of Education, Modasa**

## Abstract

In an era dominated by rapid technological advancements, material pursuits, and secular knowledge, the human spirit often yearns for deeper meaning, purpose, and inner peace. Spiritual education addresses this fundamental need, going beyond intellectual and professional training to nurture the soul, foster moral values, and cultivate holistic well-being. It is not merely an optional supplement but an essential component of true human development, equipping individuals to navigate life's challenges with resilience, compassion, and fulfillment.

**Key Words:** Spiritual Education, Values, Peace

## ➢ Spiritual Education

Spiritual Education is a holistic approach to learning that goes beyond traditional academic subjects. It focuses on the development of the whole person-mind, body and spirit-by exploring values, purpose and meaning in life. It's not confined to religious teachings, though it can certainly incorporate them, but rather encompasses a broader understanding of human consciousness, self-awareness and connection to the world around us.

Spiritual education refers to the nurturing of an individual's inner self, encompassing the development of virtues such as love, empathy, compassion, and a sense of interconnectedness with others and the universe. Unlike religious instruction, which may focus on specific doctrines, spiritual education is broader and inclusive, drawing from universal principles found in nature, art, meditation, and ethical living. It emphasizes searching for meaning, cultivating awareness, and fostering connections beyond the material world.

Spiritual Education, whether through formal schooling, religious teaching or personal practices, offers a wide range of positive outcomes for individuals and society. It goes beyond academic or material pursuits to nurture the inner self, foster wellbeing and promote a sense of purpose and connection.

As highlighted in various educational philosophies, spiritual education prepares people not just for careers but for life itself—helping them achieve true happiness that material success alone cannot provide. It integrates emotional, moral, social, and physical growth, recognizing that humans are spiritual beings having a human experience.

## ➢ Why is Spiritual Education Essential for Human Beings?

Modern life often prioritizes academic achievement, career success, and economic growth, yet many individuals face crises of meaning, leading to anxiety, depression, and disconnection. Spiritual education counters this by fulfilling innate human capacities, Spiritual education helps develop a sense of purpose, leading to greater life satisfaction, optimism, and resilience, promotes Emotional and Mental Well-Being, practices like meditation and mindfulness, central to spiritual growth, foster inner peace and reduce stress. Research shows that spiritually nurtured individuals handle challenges better and exhibit lower rates of hopelessness.

## ➢ Core Aspects and Goals

**Explore of Values and Purpose**

It encourages individuals to develop their inner selves to understand their values, identify their purpose in life and find meaning beyond material possessions. It integrates discussions and activities that promote ethical values & moral reasoning.

**Self awareness and Consciousness**

It fosters self-reflection and mindfulness, helping individuals become more aware of their thoughts, emotions and actions, leading to greater emotional intelligence. It also encourages introspection and processing thoughts & emotions. Spiritual practices like meditation, mindfulness and self-reflection encourage introspection, leading to a deeper understanding of men's thoughts, emotions and values. This can result in greater self acceptance, inner calm and a reduce sense of stress and anxiety.

**Connection and Interconnectedness**

By exploring questions about life's meaning, purpose and connection to something greater than oneself, individuals can find a profound sense of direction and fulfillment. This helps in navigating life's challenges with resilience and a positive outlook. It emphasizes a sense of belonging and connection to others, the community, nature and something greater than oneself which could be a higher power, the universe or a sense of universal unity.

**Character Development**

It promotes the cultivation of positive character traits like compassion, empathy, honesty, resilience and ethical decision making.

**Emotional Resilience**

Spiritual teachings often provide frameworks for coping with adversity, accepting challenges and maintaining hope. This fosters inner strength and the ability to bounce back from setbacks

**Ethical & Responsible Citizenship**

It encourages individuals to contribute positively to society, act with integrity and be responsible citizens. It provides opportunities to give back to the community and develop compassion for others. Spiritual education often instills values such as compassion, empathy, honesty, integrity and forgiveness. This helps individuals make ethical decisions and build stronger, healthier relationship. It cultivates virtues like empathy, and social responsibility, essential for harmonious societies. In a world facing division and conflict, spiritual education promotes universal values such as unity, justice, and care for the environment. When individuals are guided by strong moral and ethical principles, it contributes to a more ethical and sustainable society in various domains, including social, economic and political systems.

**Holistic Development**

It aims to integrate intellectual, emotional, social and spiritual aspects of a person ensuring a well-rounded and balanced individual.

**Inner Peace & Well Being**

By nurturing self-awareness, managing emotions and finding purpose, spiritual education contributes to reduce stress, improve mental health and a greater sense of inner peace and contentment.

**Mindfulness and Meditation**

Practices that help students develop self awareness, reduce stress and improve focus.

**Exposure to diverse perspectives**

Learning about different philosophies, cultures and spiritual traditions without necessarily advocating for any specific one

**Creative Expression**

Using art, music storytelling and other creative outlets to explore inner experiences

**Fostering Unity and Understanding**

By highlighting shared human values and transcending superficial differences, spiritual education can break down barriers and promote unity among diverse groups.

**Nature Connection**

Fostering appreciation for and connection with the natural world

**Development of a knowledge-based Society**

Spiritual development alongside intellectual development forms a crucial foundation for a well-rounded and progressive society.

**Addressing Social Challenges**

Spiritual principles can provide guidance and motivation for addressing societal issues such as drug abuse, inequality and environmental concerns.

**Addresses Modern Challenges**

With rising mental health issues among youth, neglecting spirituality leaves individuals vulnerable. Integrating it into education creates caring communities that support holistic development.

**Enhances Overall Success**

Contrary to the notion that spirituality detracts from worldly achievements, it often amplifies them. Spiritually grounded people tend to form positive relationships, maintain high self-esteem, and approach goals with inner tranquility.

## ➢ Conclusion

In essence, Spiritual Education seeks to equip individuals with the tool to navigate life's challenges, find fulfillment and live a meaningful and compassionate life, fostering a deeper understanding of themselves and their place in the world. To make spiritual education accessible, it can be incorporated through inclusive practices like mindfulness sessions, ethical discussions, nature appreciation, and community service—without tying it exclusively to religion. Schools, families, and societies benefit from fostering environments that respect diverse paths to spirituality.

In conclusion, spiritual education is not a luxury but a necessity for human flourishing. It completes the human being, bridging the gap between material progress and inner fulfillment. By embracing it, we can raise generations that are not only knowledgeable and skilled but also compassionate, purposeful, and at peace—truly realizing our divine potential.

## ➢ References


Bowling, C. (2025). *The Role of Spirituality in Resilience Among Male and Female Education Staff*. Liberty University Dissertation

Duckworth, A. (2016). *Grit: The Power of Passion and Perseverance*. Scribner

Duggan, B., & Theuer, B. (2023). *Resilient Leadership 2.0*. Independent Publisher

Goleman, D. (1995). *Emotional Intelligence*. Bantam Books

Greitens, E. (2015). *Resilience: Hard-Won Wisdom for Living a Better Life*. Houghton Mifflin Harcourt

Jacobsen, D., & Jacobsen, R. H. (2018). *The Resilience of Religion in American Higher Education*. Baylor University Press

Kabat-Zinn, J. (2005). *Full Catastrophe Living*. Bantam Dell

Marques, J., Dhiman, S., & King, R. (2009). *The Workplace and Spirituality: New Perspectives on Research and Practice*. Skylight Paths Publishing

Seligman, M. E. P. (2011). **Flourish: A Visionary New Understanding of Happiness and Well-being.**

# THE EFFECTS OF SPIRITUALITY ON THE HOLISTIC DEVELOPMENT OF THE CHILDREN

# બાળકોના સર્વાંગી વિકાસમાં આધ્યાત્મિકતાની અસરો.

શ્રી ભુલાભાઇ એસ. પટેલીયા

આસિસ્ટન્ટ પ્રોફેસર

ડી.ડી ચોક્સી કોલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, પાલનપુર

**સારાંશ (Abstract)**

આધુનિક યુગમાં શિક્ષણનો હેતુ માત્ર શૈક્ષણિક જ્ઞાન આપવા પુરતો રહ્યો નથી , પરંતુ બાળકના સર્વાંગી વિકાસ પર કેન્દ્રિત બન્યો છે. બાળકોનો સર્વાંગી વિકાસ શારીરિક, માનસિક, બૌદ્ધિક, ભાવનાત્મક, સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક વિકાસનો સમાવેશ કરે છે. આધ્યાત્મિકતા બાળકના વ્યક્તિત્વ વિકાસમાં આંતરિક શાંતિ, આત્મજાગૃતિ, મૂલ્યબોધ અને જીવન પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ સંશોધન પેપરમાં બાળકોના સર્વાંગી વિકાસ પર આધ્યાત્મિકતાની અસરોનું તાત્વિક તથા વિશ્લેષણાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. સાથે સાથે શાળાઅને પરિવારની ભૂમિકાનો પણ અભ્યાસ કરવામાં આવ્યો છે.

**મુખ્ય શબ્દો:સર્વાંગી વિકાસ, આધ્યાત્મિકતા, બાળ વિકાસ,મૂલ્ય શિક્ષણ, નૈતિકવિકાસ**

## 1. પ્રસ્તાવના (Introduction)

બાળકો કોઈપણ સમાજ અને રાષ્ટ્રનું ભવિષ્ય છે. તેમના સર્વાંગી વિકાસ પર જ સમાજની પ્રગતિ નિર્ભર છે. આજના સમયમાં શિક્ષણ વ્યવસ્થામાં બૌદ્ધિક વિકાસ અને કારકિર્દી પર વધુ ભાર મૂકવામાં આવે છે, જેના કારણે બાળકોમાં માનસિક તણાવ, ભાવનાત્મક અસંતુલન અને નૈતિક મૂલ્યોમાં ઘટાડો જોવા મળે છે. ટેકનોલોજીના વધતા ઉપયોગ, સ્પર્ધાત્મક જીવનશૈલી અને ભૌતિકતાવાદી દૃષ્ટિકોણને કારણે બાળકો આંતરિક શાંતિથી દૂર જઈ રહ્યા છે. આવી પરિસ્થિતિમાં આધ્યાત્મિકતા બાળકોના જીવનમાં સંતુલન લાવવાનું કાર્ય કરે છે. આધ્યાત્મિકતા બાળકને જીવનના સાચા મૂલ્યો સમજાવવામાં મદદરૂપ બને છે અને તેને સજ્જન,

સંવેદનશીલ તથા જવાબદાર નાગરિક બનાવે છે.

**2. સંશોધન હેતુઓ:-**

1.બાળકોના સર્વાંગીક વિકાસની સંકલ્પનાનું સ્પષ્ટીકરણ કરવું.

2.આધ્યાત્મિકતાનો અર્થ અને મહત્વ સમજાવવું .

3.બાળકના વિવિધ વિકાસક્ષેત્રો પર આધ્યાત્મિકતાની અસરોનું અધ્યયન કરવું.

4.શાળા અને શિક્ષકની ભૂમિકા રજૂ કરવી

**2. સંશોધનપદ્ધતિ :-**

આ સંશોધન વર્ણનાત્મક (Descriptive) અને વિશ્લેષણાત્મક (Analytical) પદ્ધતિ પર આધારિત છે.

**4. સર્વાંગી વિકાસની સંકલ્પના (Concept of Holistic Development)**

સર્વાંગી વિકાસ એટલે વ્યક્તિના જીવનના તમામ આયામોનો સંતુલિત અને સુમેળભર્યો વિકાસ. કોઈ એક પાસાંનો અતિરેક કે અવગણના સમગ્ર વિકાસને અસંતુલિત બનાવે છે. સર્વાંગી વિકાસમાં નીચેના મુખ્ય પાસાંનો સમાવેશ થાય છે:

1. શારીરિક વિકાસ
2. માનસિક વિકાસ
3. બૌદ્ધિક વિકાસ
4. ભાવનાત્મક વિકાસ
5. સામાજિક વિકાસ
6. નૈતિક વિકાસ
7. આધ્યાત્મિક વિકાસ

આ બધા પાસાં પરસ્પર એકબીજાથી સંકળાયેલા છે. આધ્યાત્મિક વિકાસ આ તમામ પાસાંને મૂલ્ય, દિશા અને હેતુ પ્રદાન કરે છે.

**5. આધ્યાત્મિકતાનો અર્થ અને સ્વરૂપ (Meaning and Nature of Spirituality)**

આધ્યાત્મિકતા એટલે આત્મજાગૃતિ, સ્વ-પરિચય અને જીવનના સત્યની શોધ. આધ્યાત્મિકતા માત્ર ધાર્મિક વિધિઓ, પૂજા-પાઠ કે સંપ્રદાય સુધી સીમિત નથી, પરંતુ તે માનવના વિચારો, લાગણીઓ અને વર્તન સાથે ઊંડે સુધી જોડાયેલી છે.

આધ્યાત્મિકતાના મુખ્ય તત્વો નીચે મુજબ છે:

* સત્યનિષ્ઠા
* કરુણા
* પ્રેમ
* ક્ષમા
* સહિષ્ણુતા
* સેવા
* આત્મનિયંત્રણ

આ તત્ત્વો માનવના ચરિત્ર અને વ્યક્તિત્વને ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

## 4. બાળકના સર્વાંગી વિકાસમાં આધ્યાત્મિકતાની અસરો

### 6.1 શારીરિક વિકાસપર અસરો

યોગ, પ્રાણાયામ અને ધ્યાન જેવી આધ્યાત્મિક પ્રવૃત્તિઓ શરીરને સ્વસ્થ, સક્રિય અને રોગપ્રતિકારક બનાવે છે. આધ્યાત્મિક દૃષ્ટિ ધરાવતો વ્યક્તિ વ્યસનોથી દૂર રહે છે અને સ્વચ્છ તથા સંયમિત જીવનશૈલી અપનાવે છે. આથી શારીરિક વિકાસ સ્થિર અને લાંબા ગાળાનો બને છે.

### 6.2 માનસિક વિકાસપર અસરો

આજના યુગમાં તણાવ, ચિંતા, ડિપ્રેશન અને માનસિક અશાંતિ સામાન્ય બની ગઈ છે. આધ્યાત્મિકતા માનસિક શાંતિ અને સ્થિરતા પ્રદાન કરે છે. ધ્યાન અને આત્મચિંતન દ્વારા માનસિક તણાવ ઘટે છે અને સકારાત્મક દૃષ્ટિકોણ વિકસે છે.

### 6.3 બૌદ્ધિક વિકાસ પર પર અસરો

બૌદ્ધિક વિકાસ માત્ર માહિતી મેળવવા સુધી મર્યાદિત નથી. આધ્યાત્મિકતા બુદ્ધિને યોગ્ય દિશા આપે છે. વ્યક્તિ સત્ય-અસત્ય, યોગ્ય-અયોગ્ય અને સારા-નરસા વચ્ચે ભેદ કરવાની ક્ષમતા વિકસાવે છે. આ પ્રકારનો બૌદ્ધિક વિકાસ સમાજ માટે લાભદાયક સાબિત થાય છે.

### 6.4 ભાવનાત્મક વિકાસ પર અસરો

આધ્યાત્મિકતા વ્યક્તિને પોતાની લાગણીઓ ઓળખવા અને નિયંત્રિત કરવા શીખવે છે. ક્રોધ, ઈર્ષ્યા, લોભ અને ભય જેવી નકારાત્મક લાગણીઓ પર નિયંત્રણ વિકસે છે. પરિણામે ભાવનાત્મક સંતુલન પ્રાપ્ત થાય છે અને વ્યક્તિ વધુ પરિપક્વ બને છે.

**6.5 નૈતિક વિકાસ પર અસરો**

નૈતિક મૂલ્યોનો આધાર આધ્યાત્મિકતા છે. સત્ય, ઈમાનદારી, અહિંસા, ન્યાય અને જવાબદારી જેવા મૂલ્યો આધ્યાત્મિક વિકાસ દ્વારા મજબૂત બને છે. નૈતિક વિકાસ વિના શિક્ષણ જોખમી બની શકે છે.

**6.6 સામાજિક વિકાસ પર અસરો**

આધ્યાત્મિક વ્યક્તિ સમાજમાં સહકાર, સેવા અને પરોપકારની ભાવના વિકસાવે છે. "વસુધૈવ કુટુંબકમ્" જેવી વિચારધારા સમગ્ર માનવજાતિને એક પરિવાર તરીકે જોવાની દૃષ્ટિ આપે છે, જે સામાજિક સુમેળ અને શાંતિ માટે જરૂરી છે.

7. શાળા અને શિક્ષકની ભૂમિકા

શાળા બાળકના સર્વાંગી વિકાસનું કેન્દ્ર છે. શિક્ષક પ્રાર્થના, ધ્યાન, નૈતિક વાર્તાઓ, જૂથચર્ચા અને સેવાભાવની પ્રવૃત્તિઓ દ્વારા આધ્યાત્મિક મૂલ્યો વિકસાવી શકે છે.

**8. આધુનિક સમાજમાં આધ્યાત્મિકતાની આવશ્યકતા**

વિજ્ઞાન અને ટેકનોલોજીના અદ્ભુત વિકાસ છતાં હિંસા, ભ્રષ્ટાચાર, પર્યાવરણ પ્રદૂષણ અને સામાજિક અસમાનતા જેવી સમસ્યાઓ વધતી જાય છે. આ તમામ સમસ્યાઓનું મૂળ માનવના આંતરિક મૂલ્યપતનમાં છે. આધ્યાત્મિકતા માનવને આત્મજાગૃત બનાવી સમાજમાં શાંતિ, સહઅસ્તિત્વ અને સંતુલન સ્થાપિત કરવામાં મદદરૂપ બને છે.

**9. મર્યાદાઓ અને પડકારો**

- આધ્યાત્મિકતાને ધર્મ સાથે ગૂંથવાની ગેરસમજ
- આધુનિક જીવનમાં સમયની અછત
- શિક્ષકોને યોગ્ય તાલીમનો અભાવ

### 10. નિષ્કર્ષ (Conclusion)

આ સંશોધન પરથી સ્પષ્ટ થાય છે કે બાળકોના સર્વાંગી વિકાસમાં આધ્યાત્મિકતાની અસરો અત્યંત મહત્વપૂર્ણ છે. આધ્યાત્મિક શિક્ષણ બાળકને માત્ર બુદ્ધિશાળી નહીં પરંતુ સજ્જન, સંવેદનશીલ અને જવાબદાર નાગરિક બનાવે છે. તેથી શિક્ષણ વ્યવસ્થામાં આધ્યાત્મિક મૂલ્યોનો સમાવેશ કરવો અનિવાર્ય છે.

### સંદર્ભસૂચિ (References)

એન.સી.ઇ.આર.ટી. – મૂલ્ય શિક્ષણ માર્ગદર્શિકા

ભારતીય શિક્ષણ આયોગ અહેવાલ

રવિન્દ્રનાથ ટાગોર – શિક્ષણ દર્શન

સ્વામી વિવેકાનંદ – શિક્ષણ અને આધ્યાત્મિકતા

# ચારિત્ર્ય નિર્માણની કેળવણી

ડૉ. સુશીલાબેન એ.મકવાણા


## સારાંશ

કોઈપણ દેશની પ્રગતિ અને સુખ-શાંતિનો સાચો આધાર એ દેશમાં વસતા લોકોના એકબીજા પ્રત્યેના સહકાર-સંપ-સદભાવના અને સારપ સાથે જોડાયેલો છે. ચારિત્ર્ય નિર્માણની કેળવણી એ આ દિશામાં પ્રથમ સ્તુત્ય પગલું કહી શકાય. ચારિત્ર્ય માણસની પ્રમાણિકતા, ધર્મ, વિવેક અને માનવતાનું પ્રતીક છે. જીવનમાં ચારિત્ર્યનું મહત્વ અને ચારિત્ર્યના મુખ્ય પાસાઓથી બાળકોને જ્ઞાત કરવા એ આપણી પવિત્ર ફરજ છે. તેથી પ્રસ્તુત લેખમાં ચારિત્ર્યની સંકલ્પના, ચારિત્ર્યના મુખ્ય પાસાઓ, જીવનમાં ચારિત્ર્યનું મહત્વ, ચારિત્ર્ય નિર્માણની કેળવણીના કેટલાક મહત્વના પાસાઓ વગેરેની ચર્ચા કરવામાં આવી છે.


**ચાવીરૂપ શબ્દ:** ચારિત્ર્ય નિર્માણ, કેળવણી

## પ્રસ્તાવના

એકવીસમી સદીના વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં માણસના સુખ-સગવડોમાં વધારો થયો છે, પરંતુ માણસ પોતાની આંતરિક શાંતિ ગુમાવી ચૂક્યો છે. ભૌતિક સુખોને અંતિમ સત્ય માની તેને પ્રાપ્ત કરવા સતત પ્રયાસો કરતો રહે છે, પરંતુ તેની સાથે જીવનમાં અત્યંત જરૂરી એવા સદગુણો, મૂલ્યોને ભૂલીને પણ પોતાના લક્ષ્યો પૂરા કરવા મથે છે. આવા સંજોગોમાં જો બાળકમાં નાનપણથી જ ચારિત્ર્ય અને સદગુણોનું સિંચન કરવામાં આવે તો તેમને સારા ચિંતનશીલ નાગરિક બનાવવાની દિશામાં આગળ વધી શકાય છે. ચારિત્ર્ય નિર્માણની કેળવણી દ્વારા જ મજબૂત રાષ્ટ્રનું નિર્માણ થઈ શકે. વૈશ્વિક માનવની વાત કરતો ભારતીય સમાજ ગરીબી, બેકારી, ભ્રષ્ટાચાર, જાતિવાદ, પ્રાંતવાદ જેવા દૂષણોથી પીડિત છે. કુપોષણ, કુરિવાજો, વ્યસનો, અંધશ્રદ્ધાથી પર થઈ મજબૂત ભારતના નિર્માણ માટે ચારિત્ર્ય નિર્માણની કેળવણી રાજમાર્ગ છે.

## ચારિત્ર્ય અને ચારિત્ર્ય નિર્માણ: સંકલ્પના

ચારિત્ર્ય એટલે વ્યક્તિનું આચરણ, સદાચાર, અને નૈતિક ગુણોનો સમૂહ (શીલ) છે, જે આંતરિક વ્યક્તિત્વનો મજબૂત પાયો ગણાય છે. તે માણસની પ્રામાણિકતા, ધર્મ, વિવેક અને માનવતાનું પ્રતિક છે. ચારિત્ર્ય એટલે સારી ઈચ્છાઓનો વિકાસ પામેલો સમૂહ. "માણસનું ચારિત્ર્ય એટલે તેની માણસાઈ". એક ઉચ્ચ ચારિત્ર્યવાન વ્યક્તિ વિશ્વાસપાત્ર, દયાળુ અને સકારાત્મક વલણ ધરાવે છે.

ચારિત્ર્ય નિર્માણ એટલે વ્યક્તિત્વનો વિકાસ, સદગુણો કેળવવા અને નૈતિક મૂલ્યોનું

સિંચન કરવું, જેમાં સ્વ-શિસ્ત, પ્રામાણિકતા, સકારાત્મક દ્રષ્ટિકોણ અને સામાજિક જવાબદારી જેવા ગુણોનો સમાવેશ થાય છે, જે માટે વાંચન, યોગ્ય માર્ગદર્શન અને સતત પ્રયત્નો જરૂરી છે. ચરિત્ર નિર્માણની કેળવણી એ એક એવી પ્રક્રિયા છે જેમાં વ્યક્તિના ચરિત્રને વિકસાવવા અને સુધારવા માટેના પ્રયત્નો કરવામાં આવે છે. આમાં વ્યક્તિના ગુણો, મૂલ્યો, અને આદતોનો સમાવેશ થાય છે.

## ચારિત્ર્યના મુખ્ય પાસાઓ

- **આંતરિક પાયો**: ચારિત્ર્ય એ વ્યક્તિત્વનો પાયો છે, જેના પર જીવનની ઇમારત ટકે છે. સારા ગુણો ધરાવનાર વ્યક્તિમાં સ્વ-હિતની સાથે લોકહિતની ભાવના રહેલી જોવા મળે છે.
- **નૈતિકતા અને સદાચાર**: ઈમાનદારી, સત્ય, ધર્મ, નિયમ અને સદાચાર ચારિત્ર્યના અવિભાજ્ય અંગો છે. આ પાસાઓનો વિકાસ વ્યક્તિને ઉન્નતિના દ્વારે લઈ જાય છે.
- **માનવતા**: માણસની માણસાઈ જ તેનું સાચું ચારિત્ર્ય છે. દરેક વ્યક્તિ સાથે સારો વ્યવહાર-વર્તન કરવું જોઈએ- થવું જોઈએ.
- **સ્થિરતા**: ચારિત્ર્ય એકવાર બગડે તો માટીના ઘડાની જેમ ટુકડે-ટુકડા થઈ જાય છે, તેથી તેને ટકાવવું જરૂરી છે. માણસની અંદર રહેલા ગુણો હંમેશા બહાર આવે અને તેનામાં દુર્ભાવનું ક્યારેય દર્શન ન થાય, સારપનું સતત પ્રગટીકરણ થાય એ ખૂબ જરૂરી છે.
- **કર્મ અને વ્યવહાર**: વ્યક્તિ પોતાના જીવનમાં કેવા કાર્યો કરે છે અને કેવો વ્યવહાર કરે છે, તેના પરથી ચારિત્ર્ય ઘડાય છે. દરેક વ્યક્તિ પ્રત્યે સમતા જાળવવી, દરેકને સન્માન આપવું વગેરે ગુણોનું ઘડતર નાનપણથી જ કરવું જોઈએ.

## જીવનમાં ચારિત્ર્યનું મહત્વ:

1. **વિશ્વાસપાત્રતા**: સમાજમાં ઉચ્ચ ચારિત્ર્ય ધરાવતા લોકો પર જ લોકો વિશ્વાસ કરે છે. ચારિત્ર્ય અને વિશ્વાસપાત્રતાને સીધો સંબંધ છે. જે વ્યક્તિઓ વધારે સદગુણોથી યુક્ત છે તેઓ હંમેશા સમાજમાં માન-પાન પામ્યા છે.
2. **સશક્ત વ્યક્તિ:** ચારિત્ર્ય બળ એ જ સાચી શક્તિ છે. માનસિક હકારાત્મક વિચારો માણસને એક નવીન બળ પૂરું પાડે છે.
3. **જીવનની સફળતા**: ચારિત્ર્યથી જ જીવન સાર્થક (ચરિતાર્થ) થાય છે. આવા વ્યક્તિ જ્યાં પણ જાય ત્યાં તેમનું ઉમળકાભેર સ્વાગત થાય છે. તેઓ જીવનના ઉચ્ચ લક્ષ્યો પાર કરી શકે છે.

ટૂંકમાં, ચારિત્ર્ય એ જ્ઞાન અને કુશળતા કરતાં પણ વધુ મહત્વની, માણસના આંતરિક ગુણોને પ્રતિબિંબિત કરતી એક અમૂલ્ય સંપત્તિ છે.

## ચારિત્ર્ય નિર્માણની કેળવણીના કેટલાક મહત્વના પાસાઓ

1. **સ્વ-અનુભવ**: વિદ્યાર્થીને પોતાના ગુણો અને દોષોને ઓળખવા અને તેને સુધારવા માટે પ્રોત્સાહિત કરવા. દરેક શિક્ષકે પોતાના વિદ્યાર્થીઓમાં રહેલા ગુણ-દોષોને શોધી તેમના સદગુણોમાં વધારો થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.

2. **મૂલ્યોની શિક્ષા**: વિદ્યાર્થીને સત્ય, અહિંસા, સહિષ્ણુતા, અને અન્ય સારા મૂલ્યોની શિક્ષા આપવી એ ચારિત્ર્ય નિર્માણ માટે ખૂબ જરૂરી છે. દરેક શિક્ષકે પોતાની શાળા અને વર્ગમાં મૂલ્યલક્ષી શિક્ષણ આપવું જોઈએ. વિદ્યાર્થીઓ સમક્ષ મૂલ્યલક્ષી વાર્તાઓ-ઉદાહરણો રજૂ કરવા જોઈએ.

3. **સારા સંગનો પ્રભાવ**: વિદ્યાર્થીને સારા અને સકારાત્મક લોકો સાથે સંબંધ રાખવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. શિક્ષકે મહાન વ્યક્તિઓના જીવન ચરિત્રથી વિદ્યાર્થીઓને વાકેફ કરવા જોઈએ.

4. **પ્રવૃત્તિઓમાં ભાગ લેવો**: વિદ્યાર્થીને વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ, જેથી તેમનામાં સહકારિતાના ગુણોનો વિકાસ થાય.

5. **નૈતિક મૂલ્યો (Moral Values)**: સત્ય બોલવું, પ્રામાણિક રહેવું, દયાભાવ રાખવો વગેરે જેવા ગુણોનું વિદ્યાર્થીઓમાં સિંચન થાય તેમજ વિદ્યાર્થીઓના આચરણમાં તે જોવા મળે તેવા પ્રયત્નો શિક્ષકો દ્વારા થવા જોઈએ.

6. **હકારાત્મકતા (Positivity)**: મુશ્કેલીઓમાં પણ હકારાત્મક અભિગમ અપનાવવો. દરેક વિદ્યાર્થીના આત્મવિશ્વાસમાં વધારો થાય, તેની સ્વ પ્રત્યેની શ્રદ્ધા વિકસે તે માટે દરેક શિક્ષકે બનતા પ્રયાસો કરવા જોઈએ.

7. **જ્ઞાન અને શિક્ષણ (Knowledge & Education)**: પુસ્તકો વાંચવા અને જીવનમાંથી શીખવું. પુસ્તકાલય કાર્યમાં મહાન વ્યક્તિઓના જીવન ચરિત્રોની પુસ્તિકાઓથી બાળકો વાકેફ થાય અને આવા પુસ્તકો રસપૂર્વક વાંચતા થાય તે માટે શિક્ષકે વિદ્યાર્થીઓમાં સભાનતા લાવવા પ્રયાસો કરવા જોઈએ. પ્રાર્થના પ્રવૃત્તિ કે પ્રસંગ ઉજવણી સમયે સારા વ્યક્તિઓના વક્તવ્યો ગોઠવી બાળકોમાં સારું ચારિત્ર્ય વિકસાવવા પર ભાર મૂકાવો જોઈએ.

8. **સામાજિક જવાબદારી (Social Responsibility)**: સમાજ પ્રત્યેની ફરજ નિભાવવી એ દરેક નાગરિકની પવિત્ર ફરજ છે. આજનો બાળક આવતીકાલની સામાજિક જવાબદારી હકારાત્મક રીતે નિભાવી શકે, પોતાના પરિવારનું પાલન-પોષણ યોગ્ય રીતે કરી શકે તે માટે તેને તૈયાર કરવા માટે ચારિત્ર્ય નિર્માણની કેળવણી મહત્વનો ભાગ ભજવે છે. શિક્ષકે વિદ્યાર્થીઓને આવી સામાજિક જવાબદારીઓથી વાકેફ કરી સામાજિક જવાબદારીના ક્ષેત્રીય કાર્યો સોંપવા જોઈએ.

9. **સ્વ-શિસ્ત (Self-discipline)**: વિદ્યાર્થીને સ્વ-શિસ્ત અને સમય વ્યવસ્થાપનની કુશળતા શીખવવી, નિયમિતતા સમયનું પાલન અને ધ્યેય પ્રત્યે સમર્પણ એ એક સારી આદત છે જે વ્યક્તિને તેના લેખો, કાર્યો અને જીવનમાં સફળતા પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. નિયમિતતા એ

સ્વ-શિસ્ત સાથે જોડાયેલી બાબત છે. સ્વ-શિસ્ત વ્યક્તિને તેના ધ્યેયોને પ્રાપ્ત કરવામાં અને તેના જીવનને સંગઠિત રાખવામાં મદદ કરે છે.

## ઉપસંહાર

ચારિત્ર્ય ઘડતર એ વ્યક્તિના જીવનમાં નૈતિકતા, પ્રામાણિકતા, સહાનુભૂતિ અને જવાબદાર વર્તન જેવા ઉચ્ચ મૂલ્યો વિકસાવવાની પ્રક્રિયા છે જે શિક્ષણસંગત અને સ્વ-શિસ્ત દ્વારા આકાર પામે છે. તે વ્યક્તિને મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ યોગ્ય નિર્ણય લેવાની અને સામાજિક જવાબદારી નિભાવવાની શક્તિ આપે છે જે સાચા અર્થમાં "ચારિત્ર્ય બળ" છે. આવું ચારિત્ર્ય બળ ઉભું કરી દેશને વધુ મજબૂત બનાવવા માટે ચારિત્ર્ય નિર્માણની કેળવણી એ રામબાણ ઈલાજ છે.

## સંદર્ભસૂચિ


શ્રીમદ્ ભાગવત મહાપુરાણ. ગીતા પ્રેસ, ગોરખપુર.

અમુલખરાય નગીનદાસ, (1923). (સંપાદન)ગાંધીશિક્ષણ-ભાગ-1થી 3: અંગત વિચારો. સંશોધિત ગુજરાતી, અમદાવાદ.

અરવિંદ, શ્રી.The Life Divine. Sri Aurobindo Ashram, Pondicherry.

દેસાઈ, કે. બી. (2016). મૂલ્ય શિક્ષણ અને આધ્યાત્મિક વિકાસ. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ પ્રકાશન.

રાધાકૃષ્ણન, ડૉ. સર્વપલ્લી.Indian Philosophy. George Allen & Unwin Ltd.

વિવેકાનંદ, સ્વામી.Complete Works of Swami Vivekananda. AdvaitaAshrama, Kolkata.

શર્મા, આર. એન. (2012). શિક્ષણનું તત્ત્વજ્ઞાન. આગ્રા: વિનોદ પુસ્તક મંદિર.

www.bhagawadgomandal.com

www.vishwakosh.org

# સમાન અને સર્વ સમાવેશક શિક્ષણ: સર્વોપલબ્ધ અધ્યયન – રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 નાસંદર્ભે

**પરમાર અર્પિતાબેન શંકરભાઈ**
**રિસર્ચ સ્કોલર**
**હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ**
**ઈ- મેઈલ: arpitaparmar995@gmail.com**

**સારાંશ (Abstract)**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP 2020) ભારતીય શિક્ષણ વ્યવસ્થાને પરિવર્તનશીલ બનાવવા માટેનું મહત્વપૂર્ણ દસ્તાવેજ છે, જેમાં સમાન અને સર્વસમાવેશક શિક્ષણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ નીતિમાં સર્વોપલબ્ધ અધ્યયનના લક્ષ્યને હાંસલ કરવા માટે સામાજિક-આર્થિક રીતે પછાત જૂથો (SEDGs), અપંગ વિદ્યાર્થીઓ, મહિલાઓ અને ગ્રામીણ વિસ્તારોના વિદ્યાર્થીઓને સમાવેશી શિક્ષણ પ્રદાન કરવાની વ્યૂહરચનાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. આ અભ્યાસ પેપરમાં NEP 2020 ના સંદર્ભે સમાન અને સમાવેશક શિક્ષણના મુખ્ય સિદ્ધાંતો, નીતિઓ, અમલીકરણના પડકારો અને ભવિષ્યની ભલામણોની ચર્ચા કરવામાં આવી છે. આ પેપરમાં વિવિધ અભ્યાસો અને આંકડાઓના આધારે વિશ્લેષણ કરવામાં આવ્યું છે, જેમાં શિક્ષણમાં અસમાનતાના કારણો અને તેને દૂર કરવાના ઉપાયો પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. આ અભ્યાસનું મુખ્ય લક્ષ્ય ભારતમાં સમાવેશી શિક્ષણને મજબૂત બનાવવા માટે પ્રાયોગિક સૂચનો આપવાનું છે.

**ચાવીરૂપ શબ્દો:** સમાન અને સર્વ સમાવેશક શિક્ષણ, સર્વોપલબ્ધ અધ્યયન, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020

## 1.પ્રસ્તાવના

ભારત જેવા વિવિધતાભર્યા દેશમાં શિક્ષણવ્યવસ્થા સમાજના તમામ વર્ગોને સમાન તકો પ્રદાન કરવા માટેનું મુખ્ય સાધન છે. જો કે, ઐતિહાસિક, સામાજિક અને આર્થિક કારણોને લીધે શિક્ષણમાં અસમાનતા અને અસમાવેશકતા જોવા મળે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP 2020) આ અસમાનતાને દૂર કરવા માટેનું પ્રથમ વ્યાપક પગલું છે, જેમાં સમાન અને સર્વ સમાવેશક શિક્ષણને કેન્દ્રમાં રાખવામાં આવ્યું છે. આ નીતિમાં "સર્વોપલબ્ધ અધ્યયન"ના ખ્યાલને મહત્વ આપવામાં આવ્યું છે, જેનો અર્થ છે કે દરેક વ્યક્તિને તેની ક્ષમતા અને જરૂરિયાત અનુસાર શિક્ષણ મળે.

NEP 2020 અનુસાર, શિક્ષણ એ સામાજિક ન્યાય અને સમાનતાનું સાધન છે, જેમાં કોઈપણ બાળક તેના જન્મ અથવા પરિસ્થિતિને કારણે પછાત ન રહે. આ નીતિમાં સામાજિક-આર્થિક રીતે પછાત જૂથો (SEDGs) જેમ કે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગો, મહિલાઓ, અપંગ વ્યક્તિઓ અને ગ્રામીણ વિસ્તારોના વિદ્યાર્થીઓને વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. આ પેપરમાં આ વિષય પ રવિસ્તૃત ચર્ચા કરવામાં આવશે, જેમાં NEP 2020 નામુખ્ય પાસાઓ, તેના અમલીકરણ અને પડકારોનું વિશ્લેષણ કરાશે.

ભારતમાં શિક્ષણની અસમાનતા એક મોટી સમસ્યા છે. ઉદાહરણ તરીકે, 2018 ના આંકડા અનુસાર, ગ્રામીણ વિસ્તારોમાં ધોરણ 10 સુધીના ડ્રોપ આઉટ દર 15% કરતા વધુ છે, જ્યારે શહેરી વિસ્તારોમાં તે 5% કરતા ઓછો છે. મહિલાઓ અને અપંગ વિદ્યાર્થીઓમાં આ આંકડા વધુ ચિંતાજનક છે. NEP 2020 આ અસમાનતાને દૂર કરવા માટે 2030 સુધીમાં 100% ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (GER) હાંસલ કરવાનું લક્ષ્ય રાખે છે.

આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય છે કે NEP 2020 ના સંદર્ભે સમાવેશી શિક્ષણની અસરકારકતા તપાસવી અને તેના અમલ માટેના પ્રાયોગિક ઉપાયો સૂચવવા. આ માટે વિવિધ અભ્યાસો, આંકડાઓ અને નીતિના દસ્તાવેજોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**2.સાહિત્ય સમીક્ષા**

સમાન અને સમાવેશક શિક્ષણ વિષય પર અનેક અભ્યાસો કરવામાં આવ્યા છે. યુનેસ્કોના 1994 ના સલામાંકા ઘોષણાપત્રમાં સમાવેશી શિક્ષણને વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે કે તે એક એવી પ્રણાલી છે જેમાં તમામ વિદ્યાર્થીઓ એક જ વર્ગમાં શીખે અને તેમની જરૂરિયાતોને અનુરૂપ સહાય મળે. ભારતમાં, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986 અને 2009 ના RTE અધિનિયમમાં પણ આ વિષય પર ભાર મૂકવામાં આવ્યો હતો, પરંતુ NEP 2020 તેને વધુ વ્યાપક બનાવે છે.

એક અભ્યાસમાં, સિંગલ અને અન્ય (2023) એ જણાવ્યું છે કે NEP 2020 માં સમાવેશી શિક્ષણ માટે વિશેષ શિક્ષણ ઝોન (SEZ) ની વ્યવસ્થા કરવામાં આવી છે, જે પછાત વિસ્તારોમાં શિક્ષણની પહોંચ વધારશે. અન્ય અભ્યાસમાં, કુમાર (2024) એ નોંધ્યું છે કે મહિલાઓ માટે જેન્ડર ઇન્ક્લુઝન ફંડની વ્યવસ્થા NEP માં મહત્વપૂર્ણ છે, જે શિક્ષણમાં લિંગ અસમાનતાને ઘટાડશે.

ભારતીય સંદર્ભમાં, અસર સેન્ટરના અહેવાલો અનુસાર, ગ્રામીણ વિસ્તારોમાં ધોરણ 5 ના વિદ્યાર્થીઓમાંથી 50% ધોરણ 2 નું વાંચન પણ નથી કરી શકતા, જે સમાવેશી શિક્ષણની જરૂરિયાતને દર્શાવે છે. NEP 2020 માં મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન મિશન (FLN) ને આ માટે વિકસાવવામાં આવ્યું છે.

આંતરરાષ્ટ્રીય અભ્યાસોમાં, યુનિસેફના અહેવાલમાં જણાવાયું છે કે કોવિડ-19 દરમિયાન ડિજિટલ ડિવાઈડને કારણે પછાત જૂથોનું શિક્ષણ વધુ પ્રભાવિત થયું છે, જે NEP માં ટેક્નોલોજી આધારિત શિક્ષણને મહત્વ આપે છે. આ સમીક્ષા દર્શાવે છે કે NEP 2020 પાછલી નીતિઓની તુલનામાં વધુ વ્યાપક છે, પરંતુ તેના અમલમાં પડકારો છે જેમ કે ભંડોળની અછત અને શિક્ષક તાલીમ.

3.NEP 2020 માં સમાન અને સર્વસમાવેશક શિક્ષણ

NEP 2020 ના પ્રકરણ 6 માં સમાન અને સમાવેશક શિક્ષણ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. આ નીતિમાં મુખ્ય સિદ્ધાંત છે કે શિક્ષણ સામાજિક ન્યાયનું સાધન છે અને તમામ વિદ્યાર્થીઓને તેમની પરિસ્થિતિના આધારે સમાન તકો મળે.

- મુખ્યસિદ્ધાંતો

સમાનતા અને સમાવેશ: નીતિમાં SEDGs માટે વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે, જેમાં અનુસૂચિત જાતિ, જનજાતિ, OBC, મહિલાઓ અને અપંગ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ જૂથોમાં ડ્રોપ આઉટ દર ઘટાડવા માટે વૈકલ્પિક શિક્ષણ કેન્દ્રો અને ODL (ઓપન ડિસ્ટન્સ લર્નિંગ) નીવ્યવસ્થા છે.

- સર્વોપલબ્ધ અધ્યયન: 2030 સુધીમાં પૂર્વ પ્રાથમિકથી ધોરણ 12 સુધી 100% GER હાંસલ કરવું. આમાટે FLN મિશન દ્વારામૂળભૂત કૌશલ્યો પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે.
- લિંગ સમાનતા: મહિલાઓ અને ટ્રાન્સ જેન્ડર વિદ્યાર્થીઓ માટે જેન્ડર ઇન્ક્લુઝન ફંડની વ્યવસ્થા, જેમાંસાયકલ, હોસ્ટેલ અને કાઉન્સેલિંગનો સમાવેશ છે.

4.નીતિઓ અને વ્યૂહરચનાઓ

- માળખાકીય વિકાસ: પછાત વિસ્તારોમાં શાળાઓમાં PTR (પુપિલ-ટીચર- રેશિયો) 25:1 રાખવું અને સ્પેશિયલ એજ્યુકેશન ઝોન્સની સ્થાપના.
- ટેક્નોલોજીનો ઉપયોગ: ડિજિટલ ડિવાઈડ ઘટાડવા માટે DIKSHA અને SWAYAM જેવા પ્લેટફોર્મનો વિકાસ, જેમાં બહુભાષી સામગ્રીનો સમાવેશ છે.
- અપંગ વિદ્યાર્થીઓ માટે: RPWD અધિનિયમ 2016 અનુસાર અપંગ વિદ્યાર્થીઓને મુખ્ય ધારામાં સમાવેશ માટે વિશેષ શિક્ષકો અને એસિસ્ટિવ ટેક્નોલોજીની વ્યવસ્થા.

**5.વિશ્લેષણ**

NEP 2020 ની આ નીતિઓ વ્યાપક છે, પરંતુ તેમનું અમલીકરણ રાજ્યો પર આધારિત છે. ઉદાહરણ તરીકે, ગુજરાતમાં NEP ના અમલથી ગ્રામીણ વિસ્તારોમાં GER માં 10% વધારો જોવા મળ્યો છે, પરંતુ હજુ પણ પડકારો છે. આ નીતિ SDG 4 સાથે સુસંગત છે, જે સમાવેશી શિક્ષણને પ્રોત્સાહન આપે છે.

**6.અમલીકરણ અને પડકારો**

NEP 2020 નું અમલીકરણ 2021 થી શરૂ થયું છે, જેમાં રાજ્યોને ટાસ્કફોર્સ બનાવવાની સૂચના આપવામાં આવી છે. ગુજરાતમાં GCERT દ્વારા NEP ના અમલ માટે વર્કશોપ અને તાલીમ કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યા છે.

- અમલીકરણના પગલાં

- શિક્ષક તાલીમ: શિક્ષકોને સમાવેશી પેડાગોજીમાં તાલીમ આપવી, જેમાં બહુભાષી અભિગમ અને અપંગ વિદ્યાર્થીઓ માટે વિશેષ તાલીમનો સમાવેશ છે.
- ભંડોળ વ્યવસ્થા: GDP ના 6% શિક્ષણ પર ખર્ચ કરવું, જેમાં SEDGs માટે વિશેષ ફંડની વ્યવસ્થા છે.
- મોનિટરિંગ: PARAKH દ્વારા અસેસમેન્ટ અને મોનિટરિંગ કરવું.

**7.પડકારો**

- ભંડોળની અછત: ભારતમાં શિક્ષણ પર GDP ના માત્ર 3% ખર્ચ થાય છે, જે NEP ના લક્ષ્યથી ઓછું છે.
- ડિજિટલ ડિવાઈડ: ગ્રામીણ વિસ્તારોમાં ઇન્ટરનેટ અને ડિવાઇસની અભાવને કારણે ટેક્નોલોજી આધારિત શિક્ષણ મુશ્કેલ છે.
- સામાજિક અવરોધો: ગરીબી, બાળમજૂરી અને લિંગ ભેદભાવને કારણે ડ્રોપઆઉટ વધે છે.
- રાજ્ય વિસંગતતા: વિવિધ રાજ્યોમાં અમલની ગતિ અલગ છે, જેમ કે તમિલનાડુ અને ગુજરાતમાં અમલ સારો છે, પરંતુ બિહાર જેવા રાજ્યોમાં વિલંબ છે.
- આ પડકારોને દૂર કરવા માટે સમુદાયની ભાગીદારી અને NGO સાથે સહયોગ જરૂરી છે.

**8.સૂચનાઓ**

NEP 2020 ના અમલને મજબૂત બનાવવા માટે નીચેની સૂચનાઓ છે:

- વધુ ભંડોળ વ્યવસ્થા: કેન્દ્ર અને રાજ્યો વચ્ચે ભંડોળનું વિતરણ વધારવું અને પ્રાઈવેટ સેક્ટરને પ્રોત્સાહન આપવું.
- શિક્ષક તાલીમ કાર્યક્રમો: દર વર્ષે સમાવેશી શિક્ષણ પર તાલીમ આપવી અને લોકલ શિક્ષકોની ભરતી કરવી.
- ટેક્નોલોજીનો વિસ્તાર: ગ્રામીણ વિસ્તારોમાં સોલાર પાવર્ડ ડિવાઇસ અને ઓફલાઇન કન્ટેન્ટ પ્રદાન કરવું.
- મોનિટરિંગ સિસ્ટમ: રાષ્ટ્રીય સ્તરે ડેટાબેઝ બનાવીને SEDGs નાપ્રગતિને ટ્રેક કરવું.
- સમુદાય સહયોગ: ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વોલન્ટિયર્સને જોડીને ટ્યુટરિંગ કાર્યક્રમો ચલાવવા.
- આ સૂચનાઓ અમલમાં મૂકવાથી NEP નું લક્ષ્ય હાંસલ થઈ શકે છે.

## 9. નિષ્કર્ષ

NEP 2020 ભારતીય શિક્ષણ વ્યવસ્થાને સમાન અને સમાવેશક બનાવવા માટેનું મહત્વપૂર્ણ પગલું છે. તેમાં સર્વોપલબ્ધ અધ્યયનના લક્ષ્યને હાંસલ કરવા માટે વ્યાપક નીતિઓ છે, પરંતુ અમલીકરણમાં પડકારોને દૂર કરવા જરૂરી છે. જો આ નીતિ સફળ થશે તો ભારતમાં શિક્ષણ સામાજિક પરિવર્તનનું મુખ્ય સાધન બનશે.

## 10.સંદર્ભો

ASER Centre. (2022). Annual Status of Education Report Ministry of Education. (2020).
રાષ્ટ્રીયશિક્ષણનીતિ 2020.

https://www.education.gov.in/sites/upload_files/mhrd/files/nep/2020/GUJARATI.pdf
Kumar, R. (2024). Inclusive Education in NEP 2020. ResearchGate.
Singhal, A. (2023). Equity and Inclusion in Indian Education. BSS Publications.
UNESCO. (1994). Salamanca Statement.

# A COMPEARATIVE STUDY ETHICAL VALUES OF HIGH SCHOOL STUDENTS OF MEHSANA DISTRICT

DR. KETAN K. MAHETA
PRINCIPAL
COLLEGE OF EDDUCATION VADASMA

**Introduction:**

A society with domestic idea attempts consciously to improve its programme and agencies for serving the common welfare of all of the citizens of nation. It attempts to ensure those improvements chiefly by establishing educational institutions which socially acceptable interest and needs that youth feels may be citizen's responsibility. The educational system plays a very important role developing various kinds of Ethical Values traits, values and national feelings.

It is also conclude that different kind of the study has been conducted with reference to different kind of students of sample in relation to Ethical Values and values with different area.

**Statement of the problem:**

**A COMPEARATIVE STUDY ETHICAL VALUESOF HIGH SCHOOL STUDENTS OF MEHSANA DISTRICT**

**Objectives of the Problem:**

1. To study the effects of different component of Ethical Values of students of secondary school of Mehsana District
2. To study the effects of gender with reference to Ethical Values of students of secondary school of Mehsana District
3. To study the effect of habitat with reference to Ethical Values of students of secondary school of Mehsana District
4. To study the effect of standard (9 and 10) with reference to Ethical Values of students of secondary school of Mehsana District

**Hypotheses of the study:**

1. There will be no significant difference between mean score on Ethical Values Inventory of different component of Ethical Values of secondary school of Mehsana District.
2. There will be no significant difference between mean score on Ethical Values Inventory of total male and total female students of secondary school of Mehsana District.
3. There will be no significant difference between mean score on Ethical Values Inventory of total urban and total rural students of secondary school of Mehsana District.
4. There will be no significant difference between mean score on Ethical Values Inventory of standard eight and standard nine students of secondary school of Mehsana District.

**Definitions of the terms:**

"To define a problem means specify it in detail and with Precision."[2]

**Ethical Values:** According to E.L. Thorndike " Ethical Values is one of the most abstract words in our language and like any abstract word suffering from excessive use, its connotative significance's is very broad, its denotative significance is negligible. Hardly there is any modern term relating to the Ethical Values resemble one another in one-way or the other because they are derived from the same origin.

***ETHICAL VALUES INVENTORY*** *(*by Km. Manju Agrawal) has been used for the age group of 13 to 26 years.

**School:** Educational institution for pupils up to 19 years of age or (US) is including college or university level.

**High School Students:** In this present research High School Students means Student, who are studying in standard-9 and standard-10?

**Delimitation of the study:**

The present study is delimited for the students (Standard-9 and Standard-10) of secondary schools of Mehsana District only, who are studying regularly during the year of the 2024-25.

**Tool Used for the study:**

For the present study selected tools Ethical Values Inventory Prepared by the Investigator himself.

**Population and sample:**

**Population:**

For the present study all the students of standard-10 and standard-10, from the Mehsana District studying during the year of 2024-25.

**Sample:**

For the present study random sampling technique was used. Total 150 students were selected from the 8 (4 schools from rural area and 4 schools from urban area) schools from the Mehsana District of north Gujarat region.

**Data Analysis and Interpretation:**

Quantitative data were analyzed by the frequency distribution as the variables of the objectives of the research. Mean, median, t-value, F-value and correlation value calculated for the present research.

**Statistical description of t-value on the Total Sample of Secondary School Students on Ethical Values Inventory**

| No. | Variable | N | Mean | S.D. | SEd | t-Val | Sig. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Total Male Students | 75 | 244.47 | 33.14 | 2.46 | 3.85 | 0.01 |
| | Total Female Students | 75 | 236.14 | 33.18 | | | |
| 2 | Total Rural Students | 75 | 240.5 | 35.93 | 2.69 | 0.46 | NS |
| | Total Urban Students | 75 | 241.75 | 33.48 | | | |
| 3 | Total Students of Std-10 | 75 | 236.92 | 31.31 | 2.47 | 2.73 | 0.01 |
| | Total Students of Std-10 | 75 | 243.68 | 35.01 | | | |

**Ho.1** There will be no significant difference between mean score on Ethical Values Inventory of total male and total female students of secondary school of north Gujarat.

**Result:** From the above Table, it is evident that the mean and S.D. of total male students are 244.47 and 33.14 while the mean and S.D. of total female students are 236.14 and 33.18 on total score of Ethical Values Inventory. The obtained t-value is 3.85(3.85>2.58) with 2.46 standard error of mean which is significant at 0.01 level of significance. Thus, mean score of total male students are significantly higher than the mean score of total female students on Ethical Values Inventory. So, **$H_O$1** is rejected. Which is stated as :"There will be no significant difference between mean score on Ethical Values Inventory of total male and total female students of secondary school of Mehsana District."

**Ho.2** There will be no significant difference between mean score on Ethical Values Inventory of total urban and total rural students of secondary school of north Gujarat.

**Result:** From the above Table, it is evident that the mean and S.D. of total urban students are 240.5 and 35.93 while the mean and S.D. of total rural students are 241.75 and 33.48 on total score of Ethical Values Inventory. The obtained t-value is 0.46(0.46< 2.58/1.96) with 2.69 standard error of mean which is not significant at 0.05/0.01 level of significance. Thus, mean score of total rural students are not significantly higher than the mean score of total urban students on Ethical Values Inventory. So, **$H_O$2** is accepted. Which is stated as : "There will be no significant difference between mean score on Ethical Values Inventory of total urban and total rural students of secondary school of Mehsana District."

**Ho.3** There will be no significant difference between mean score on Ethical Values Inventory of standard nine and standard ten students of secondary school of north Gujarat.

**Result:** From the above Table, it is evident that the mean and S.D. of students of standard-10 are 236.92 and 31.31 while the mean and S.D. of students of standard-10 are 243.68 and 35.01 on total score of Ethical Values Inventory. The obtained t-value is 2.73(2.73>2.58)with 2.73 standard error of mean which is significant at 0.01 level of significance. Thus, mean score of students of standard-10 are significantly higher than the mean score of students of standard-10 on Ethical Values Inventory. So, **$H_O$3** is rejected. Which is stated as: "There will be no significant difference between mean score on Ethical Values Inventory of standard nine and standard ten students of secondary school of Mehsana District."

**Findings:**

From the above research findings of the study are given as under.

(1) Mean score of total male students are significantly higher than the mean score of total female students on Ethical Values Inventory.

(2) No significant difference was found between the mean scores rural students and urban students on Ethical Values Inventory.
(3) Mean score of total students of standard -10 are significantly higher than the mean score of total students of standard -9 on Ethical Values Inventory.

**Conclusion:**

From the above findings it can be concluded that the total students of standard -10 differed in their perceptions regarding Ethical Values Inventory than the total students of standard -9 and total students of Male differed in their perceptions regarding Ethical Values Inventory than the total female students. No significant difference found between components of Ethical Values Inventory and habitat of students

**Bibliography**

A.S. Hornby.(2000); **Oxford Advanced Learner's Dictionary(Sixth Edition)** : Oxford University Press, P.1131.

Best, John W. and Khan James V.(1989); **Research in Education**.(Sixth Edition). New Delhi : Prentice Hall of India private Limited, P.8.

George J. Mouly.(1964); **The Science of Educational Research. New Delhi**: Euresia Publishing House, P.482.

Ibid, P.111.

Kulbirsinh Sindhu. (1984); **Methodology of Research in Education.** New Delhi: Sterling Publishers. Pvt. Ltd. , P.69.

Walter Mischel(1984).; **Introduction to Ethical Values**, Fourth Edition : Holt Rinrhart and Wriston, inc. International Edition, P.196.

Walter, R. Borg and Gall M.D.(1983); **Educational Research: An Introduction**. New York : Longman's Green Co. Ltd.. , P.142.

# Spiritual Dimensions in Gandhian Basic Education: Implications for Student Development

**Patel Divya**
**Ph.D. Scholar,**

**Dr. Mittal Joshi,**
**Guide**

**Sabarmati University, Ahmedabad**

**Abstract**

Mahatma Gandhi's Basic Education, or Nai Talim, represents a profound integration of spiritual principles into pedagogical practice, emphasizing the harmonious development of body, mind, and spirit. This paper explores the spiritual dimensions embedded in Gandhian education, drawing from concepts such as satya (truth), ahimsa (non-violence), and self-realization, and examines their implications for contemporary student development. Through a systematic analysis of historical texts and modern interpretations, the study highlights how Nai Talim fosters moral character, ethical awareness, and inner harmony, countering the materialistic tendencies of modern education systems. Key implications include enhanced emotional resilience, social responsibility, and holistic growth, particularly in addressing youth mental health crises and societal disconnection. Reference books such as Educational and Social Philosophy of Mahatma Gandhi by Dr. Gautam Patra (2021) and Spiritual Education in Gandhian Philosophy (2017) provide foundational insights. The paper argues that reviving these spiritual elements can transform education into a tool for personal liberation and societal harmony, with recommendations for policy integration in diverse contexts.

**Key Words:** Spiritual Dimensions, Gandhian Basic Education, Student Development

## Introduction

In an increasingly secular and technology-driven world, the spiritual underpinnings of education have often been sidelined, leading to systems that prioritize cognitive skills over ethical and inner development. Mahatma Gandhi, through his philosophy of Basic Education (Nai Talim), proposed a radical alternative that places spirituality at the core of learning. Introduced in 1937 at the Wardha Conference, Nai Talim sought to educate the whole person—integrating physical labor, intellectual pursuit, and spiritual growth—to create self-reliant, morally upright individuals. Gandhi's vision was deeply influenced by Indian spiritual traditions, including the Upanishads, Bhagavad Gita, and Jain-Buddhist principles, as well as Western thinkers like Tolstoy and Ruskin.

Gandhi critiqued colonial education for its alienating effects, arguing it produced "slaves" disconnected from their cultural and spiritual roots. Instead, he advocated for education as a path to moksha (liberation), where spiritual dimensions—truth-seeking, non-violence, and self-discipline—guide student development. This approach not only addresses individual growth but also societal transformation, fostering communities based on swaraj (self-rule) and sarvodaya (welfare of all).

The relevance of Gandhian spirituality in education today is evident amid rising student stress, ethical dilemmas, and environmental crises. As per UNESCO reports, holistic education models are essential for sustainable development, yet spiritual aspects remain underexplored. This paper examines the spiritual dimensions in Nai Talim and their implications for student development, including moral resilience, emotional intelligence, and social empathy. Drawing from reference books like Mohandas Gandhi (Modern Spiritual Masters) (2002) and Humanistic Approach to Education and Gandhian View points on Values (undated PDF), the analysis bridges historical philosophy with modern applications.

Structured as follows: a literature review, exploration of spiritual dimensions, implications for student development, challenges, and conclusions with recommendations. This study contributes to reviving Gandhian thought for equitable, spiritually enriched education.

## Literature Review

Scholarly works on Gandhian education emphasize its spiritual core, portraying Nai Talim as a synthesis of metaphysical, epistemological, and axiological principles. Primary sources include Gandhi's own writings, such as Hind Swaraj (1909) and Basic Education (1951), where he links education to spiritual self-realization. In Hind Swaraj, Gandhi critiques modern civilization's material focus, advocating education that cultivates inner truth and non-violence.

Secondary literature expands on this. Dr. Gautam Patra's Educational And Social Philosophy Of Mahatma Gandhi (2021) analyzes how Gandhi's spirituality integrates social reform, emphasizing

ahimsa as a pedagogical tool for character building. Similarly, Spiritual Education in Gandhian Philosophy (2017) explores satya and ahimsa as foundations for moral education, arguing spirituality fosters empathy and ethical decision-making in students.

Empirical and interpretive studies further illuminate implications. In Mahatma Gandhi's Vision of Basic Education: Nurturing Hearts, Minds, and Communities (2023), authors discuss Nai Talim's role in holistic development, linking spiritual practices like prayer and meditation to enhanced student wellbeing. Application of Philosophy of Gandhian Education in Modern Education (2021) highlights spiritual reinterpretation of ahimsa as love, promoting emotional and spiritual growth in contemporary curricula.

On student development, Gandhi's Educational Thoughts (undated) notes Nai Talim's craft-based learning develops self-reliance and spiritual harmony, reducing alienation. Exploring Gandhi's Educational Philosophy (2023) examines experiential learning's impact on moral values and character. Critiques, such as in The Relevance of Basic Education as Propagated by Mahatma Gandhi (undated), address implementation challenges but affirm its potential for social justice.

Gaps include limited quantitative studies on spiritual outcomes, with most research qualitative and India-focused. This review synthesizes these sources to argue that Gandhian spirituality offers a framework for transformative student development, bridging ancient wisdom with modern needs.

**Spiritual Dimensions in Gandhian Basic Education**

Gandhi's Nai Talim embeds spirituality as the unifying force for education, viewing it not as religious dogma but as universal principles for inner growth. Central tenets include satya, ahimsa, and brahmacharya (self-control), derived from Indian scriptures.

**Satya (Truth) as Epistemological Core:** Gandhi equated God with Truth, stating "Truth is God." In education, this manifests as truth-seeking through experiential learning, where crafts like spinning teach honesty in labor and self-reflection. Students learn to discern relative from absolute truth, fostering critical thinking aligned with spiritual inquiry.

**Ahimsa (Non-Violence) as Ethical Foundation:** Reinterpreted as active love, ahimsa permeates Nai Talim's curriculum, promoting compassion in interpersonal relations and environmental stewardship. Communal activities in ashrams encourage non-violent conflict resolution, nurturing empathy and moral courage.

**Self-Realization and Holistic Integration:** Nai Talim aims at moksha through balanced development—physical (hand), intellectual (head), and spiritual (heart). Practices like daily prayer, silence, and service (seva) cultivate inner peace and connection to the divine, countering egoism.

In practice, at Sevagram and Phoenix Settlement, students engaged in crafts while discussing ethical dilemmas, blending spirituality with daily life. This dimension distinguishes Nai Talim from progressive education, emphasizing spiritual liberation over mere utility.

**Implications for Student Development**

The spiritual dimensions of Nai Talim have profound implications for student development, fostering resilience, ethics, and societal contribution.

**Moral and Character Development:** By embedding satya and ahimsa, Nai Talim builds ethical frameworks, reducing tendencies toward dishonesty or violence. Studies show such values enhance decision-making and integrity in adolescents.

**Emotional and Psychological Wellbeing:** Spiritual practices like meditation promote mindfulness, alleviating anxiety and depression. In modern contexts, this implies integrating yoga or reflection in curricula for mental health support.

**Social and Community Orientation:** Emphasizing sarvodaya, students develop empathy and service-oriented mindsets, leading to active citizenship and reduced social inequalities.

**Holistic Growth and Self-Reliance:** Craft-centered learning instills spiritual discipline, enhancing self-esteem and adaptability. Implications include vocational programs that blend skills with ethics for sustainable livelihoods.

In NEP 2020, these elements align with multidisciplinary education, suggesting pilots in schools for measurable outcomes like improved empathy scores.

**Challenges in Implementation**

Despite benefits, challenges include secular resistance, urbanization eroding craft-based learning, and teacher training deficits. Strategies involve hybrid models blending digital tools with spiritual practices and policy advocacy for inclusive curricula.

**Conclusion**

Gandhian Basic Education's spiritual dimensions offer timeless implications for student development, promoting ethical, resilient individuals. Reviving Nai Talim requires integrating these principles into global education, fostering a world of harmony and justice.

**References**


- Anthony, B. P. (Undated). Truth and Education: Gandhian Concept of Satya. Phil Archive.
- Kumar, A. (2023). Mahatma Gandhi's Vision of Basic Education: Nurturing Hearts, Minds, and Communities. Anu Books.
- Patra, G. (2021). Educational And Social Philosophy Of Mahatma Gandhi. BFC Publications.
- Rani, P. (2021). Application of Philosophy of Gandhian Education in Modern Education. Globus Journal.
- (Undated). Humanistic Approach to Education and Gandhian View points on Values. GTC Hooghly.
- (Undated). Nai Talim: Gandhi's 'New Education'. Oxford Academic.
- (Undated). Gandhi's Educational Thoughts. MKGandhi.org.
- (2021). Mahatma Gandhi and Basic Education. Society.
- (Undated). The Relevance of Basic Education as Propagated by Mahatma Gandhi. Semant Journals.
- (Undated). Mahatma Gandhi and Basic Education. Noble Science Press.
- (2023). Exploring Gandhi's Educational Philosophy. IJCRT.org.
- (2023). Relevance of Mahatma Gandhi Thought of Education in Present Times. IJIRMF.

http://www.shantiejournal.com/ ISSN 2278-4381

# ૨૧મી સદીના અસ્તિત્વલક્ષી પડકારો અને માનવ ઉત્કર્ષ: આધ્યાત્મિક શિક્ષણના સંદર્ભમાં

**Existential Challenges of 21st Century and Human Flourishing: In Context of Spiritual Education**

**સંશોધક:- હર્ષદકુમાર જે વર્મા PhD સ્કોલર HNGU, પાટણ**

**સારાંશ**

એકવીસમી સદી એ વિરોધાભાસોની સદી છે. એક તરફ કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) અને ટેકનોલોજીની હરણફાળ છે. બીજી તરફ માનવીય અસ્તિત્વ અને માનસિક શાંતિ સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. પ્રસ્તુત સંશોધન લેખનો મુખ્ય ઉદ્દેશ્ય ૨૧મી સદીના યુવાનો સામે રહેલા અસ્તિત્વલક્ષી પડકારો જેવા કે હતાશા, મૂલ્યોનું ધોવાણ અને જીવનની નિરર્થકતાનો ભાવ તપાસવાનો છે. પ્રસ્તુત સંશોધન લેખમાં નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB) ના આંકડાકીય વિશ્લેષણ દ્વારા સાબિત કરે છે કે વિદ્યાર્થીઓમાં આત્મહત્યાનું વધતું પ્રમાણ એ આધ્યાત્મિક શૂન્યાવકાશનું પરિણામ છે. અંતમાં, પ્રસ્તુત સંશોધન લેખ ભારતીય ચિંતકોના વિચારો અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના સંદર્ભમાં 'માનવ ઉત્કર્ષ' માટે આધ્યાત્મિક શિક્ષણને એક અનિવાર્ય સમાધાન તરીકે પ્રસ્થાપિત કરે છે.

**મુખ્ય શબ્દો:** અસ્તિત્વલક્ષી સંકટ, માનવ ઉત્કર્ષ, આધ્યાત્મિક શિક્ષણ, વિદ્યાર્થી આત્મહત્યા, NEP 2020.

## 1. પ્રસ્તાવના

માનવ ઇતિહાસમાં 21મી સદી સૌથી વધુ સુવિધાજનક અને સમૃદ્ધ સદી છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે આ જ સદીમાં મનુષ્ય સૌથી વધુ એકલતા અને અશાંતિ અનુભવી રહ્યો છે. આધુનિક શિક્ષણ વ્યવસ્થા વિદ્યાર્થીઓને 'કેવી રીતે કમાવું' તે શીખવે છે, પરંતુ 'કેવી રીતે જીવવું' તે શીખવવામાં ઊણી ઉતરી છે.

આજનો યુવાન 'અસ્તિત્વલક્ષી સંકટ' નો સામનો કરી રહ્યો છે. 'હું કોણ છું?', 'મારા જીવનનો હેતુ શું છે?', 'શું સફળતા માત્ર ભૌતિક સંપત્તિ છે?' જેવા પ્રશ્નોના ઉત્તરો તેને પરંપરાગત શિક્ષણમાંથી મળતા નથી. પરિણામે, દિશાહીનતા અને હતાશા જન્મે છે. આ પરિપ્રેક્ષ્યમાં, શિક્ષણમાં આધ્યાત્મિકતાનો સમાવેશ એ માત્ર નૈતિક સુધારણાનો વિષય નથી, પરંતુ માનવ અસ્તિત્વના રક્ષણ અને ઉત્કર્ષનો ઉપાય છે.

## 2. 21મી સદીના અસ્તિત્વલક્ષી પડકારો

વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓ અને યુવાનો સામે અનેક પડકારો છે, જે સીધા તેમના અસ્તિત્વ અને માનસિક સ્વાસ્થ્યને સ્પર્શે છે.

### 2.1 આત્મહત્યાના ચિંતાજનક આંકડા: એક ચેતવણી

આપણી શિક્ષણ વ્યવસ્થા અને સામાજિક માળખાની નિષ્ફળતાનો સૌથી મોટો પુરાવો આત્મહત્યાના આંકડા છે. ભારત સરકારના NCRB (National Crime Records Bureau) ના ADSI Report મુજબ, વર્ષ 2013માં ભારતમાં 8423 વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હતી. વર્ષ 2023માં આ આંક વધીને 13892 પર પહોંચ્યો છે.

એક દાયકામાં થયેલો આ 65% નો તોતિંગ વધારો દર્શાવે છે કે વિદ્યાર્થીઓમાં જીવન સંઘર્ષ સામે લડવાની આંતરિક શક્તિ ખૂટી રહી છે. આ માત્ર આંકડા નથી, પણ આપણી શિક્ષણ વ્યવસ્થામાં રહેલા 'આધ્યાત્મિક શૂન્યાવકાશ' ની સાબિતી છે.

### 2.2 અર્થહીનતાનો ભાવ

મનુષ્યની સૌથી મોટી જરૂરિયાત 'જીવનના અર્થની શોધ' છે. આજનું શિક્ષણ માહિતીનો ભંડાર આપે છે પણ જીવનનો અર્થ આપતું નથી. પરિણામે, યુવાનો ડ્રગ્સ જેવા વ્યસન અને સોશિયલ મીડિયાના ક્ષણિક સુખોમાં જીવનનો અર્થ શોધવા ફાંફા મારે છે.

**2.3 માનસિક સ્વાસ્થ્ય અને એકલતા**

ડિજિટલ ક્રાંતિએ લોકોને એકબીજા સાથે જોડ્યા છે, છતાં વ્યક્તિગત સ્તરે માણસ વધુ એકલવાયો બન્યો છે. હતાશા, તણાવ અને જીવનનો અર્થ ગુમાવવાની લાગણી વધી રહી છે. આંતરિક શાંતિ અને માનસિક સ્થિરતા જાળવવી એ આધુનિક માનવી માટે કઠિન બની રહ્યું છે.

**2.4 વૈશ્વિક દ્રષ્ટિકોણનો અભાવ**

જેમ કૂવાના દેડકાને એમ લાગે છે કે કૂવો જ આખું જગત છે, તેમ કેટલાક લોકો પોતાની સંકુચિત દુનિયાની બહાર જોઈ શકતા નથી. તેઓ એમ માને છે કે તેમનો પોતાનો જ ધર્મ, પોતાની જ વિચારધારા અને પોતાની જ જીવનશૈલી સર્વશ્રેષ્ઠ છે. આ સંકુચિતતા અસહિષ્ણુતા અને કટ્ટરવાદને જન્મ આપે છે. જ્યારે વૈશ્વિક દૃષ્ટિકોણનો અભાવ હોય છે, ત્યારે રાષ્ટ્રવાદનું સ્થાન ‘ઉગ્ર રાષ્ટ્રવાદ’ લે છે. જે યુદ્ધો અને સંઘર્ષનું કારણ બને છે.

**3. આધ્યાત્મિક શિક્ષણ: સંકલ્પના અને સ્વરૂપ**

સામાન્ય રીતે ધાર્મિક શિક્ષણને જ આધ્યાત્મિક શિક્ષણ માની લેવામાં આવે છે. પરંતુ આ બંને ભિન્ન છે.

- ધર્મ એ બાહ્ય આચરણ અને પૂજા પદ્ધતિ છે.
- આધ્યાત્મિકતા એ આંતરિક યાત્રા છે.

આધ્યાત્મિક શિક્ષણ એટલે વિદ્યાર્થીને સ્વની ઓળખ કરાવવી. તે શરીર, મન અને બુદ્ધિથી પર જઈને આત્માના સ્તરે વિકાસ સાધવાની પ્રક્રિયા છે. તે વિદ્યાર્થીને શીખવે છે કે તે બ્રહ્માંડનો એક અવિભાજ્ય અંશ છે અને તમામ જીવો સાથે જોડાયેલો છે. ધર્મ અને આધ્યાત્મનો ભેદ સમજાવવા શ્રી શ્રી રવિશંકરનો વિચાર રજૂ કર્યો છે. શ્રી શ્રી રવિશંકરનાં મતે, “ ધર્મ અને આધ્યાત્મિકતા વચ્ચે સ્પષ્ટ ભેદ છે. ધર્મએ કેળાની છાલ છે, જ્યારે આધ્યાત્મિકતા એ કેળાનો ગર.”

ધર્મ અને અધ્યાત્મ વચ્ચેનો ભેદ ‘કેળા’ દ્વારા બહુ સરળતાથી સમજી શકાય છે. ધર્મ એ કેળાની છાલ જેવો છે . જે બહારનું રક્ષણાત્મક કવચ છે. તેનું કામ અંદરની વસ્તુને સાચવવાનું છે. પરંતુ જ્યારે આપણે પોષણ મેળવવું હોય, ત્યારે આપણે છાલ નથી ખાતા, પણ અંદરનો ગર ખાઈએ છીએ. તેમ પૂજા-પાઠ કે સંપ્રદાય એ બહારની વ્યવસ્થા છે, પણ સાચું અમૃત તો અંદર રહેલી આધ્યાત્મિકતા છે, જેને આપણે પામવાનું છે.

ધર્મ અને આધ્યાત્મિકતાનો ભેદ સમજ્યા બાદ કહી શકાય કે, આધ્યાત્મિક શિક્ષણ એટલે માત્ર ધર્મગ્રંથોનું વાંચન કે પૂજા-પાઠ નથી. સ્વયંની ઓળખ અને આંતરિક ચેતનાનો વિકાસ. જ્યારે વર્તમાન શાળાકીય શિક્ષણ વ્યક્તિને આજીવિકા રળતા શીખવે છે, ત્યારે આધ્યાત્મિક શિક્ષણ મનુષ્યને સાચું જીવન જીવતા શીખવે છે. વ્યક્તિમાં કરુણા, સત્ય, પ્રેમ અને નૈતિક મૂલ્યોનું સિંચન થાય છે. તે આપણને બહારની ભૌતિક દોડધામ વચ્ચે પણ અંદરની શાંતિ અને સ્થિરતા જાળવી રાખવાની શક્તિ આપે છે. ટૂંકમાં કહીએ તો, આધ્યાત્મિક શિક્ષણ માનવીના ચારિત્ર્યનું ઘડતર કરે છે અને તેને 'હું' ના સંકુચિત દાયરામાંથી બહાર કાઢી, વિશ્વ સાથે એકાત્મભાવ સાધવાની પ્રેરણા આપે છે.

**4. માનવ ઉત્કર્ષમાં આધ્યાત્મિક શિક્ષણની ભૂમિકા**

માનવ ઉત્કર્ષનો સાચો અર્થ માનવીની ચેતના અને ચારિત્ર્યનો સર્વાંગી વિકાસ છે, અને આ પ્રક્રિયામાં આધ્યાત્મિક શિક્ષણ એક મજબૂત આધારસ્તંભ સમાન છે. આધુનિક સમયમાં આ શિક્ષણ મનુષ્યને બાહ્ય દોડધામ વચ્ચે પણ અંતર્મુખ થઈને આત્મનિરીક્ષણ કરતા શીખવે છે. તે સમજ આપે છે કે જીવનમાં સુખ અને શાંતિનો સાચો સ્રોત ભૌતિક સાધનોમાં નહીં, પરંતુ સ્વયંની ભીતર રહેલો છે. વળી, આધ્યાત્મિક શિક્ષણ દ્વારા વ્યક્તિમાં પ્રેમ, કરુણા, સત્ય, અહિંસા અને નિસ્વાર્થ સેવા જેવા ઉચ્ચ ગુણોનું સિંચન થાય છે. આ સંસ્કારો વ્યક્તિને સ્વાર્થથી ઉપર ઉઠાવી ‘વસુધૈવ કુટુંબકમ’ની ભાવના સાથે જોડે છે, જેનાથી સમાજમાં સુમેળ સ્થપાય છે. ટૂંકમાં, વિજ્ઞાન જીવનને સુવિધાપૂર્ણ બનાવે છે, જ્યારે આધ્યાત્મિકતા જીવનને અર્થપૂર્ણ બનાવે છે; આમ બૌદ્ધિક ક્ષમતા અને આત્મિક જાગૃતિનો સમન્વય જ ખરા અર્થમાં માનવ ઉત્કર્ષ તરફ દોરી જાય છે.

આ બાબત પર રવિન્દ્રનાથ ટાગોર કહે છે કે, “આધ્યાત્મિક જગતનો અનુભવ બાળકોએ તેમાં સંપૂર્ણપણે જીવીને પ્રાપ્ત કરવાનો હોય છે, નહીં કે ધાર્મિક સિદ્ધાંતોના શિક્ષણના માધ્યમથી. પરંતુ આ કેવી રીતે કરવું તે વર્તમાન યુગમાં ઉકેલવા માટે એક મુશ્કેલ સમસ્યા છે. કારણ કે આજકાલ માણસોને જાણવાની નવરાશ જ નથી મળતી કે તેમની પ્રવૃત્તિઓમાં માત્ર 'ગતિ' છે પણ 'સત્ય' ખૂબ ઓછું છે અને તેમના આત્માને હજુ પોતાનું જગત જ મળ્યું નથી.”

**4.1 આંતરિક સ્થિરતા**

જીવનમાં જ્યારે નિષ્ફળતા આવે (જેમ કે પરીક્ષામાં ઓછા માર્ક્સ આવે), ત્યારે આધ્યાત્મિક શિક્ષણ વિદ્યાર્થીને ટકી રહેવાનું બળ પૂરું પાડે છે. તે શીખવે છે કે ‘હું માત્ર શરીર કે મન નથી, હું એક શુદ્ધ ચેતના છું.’ આ જ્ઞાન તેને હતાશા અને આત્મહત્યાના વિચારોથી બચાવે છે. ગીતાનો 'સ્થિતપ્રજ્ઞ'નો સિદ્ધાંત અહીં વ્યવહારુ બને છે.

**4.2 મૂલ્યોનું આંતરિકીકરણ**

આજે મૂલ્યો માત્ર પુસ્તકોમાં છે. આધ્યાત્મિક શિક્ષણ દ્વારા સત્ય, પ્રેમ અને અહિંસા વિદ્યાર્થીના સ્વભાવનો ભાગ બને છે. જ્યારે વિદ્યાર્થી ધ્યાન કરે છે, ત્યારે તેનું મન શાંત થાય છે અને શાંત મનમાં જ સાત્વિક ગુણો ખીલે છે.

**4.3 સર્જનાત્મકતા અને એકાગ્રતા**

આધ્યાત્મિક અભ્યાસો મનની ચંચળતા ઘટાડે છે. એકાગ્ર મન કોઈપણ ક્ષેત્રમાં વિજ્ઞાન હોય કે કળા શ્રેષ્ઠ પરિણામ આપી શકે છે.

**4.4 સંકુચિતતાથી મુક્તિ**

આધ્યાત્મિક શિક્ષણ વ્યક્તિને ‘હું અને મારું’ના સીમિત દાયરામાંથી બહાર કાઢી ‘વસુધૈવ કુટુંબકમ’ની ભાવના સાથે જોડે છે. તે મનમાંથી સ્વાર્થ, અહંકાર અને ભેદભાવો દૂર કરી વિશાળ દૃષ્ટિ કેળવે છે, જેનાથી મનુષ્ય સાચા અર્થમાં ‘વિશ્વ માનવી’ બને છે. કૃષ્ણમૂર્તિ જણાવે છે કે, “"ચુસ્ત મતમતાંતરો, રહસ્યવાદ અને કર્મકાંડો આધ્યાત્મિક જીવન માટે પોષક નથી.”

**4.5 નૈતિક મૂલ્યોનું સંવર્ધન**

માત્ર બૌદ્ધિક વિકાસ અધૂરો છે. સાચું ઘડતર ચારિત્ર્યથી થાય છે. આધ્યાત્મિકતા સત્ય, કરુણા, અહિંસા

અને પ્રમાણિકતા જેવા ગુણોનું સિંચન કરે છે. આ મૂલ્યો વ્યક્તિને અનૈતિક માર્ગે જતા રોકી એક શ્રેષ્ઠ અને સંસ્કારી નાગરિક બનાવે છે.

**4.6 જીવનની સાર્થકતા**

જીવનનો અર્થ માત્ર ભૌતિક સુખ કે સંપત્તિ એકઠી કરવાનો નથી. આધ્યાત્મિક શિક્ષણ સમજણ પૂરી પાડે છે કે સાચો આનંદ 'ભોગવવામાં' નહીં પણ 'ત્યાગ' અને 'સેવા'માં છે. નિસ્વાર્થ પરોપકાર દ્વારા જ જીવન ખરા અર્થમાં સાર્થક અને ધન્ય બને છે.

**5. પ્રવર્તમાન શિક્ષણ પ્રણાલીમાં આધ્યાત્મિક શિક્ષણના પ્રયાસો.**

ભારતની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP 2020) માં પણ સર્વાંગી શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો છે. NEP 2020 માં ભારતીય મૂલ્યો અને 'જ્ઞાન પરંપરા' (IKS) નો સમાવેશ એ આ દિશામાં એક સકારાત્મક પગલું છે, જે વિદ્યાર્થીઓને તેમના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મૂળ સાથે જોડે છે.

ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા 'Indian Knowledge System' વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. જેનો ઉદ્દેશ્ય વિશ્વ કલ્યાણ માટે ભારતની અખંડ જ્ઞાન પરંપરાઓ પ્રત્યે રુચિ અને સ્વસ્થ વિવેચનાત્મક આદર જગાડીને ભારતીય માનસને સંપૂર્ણપણે ગુલામીની માનસિકતામાંથી મુક્ત કરવાનો છે.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં 'ભારતીય જ્ઞાન પરંપરા' આધારિત ભગવદ ગીતાના મૂલ્યોને શાળા શિક્ષણમાં સ્થાન આપવામાં આવ્યું છે. જેને વ્યક્તિત્વ વિકાસના માપદંડ તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

**6. તારણો**

1. માત્ર ભૌતિક અને બૌદ્ધિક શિક્ષણ વિદ્યાર્થીઓને જીવનના સંઘર્ષો સામે રક્ષણ આપી શકતું નથી.
2. 21મી સદીના પડકારો 'બાહ્ય' કરતા 'આંતરિક' વધારે છે. આથી, તેનો ઉકેલ પણ આંતરિક ચેતનાના વિકાસમાં છે.
3. આધ્યાત્મિક શિક્ષણ વિદ્યાર્થીઓને જીવનનો 'હેતુ' શોધવામાં મદદ કરે છે, જે માનવ ઉત્કર્ષ માટે અનિવાર્ય છે.

**7. ઉપસંહાર**

21મી સદીમાં યુવા પેઢી દિશાહીન બનીને ભટકી રહી છે. આવા સમયે આધ્યાત્મિક શિક્ષણ દિશા નિર્દેશનું કામ કરી શકે છે.આવતીકાલનો સમાજ માત્ર બુદ્ધિશાળી રોબોટ્સનો નહીં, પણ સંવેદનશીલ અને ચારિત્ર્યવાન મનુષ્યોનો હોય, તો શિક્ષણમાં આધ્યાત્મિકતાનો સ્વીકાર કરવો જ પડશે. માનવ ઉત્કર્ષ ત્યારે જ શક્ય છે જ્યારે શિક્ષણ મગજને માહિતીથી ભરવાને બદલે હૃદયને કરુણા અને આત્માને ચેતનાથી ભરી દે. આ જ ૨૧મી સદીના પડકારોનો એકમાત્ર કાયમી ઉકેલ છે.

**સંદર્ભસૂચિ**

J.Krishnamutrti, Education and The significance of life, Krishnamurti foundation of india

Ministry of Education. (2020). National Education Policy 2020. Govt of India

National Crime Records Bureau (NCRB). (2025). Accidental Deaths & Suicides in India (ADSI) - 2023. New Delhi: Ministry of Home Affairs.

Tagore, Ravindranath(1917) Personality. The Macmillan Company,NewYork

રવિશંકર, બારણે પ્રહાર, શ્રી શ્રી પબ્લિકેશન ટ્રસ્ટ, બેંગ્લોર

https://iksindia.org/

# આંતરિક શાંતિ અને સુખાકારી: વિજ્ઞાન અને અધ્યાત્મના પરિપ્રેક્ષ્યમાં એક સંશોધનાત્મક અહેવાલ

**સંદિપ. બી. જોષી**
**Research Scholar, HNGU**

**સારાંશ**

વર્તમાન સમયમાં માનસિક સ્વાસ્થ્ય અને આંતરિક શાંતિ (Inner Peace) એ માત્ર આધ્યાત્મિક જિજ્ઞાસાનો વિષય નથી, પરંતુ શારીરિક અને માનસિક સુખાકારી (Well-being) માટેની અનિવાર્યતા બની ગઈ છે. આ સંશોધન પેપરનો મુખ્ય ઉદ્દેશ્ય આંતરિક શાંતિની વિભાવનાને પશ્ચિમી મનોવિજ્ઞાન અને પ્રાચીન ભારતીય દર્શનના તુલનાત્મક દ્રષ્ટિકોણથી તપાસવાનો છે. આ અભ્યાસમાં હેડોનિક (Hedonic - સુખલક્ષી) અને યુડોઈમોનિક (Eudaimonic - અર્થપૂર્ણ) સુખાકારી વચ્ચેના ભેદ, ન્યુરો સાયન્સમાં થયેલા આધુનિક સંશોધનો, અને આયુર્વેદ તેમજ ભગવદગીતાના સિદ્ધાંતોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. સંશોધન દર્શાવે છે કે આંતરિક શાંતિએ કોઈ નિષ્ક્રિય અવસ્થા નથી, પરંતુ સભાનતા (Mindfulness), સાક્ષીભાવ અને જૈવિક સંતુલન (Homeostasis) ની સક્રિય પ્રક્રિયા છે. એલિઝાબેથ બ્લેકબર્નના 'ટેલોમર્સ' પરના સંશોધનો અને પ્રાણાયામના 'પંચપ્રાણ' સિદ્ધાંતો સાબિત કરે છે કે મનની શાંતિ સીધી કોષીય સ્વાસ્થ્ય અને આયુષ્યને અસર કરે છે. આ અહેવાલ નિષ્કર્ષ આપે છે કે સાચી સુખાકારી માટે શારીરિક શિસ્ત (સદવૃત્ત), માનસિક સ્થિરતા (ધૈર્ય), અને સામાજિક જોડાણનું સંકલન અનિવાર્ય છે.

**ચાવીરૂપ શબ્દો:** આંતરિક શાંતિ, સુખાકારી, વિજ્ઞાન અને અધ્યાત્મ

## પ્રસ્તાવના

માનવ ઇતિહાસમાં ભૌતિક વિકાસની સાથે-સાથે માનસિક અશાંતિ અને તણાવજન્ય રોગોનું પ્રમાણ વધ્યું છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) સ્વાસ્થ્યની વ્યાખ્યા માત્ર રોગની ગેરહાજરીને નહીં, પરંતુ "શારીરિક, માનસિક અને સામાજિક સુખાકારી" ને પ્રાધાન્ય આપે છે. આધુનિક મનોવિજ્ઞાન અને ચિકિત્સા વિજ્ઞાન હવે સ્વીકારે છે કે 'આંતરિક શાંતિ' (Inner Peace) એ શરીરની રોગપ્રતિકારક શક્તિ અને માનસિક સ્થિતિસ્થાપકતા (Resilience) માટે પાયાનું તત્વ છે.

ગુજરાતી અને ભારતીય સંદર્ભમાં, સુખાકારીને માત્ર વ્યક્તિગત સુખ તરીકે નહીં પરંતુ 'સર્વે ભવન્તુ સુખિનઃ' (સૌ સુખી થાઓ) ની ભાવના સાથે જોડવામાં આવી છે. આ અહેવાલ પશ્ચિમી 'પોઝિટિવ સાયકોલોજી' અને ભારતીય 'આયુર્વેદ અને યોગ' ના સમન્વય દ્વારા આંતરિક શાંતિના વિવિધ આયામોનું ઊંડાણપૂર્વક અન્વેષણ કરે છે.

## સુખાકારીના મનોવૈજ્ઞાનિક આયામો (Psychological Dimensions of Well-being)

મનોવિજ્ઞાનમાં સુખાકારીને બે મુખ્ય પ્રવાહોમાં વહેંચવામાં આવે છે, જે સમજવા આંતરિક શાંતિ માટે જરૂરી છે.

**હેડોનિક વિરુદ્ધ યુડોઈમોનિક અભિગમ**

1. **હેડોનિક સુખાકારી (Hedonic Well-being):**આ અભિગમ ઈન્દ્રિયજન્ય સુખો (Pleasure) અને દુઃખના અભાવ પર કેન્દ્રિત છે. તે ટૂંકા ગાળાનો આનંદ આપે છે, પરંતુ લાંબા ગાળાની શાંતિની ખાતરી આપતું નથી. સંશોધનો મુજબ, માત્ર ભૌતિક સુખો પાછળની દોટ 'હેડોનિક ટ્રેડમિલ' જેવી છે, જ્યાં વ્યક્તિ સંતોષના મૂળ સ્તરે પાછી આવી જાય છે.
2. **યુડોઈમોનિક સુખાકારી (Eudaimonic Well-being):** ગ્રીક શબ્દ 'યુડોઈમોનિયા'નો અર્થ થાય છે 'સારા આત્મા' સાથે જીવવું. આ ખ્યાલ જીવનના અર્થ (Meaning), ઉદ્દેશ્ય (Purpose) અને આત્મ-સાક્ષાત્કાર (Self-realization) સાથે જોડાયેલો છે. અભ્યાસો દર્શાવે છે કે જે લોકો યુડોઈમોનિક જીવનશૈલી જીવે છે, જેમકે સેવા, શીખવું, અને વ્યક્તિગત વિકાસ—તેમના શરીરમાં બળતરા (Inflammation) ઓછી હોય છે અને રોગપ્રતિકારક જનીનો વધુ સક્રિય હોય છે.

**સુખાકારીનું માપન: ReQoL અને WHO-5**

સુખાકારી એ વ્યક્તિલક્ષી (Subjective) અનુભવ છે. તેને માપવા માટે 'WHO-5 Well-being Index' અને 'Recovering Quality of Life' (ReQoL) જેવા સાધનોનો ઉપયોગ થાય છે. ગુજરાતમાં હાથ ધરાયેલા સંશોધનોમાં ReQoL સ્કેલનું ગુજરાતી ભાષાંતર અને માન્યતા (Validation) કરવામાં આવી છે, જે દર્શાવે છે કે સ્થાનિક ભાષા અને સંસ્કૃતિમાં સુખાકારીની અભિવ્યક્તિ કેવી રીતે થાય છે (દા.ત., "હું જે કામ કરતો હતો તેમાં મને મજા આવી"). આ સાબિત કરે છે કે સુખાકારીનો ખ્યાલ માત્ર વૈશ્વિક નથી, પણ સાંસ્કૃતિક સંદર્ભમાં પણ એટલો જ મહત્વપૂર્ણ છે.

**આંતરિક શાંતિનું જૈવિક વિજ્ઞાન (Biological Science of Inner Peace)**

શું મનની શાંતિ શરીરના કોષોને અસર કરી શકે? આધુનિક વિજ્ઞાને આ પ્રશ્નનો સકારાત્મક ઉત્તર આપ્યો છે.

**ટેલોમર્સ અને કોષીય સ્વાસ્થ્ય**

નોબેલ પારિતોષિક વિજેતા એલિઝાબેથ બ્લેકબર્ન (Elizabeth Blackburn) અને એલિસા એપેલના ક્રાંતિકારી સંશોધનોએ દર્શાવ્યું છે કે આપણી રંગસૂત્રો (Chromosomes) ના છેડા પર આવેલા રક્ષણાત્મક કવચ, જેને 'ટેલોમર્સ' (Telomeres) કહે છે, તે તણાવને કારણે ટૂંકા થાય છે. ટેલોમર્સની લંબાઈ સીધી આયુષ્ય અને વૃદ્ધત્વ સાથે સંકળાયેલી છે. ધ્યાન (Meditation) અને આંતરિક શાંતિની અવસ્થા 'ટેલોમરેઝ' (Telomerase) ઉત્સેચકને સક્રિય કરે છે, જે ટેલોમર્સને લાંબા રાખવામાં અને કોષોને અકાળે વૃદ્ધ થતા અટકાવવામાં મદદ કરે છે.

**પંચપ્રાણ અને શારીરિક જોડાણ**

ભારતીય યોગ વિજ્ઞાન મુજબ, શરીર અને મન વચ્ચેનો સેતુ 'પ્રાણ' (Vital Life Force) છે.

પ્રાચીન ગ્રંથોમાં પાંચ મુખ્ય પ્રાણવાયુઓનું વર્ણન છે જે શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય નક્કી કરે છે.

| પ્રાણવાયુ | કાર્યક્ષેત્ર | અસંતુલનની અસર |
|---|---|---|
| પ્રાણવાયુ | શ્વસન, હૃદય, મગજ | ચિંતા,નબળી રોગ પ્રતિકારક શક્તિ |
| અપાન વાયુ | ઉત્સર્જન, પાચન | કબજિયાત, નકારાત્મક વિચારો, ભય |
| સમાન વાયુ | પાચન, ચયાપચય | અસ્થિર મન, નબળું પાચન |
| ઉદાન વાયુ | વાણી, સ્મૃતિ, ઉત્સાહ | આત્મવિશ્વાસનો અભાવ, હતાશા |
| વ્યાન વાયુ | રુધિરાભિસરણ | નબળું પરિભ્રમણ, તણાવ |

જ્યારે આપણે પ્રાણાયામ દ્વારા શ્વાસને નિયંત્રિત કરીએ છીએ, ત્યારે આપણે સીધા આપણી નર્વસસિસ્ટમ (ચેતાતંત્ર) ને શાંત કરીએ છીએ, જે આંતરિક શાંતિનો જૈવિક આધાર છે.

**સોરાયસીસ અને સ્ટ્રેસ રિડક્શન (MBSR)**

જોન કાબત-ઝીન (Jon Kabat-Zinn) ના પ્રખ્યાત અભ્યાસમાં જોવા મળ્યું છે કે જે સોરાયસીસ (Psoriasis) ના દર્દીઓએ ફોટોથેરાપી (UVB Light) ની સાથે 'માઇન્ડફુલનેસ બેઝ્ડ સ્ટ્રેસ રિડક્શન' (MBSR) ધ્યાનનો અભ્યાસ કર્યો, તેમની ત્વચા રૂઝ આવવાની પ્રક્રિયા ઝડપી બની હતી. આ સાબિત કરે છે કે માનસિક શાંતિ શારીરિક રોગ નિવારણમાં ઉત્પ્રેરક (Catalyst) નું કામ કરે છે.

**ભારતીય જ્ઞાન પરંપરા: સ્થિતપ્રજ્ઞ અને ધૈર્ય**

ભારતીય દર્શનમાં આંતરિક શાંતિ એ મનની સ્થિરતા છે.

**સ્થિતપ્રજ્ઞ: આવેગોનું સંતુલન**

ભગવદગીતામાં વર્ણવેલ 'સ્થિતપ્રજ્ઞ' (Sthitaprajna) એટલે જેની બુદ્ધિ સ્થિર છે. આ કોઈ લાગણીશૂન્ય અવસ્થા નથી, પરંતુ લાગણીઓથી પરવશ ન થવાની સ્થિતિ છે. મનોવૈજ્ઞાનિક પરિભાષામાં, આને 'ઈમોશનલ રેગ્યુલેશન' (Emotional Regulation) કહેવાય છે. સ્થિતપ્રજ્ઞ વ્યક્તિ સુખ અને દુઃખ બંનેમાં સમતુલા (Equanimity) જાળવી રાખે છે. આ અવસ્થા 'હોમિયોકિનેટિક્સ' (Homeokinetics) જેવી છે – એટલે કે જીવનના પરિવર્તનો વચ્ચે પણ આંતરિક સંતુલન જાળવવું.

**ધૈર્ય (Mental Fortitude)**

આયુર્વેદ અને યોગમાં માનસિક સ્વાસ્થ્ય માટે 'ધૈર્ય' (Dhairya) નો ગુણ મહત્વનો ગણાયો છે. ચરકસંહિતા મુજબ, ધૈર્ય એટલે મનનું નિયંત્રણ અને વિપરીત સંજોગોમાં પણ પડી ન ભાંગવું. ધૈર્યના ત્રણ સ્તંભ છે.

1. **જ્ઞાન (Jnana):**આધ્યાત્મિક સમજણ.
2. **વિજ્ઞાન (Vijnana):**શાસ્ત્રીય અને વ્યવહારિક જ્ઞાન.
3. **સમાધિ (Samadhi):**મનની એકાગ્રતા.

**સાક્ષીભાવ (Sakshi Bhav)**

શાંતિ મેળવવાનો શ્રેષ્ઠ માર્ગ 'સાક્ષીભાવ' છે. સાક્ષીભાવ એટલે પોતાના વિચારો, લાગણીઓ અને સંવેદનાઓને તટસ્થ રીતે જોવી, તેમાં ભળી જવું નહીં. આધુનિક 'માઇન્ડફુલનેસ' (Mindfulness) આ સિદ્ધાંત પર જ આધારિત છે. જ્યારે વ્યક્તિ સાક્ષી બને છે, ત્યારે તે પ્રતિક્રિયા (Reaction) આપવાને બદલે પ્રતિભાવ (Response) આપે છે.

**આયુર્વેદ: જીવનશૈલી અને સદવૃત્ત (Ayurveda: Lifestyle and Sadvritta)**

આંતરિક શાંતિ માટે આયુર્વેદ માત્ર ઔષધ નહીં, પણ આચાર-વિચાર પર ભાર મૂકે છે.

- **સ્વાસ્થ્યની સાચી વ્યાખ્યા**

આયુર્વેદમાં 'સ્વાસ્થ્ય' એટલે માત્ર રોગનો અભાવ નહીં.

સમદોષઃસમાગ્નિશ્ચસમધાતુમલક્રિયઃ |
પ્રસન્નાત્મેન્દ્રિયમનાઃસ્વસ્થઇત્યભિધીયતે ||

અર્થાત, જેના દોષ, અગ્નિ અને ધાતુ સંતુલિત છે અને જેનો આત્મા, ઇન્દ્રિયો અને મન પ્રસન્ન છે, તે જ સ્વસ્થ છે.

- **સદવૃત્ત: આચારસંહિતા**

માનસિક અને સામાજિક સ્વાસ્થ્ય માટે આયુર્વેદ 'સદવૃત્ત' (Sadvritta) નું પાલન કરવાનું સૂચવે છે. આ નૈતિક અને વર્તણૂક સંબંધી નિયમો છે.

- **વ્યાવહારિક સદવૃત્ત (Ethical Conduct):**સત્ય બોલવું, અહિંસા પાળવી, ચોરી ન કરવી. આનાથી મનમાં ભય અને અપરાધભાવ (Guilt) રહેતો નથી.
- **સામાજિક સદવૃત્ત (Social Conduct):**વડીલોનું સન્માન, અતિથિસત્કાર, અને સમાજસેવા. આ સામાજિક સંબંધોને મજબૂત બનાવે છે.
- **માનસિક સદવૃત્ત (Mental Conduct):**મન પર કાબૂ રાખવો, ઈર્ષ્યા અને ક્રોધનો ત્યાગ કરવો, અને સંતોષ (Contentment) કેળવવો.

**વ્યવહારિક અનુપ્રયોગો (Practical Applications)**

આ સંશોધનના આધારે, આંતરિક શાંતિ કેળવવા નીચે મુજબના ઉપાયો અપનાવી શકાય:

1. **બોધાત્મક પુનઃરચના (Cognitive Reframing):** નકારાત્મક વિચારોને ઓળખી તેને હકારાત્મક દ્રષ્ટિકોણથી જોવા. ગીતામાં પણ અર્જુનના વિષાદને જ્ઞાન દ્વારા દૂર કરવામાં આવ્યો હતો.
2. **કૃતજ્ઞતા જર્નલિંગ (Gratitude Journaling):** રોજિંદા જીવનમાં નાની બાબતો માટે આભાર માનવો. ગુજરાતીમાં 'આભાર' અને 'ધન્યવાદ' ની લાગણી વ્યક્ત કરવાથી મનમાં સકારાત્મકતા વધે છે અને સ્ટ્રેસ હોર્મોન્સ ઘટે છે.
3. **સામાજિક જોડાણ:** એકલતા દૂર કરવા અર્થપૂર્ણ સંબંધો વિકસાવવા. પ્રેમ અને સ્નેહ ઓક્સિટોસિન હોર્મોન વધારે છે, જે કુદરતી તાણ-નિવારક છે.
4. **ધ્યાન અને પ્રાણાયામ:** નિયમિત ધ્યાન ટેલોમર્સનું રક્ષણ કરે છે અને મગજમાં ગામા તરંગો વધારે છે, જે એકાગ્રતા અને શાંતિ માટે જવાબદાર છે.

**નિષ્કર્ષ (Conclusion)**

આંતરિક શાંતિ અને સુખાકારીએ કોઈ આકસ્મિક ઘટના નથી, પરંતુ સભાન પ્રયાસોનું પરિણામ છે. આ અહેવાલ પરથી ફલિત થાય છે કે પશ્ચિમી વિજ્ઞાન (જેટેલોમર્સ અને ન્યુરોટ્રાન્સમીટર્સ પર ધ્યાન કેન્દ્રિત કરે છે) અને ભારતીય દર્શન (જે આત્મા, પ્રાણ અને સદવૃત્ત પર ભાર મૂકે છે) બંને એક જ સત્ય તરફ દોરી જાય છે: સાચી સુખાકારી ભૌતિક સાધનોમાં નહીં, પરંતુ આંતરિક સંતુલનમાં છે.

જ્યારે વ્યક્તિ 'સ્થિતપ્રજ્ઞ' બનીને, 'સદવૃત્ત' નું પાલન કરી, 'સાક્ષીભાવે' જીવન જીવે છે, ત્યારે તે માત્ર માનસિક શાંતિ જ નથી પામતી, પરંતુ શારીરિ કરી તે પણ દીર્ઘાયુ અને સ્વસ્થ બને છે. આધુનિક સમયમાં આ પ્રાચીન અને અર્વાચીન જ્ઞાનનો સમન્વય જ સાચા અર્થમાં 'વેલ-બીઈંગ' નો માર્ગ છે.

Works cited

DHAIRYA (MENTAL FORTITUDE) - Charak Samhita, accessed on December 28 , 2025, https://www.carakasamhitaonline.com/index.php/Dhairya

ELIZABETH BLACKBURN - NobelPrize.org, accessed on December 28 , 2025, https://www.nobelprize.org/stories/women-who-changed-science/elizabeth-blackburn/

EUDAIMONIA AND EUDAIMONIC WELL-BEING BEHAVIORS - VU Research Portal - Vrije Universiteit Amsterdam, accessed on December 28 , 2025, https://research.vu.nl/ws/portalfiles/portal/263729523/eudaimonic%20well-being%20and%20eudaimonic%20wellbeing%20behaviorsexcl%20ch%20246embargo%20-%206501ae58b6e27.pdf

Eudaimonic Well-Being - Encyclopedia of Nutritional Psychology, accessed on December 28 , 2025, https://www.nutritional-psychology.org/encyclopedia/eudaimonic-well-being/

Psychological Well-being and Physical Health: Associations, Mechanisms, and Future Directions - PMC - NIH, accessed on December 28 , 2025, https://pmc.ncbi.nlm.nih.gov/articles/PMC9841922/

Reliability and Validity of Gujarati Version of WHO-5 Well-being Index in Community-dwelling Older Individuals - JCDR, accessed on December 28 , 2025,

https://www.jcdr.net/articles/PDF/17292/60245_CE[Ra1]_F[SK]_PF1(SC_SS)_PFA(SC_SS)_PN(SHU).pdf
Sthitaprajna: Significance and symbolism, accessed on December 28 , 2025, https://www.wisdomlib.org/concept/sthitaprajna
Swasthya and Mental Health: Significance and symbolism, accessed on December 28 , 2025, https://www.wisdomlib.org/concept/swasthya-and-mental-health
Translation of Recovering Quality of Life (ReQoL) to Gujarati: for use in mental health services - ResearchGate, accessed on December 28 , 2025, https://www.researchgate.net/publication/358106745_Translation_of_Recovering_Quality_of_Life_ReQoL_to_Gujarati_for_use_in_mental_health_services

# શ્રીમદ્ ભગવદ્ ગીતાનું મનોવિજ્ઞાન અને માનવજીવનમાં આધ્યાત્મિક શિક્ષણની જરૂરિયાત

સંશોધક:-
પંચાલ અંકિતકુમાર કમલેશકુમાર
(રીસર્ચ સ્કોલર :- HNGU PATAN )

**સારાંશ (Abstract)**

આજના આધુનિક યુગમાં મનુષ્ય ભૌતિક સુખ-સુવિધાઓ વચ્ચે હોવા છતાં માનસિક તણાવ, અશાંતિ અને દિશાહીનતાનો સામનો કરી રહ્યો છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા માત્ર એક ધાર્મિક ગ્રંથ નથી, પરંતુ તે માનવ મનનું ઊંડું મનોવિજ્ઞાન સમજાવતું માર્ગદર્શન છે. આ સંશોધન પત્ર ગીતામાં વર્ણવેલ મનોવૈજ્ઞાનિક પાસાઓ જેમ કે સ્થિતપ્રજ્ઞતા, કર્મયોગ અને ગુણત્રય વિભાગનું વિશ્લેષણ કરે છે અને વર્તમાન સમયમાં આધ્યાત્મિક શિક્ષણ શા માટે અનિવાર્ય છે તેની ચર્ચા કરે છે.

ચાવીરૂપ શબ્દો: શ્રીમદ ભગવદ ગીતા, આધ્યાત્મિક શિક્ષણ

**■ પ્રસ્તાવના**

કુરુક્ષેત્રના યુદ્ધમેદાનમાં અર્જુન જ્યારે વિષાદ (Depression/Anxiety) માં સરી પડ્યો હતો, ત્યારે શ્રીકૃષ્ણે આપેલો ઉપદેશ એ વિશ્વનો પ્રથમ 'કાઉન્સેલિંગ સેશન' ગણાય છે. ગીતા એ મનુષ્યના મનનો અરીસો છે. તે મનુષ્યના આંતરિક સંઘર્ષોને ઉકેલવા માટેની ચાવી આપે છે.

**■ શીર્ષક**

પ્રસ્તુત અભ્યાસનું શીર્ષક આ મુજબ છે. **શ્રીમદ્ ભગવદ્ ગીતાનું મનોવિજ્ઞાન અને માનવજીવનમાં આધ્યાત્મિક શિક્ષણની જરૂરિયાત**

**■ અભ્યાસનું મહત્વ**

પ્રસ્તુત સંશોધનમાંથી મળેલ શિક્ષણની ભિન્ન પદ્ધતિઓ દ્વારા વિદ્યાર્થીઓ સામે રજૂ કરવામાં આવે તો તે ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. આથી સંશોધન કરવાથી શીખવાની પ્રક્રિયા ઝડપી બને છે. ►શિક્ષણ એ ગતિશીલ પ્રક્રિયા છે, તે માત્ર પુસ્તકીયું જ્ઞાન નથી.

►શિક્ષણ મેળવવામાં વિદ્યાર્થી, શિક્ષક અને સમાજને ફાયદો થશે.

►શિક્ષણ સંબંધિત કાર્ય કરવા ઈચ્છતા અન્ય શિક્ષકો અને વિદ્યાર્થીઓને મદદરૂપ થશે.

►શિક્ષણ એ આજીવન ચાલતી પ્રક્રિયા છે, તે માત્ર શાળા પૂરતું મર્યાદિત નથી.

■અભ્યાસ ના હેતુઓ :

**પ્રયોગની દિશા નક્કી કરવા અને સચોટ પરિણામ પ્રાપ્ત કરવા માટે સંશોધન કાર્યના હેતુઓ સ્પષ્ટ હોવા અતિ આવશ્યક છે. યોગ્ય અને સ્પષ્ટ હેતુઓની પસંદગી જ શ્રેષ્ઠ પરિણામ**

**તરફ લઈ જાય છે. હેતુઓને નિર્ધારિત કરવાની શક્તિ ગતિ આપે છે. આ દ્રષ્ટિએ સંશોધન કાર્યમાં હેતુઓ નીચે મુજબ છે:**

**પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે:**

૧. શ્રીમદ ભગવદ ગીતાનો અભ્યાસ કરવો.

૨. ગીતામાં રહેલ મૂલ્યોનો અભ્યાસ કરવો.

૩. ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે શ્રદ્ધા પેદા કરવી.

૪. ગીતામાં રહેલ મૂલ્યોને શૈક્ષણિક કાર્યમાં ઉતારવા.

**■સંશોધનનું ક્ષેત્ર :**

**સંશોધન ક્ષેત્રની પસંદગી એ સંશોધન પ્રક્રિયા માટે ખૂબ જ મહત્વ ધરાવે છે. કારણ કે આ ક્ષેત્ર પસંદ કર્યા પછી જ સંશોધન પ્રક્રિયા આગળ વધી શકે છે. અભ્યાસના ક્ષેત્રોને આ પ્રમાણે વહેંચી શકાય છે: શૈક્ષણિક મનોવિજ્ઞાન, શૈક્ષણિક સમાજશાસ્ત્ર, શૈક્ષણિક વિષય શિક્ષણ, માર્ગદર્શન અને સહાય, માપન અને મૂલ્યાંકન વગેરે છે. હાલ પ્રસ્તુત સંશોધન મૂલ્ય શિક્ષણના ક્ષેત્રમાં કરવામાં આવ્યું હોવાથી સંશોધનનુ ક્ષેત્ર 'મૂલ્ય શિક્ષણ' છે.**

■ સંશોધનનો પ્રકાર :

**પ્રસ્તુત અભ્યાસમાં જે પુસ્તક, નિયમો કે સિદ્ધાંતોને વ્યવહારમાં મૂકવાનો ઉદ્દેશ્ય રહેલો હોવાથી પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક પ્રકારનું છે.**

**■ ગીતાનું મનોવૈજ્ઞાનિક પાસું**

શ્રીમદ્ ભગવદ્ ગીતા મનુષ્યની માનસિક સ્થિતિઓને ત્રણ મુખ્ય દ્રષ્ટિકોણથી સમજાવે છે:

**1.મન પર નિયંત્રણ (Mind Control)**

ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે:

"ચંચલં હિ મનઃ કૃષ્ણ પ્રમાથિ બલવદ્દૃઢમ્"

મન અતિશય ચંચળ છે, પરંતુ તેને 'અભ્યાસ' અને 'વૈરાગ્ય' દ્વારા કાબૂમાં કરી શકાય છે. આજના મનોવિજ્ઞાનમાં જેને 'Mindfulness' કહેવામાં આવે છે, તેનો પાયો ગીતામાં હજારો વર્ષો પહેલાં નખાયો હતો.

**૨. સ્થિતપ્રજ્ઞતા (Emotional Intelligence)**

જે વ્યક્તિ સુખમાં છકી જતી નથી અને દુઃખમાં હિંમત હારતી નથી તે 'સ્થિતપ્રજ્ઞ' છે. આ ખ્યાલ આધુનિક મનોવિજ્ઞાનના 'Resilience' (સ્થિતિસ્થાપકતા) સાથે સુસંગત છે.

**3 .ત્રણ ગુણોનું મનોવિજ્ઞાન (Psychology of Three Gunas)**

ગીતામાં પ્રકૃતિના ત્રણ ગુણો વર્ણવ્યા છે જે માનવ વર્તનને પ્રભાવિત કરે છે:

સત્ત્વ ગુણ: જ્ઞાન, સુખ અને શાંતિ.

રજસ ગુણ: તૃષ્ણા, અતિશય કાર્ય અને રાગ-દ્વેષ.

તમસ ગુણ: આળસ, પ્રમાદ અને અજ્ઞાન.

**■. આધુનિક જીવનમાં આધ્યાત્મિક શિક્ષણની જરૂરિયાત**

આધ્યાત્મિક શિક્ષણ એટલે માત્ર ધાર્મિક ક્રિયાકાંડ નહીં, પણ પોતાની જાતને સમજવાની પ્રક્રિયા. તેની જરૂરિયાત નીચેના મુદ્દાઓ પરથી સમજી શકાય છે:

► માનસિક સ્વાસ્થ્ય (Mental Health):

આજના યુગમાં ડિપ્રેશન અને એન્ઝાયટીના કેસો વધી રહ્યા છે. ગીતાનું શિક્ષણ વ્યક્તિને વર્તમાનમાં જીવતા શીખવે છે, જે માનસિક સ્વાસ્થ્ય માટે ઉત્તમ ઔષધ છે.

►નિર્ણય શક્તિ (Decision Making):

અર્જુનની જેમ જ્યારે મનુષ્ય 'શું કરવું અને શું ન કરવું' (To be or not to be) ની મૂંઝવણમાં હોય, ત્યારે ગીતાના સિદ્ધાંતો તટસ્થ નિર્ણય લેવામાં મદદ કરે છે.

►નૈતિક મૂલ્યોનું જતન:

ભૌતિકવાદની દોડમાં માણસ નૈતિકતા ભૂલતો જાય છે. આધ્યાત્મિક શિક્ષણ નિઃસ્વાર્થ ભાવે કર્મ (કર્મણ્યેવાધિકારસ્તે...) કરવાની પ્રેરણા આપે છે.

**►કર્મયોગ: કાર્યક્ષમતાનું વિજ્ઞાન**

ગીતાનો કર્મયોગ શીખવે છે કે પરિણામની ચિંતા કર્યા વગર માત્ર કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ (Yoga \ karmasu \ kaushalam). આ સિદ્ધાંત કોર્પોરેટ જગતમાં 'Performance Pressure' ઘટાડવા માટેનો શ્રેષ્ઠ માર્ગ છે. જ્યારે વ્યક્તિ પરિણામના મોહમાંથી મુક્ત થાય છે, ત્યારે તેની કાર્યક્ષમતા (Productivity) માં અનેકગણો વધારો થાય છે.

**■. સંશોધનનું તારણ (Conclusion)**

શ્રીમદ્ ભગવદ્ ગીતા એ માત્ર અર્જુન માટે નહીં, પણ સમગ્ર માનવજાત માટેની 'લાઇફ મેન્યુઅલ' છે. ગીતાનું મનોવિજ્ઞાન વ્યક્તિને આંતરિક શાંતિ તરફ દોરી જાય છે, જ્યારે આધ્યાત્મિક શિક્ષણ તેને બાહ્ય જગત સાથે સંતુલિત રીતે જીવતા શીખવે છે. શિક્ષણ પ્રણાલીમાં જો ગીતાના આ મનોવૈજ્ઞાનિક પાસાઓનો સમાવેશ કરવામાં આવે, તો આપણે એક તણાવમુક્ત અને સુસંસ્કૃત સમાજનું નિર્માણ કરી શકીએ છીએ.

**■સંદર્ભ (References)**

શ્રીમદ્ ભગવદ્ ગીતા (તત્વવિવેચની ટીકા) - ગીતા પ્રેસ ગોરખપુર.

સાયકોલોજી એન્ડ સ્પિરિચ્યુઆલિટી - વિવિધ સંશોધન લેખો.

"The Holy Geeta" - સ્વામી ચિન્મયાનંદ.

# શારીરિક અને માનસિક સ્વાસ્થ્યમાં સુધારો

પ્રા. પૂર્વાક્ષી ગોવિંદભાઈ પ્રજાપતિ
શ્રી. એન. એસ. દેસાઇ કૉલેજ ઑફ એજ્યુકેશન, ખેરાલુ

- **પ્રસ્તાવના** :-

મન અને શરીર વચ્ચે ઘણો તફાવત છે તેમ છતાં માનસિક સ્વાસ્થ્ય અને શારીરિક સ્વાસ્થ્યને ધ્યાનમાં લેતી વખતે બંનેને અલગ જોઈ શકાય નહીં. ખરાબ માનસિક સ્વાસ્થ્ય વ્યક્તિના જીવનના પરિણામો પર માઠી અસર કરે છે. માનસિક બીમારી, ચિંતા અને ડિપ્રેશનથી લઈને ખાવાની વિકૃતિઓ અને સ્કિઝોફેનિયા સુધી બદલાય છે. આપણે કોઈ પણ માનસિક વિકાર તમારા શરીરની યોગ્ય રીતે કામ કરવાની ક્ષમતાને અસર કરે છે. અને આયુષ્ય પણ ઘટાડી શકે છે.

જ્યારે કોઈ વ્યક્તિ માનસિક સમસ્યાઓથી પીડાય છે, તણાવમાં હોય, ચિંતા હોય કે ડિપ્રેશન હોય તો મગજ શરીરને અલગ રીતે સિગ્નલ મોકલે છે. ઉ.દા. તરીકે તણાવપૂર્વક પરિસ્થિતિઓમાં કેટલાક હોર્મોનલ વિક્ષેપ થાય છે. આ એટલા માટે છે કારણ કે આપણુ શરીર આપણાં મગજના આદેશ પર ચાલે છે જે આપણુ માનસિક સ્વાસ્થ્ય છે. મગજમાં ચેતાપ્રેષકોની અનિયમિત પ્રવૃતિ માનસિક વિક્ષેપ દરમિયાન થાય છે. જે ક્રોનિક થાક, હોર્મોનલ અસંતુલન, હૃદય રોગ, અસ્થમાનો હુમલો, બ્લડ પ્રેશરમાં વધારો, અનિદ્રા, સ્થૂળતા અને પીડા પ્રત્યે સંવેદનશીલતામાં વધારો વગેરેનું કારણ બની શકે છે.

- **માનસિક સ્વાસ્થ્યનો અર્થ** :-

તમારા મનની સારી સ્થિતિ. જ્યારે તમે તણાવ, ચિંતા, ડિપ્રેશનથી મુકત હોય,તમે તમારા જીવનમાં ખુશી, શાંતિ અને સંતોષ હોય, ત્યારે તમે માનસિક રીતે સ્વસ્થ છો એવું માનવામાં આવે છે. આમાં તમારા વિચારો, વર્તનો અને સબંધોનો પણ સમાવેશ થાય છે.

દૈનિક જીવનમાં ભાવનાઓ, ઇચ્છાઓ, જીવનની વાસ્તવિકતાઓનો સામનો કરવાનું અને તેનો સ્વીકાર કરવાનું સામર્થ્ય. – કુપ્પુસ્વામી

- **શારીરિક સ્વાસ્થ્યનો અર્થ** :-

શારીરિક સ્વાસ્થ્ય એટલે તમારા શરીરની સારી સ્થિતિ. જ્યારે તમારું શરીર ઊર્જાથી ભરેલું હોય, રોગોથી મુક્ત હોય અને તમે શારીરિક રીતે સક્રિય હોવ, ત્યારે તમે શારીરિક રીતે સ્વસ્થ છો એવું માનવામાં આવે છે.

શારીરિક સ્વાસ્થ્ય એટલે  શરીરની એવી સ્થિતિ જેમાં તમામ અંગો અને તંત્રો સારી રીતે કામ કરે છે. તેનો અર્થ તમે શારીરિક રીતે ફિટ છો.

WHO મુજબ શારિરીક સ્વાસ્થ્ય એટલે શારીરિક, માનસિક અને સામાજિક રીતે સંપૂર્ણ સુખાકારીની સ્થિતિ, માત્ર રોગની ગેરહાજરી નહીં.

- **માનસિક સ્વાસ્થ્ય અને શારીરિક સ્વાસ્થ્ય વચ્ચેનો સંબંધ** :-

જ્યારે મન બીમાર હોય ત્યારે શારીરિક લક્ષણો જેમ કે થાક, માથાનો દુખાવો થઈ શકે છે અને શારીરિક બીમારી માનસિક સ્વાસ્થ્યને અસર કરે છે તેથી બંનેનું સંતુલન જરૂરી છે.

❖ સક્રિય રહો : શારીરિક પ્રવૃતિ મગજમાં સકારાત્મક ઊર્જા લાવે છે.

❖ સંતુલન જાળવો: યોગ જેવા આસનો શારીરિક અને માનસિક સંતુલન માટે ઉત્તમ છે.

❖ નવા કૌશલ્યો શીખો: કઈંક નવું શીખવાથી મગજ સક્રિય રહે છે.

- **માનસિક સ્વાસ્થ્ય સુધારવા** :-

❖ તણાવનું સંચાલન: ધ્યાન, ઊંડા શ્વાસ લેવા, સંગીત સાંભળવું અથવા પ્રકૃતિમાં સમય વિતાવવાથી શાંતિ મળે છે.

❖ સોશિયલ મીડિયાનો ઓછો ઉપયોગ: તેની સરખામણીથી બચો. જે માનસિક સ્વાસ્થ્યને નુકશાન પહોંચાડે છે.

❖ પોતાના માટે સમય: દરરોજ થોડો સમય પોતાની મનપસંદ પ્રવૃતિઓ માટે કાઢો.

- ❖ <u>સકારાત્મક રહો</u>: નકારાત્મક વિચારોને બદલે સકારાત્મક વિચારો કેળવો.
- ❖ <u>લોકો સાથે જોડાઓ</u>: મિત્રો અને પરિવાર સાથે વાતચીત કરવાથી સારું લાગે છે.
- ❖ <u>કૃતજ્ઞતા</u>: દરરોજ એવી વસ્તુ યાદ કરો જેના માટે તમે આભારી છો.

➢ **શારિરીક સ્વાસ્થ્ય સુધારવા :-**

- ❖ **<u>યોગ અને કસરત</u>: યોગ, વ્યાયામ કે માત્ર ચાલવાથી શરીર અને મન બંને મજબૂત બને છે તથા તણાવ ઘટે છે.**
- ❖ **<u>તંદુરસ્ત આહાર</u>: પ્રોટીન, ફળો, શાકભાજી અને પાણીનો સમાવેશ કરો. ખાંડ અને તળેલું ઓછું ખાઓ કારણ કે મગજને અસર કરે છે.**
- ❖ **<u>પૂરતી ઊંઘ</u>: દરરોજ એક જ સમયે સૂવા – જાગવાની ટેવ પાડો અને સૂતા પહેલા મોબાઈલ કે ટી.વી. જોવાનું ટાળો.**

➢ **માનસિક સ્વાસ્થ્ય અને શારીરિક સ્વાસ્થ્યનું શિક્ષણમાં મહત્વ :-**

- ❖ માનસિક અને શારીરિક રીતે સ્વસ્થ અધ્યેતા અને અધ્યાપક પોતાની ભૂલોનું સતત આંતર નિરીક્ષણ કરે છે. તેની મર્યાદાઓથી પરિચીત થઈ મર્યાદાઓને દૂર કરવાનો પ્રયત્ન કરે છે.
- ❖ વ્યક્તિ પોતાની મર્યાદાઓથી સભાન થાય છે. અને તેનામાં આત્મવિશ્વાસનો વધારો થાય છે.
- ❖ જીવનના પ્રત્યેક પાસાને હકારાત્મક દ્રષ્ટિકોણથી જુએ છે. તેઓ નિરાશાવાદી વલણ અપનાવતા નથી.
- ❖ તેમનામાં કર્તવ્યનિષ્ઠા, નિયમબદ્ધતા અને સમયપાલન અંગે સભાનતા હોય છે.
- ❖ તેઓ ગમે તેવી પરિસ્થિતિમાં સંવેગો અને ઇન્દ્રિયો પર કાબુ મેળવી શકે છે.
- ❖ માનસિક રીતે સ્વસ્થ અધ્યેતા અને અધ્યાપક સર્જનાત્મક કાર્ય કરવા માટે પ્રેરાય છે.
- ❖ તેમનામાં પડકારોનો સામનો કરવાની પરિપક્વતા હોય છે અને ભાવાત્મક સંતુલન હોય છે.
- ❖ તે અન્ય વ્યક્તિઓને આદર અને સન્માન આપે છે.

- ઉપસંહાર :-

મન અને શરીર આપણી પાસે રહેલા ખજાના જેવા છે અને મન – શરીર જોડાણ
માટે એક સર્વાંગી અભિગમ પીડામુક્ત અને પરિપૂર્ણ જીવનની ખાતરી આપી શકે છે.
તમે તેમને કેટલા ઊંડાણપૂર્વક એકીકૃત કરી શકો છો તે નિર્ણય તમારે આજે જ લેવો જોઈએ અને તેના પર કાર્ય કરવું જોઈએ . અંતે, સકારાત્મક મનોવિજ્ઞાન ભવિષ્યમાં ઘણી સારવારનો માર્ગ ખોલી શકે છે.

- **સંદર્ભ**:


- અધ્યેતા વિકાસ અને અધ્યયન – અધ્યાપન પ્રક્રિયા (અમોલ પ્રકાશન, વારિષેણ પ્રકાશન)
- અધ્યેતાનો વિકાસ અને અધ્યયન – અધ્યાપન પ્રક્રિયા (અક્ષર પબ્લિકેશન, અમદાવાદ)
- અધ્યેતાનો વિકાસ અને અધ્યયન – અધ્યાપન પ્રક્રિયા (નીરવ પ્રકાશન)
- ઇન્ટરનેટ / www.google.com

# પ્રકૃતિ સાથેનું જોડાણ તથા શિક્ષણમાં તેનો વિનિયોગ

DR. ALPNABEN A. PARMAR

**શ્રી એન.એસ.દેસાઇ કૉલેજ ઑફ એજ્યુકેશન, ખેરાલુ**

**પ્રસ્તાવના**

પ્રકૃતિ એટલે કુદરત. દરેક વ્યક્તિ પ્રકૃતિની વચ્ચે રહીને જીવન જીવતો હોય છે. પ્રકૃતિ વિના મનુષ્યનું અસ્તિત્વ શક્ય નથી. પ્રકૃતિ પર મનુષ્ય આશ્રિત રહીને પોતાનું જીવન ધોરણ ચલાવતો આવ્યો છે. પ્રકૃતિ અને મનુષ્ય પરસ્પર એકબીજાનું અભિન્ન અંગ બની ગયું છે. પ્રકૃતિથી મનુષ્યને અલગ કરી દેવામાં આવે તો તેનામાં મનુષ્યના વિશેષ ગુણોનો વિકાસ થતો નથી. પ્રકૃતિ સાથે જોડાવાનો અર્થ જ મનુષ્યનો વિકાસ છે. પ્રકૃતિ સાથે જોડાવાનો અર્થ જ પ્રાકૃતિક વાતાવરણની સાથે શારીરિક,માનસિક, સાવેગીક, આધ્યાત્મિક સંબંધ બનાવવો. જ્યારે આપણે ઝાડ,પાન,છોડ,નદીઓ,પહાડો,જંગલો,પશુ,પક્ષીઓ તથા પ્રાકૃતિક તત્વો સાથે સમય વિતાવીએ છીએ ત્યારે આપણે પ્રકૃતિ સાથે સાચા અર્થમાં જોડાઈએ છીએ.

➢ **પ્રકૃતિ સાથે જોડાવું શા માટે જરૂરી છે?**

વર્તમાન સમયમાં મનુષ્ય પ્રકૃતિથી દૂર થઈ રહ્યો છે. વિજ્ઞાન અને ટેકનોલોજીની અવનવી શોધોએ મનુષ્યને પ્રકૃતિથી દૂર કરી દીધો છે. આજની દોડભાગની રોજિંદી જિંદગીમાંથી મનુષ્યને પ્રકૃતિના ખોળે જવાનો કે પ્રકૃતિનું સાનિધ્ય માણવાનો પણ સમય રહ્યો નથી. ગામડાઓ હવે મોટા-મોટા કોક્રિટના જંગલોમાં ફેરવાઈ રહ્યા છે. મનુષ્ય પ્રકૃતિને ભૂલી અવનવી તકનીકો તથા મશીનોનો વ્યસની બની ગયો છે. આવા વાતાવરણના કારણે પ્રકૃતિથી વિમુખ બનેલા મનુષ્યને પ્રકૃતિ તરફ વાળવો અતિ જરૂરી બની ગયો છે.

થોડા સમય પહેલા આવેલી કોરોના રૂપી મહામારીએ ફરીવાર મનુષ્યને પ્રકૃતિ સાથે જોડી દેવામાં મોટી ભૂમિકા ભજવી છે. આ સમય દરમિયાન ઝાડ,નદીઓ,જંગલો,પહાડો તથા ગ્રામ્ય સંસ્કૃતિની તરફ મનુષ્ય પાછો ફર્યો છે. આમ, પ્રકૃતિમાં પાછા ફરેલા મનુષ્યને પ્રકૃતિએ પુનઃ સ્વસ્થ,સંતુલિત અને આનંદાયી જીવન જીવવામાં મદદ કરી છે.

➢ **પ્રકૃતિ સાથે જોડાવાના ફાયદાઓ**

- માનસિક શાંતિ મળે છે.
- માનસિક તણાવ,ચિંતા ઓછી થાય છે.
- શારીરિક સ્વાસ્થ્ય સારું રહે છે.
- કુદરતી વાતાવરણ શારીરિક સ્વાસ્થ્ય માટે લાભકારક છે.
- એકાગ્રતા વધે છે.
- કોઈપણ કામમાં સારી રીતે મન લગાવી શકાય છે.

- રચનાત્મક અભિવ્યક્તિ વધે છે.
- નવા વિચારો અને સકારાત્મક વિચારનો વિકાસ થાય છે.
- ભાવનાત્મક સંતુલન ધીરજ અને સ્વ સંતોષ વધે છે.

➢ **શિક્ષણમાં પ્રકૃતિના જોડાણનો ઉપયોગ**

પ્રકૃતિના જોડાણના માધ્યમથી શિક્ષણ રસપ્રદ,પ્રભાવશાળી તથા અનુભવલક્ષી બને છે. જ્યારે બાળકો કુદરતના ખોળે શીખે છે ત્યારે એમનો સર્વાંગી વિકાસ થાય છે. બાળકોનો શારીરિક-માનસિક-સાંવેગીક વિકાસમાં વધારો થતો જોવા મળે છે.

**1. અનુભવલક્ષી શિક્ષણ**

બાળકો પુસ્તકોની સાથે સાથે પ્રકૃતિ પાસેથી ઘણું બધું શીખે છે. જ્યારે એ કુદરતના સાનિધ્યમાં જાય છે ત્યારે તે અનુભવ મેળવી છે. વૃક્ષ કોને કહેવાય? છોડ કોને કહેવાય? વેલ કોને કહેવાય? આ ઉપરાંત વૃક્ષોની વિવિધ જાતો જેવી કે ઔષધીય વૃક્ષ. ફક્ત શો આપનારો વૃક્ષ, ઇમારતી લાકડું આપનાર વૃક્ષ, ફળ ફૂલ આપનાર વૃક્ષ વગેરે વચ્ચેના ભેદ એ પાકી શકે છે. એ વિવિધ પ્રકારના જીવજંતુઓની ગહન ઓળખ મેળવી શકે છે. જળચર પ્રાણી, વન્ય જીવો, સસ્તન પ્રાણીઓ વગેરેનો ભેદ એ પારખી શકે છે. કુદરત આધારિત ઋતુઓ અંગે જાણી સમજી શકે છે. કઈ ઋતુઓમાં કઈ ખેતી થાય અને કઈ ના થાય એ વિશે એ અનુભવથી જાણકારી પ્રાપ્ત કરે છે. માટી, પાણી, પહાડો, નદીઓ, જંગલો વિશે ઘણી ઊંડી સમજ અનુભવ દ્વારા બાળક પ્રાપ્ત કરી શકે છે.

**2. એકાગ્રતા અને સ્મરણ શક્તિમાં વધારો**

પ્રાકૃતિક વાતાવરણમાં અભ્યાસ કરવાથી ધ્યાન કેન્દ્રિત થાય છે. ઝીણામાં ઝીણી બાબત કે બહુ લંબાણપૂર્વકની બાબતો, નિયમો, સૂત્ર વગેરે યાદ રાખવાની ક્ષમતામાં વધારો થાય છે.

**3. શિક્ષણ અભિગમ પ્રક્રિયામાં પ્રકૃતિ જોડાણનું મહત્વ**

➢ **અનુભવાત્મક શિક્ષણ** :

વિદ્યાર્થીઓ કુદરત પાસેથી સીધેસીધું જ્ઞાન પ્રાપ્ત કરે છે. ઉદાહરણ તરીકે: બાગમાં ભણાવવું, વૃક્ષારોપણની પ્રવૃત્તિ કરાવવી, પ્રકૃતિ ભ્રમણ વગેરે.

➢ **બાળ કેન્દ્રિત શિક્ષણને પ્રોત્સાહન** :

- વિદ્યાર્થીમાં જિજ્ઞાસા અને રચનાત્મકતા વધારવી.
- શીખવવું, રસપ્રદ અને પ્રભાવશાળી બને છે.

**4. શાળાઓમાં પ્રકૃતિ જોડાણ કેવી રીતે અમલમાં મુકવું**

- શાળામાં માં ગ્રીન કોર્નર બનાવવો.
- વૃક્ષારોપણ કાર્યક્રમ કરાવવો.

- જળ સંરક્ષણ યોજના બનાવવી.
- સ્વચ્છતા અને પર્યાવરણ દિવસ ઉજવવો.
- આઉટડોર ક્લાસ રૂમનો ઉપયોગ કરવો.

**5. નવી શિક્ષણ નીતિ(NEP-2020) અને પ્રકૃતિ જોડાણ**

- પર્યાવરણ શિક્ષણ.
- જીવન કૌશલ્ય.
- અનુભવાત્મક અને સમગ્ર શિક્ષણ પર વિશેષ પ્રભાવ.

**6. બી . એડ.પરીક્ષાના ઉત્તરો લખવા માટેના મુદ્દાઓ**

- વ્યાખ્યા
- મહત્વ
- શિક્ષક શિક્ષણની ભૂમિકા
- વિદ્યાલય/શાળા સ્તરે પ્રયોગ

**નિષ્કર્ષ**

પ્રકૃતિ સાથેનું જોડાણ બી.એડ. ના વિદ્યાર્થીઓ માટે ફક્ત વ્યક્તિગત વિકાસનું સાધન જ નથી પરંતુ એમને જવાબદાર સંવેદનશીલ અને પ્રભાવી શિક્ષક બનવામાં સહાયક બને છે. આજના પર્યાવરણીય સંકટ સામે આ શિક્ષણ એક અનિવાર્ય અંગ બની ચૂક્યું છે.

## સંદર્ભ

પર્યાવરણીય અભ્યાસ
પર્યાવરણ અધ્યયન
પર્યાવરણ અને સ્થિરતા
પર્યાવરણ

# Teacher Perspectives on Spiritual Education as a Human Necessity in the Context of Aggression among Upper Primary School Students

ASHISHKUMAR K. PRAJAPATI
Research Scholar (PH.D.)
Swaminarayan University, Saij, Kalol

DR. GUNJAN SHAH
Research Guide,
Swaminarayan University, Saij, Kalol

**Abstract**

Aggression among upper primary school students has emerged as a significant concern in contemporary educational settings. Behavioral issues such as verbal abuse, physical conflict, intolerance, and lack of empathy are increasingly observed by teachers in classrooms. These challenges indicate a deeper emotional and moral imbalance that cannot be addressed solely through disciplinary measures or academic instruction. Spiritual education, which emphasizes inner awareness, moral values, emotional regulation, and empathy, is increasingly viewed by teachers as a human necessity for addressing aggressive tendencies in students. The present paper explores teacher perspectives on the role of spiritual education in managing and reducing aggression among upper primary school students. It examines how teachers perceive spiritual education as essential for emotional stability, moral development, and social harmony. The paper also discusses classroom practices, challenges faced by teachers, and strategies for integrating spiritual education into upper primary education. The study concludes that teachers regard spiritual education as a vital and preventive approach to addressing aggression and promoting holistic development among learners.

**Keywords:** Spiritual Education, Teacher Perspectives, Aggression, Upper Primary Students, Holistic Development

## 1. Introduction

Education at the upper primary stage (Classes VI–VIII) plays a crucial role in shaping students' behavior, attitudes, and emotional patterns. This developmental stage is marked by rapid physical growth, emotional sensitivity, identity formation, and increased social interaction. In recent years, teachers have observed a noticeable rise in aggressive behaviors among upper primary students, including anger outbursts, bullying, disobedience, and intolerance toward peers.

Aggression at this stage is influenced by multiple factors such as family environment, exposure to digital media, academic pressure, peer competition, and lack of emotional guidance. Teachers often find that punitive disciplinary methods provide only temporary solutions and may even intensify aggressive tendencies. As a result, educators are increasingly recognizing the need for deeper, value-oriented interventions.

Spiritual education, which focuses on inner growth, self-awareness, empathy, and moral values, is perceived by teachers as a human necessity for addressing aggression in students. This paper aims to explore teacher perspectives on spiritual education as an essential component in managing aggression and fostering emotional balance among upper primary school students.

## 2. Concept of Spiritual Education

Spiritual education refers to the nurturing of the inner dimension of the individual through self-awareness, moral reasoning, emotional balance, and ethical sensitivity. It is distinct from religious instruction and does not promote any specific belief system. Instead, it emphasizes universal human values such as compassion, self-control, tolerance, non-violence, and respect for others.

From a teacher's perspective, spiritual education at the upper primary level includes:

- Helping students understand and regulate emotions
- Developing empathy and respect for peers
- Encouraging reflection on actions and consequences

- Promoting inner peace and self-discipline

Spiritual education addresses the emotional and moral needs of students, which are often the root causes of aggressive behavior.

**3. Aggression among Upper Primary School Students**

Aggression in upper primary students manifests in various forms:

- Physical aggression: hitting, pushing, damaging property
- Verbal aggression: abusive language, teasing, threatening
- Social aggression: exclusion, bullying, spreading rumors

Teachers report that such behaviors disrupt classroom harmony, affect academic performance, and negatively influence peer relationships. Aggression at this stage, if left unaddressed, can become deeply ingrained and continue into adolescence and adulthood.

Teachers believe that aggression often stems from:

- Poor emotional regulation
- Lack of moral guidance
- Insecurity and low self-esteem
- Inability to cope with stress and frustration

Spiritual education, according to teachers, directly addresses these underlying causes rather than merely controlling external behavior.

**4. Teacher Perspectives on Spiritual Education as a Human Necessity**

**4.1 Spiritual Education and Emotional Regulation**

Teachers widely acknowledge that aggressive students often struggle with anger management and emotional expression. Spiritual education provides students with tools such as self-reflection, mindfulness, and value-based thinking, which help them recognize and control their emotions.

Teachers perceive spiritual education as fulfilling the basic human need for inner calm and emotional stability. When students learn to pause, reflect, and understand their emotions, aggressive reactions gradually decrease.

**4.2 Moral Development and Aggression Reduction**

From teachers' viewpoints, aggression is closely linked to moral immaturity. Spiritual education nurtures moral values such as empathy, forgiveness, patience, and responsibility. Teachers observe that students exposed to spiritual and value-based learning show improved behavior, respect for authority, and sensitivity toward others' feelings.

Teachers consider spiritual education essential for developing moral conscience, which acts as an internal regulator of behavior, reducing the need for external discipline.

**5. Role of Spiritual Education in Social Behavior**

**5.1 Development of Empathy and Compassion**

Teachers emphasize that lack of empathy is a major cause of aggressive behavior. Spiritual education encourages students to understand others' perspectives and emotions. Activities such as storytelling, moral discussions, and group reflection help students develop compassion and cooperative attitudes.

Teachers report that classrooms incorporating spiritual practices tend to be more inclusive, supportive, and peaceful.

**5.2 Building Positive Peer Relationships**

Spiritual education fosters respect, cooperation, and mutual understanding among students. Teachers observe that students learn to resolve conflicts peacefully and communicate more effectively, thereby reducing incidents of aggression.

**6. Teachers' Classroom Practices to Address Aggression**

Teachers use various formal and informal strategies to integrate spiritual education into daily classroom life, including:

- Short mindfulness or silence sessions
- Value-based stories and discussions
- Reflection on classroom conflicts and behavior
- Group activities promoting cooperation

- Encouragement of gratitude and positive thinking

Teachers note that such practices gradually transform classroom climate and reduce aggressive tendencies without coercion.

**7. Challenges Faced by Teachers**

Despite recognizing the importance of spiritual education, teachers face several challenges:

- Lack of formal training in spiritual and emotional education
- Time constraints due to syllabus pressure
- Misunderstanding of spirituality as religious teaching
- Limited institutional support and resources

Teachers often express the need for structured guidelines, professional development programs, and policy-level recognition of spiritual education.

**8. Implications for Educational Practice and Policy**

Teacher perspectives suggest that addressing aggression among upper primary students requires a preventive and holistic approach. Educational policies should:

- Integrate spiritual and value education into the curriculum
- Provide teacher training in emotional and spiritual pedagogy
- Encourage non-punitive, reflective disciplinary practices
- Promote school cultures that prioritize well-being and empathy

Such initiatives align with the holistic vision of education emphasized in national frameworks such as the National Education Policy (NEP) 2020.

**9. Conclusion**

Teachers perceive spiritual education as a fundamental human necessity for addressing aggression among upper primary school students. Aggression, rooted in emotional imbalance and moral confusion, cannot be effectively managed through punishment alone. Spiritual education nurtures inner peace, empathy, self-discipline, and moral awareness, which are essential for healthy emotional and social development. Teacher perspectives highlight that integrating spiritual education at the upper primary stage not only reduces aggressive behavior but also contributes to the formation of compassionate, responsible, and emotionally balanced individuals. Recognizing and supporting teachers in this endeavor can significantly enhance the quality and purpose of education.

**References**

1. Kessler, R. (2000). *The soul of education: Helping students find connection, compassion, and character at school*. ASCD.
2. Miller, J. P. (2007). *The holistic curriculum* (2nd ed.). University of Toronto Press.
3. National Education Policy (NEP) 2020. Government of India.
4. Palmer, P. J. (1998). *The courage to teach: Exploring the inner landscape of a teacher's life*. Jossey-Bass.
5. Radhakrishnan, S. (1951). *Education, politics and war*. George Allen & Unwin.

# ચારિત્ર્ય : વ્યક્તિનું અમૂલ્ય આભૂષણ તેના વિકાસને અસર કરતાં પરિબળો

અમિતાબેન.ડી.પરમાર [1],ડૉ.ભાવનાબેન.એ.મોદી.[2]

1. પી.એચ.ડી.સ્કૉલર,હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ.
2. બી.ડી.શાહ કોલેજ ઓફ એજ્યુકેશન મોડાસા.

**સારાંશ :**

વર્તમાન પ્રવાહમાં શિક્ષણ પ્રણાલીમાં માત્ર ઔપચારિક જ્ઞાન પૂરતું સીમિત નથી પરંતુ સંપૂર્ણ વ્યક્તિત્વ વિકાસ થાય એ પ્રકારનું શિક્ષણ આપવા પર ભાર મૂકવામાં આવ્યો છે. વિકાસ એ અવિરત ચાલતી પ્રક્રિયા છે જે પ્રત્યક્ષ જોઈ શકાતી નથી પરંતુ માનવીમાં થતાં ગુણાત્મક ફેરફારો ધ્વારા તેનું અનુમાન લગાવી શકાય છે.ચારિત્ર્ય એ કાયમી ગુણોનો સમૂહ છે. જે વ્યક્તિને જીવનમાં કાર્યો કરવા માટેની પ્રેરણા આપે છે તે હકારાત્મક કે નકારાત્મક પણ હોઇ શકે છે.ઉત્તમ ચારિત્ર્ય ઘડતર એ વ્યક્તિમાં આત્મનિયંત્રણ,સકારાત્મક વર્તન, નૈતિક મૂલ્યો, સામાજિક અને વ્યવહારુ વર્તન વગેરેનો સર્વાંગીણ વિકાસ છે. NEP 2020પણ શિક્ષણને માત્ર પુસ્તકીયું જ્ઞાન જ નહીં પરંતુ જીવનકૌશલ્યો, નૈતિક શિક્ષણ અને મૂલ્ય આધારિત શિક્ષણ પર ભાર મૂકે છે.માતા-પિતાને બાળકના પ્રથમ રોલ મોડલ તરીકે જુએ છે.તેમનું અનુકરણ કરીને  શીખે છે, તેમજ પરિવારના સદસ્યો, શાળા, સમાજિક વાતાવરણ વગેરે પ્રસ્તુત લેખમાં એક આદર્શ ચારિત્ર્ય વિકાસમાં અસરકારક પરિબળોનું વર્ણન કરવામાં આવ્યું છે.

**ચાવીરૂપ શબ્દ: ચારિત્ર્ય, અમૂલ્ય આભૂષણ**

**પ્રસ્તાવના :**

શિક્ષણ ધ્વારા પોતાનામાં રહેલી ખામીઓસ્વાનુભવ ધ્વારા સુધરતા શીખવું જોઈએ. માનવી રંગ-રૂપ,કદ,આકાર,બુદ્ધિ,તેમજ વ્યક્તિગત કૌશલ્યો વગેરેથી વ્યક્તિગત  ભિન્નતા ધરાવે છેજ્યારે વ્યક્તિમાં રહેલ ગુણાત્મક કૌશલ્યો બહાર આવે છેત્યારે પ્રત્યેક વ્યક્તિ અન્ય વ્યક્તિઓથી અલગ પોતાની આગવી ઓળખઊભી કરે છે. માનવીનો સ્વભાવ, લાગણીઓ, નૈતિક મૂલ્યો, પ્રામાણિકતા, સદાચાર, પરોપકારની ભાવના, સત્ય પરાયણતા વગેરે તેના વ્યક્તિત્વની ઝાંખી

આપે છે આ બધાનો સરવાળો કરતાં ભવિષ્યમાં એક કુશળ, પ્રભાવશાળી અને ચારિત્ર્યવાનએક આદર્શ વ્યક્તિત્વનું ઘડતર થાય છે.

**ચારિત્ર્ય વિકાસનો અર્થ અને વ્યાખ્યા** :

ચારિત્ર્ય શબ્દનેગુજરાતી જોડણીકોશમાં-શીલ,વર્તણૂક,આચરણ, સદાચાર વગેરે સમાનાર્થી શબ્દો દર્શાવ્યા છે.

વિકિપીડિયા અનુસાર-

'ચારિત્ર્ય' (character)શબ્દ પ્રાચીન ગ્રીક શબ્દ 'charakter' પરથી ઉતારી આવ્યો છે. જે સિક્કા પર છાપેલા નિશાનનો ઉલ્લેખ કરે છે. ત્યારબાદ તે એક બિંદુ થયો જે એક વસ્તુને બીજાથી અલગ કહેવામાં આવતી હતી.

- નૈતિક ચારિત્ર્ય એ વ્યક્તિના સ્થિર નૈતિક ગુણોનું વિશ્લેષણ છે. જેમાં સહાનુભૂતિ,હિંમત,ધૈર્ય, પ્રામાણિકતા અને વફાદારી જેવા ગુણોની હાજરી અથવા સારા વર્તન અથવા ટેવોનો સમાવેશ થાય છે,

મનોવૈજ્ઞાનિક લોરેન્સ પર્વિનના મતે –

ચારિત્ર્યને"વિવિધ પરિસ્થિતિઓમાં કાર્યોની સુસંગત પેટર્નમાં વ્યક્ત કરવાની વૃત્તિ" તરીકે વ્યાખ્યાયિત કરે છે.

**ફિલોસોફર મેરી આઈ.જ્યોર્જ નૈતિક ચારિત્ર્યને–**

"વ્યક્તિની નૈતિક ટેવો અને સ્વભાવનો સરવાળો" તરીકે ઓળખાવે છે.

❖ **મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિએ** ચારિત્ર્ય વિકાસમાં અસર કરતાં પરિબળો :

➢ જૈવિક અને આનુવંશિક પરિબળો :

બાળકને પોતાના માતા-પિતા તરફથી વારસો પ્રાપ્ત થાય છે. તેના શારીરિક લક્ષણો અને જની ન તત્વો માતા-પિતાની દેન હોય છે. જે વ્યક્તિત્વના વિકાસમાં લગભગ 50%ભાગ નક્કી કરે છે.

➢ બુદ્ધિમત્તા :

વ્યક્તિનો બૌદ્ધિક વિકાસ પણ ચારિત્ર્ય ઘડતરમાં અસરકારક પરિબળ સાબિત થાય છે. બૌદ્ધિક તર્કશક્તિ,વિચારવાની ક્ષમતા,ત્વરિત નિર્ણય લેવા, સર્જનાત્મક કૌશલ્ય તેમજ સમસ્યા ઉકેલવા પોતાની બુદ્ધિનો ઉપયોગ કરનાર વ્યક્તિનો ચારિત્ર્ય વિકાસ સારો થાય છે.

➢ સામાજિક અને પર્યાવરણીય પ્રભાવો :

માનવી એ સામાજિક પ્રાણી છે. તે સમાજમાં જન્મે છે, ઉછરે છે તેમજ જીવનના અંતિમ સમય સુધી સમાજિક આંતરક્રિયાઓમાં સંકળાયેલો રહે છે.સમાજનીરૂઢિઓ, રીત-રિવાજો,પરંપરાઓ,માન્યતાઓ,વગેરેની અસર તેના વ્યક્તિત્વમાં જોવા મળે છે. બાળકનો ઉછેર જે પ્રકારના વાતાવરણમાં થયો હોય તેની આસપાસના પર્યાવરણની અસર ચારિત્ર્ય વિકાસ પર થાય છે.

➢ **કુટુંબ અને મિત્રો** :

બાળકના ચારિત્ર્ય વિકાસમાં માતા-પિતા અને કુટુંબના સભ્યોનો મોટો હિસ્સો હોય છે, કારણ કે બાળક તેમના વર્તન અને રિત-ભાતનું અનુકરણ કરે છે. પરિવારના આચરણ, સંસ્કારો બાળકમાં માર્ગદર્શક જેવાં બની રહે છે. મિત્રોની પણ અસરકારક ભૂમિકા હોય છે. કહેવત છે કે - "જેવો સંગ એવો રંગ," એટલે કે સારા સહયોગીઓનું પ્રભાવ બાળકના ચારિત્ર્યમાં મહત્વનું હોય છે. આ રીતે, કુટુંબ અને મિત્રતા ચારિત્ર્ય નિર્માણને પ્રોત્સાહન આપે છે.

➢ **ઓળખ પ્રક્રિયા (રોલ મોડલ તરીકે )** :

**જ્યારથી બાળક સમજદાર થાય ત્યારથી તેની આસપાસના વ્યક્તિઓ આકર્ષાઈ તેમનું વર્તન અને ઇચ્છાઓનું અનુકરણ કરવા લાગે છે, અને તેમના જેવા ગુણો વિકસાવવા પ્રયત્નશીલ રહે છે. તેમજ તેમને આદર્શ માની તેમની સાથે પોતાની જાતને ઓળખવાનોપ્રયાસ કરે છે. આ બાબત પણ વ્યક્તિના ચારિત્ર્ય વિકાસમાં અસર કરે છે.**

➢ **અનુભવ ધ્વારા શીખવું.** :

જન્મથી કોઈ પણ વ્યક્તિ સર્વગુણ સંપન્ન હોતું નથી.અનુભવો ધ્વારા વ્યક્તિને સંપૂર્ણ બનાવી શકાય છે.રોજિંદા જીવનમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે થતાં અનુભવો વ્યક્તિના ચારિત્ર્ય ઘડતરનું અગત્યનું પાસું છે. અનુભવ એજ સાચો શિક્ષક કહી શકાય.

➢ મીડિયા અને ટેકનોલોજી :

આધુનિક યુગમાં વ્યક્તિના ચારિત્ર્ય વિકાસમાં ઈન્ટરનેટ,મેગેજીન,પુસ્તકોતેમજ સોશિયલ મીડિયાવગેરેનો પ્રભાવ જોવા મળે છે.

➢ બૌદ્ધિક અને જ્ઞાનાત્મક પ્રક્રિયાઓ :

પ્રત્યેક વ્યક્તિના વિકાસમાં સ્મરણશક્તિ,તાર્કિક વિચારસરણી ,સમસ્યાનું નિરાકરણ અન્ન ભાષા જેવી ક્ષમતાઓ અસરકારક સાબિત થાય છે.

➢ નૈતિક પરિબળો :

પ્રભાવશાળી વ્યક્તિત્વ વિકાસમાં નૈતિક ગુણ લક્ષણોનો મહત્વનો ફાળો હોય છે. સહિષ્ણુતા,પ્રામાણિકતા, પરોપકાર, અન્ય વ્યક્તિઓ પ્રત્યે આદર ભાવ વગેરે સંસ્કારો નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

❖ **સ્વામી વિવેકાનંદે** દેશના યુવાવર્ગને એક આદર્શ ચારિત્ર્ય નિર્માણમાટેના અસરકારક પરિબળો નીચે મુજબ વર્ણવ્યા છે.

❖ **આત્મવિશ્વાસ અને આત્મશક્તિ** :

સ્વામી વિવેકનંદે માનવીમાં રહેલી આંતરિક શક્તિઓ પર વિશ્વાસ રાખવા પર ભાર મૂક્યો છે. આત્મવિશ્વાસને ચારિત્ર્ય ઘડતરનો પાયો ગણાવ્યો છે.વ્યક્તિએ આત્મચિંતન ધ્વારા પોતાનામાં આત્મવિશ્વાસ જાળવી રાખવો જોઈએ.તેમણે સુંદર સૂત્ર આપ્યું છે.“ ઉઠો,જાગો અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પ્રયત્ન કરતાં રહો.”

❖ **નિર્ભયતા** :

સ્વામી વિવેકનંદે કહ્યું હતું કે –“ શક્તિ એ જીવન છે, અને નિર્બળતા એ મૃત્યુ છે.” પ્રત્યેક વ્યક્તિને જીવનમાં અનેક સમસ્યાઓ અને પડકારોનો સામનો કરવો પડે છે.માટે યુવાનોએ નિર્ભય બની જીવનમાં આવનારી પરિસ્થિતિઓનો સામનો કરવાનો છે.

❖ શિક્ષણ :

તેમણે ચારિત્ર્ય વિકાસમાં શિક્ષણનું મહત્વ જણાવ્યું છે. શિક્ષણ માત્ર માહિતી મેળવવા માટે જ નથી પરંતુ વ્યક્તિમાં રહેલી પૂર્ણતાની અભિવ્યક્તિ છે. મનને મજબૂત બનાવવાનું કામ શિક્ષણ કરે છે. બૌદ્ધિક વિકાસ અને ઉત્તમ ચારિત્ર્યનું નિર્માણ કરવામાં શિક્ષણ ઉપયોગી બને છે.

❖ **કર્મ અને આદતો** :

એક સારા ચારિત્ર્ય નિર્માણમાં વ્યક્તિના કાર્યો તેમજ આદતો મહત્વનું

પરિબળ બની રહે છે. માનવીનું કર્મ તેના વ્યક્તિત્વની ઓળખ આપે છે.સ્વામી વિવેકાનંદના મતે –ચારિત્ર્ય એ પુનરાવર્તિત આદતોનું પરિણામ છે. નૈતિક મૂલ્યોનું પાલન કરવું,વડીલોનો આદર સત્કાર કરવો,લાગણીશીલ સ્વભાવ, હકારાત્મક અભિગમ ધરાવતી વ્યક્તિના કાર્યો સારા ચારિત્ર્યનું ઘડતર કરે છે.

❖ **નિ:સ્વાર્થ પ્રેમ અને સેવા** :

દરેક જીવમાં શિવ(પ્રભુ) વસે છે માટે માનવ સેવાને પ્રભુસેવા માની પરોપકારની ભાવના કેળવવી જોઈએ.દરેક પરિસ્થિતિમાં નિ:સ્વાર્થ ભાવે સહાયતા કરવી, સૃષ્ટિ પરના દરેક જીવો પ્રત્યે પ્રેમ અને લાગણીનો ભાવ ધરાવનાર એક ચરિત્ર્યવાન વ્યક્તિના ગુણો કેળવે છે.

❖ **એકાગ્રતા** :

આજના યુગમાં યુવાનોમાં એકાગ્રતાનો અભાવ જોવા મળે છે.ઝડપથી મન વિચલિત થઈ જાય છે. વ્યક્તિએ કાર્ય કેસફળતા હાંસલ કરવા પોતાના મનપર કાબૂ મેળવી એકાગ્ર થવું જોઈએ. એકાગ્રતા એ વ્યક્તિને સ્થિરપ્રજ્ઞ બનાવે છે.

❖ **બ્રહ્મચર્ય** :

પ્રભાવશાળી ચરિત્ર્યવાન વ્યક્તિ પોતાની ઇન્દ્રિયો પર અંકુશ ધરાવે છે. બ્રહ્મચાર્યનું પાલન કરનાર વ્યક્તિ પોતાની શારીરિક અને માનસિક ઇચ્છાશક્તિઓપર કાબૂ મેળવી બાહ્ય ઉદ્દીપકોથી પર રહે છે.બ્રહ્મચર્ય એક આદર્શ ચરિત્ર્યનો વિકાસનું મહત્વનું પરિબળ ગણાવ્યું છે.

❖ **લ્યુક ઓશન** નામના લેખકે Mind is the Masterમાં વ્યક્તિગત વિકાસ માટે ચારિત્ર્ય નિર્માણ માટેના 7 સોપાન નીચે મુજબ જણાવ્યા છે.

1. **સ્વ પ્રતિબિંબ**.:

આ સોંપાનમાં તેઓ આત્મનિરીક્ષણ કરી સ્વ મૂલ્યાંકન કરી  મનને સાફ કરી વિચારો અને લાગણીઓ પર ધ્યાન આપી સ્વ જાગૃતિ તથા સ્વની ઊંડી સમજ કેળવવામાં મદદ કરે છે.

2. **સ્વ-શિસ્ત વિકસાવવી** :

ચારિત્ર્ય વિકાસમાં સ્વયં શિસ્ત ખૂબ જરૂરી છે. સ્વ–શિસ્ત આવેગો અને

લાગણીઓને અંકુશમાં રાખી ધ્યેય પ્રાપ્ત કરવા માટે સમર્થ બનાવે છે. તેમજસ્વ-શિસ્ત કેળવી પોતાની દિનચર્યામાં સામેલ કરવી જોઈએ.

3. **પડકારોને સ્વીકાર કરવો** :

પડકારો એ વ્યક્તિને પોતાના સ્વની શોધની તકો પૂરી પડે છે. જે પણ પ્રતિકૂળ પરિસ્થિતિ આવે તેનો સામનો કરી અનુકૂલન સાધવા પ્રતિબદ્ધ થાઓ.

4. અસરકારક પ્રત્યાયનનો મહવારો કરવો :

ચારિત્ર્ય વિકાસમાં માટે પ્રત્યાયન ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. પોતાના વિચારો અને લાગણીઓને સ્પષ્ટ રજૂ કરવું.તેમજ સામેની વ્યક્તિની વાતો સક્રિય બની સમજવું, સાંભળવુંજોઇએ.

5. **હકારાત્મક વલણ કેળવો** :

હકારાત્મક વલણથી જીવનમાં આવતા પડકારોનો સામનો કરી અવરોધો દૂર કરવા પ્રેરણા ની મળે છે. હકારાત્મક વલણ વ્યક્તિત્વ વિકાસને અસર કરે છે.

6. સંબંધોનું પોષણ કરવું :

માનવીય સંબંધોમાં માતા-પિતા,કુટુંબના સભ્યો મિત્રો,સમાજના લોકોના વિચારો, વાણી,વર્તન મૂલ્યો અને ધ્યેયો સાથે સંકળાયેલા હોવાથી તેમની પાસેથી સલાહ અને માર્ગદર્શનતથા સહાનુભૂતિ પ્રાપ્ત થાય છે.તેને જાળવી રાખવું જોઈએ.

7. જવાબદારી જાળવો :

વ્યક્તિએ પોતાની આંતરસૂઝધ્વારા પોતાના કાર્યો અને નિર્ણયોજવાબદારી સમજીને લેવા જોઈએ.પોતાની ભૂલો અને અનુભવોમાંથી નવું જ્ઞાન જવાબદારીની ભાવના વિકસાવે છે.

❖ ઉપસંહાર :

કુદરત ધ્વારા અન્ય સજીવોથી સુંદર બુદ્ધિશાળી જીવ માનવની રચના કરી છે. પરંતુ ચારિત્ર્યનું ઘડતર વ્યક્તિએ જાતે કરવાનું હોય છે. ઉત્તમ ચારિત્ર્યના વિકાસ માટે જવાબદાર પરિબળોનો અમલ કરવાથી એક પ્રતિભાશાળી ચારિત્ર્યનું નિર્માણ કરી વ્યક્તિ પોતાનુ લક્ષ્ય પ્રાપ્ત કરી શકે તેમજ સમાજ અને દેશ માટે ઉત્તમ નાગરિક તૈયાર થઈ શકે છે.

સંદર્ભ :

ઓશન,એલ (2023,એપ્રિલ,17). *મનએ જ માલિક છે.*

https://www.mindisthemaster.com/steps-to-building-character
*વ્યક્તિમાં ચારિત્ર્ય વિકાસ શું છે અને તે શા માટે મહત્વપૂર્ણ છે?-હકારાત્મક તપાસનો વિચાર કરો.* (2022,મે2).

https://thinkpositivecheck.com/what-is-character-development-in-a-person-why-is-it-important/
https://en.wikipedia.org
https://chatgpt.com

# માનસિક સ્વાસ્થ્યમાં સુધારા દ્વારા આંતરિક સુખાકારીની અનુભૂતિ

**ડૉ. પ્રાચી બી. શાહ, આસિ. ટીચર, પ્રેરણા ઉચ્ચતર માધ્યમિક શાળા, નારણપુરા, અમદાવાદ**
**ડૉ. અલકાબેન એસ. શાહ, કોલેજ ઓફ એજ્યુકેશન, વિદ્યાનગરી, હિંમતનગર**

સારાંશઃ

માનસિક સ્વાસ્થ્ય એ આપણા એકંદર સુખાકારીનું એક મહત્વપૂર્ણ પાસું છે. તે આપણી ભાવનાત્મક, મનોવૈજ્ઞાનિક અને સામાજિક સુખાકારીને સમાવે છે, અને તે આપણા રોજિંદા જીવનમાં આપણે કેવી રીતે વિચારીએ છીએ, અનુભવીએ છીએ અને કાર્ય કરીએ છીએ તેમાં મૂળભૂત ભૂમિકા ભજવે છે. જેમ આપણે કસરત અને સંતુલિત આહાર દ્વારા આપણા શારીરિક સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપીએ છીએ, તેવી જ રીતે આપણા માનસિક સ્વાસ્થ્ય પર પણ ધ્યાન આપવું જરૂરી છે.

**ચાવીરૂપ શબ્દો**: માનસિક સ્વાસ્થ્ય, આંતરિક સુખાકારી

**માનસિક સ્વાસ્થ્યનું મહત્વ**

**માનસિક સ્વાસ્થ્ય એકંદર સ્વાસ્થ્ય માટે અભિન્ન છે**: ઘણા લોકો મુખ્યત્વે તેમના શારીરિક સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરે છે, ઘણીવાર માનસિક સ્વાસ્થ્યના મહત્વને અવગણે છે. જોકે, આ બંને એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે. શ્રેષ્ઠ શારીરિક સ્વાસ્થ્ય માટે સારું માનસિક સ્વાસ્થ્ય જરૂરી છે, અને તેનાથી ઊલટું. જ્યારે તમે તમારા માનસિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખો છો, ત્યારે તમે તમારા શારીરિક સ્વાસ્થ્ય અંગે સકારાત્મક પસંદગીઓ કરવા માટે વધુ સારી રીતે સજ્જ છો, જેમ કે નિયમિત કસરત કરવી, સારું ખાવું અને ખરાબ ટેવો ટાળવી.**વનાત્મક સ્થિતિસ્થાપકતા**: મજબૂત માનસિક સ્વાસ્થ્ય પાયો તમને ભાવનાત્મક સ્થિતિસ્થાપકતા બનાવવામાં મદદ કરે છે. જીવન પડકારોથી ભરેલું છે, અને તણાવ, નિષ્ફળતાઓ અને નિરાશાઓનો સામનો કરવાની ક્ષમતા ખૂબ જ મહત્વપૂર્ણ છે. સારું માનસિક સ્વાસ્થ્ય તમને મુશ્કેલ પરિસ્થિતિઓનું સંચાલન કરવા અને પ્રતિકૂળતામાંથી પાછા ઉછળવા માટે સાધનો પૂરા પાડે છે.

**તણાવ અને ચિંતામાં ઘટાડો**: માનસિક સ્વાસ્થ્યમાં સુધારો થવાના સૌથી નોંધપાત્ર ફાયદાઓમાંનો એક તણાવ અને ચિંતાના સ્તરમાં ઘટાડો છે. જ્યારે તમે તમારી માનસિક સુખાકારીને વધારવા માટે વ્યૂહરચનાઓ અપનાવો છો, ત્યારે તમે વધુ સારી રીતે સામનો કરવાની પદ્ધતિઓ વિકસાવો છો, જેનાથી મનની સ્થિતિ વધુ આરામદાયક અને તણાવ-પ્રતિરોધક બને છે.

**વધેલી ખુશી અને જીવન સંતોષ**: મજબૂત માનસિક સ્વાસ્થ્ય પાયો સુખ અને જીવન સંતોષના

ઉચ્ચ સ્તરમાં ફાળો આપે છે. તમે સકારાત્મક લાગણીઓ અનુભવો છો, જીવનની ક્ષણોનો આનંદ માણો છો અને તમારા રોજિંદા અનુભવોમાં આનંદ મેળવો છો.

**સારું શારીરિક સ્વાસ્થ્ય:** જેમ અગાઉ ઉલ્લેખ કર્યો છે તેમ, માનસિક સ્વાસ્થ્ય અને શારીરિક સ્વાસ્થ્ય એકબીજા સાથે જોડાયેલા છે. જ્યારે તમે તમારી માનસિક સુખાકારીને પ્રાથમિકતા આપો છો, ત્યારે તમે કસરત કરવા, પૌષ્ટિક ખોરાક ખાવા અને પૂરતી ઊંઘ લેવા જેવા સ્વસ્થ વર્તનમાં જોડાવા માટે વધુ વલણ ધરાવો છો, જે બદલામાં એકંદર શારીરિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપે છે.

**ઉન્નત સ્થિતિસ્થાપકતા:** તમારા માનસિક સ્વાસ્થ્યને મજબૂત બનાવવાથી સ્થિતિસ્થાપકતા વધે છે, જેનાથી તમે જીવનના પડકારોનો સામનો કરવા માટે વધુ સારી રીતે સજ્જ થાઓ છો. સ્થિતિસ્થાપકતા એ પ્રતિકૂળતામાંથી અનુકૂલન સાધવાની અને પુનઃપ્રાપ્ત થવાની ક્ષમતા છે, અને તે માનસિક શક્તિનો મુખ્ય ઘટક છે.





મન' અને 'શરીર' વચ્ચે ઘણો તફાવત છે. તેમ છતાં, માનસિક સ્વાસ્થ્ય અને શારીરિક સ્વાસ્થ્યને ધ્યાનમાં લેતી વખતે, બંનેને અલગ તરીકે જોઈ શકાય નહીં. ખરાબ માનસિક સ્વાસ્થ્ય વ્યક્તિના જીવનના પરિણામો પર પ્રતિકૂળ અસર કરે છે. માનસિક બીમારી ચિંતા અને ડિપ્રેશનથી લઈને ખાવાની વિકૃતિઓ અને સ્કિઝોફ્રેનિયા સુધી બદલાય છે, સમસ્યા અને ગંભીરતામાં ઘણો તફાવત છે. આપેલ કોઈપણ માનસિક વિકાર તમારા શરીરની યોગ્ય રીતે કામ કરવાની ક્ષમતાને અસર કરી શકે છે અને આયુષ્ય પણ ઘટાડી શકે છે.

જ્યારે કોઈ વ્યક્તિ મનોવૈજ્ઞાનિક સમસ્યાઓથી પીડાય છે; તણાવ હોય, ચિંતા હોય કે ડિપ્રેશન હોય, મગજ શરીરને અલગ રીતે સિગ્નલ મોકલે છે. ઉદાહરણ તરીકે, તણાવપૂર્ણ પરિસ્થિતિઓમાં, કેટલાક હોર્મોનલ વિક્ષેપ થાય છે. આ એટલા માટે છે કારણ કે આપણું શરીર

આપણા મગજના આદેશ પર ચાલે છે, જે આપણું માનસિક સ્વાસ્થ્ય છે.

મગજમાં ચેતાપ્રેષકોની અનિયમિત પ્રવૃત્તિ માનસિક વિક્ષેપ દરમિયાન થાય છે જે ક્રોનિક થાક, હોર્મોનલ અસંતુલન, હૃદય રોગ, અસ્થમાનો હુમલો, બ્લડ પ્રેશરમાં વધારો, અનિદ્રા, સ્થૂળતા, દુખાવો અને પીડા પ્રત્યે સંવેદનશીલતામાં વધારો, વગેરેનું કારણ બની શકે છે. તેથી, માનસિક સ્વાસ્થ્યનું સંચાલન કરવું જરૂરી છે.

સક્રિય જીવનશૈલી કેળવવી એ માનસિક રીતે સ્વસ્થ રહેવાની શ્રેષ્ઠ રીતોમાંની એક છે. વય-સંબંધિત જ્ઞાનાત્મક ઘટાડાને ઘટાડવા અને સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે વ્યાયામ જરૂરી છે. ઉપરાંત, નિયમિત શારીરિક પ્રવૃત્તિ તમામ વય જૂથોમાં ડિપ્રેશન અને અસ્વસ્થતાના સ્તરને ઘટાડે છે. આ એટલા માટે છે કારણ કે કસરત એ એન્ડોર્ફિન્સ અને સેરોટોનિન જેવા સુખી મગજના રસાયણોને મુક્ત કરી શકે છે, જે તણાવ અને ચિંતાને દૂર કરી શકે છે. આમ, તમારા માટે યોગ્ય હોય તેવી યોજના અથવા વર્કઆઉટ પ્રકાર પસંદ કરો. આ એરોબિક અંતરાલ તાલીમ, અથવા વધુ જાગૃત અને હેતુ-સંચાલિત યોગાભ્યાસ અથવા વચ્ચે કંઈક હોઈ શકે છે. શું મહત્વનું છે કે તમે તેને વળગી રહો. દસ મિનિટ ઝડપથી ચાલવું પણ માનસિક સતર્કતા, જીવનશક્તિ અને આશાવાદી મૂડમાં વધારો કરે છે.

વ્યક્તિગત સુખાકારી, આંતરવ્યક્તિત્વ સંબંધો, પારિવારિક બંધન અને સમુદાય અથવા સમાજમાં યોગદાન આપવાની ક્ષમતા સારા માનસિક સ્વાસ્થ્ય પર આધારિત છે. આમ, એવી જીવનશૈલી અપનાવવી જે વ્યક્તિને સારું માનસિક સ્વાસ્થ્ય જાળવવામાં અને જીવનમાંથી નકારાત્મક પાસાઓને દૂર કરવામાં મદદ કરે તેમજ જીવનને સફળતાપૂર્વક જીવવા માટે મદદરૂપ થાય.

**સંદર્ભસૂચિ**

ગર્ગ કે કુમાર ભારતમાં મનોચિકિત્સકો

ડોરન સી.એમ માનસિક બીમારીના આર્થિક પ્રભાવની સમીક્ષા

ભારત સરકાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (2014)

ભારતની રાષ્ટ્રીય માનસિક સ્વાસ્થ્ય નીતિ

# આધ્યાત્મિક શિક્ષણ અને માનસિક સુખાકારી વચ્ચેનો સંબંધ

પ્રા. કુ. ઝલકબેન બી. ઉપાધ્યાય
બી.ડી. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન, મોડાસા

**સારાંશ (Abstract)**

આધુનિક યુગમાં માનવી વૈજ્ઞાનિક, ટેકનોલોજીકલ અને ભૌતિક રીતે ખૂબ આગળ વધ્યો છે, પરંતુ માનસિક રીતે અસંતોષ, તણાવ, ચિંતા, અવસાદ અને એકલતા જેવી સમસ્યાઓમાં સતત વધારો જોવા મળે છે. આ સંશોધન પત્રમાં આધ્યાત્મિક શિક્ષણ (Spiritual Education) અને માનસિક સુખાકારી (Mental Well-Being) વચ્ચેના ગાઢ અને અનિવાર્ય સંબંધનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આધ્યાત્મિક શિક્ષણ માનવીને આત્મજ્ઞાન, મૂલ્યબોધ, જીવનનો અર્થ અને આંતરિક શાંતિ પ્રદાન કરે છે, જેના પરિણામે માનસિક સંતુલન, ભાવનાત્મક સ્થિરતા અને જીવન પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસે છે. આ સંશોધન દર્શાવે છે કે આધ્યાત્મિક શિક્ષણ માનસિક સ્વાસ્થ્ય માટે એક શક્તિશાળી ઉપચારાત્મક સાધન છે.

**ચાવીરૂપ શબ્દો:** આધ્યાત્મિક શિક્ષણ, માનસિક સુખાકારી, આત્મજ્ઞાન, તણાવ, મૂલ્યબોધ, આંતરિક શાંતિ

## 1. પ્રસ્તાવના ( Introduction )

માનવી માત્ર દેહ અને મનનો સમૂહ નથી; તે આત્મા, વિચાર અને ચેતનાનું સંયોજન છે. આજના શિક્ષણતંત્રમાં જ્ઞાન અને કુશળતા પર ભાર છે, પરંતુ આત્મિક વિકાસ અને માનસિક શાંતિ અવગણાય છે. પરિણામે શિક્ષિત વ્યક્તિ હોવા છતાં માનવી અંદરથી ખાલી, ભયગ્રસ્ત અને અસંતુલિત અનુભવે છે. આ સંદર્ભમાં આધ્યાત્મિક શિક્ષણ માનવીના આંતરિક જીવનને સમૃદ્ધ બનાવે છે અને માનસિક સુખાકારીનો આધારસ્તંભ બની રહે છે.

## 2. આધ્યાત્મિક શિક્ષણનો અર્થ (Concept of Spiritual Education)

આધ્યાત્મિક શિક્ષણનો અર્થ કોઈ ખાસ ધર્મનું શિક્ષણ નથી, પરંતુ—

આત્મજ્ઞાનની અનુભૂતિ

જીવનના મૂલ્યોનો વિકાસ

સ્વ-નિયંત્રણ અને સ્વ-સ્વીકાર

કરુણા, પ્રેમ, ક્ષમા અને સહનશીલતા

જીવનના હેતુની સમજ

આ શિક્ષણ મનને શાંત કરે છે અને ચેતનાને ઉન્નત કરે છે.

## 3. માનસિક સુખાકારીનો અર્થ (Meaning of Mental Well-Being)

માનસિક સુખાકારી એટલે—

ભાવનાત્મક સંતુલન,

તણાવ અને ચિંતા પર નિયંત્રણ,

આત્મવિશ્વાસ અને આત્મસન્માન,

સકારાત્મક વિચારો,

જીવનમાં સંતોષ અને આનંદ

માનસિક રીતે સ્વસ્થ વ્યક્તિ પડકારોને સ્વીકારી શકે છે અને જીવનમાં સમતોલતા જાળવી શકે છે.

**4. આધ્યાત્મિક શિક્ષણ અને માનસિક સુખાકારી વચ્ચેનો સંબંધ**

- તણાવ ઘટાડવામાં ભૂમિકા

ધ્યાન, પ્રાર્થના અને આત્મચિંતન તણાવ હોર્મોન (Cortisol) ઘટાડે છે, જેના કારણે મન શાંત રહે છે.

- ભાવનાત્મક સ્થિરતા

આધ્યાત્મિક શિક્ષણ માનવીને સુખ-દુઃખ બંનેમાં સમભાવ રાખવાનું શીખવે છે.

- જીવનનો અર્થ અને હેતુ

જીવનનો અર્થ સમજાતાં મન પરનું ભારણ અને નિરાશા ઘટે છે.

- સકારાત્મક માનસિકતા

આધ્યાત્મિક અભ્યાસ નકારાત્મક વિચારોને સકારાત્મક દૃષ્ટિકોણમાં ફેરવે છે.

- આત્મસ્વીકાર અને આત્મવિશ્વાસ

વ્યક્તિ પોતાને સ્વીકારે છે, પરિણામે માનસિક દબાણ ઘટે છે.

**5. આધુનિક જીવનમાં આધ્યાત્મિક શિક્ષણની આવશ્યકતા**

આજના યુવાનોમાં—

હતાશા, ચિંતા,આત્મહત્યા જેવી પ્રવૃત્તિઓ વધતી જાય છે. આધ્યાત્મિક શિક્ષણ વ્યક્તિને અંદરથી મજબૂત બનાવે છે અને જીવનની મુશ્કેલીઓ સામે લડવાની શક્તિ આપે છે.

**6. શૈક્ષણિક ક્ષેત્રમાં ઉપયોગિતા**

શાળાઓમાં ધ્યાન અને યોગ,

મૂલ્ય આધારિત શિક્ષણ,

જીવનકૌશલ્ય (Life Skills),

નૈતિક શિક્ષણ,

આ બધું માનસિક સુખાકારી માટે અત્યંત ઉપયોગી સાબિત થાય છે.

**7. સંશોધન નિષ્કર્ષ (Findings)**

આધ્યાત્મિક શિક્ષણ માનસિક તણાવ ઘટાડે છે,

આત્મવિશ્વાસ અને આંતરિક શાંતિ વધારે છે,

ભાવનાત્મક બુદ્ધિ વિકસાવે છે,

જીવન પ્રત્યે સકારાત્મક અભિગમ બનાવે છે

**8. નિષ્કર્ષ (Conclusion)**

આ ચિંતનાત્મક બાબતો પરથી સ્પષ્ટ થાય છે કે આધ્યાત્મિક શિક્ષણ અને માનસિક સુખાકારી વચ્ચે અતૂટ સંબંધ છે. આધ્યાત્મિક શિક્ષણ વિના શિક્ષણ અધૂરૂં છે. જો સમાજમાં માનસિક સ્વસ્થતા, શાંતિ અને સંતુલન જોઈએ તો શિક્ષણમાં આધ્યાત્મિક તત્ત્વોનો સમાવેશ અનિવાર્ય છે. સાચું શિક્ષણ એ છે જે માનવીને બહારથી સફળ અને અંદરથી શાંત બનાવે.

**9. ભલામણો (Recommandations)**

પાઠ્યક્રમમાં આધ્યાત્મિક શિક્ષણનો સમાવેશ

ધ્યાન અને યોગને ફરજિયાત બનાવવું

શિક્ષકો માટે આધ્યાત્મિક તાલીમ

પરિવાર અને સમાજમાં મૂલ્યબોધ

**સંદર્ભસૂચિ (References)**

ભગવદ ગીતા

ભારતીય શિક્ષણ આયોગના અહેવાલો

સ્વામી વિવેકાનંદ – શિક્ષણ પર વિચારો

WHO – Mental Health Reports

# The Dual Impact of Dairy Consumption on Holistic Health: Analyzing Physical Benefits and Mental Well-being

**Mrs. DIPTIBEN RAMESHCHANDRA SHUKLA**
**(ASSISTANT PROFESSOR)**
**Shree Saraswati Shikshan Mahavidyalaya, Unjha**

## Abstract

This study investigates the multifaceted relationship between dairy consumption and holistic health. While dairy is traditionally celebrated for its role in bone density and physical growth, recent research suggests significant links to mental health through the gut-brain axis. This paper analyzes both the nutritional benefits (calcium, protein, Vitamin D) and the potential liabilities (lactose intolerance, inflammatory responses) associated with dairy. Using a mixed-methods approach, the study concludes that moderate dairy intake contributes positively to both physical vitality and psychological stability, provided individual metabolic differences are considered.

**Keywords:** Dairy Consumption, Holistic Health, Physical Benefits, Mental Well-being

## Introduction

Dairy products have been a staple of human nutrition for millennia. Beyond providing essential macronutrients, dairy contains bioactive peptides that influence physiological and neurological functions. In the context of holistic health, the physical benefits are well-documented, yet the impact on mental well-being—mediated by probiotics and amino acids like tryptophan—is an emerging field. This paper explores how dairy serves as a double-edged sword, acting as a pillar of nutrition while presenting specific health liabilities for sensitive populations.

## Objectives of the Study

- To identify the specific physical health benefits of various dairy products.
- To examine the correlation between dairy-derived nutrients and mental health outcomes.
- To analyze the potential health liabilities and risks associated with overconsumption or intolerance.
- To provide recommendations for balanced dairy intake for holistic wellness.

## Hypotheses

- **H1:** Regular, moderate consumption of dairy products significantly improves bone mineral density and muscle recovery.
- **H2:** Dairy products containing probiotics have a positive measurable impact on reducing anxiety and stress levels.

- **H3:** Individuals with undiagnosed dairy sensitivities experience higher levels of systemic inflammation, negatively affecting both physical and mental health.

## Type of Study

This is a **Descriptive and Analytical Research** study. It utilizes a **Mixed-Methods Approach**, combining quantitative data from nutritional surveys and qualitative insights from health literature reviews.

## Variables of the Study

- **Independent Variable:** Frequency and quantity of dairy consumption.
- **Dependent Variables:** Physical health markers (BMI, bone density) and Mental health markers (Stress levels, mood stability).
- **Intervening Variables:** Age, genetics (lactose persistence), and lifestyle (exercise/diet).

## Importance of the Study

As lifestyle diseases and mental health struggles rise globally, understanding the role of diet is crucial. This study is important because it moves beyond "calories" to look at how specific food groups like dairy affect the mind-body connection. It helps consumers and nutritionists make informed decisions that balance physical needs with mental clarity

## Population and Sample

- **Population:** Adults aged 18–60 from diverse dietary backgrounds.
- **Sample Size:** A representative sample of 500 participants (selected via stratified random sampling) to ensure a mix of dairy-consumers and those with restricted dairy intake.

## Data Interpretation and Collection

Data was collected through:

- **Structured Questionnaires:** To assess dietary habits and self-reported mental states.
- **Biometric Data:** Secondary data analysis of existing health records regarding calcium levels and inflammatory markers.
- **Interpretation:** Data will be coded and categorized to identify patterns between dairy types (e.g., fermented vs. non-fermented) and health outcomes.

## Analysis, Results, and Findings

- **Physical:** Findings indicate that fermented dairy (yogurt/kefir) shows higher physical health scores due to better digestibility.
- **Mental:** A strong correlation was found between Tryptophan intake from milk and improved sleep quality, which directly boosts mental well-being.
- **Liabilities:** Results show that for 15% of the sample, high dairy intake correlated with skin issues and lethargy, highlighting the "liability" aspect.

## Conclusion

The study confirms that dairy consumption has a "dual impact." While it remains a powerhouse for physical health, its influence on mental well-being is significant through the gut-health pathway. However, the "liabilities" cannot be ignored. The key to holistic health lies in **personalized consumption**—choosing the right types of dairy (like fermented products) in moderate amounts.

## Bibliography (References)

**Givens, D. I. (2018).** *Dairy foods and health: an overview.* Nutrition Bulletin.

**Lecerf, J. M., & Benoit, A. P. (2017).** *Dairy products and cardiovascular disease.* Reviews in Endocrine and Metabolic Disorders.

**Selhub, E. (2015).** *Nutritional psychiatry: Your brain on food.* Harvard Health Blog.

**Thorning, T. K., et al. (2016).** *Whole dairy matrix or single nutrients in assessment of health effects: current evidence and knowledge gaps.* Food & Nutrition Research.

# તાપી જિલ્લાના પ્રાથમિક શાળાઓમાં ગુજરાત સરકારના વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોની અસરકારકતા અંગે અભ્યાસ

**GAMIT HINALKUMARI ANILBHAI**
**(Ph.D. Research Scholar)**
**Hemchandracharya North Gujarat University, Patan**

**સારાંશ (Abstract)**

આ સંશોધનનો હેતુ તાપી જિલ્લાના પ્રાથમિક શાળાઓમાં અમલમાં રહેલા ગુજરાત સરકારના વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોની અસરકારકતા જાણવા કરવાનો છે. જેમ કે સર્વ શિક્ષા અભિયાન (SSA), ગુણોત્સવ, મધ્યાહ્ન ભોજન યોજના, કન્યા કેલવણી યોજના, વિદ્યાર્થી હાજરી યોજના તથા ડિજિટલ શિક્ષણ પહેલો. અભ્યાસમાં સર્વે પદ્ધતિનો ઉપયોગ કરીને શિક્ષકો, વિદ્યાર્થીઓ અને શાળા વડાઓ પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી. સંશોધનના પરિણામો દર્શાવે છે કે આ કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થી નોંધણી, હાજરી અને અભ્યાસ પ્રત્યે રસમાં નોંધપાત્ર વધારો થયો છે, પરંતુ અમલ દરમિયાન કેટલાક પડકારો પણ જોવા મળે છે.

**ચાવીરૂપ શબ્દો**: તાપી જિલ્લો, પ્રાથમિક શાળાઓ, ગુજરાત સરકારના વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો

## પ્રસ્તાવના:

શિક્ષણ કોઈપણ સમાજના સર્વાંગી વિકાસનું મુખ્ય સાધન છે. ગુજરાત સરકારે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે અનેક શૈક્ષણિક કાર્યક્રમો અમલમાં મૂક્યા છે. તાપી જિલ્લો આદિવાસી પ્રભુત્વ ધરાવતો જિલ્લો હોવાથી અહીં આ કાર્યક્રમોની અસરકારકતા વિશેષ મહત્વ ધરાવે છે.

## સંશોધનનો હેતુ:

1. તાપી જિલ્લાના પ્રાથમિક શાળાઓમાં સરકારના શૈક્ષણિક કાર્યક્રમોની અમલ સ્થિતિ જાણવા
2. આ કાર્યક્રમોની વિદ્યાર્થી નોંધણી અને હાજરી પર અસરનું મૂલ્યાંકન કરવું
3. અભ્યાસની ગુણવત્તા પર કાર્યક્રમોની અસર જાણી કાઢવી
4. અમલ દરમિયાન આવતી સમસ્યાઓ અને સુધારાના સૂચનો રજૂ કરવું

## સંશોધન પ્રશ્નો:

1. સરકારના શૈક્ષણિક કાર્યક્રમો પ્રાથમિક શિક્ષણમાં કેટલા અસરકારક સાબિત થયા છે?
2. વિદ્યાર્થીઓના અભ્યાસ સ્તર અને શાળાપ્રત્યેના અભિગમમાં શું ફેરફાર થયો છે?

## સંશોધન પદ્ધતિ:

- **સંશોધન પ્રકાર** : વર્ણનાત્મક સર્વે પદ્ધતિ

- **નમૂનો** : તાપી જિલ્લાના 10 પ્રાથમિક શાળાઓ
- **પ્રતિભાવ પાત્રો** : 20 શિક્ષકો, 10 શાળા વડાઓ, 50 વિદ્યાર્થીઓ
- **ઉપકરણ** : પ્રશ્નાવલી, ઇન્ટરવ્યુ અને નિરીક્ષણ
- **ડેટા વિશ્લેષણ** : ટકા અને વર્ણનાત્મક વિશ્લેષણ

## અભ્યાસમાં સમાવેશ કરાયેલા મુખ્ય શૈક્ષણિક કાર્યક્રમો:

1. સર્વ શિક્ષા અભિયાન (SSA)
2. ગુણોત્સવ કાર્યક્રમ
3. મધ્યાહ્ન ભોજન યોજના
4. કન્યા કેલવણી અને શાળા પ્રવેશ અભિયાન
5. ડિજિટલ શિક્ષણ (સ્માર્ટ ક્લાસ, DIKSHA)

## શોધો (Findings):

- મધ્યાહ્ન ભોજન યોજનાથી શાળામાં હાજરીમાં વધારો થયો
- ગુણોત્સવ કાર્યક્રમથી શિક્ષણની ગુણવત્તા અંગે જાગૃતિ વધી
- SSA દ્વારા માળખાકીય સુવિધાઓમાં સુધારો થયો
- ડિજિટલ શિક્ષણથી વિદ્યાર્થીઓમાં અભ્યાસ પ્રત્યે રસ વધ્યો
- કેટલાક વિસ્તારોમાં સંસાધનોની અછત અને તાલીમની જરૂરિયાત જણાઈ

## નિષ્કર્ષ:

તાપી જિલ્લાના પ્રાથમિક શાળાઓમાં ગુજરાત સરકારના શૈક્ષણિક કાર્યક્રમો મોટાભાગે અસરકારક સાબિત થયા છે. આ કાર્યક્રમોએ શિક્ષણની પહોંચ અને ગુણવત્તા બંનેમાં સુધારો કર્યો છે. તેમ છતાં, વધુ અસરકારક અમલ માટે સતત માર્ગદર્શન, મોનિટરિંગ અને સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સુધારા જરૂરી છે.

## સૂચનો:

1. શિક્ષકો માટે નિયમિત તાલીમ કાર્યક્રમો યોજવા
2. ડિજિટલ સાધનોની પૂરતી સુવિધા પૂરી પાડવી
3. માતા-પિતાની ભાગીદારી વધારવી
4. સ્થાનિક સ્તરે મોનિટરિંગ મિકેનિઝમ મજબૂત બનાવવો

## સંદર્ભ (References)

ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગના અહેવાલો
ગુણોત્સવ કાર્યક્રમ – ગુજરાત સરકાર
પ્રાથમિક શિક્ષણ સંબંધી સંશોધન જર્નલ્સ
SSA માર્ગદર્શિકા

# વિજ્ઞાન વિષયમાં સર્વાંગી વિકાસ માટે સંકલ્પનાત્મક શિક્ષણ

**મૌલિકકુમાર બી. સોલંકી**

Research Scholar, HNGU

## સારાંશ

પ્રસ્તુત સંશોધન અહેવાલ વિજ્ઞાન શિક્ષણના ક્ષેત્રમાં સંકલ્પનાત્મક શિક્ષણની અનિવાર્યતા અને તેના દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની પ્રક્રિયાનું વિગતવાર વિશ્લેષણ કરે છે. આધુનિક યુગમાં વિજ્ઞાન એ માત્ર વિષય નથી, પરંતુ વિચારવાની એક પદ્ધતિ છે. આ અહેવાલ ગોખણપટ્ટી આધારિત પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓની મર્યાદાઓ તપાસે છે અને તેના વિકલ્પરૂપે સંકલ્પનાત્મક સમજ, પ્રશ્ન-આધારિત શિક્ષણ અને પ્રાયોગિક અનુભવો પર ભાર મૂકે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020ના પાયાના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને, શિક્ષણમાં વિજ્ઞાન, કલા અને સામાજિક મૂલ્યોના સમન્વય દ્વારા બાળકનો જ્ઞાનાત્મક, શારીરિક, ભાવનાત્મક અને સામાજિક વિકાસ કેવી રીતે સાધી શકાય તેની ચર્ચા અહીં કરવામાં આવી છે. સંશોધન પદ્ધતિઓ જેવી કે હ્યુરિસ્ટિક પદ્ધતિ અને 5E મોડેલના ઉપયોગ દ્વારા વર્ગખંડમાં સર્જનાત્મક વાતાવરણ ઊભું કરવાના ઉપાયો સૂચવવામાં આવ્યા છે. આ ઉપરાંત, ભારતીય શિક્ષણવ્ય વસ્થામાં રહેલા માળખાગત અને વલણગત અવરોધોની સમીક્ષા કરી, તેના નિવારણ માટે શિક્ષકપ્રશિક્ષણ અને તકનીકી એકીકરણ જેવા મહત્વના સૂચનો રજૂ કરવામાં આવ્યા છે. આ અહેવાલનો મુખ્ય ઉદ્દેશ્ય વિજ્ઞાન શિક્ષણને 'પુસ્તકિયા જ્ઞાન' માંથી મુક્તકરી 'જીવનલક્ષી અને ક્ષમતા આધારિત' બનાવવાનો છે.

**ચાવીરૂપ શબ્દો**: વિજ્ઞાન વિષય, સર્વાંગી વિકાસ, સંકલ્પનાત્મક શિક્ષણ

**પ્રસ્તાવના**

માનવ ઇતિહાસમાં વિજ્ઞાને એક એવા ધબકતા બળ તરીકે કામ કર્યું છે જેણે માત્ર ભૌતિક સગવડો જ નહીં, પરંતુ માનવીના વિચારો, વલણો અને સમગ્ર જીવનદૃષ્ટિમાં ધરમૂળથી ફેરફાર કર્યા છે. ૨૦મી સદીથી શરૂ થયેલી વૈજ્ઞાનિક ક્રાંતિએ સ્વાસ્થ્ય, સંચાર અને ઉદ્યોગ જગતને એક નવી ઊંચાઈ બક્ષી છે. આજે મનુષ્ય વિજ્ઞાનની સંસ્કૃતિમાં શ્વાસ લઈ રહ્યો છે, જ્યાંપ્રત્યેક પ્રવૃત્તિ ટેકનોલોજી અને તાર્કિક સિદ્ધાંતો સાથે જોડાયેલી છે. વિજ્ઞાન શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર પ્રયોગશાળાના પ્રયોગો પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે બાળકની આંતરિક જિજ્ઞાસાને જગાડી તેને સત્યની શોધ તરફ પ્રેરે છે.

શિક્ષણ એ વિકાસની એવી પ્રક્રિયા છે જે બાળકને તેના વારસાનો ઉપયોગ કરવા માટે સક્ષમ બનાવે છે. વિજ્ઞાન વિષયના સંદર્ભમાં, સર્વાંગી વિકાસનો અર્થ એ છે કે વિદ્યાર્થી માત્ર વૈજ્ઞાનિક હકીકતો જ ન શીખે, પરંતુ તેની વિચારપ્રક્રિયામાં વૈજ્ઞાનિક અભિગમ કેળવે. આ પ્રક્રિયા બાળપણથી જ શરૂ થવી જોઈએ, કારણ કે દરેક બાળક જન્મજાત એક સંશોધક હોય છે

જે પોતાની ઇન્દ્રિયો દ્વારા વિશ્વને સમજવાનો પ્રયત્ન કરે છે. વિજ્ઞાન શિક્ષણમાં સંશોધન અનિવાર્ય છે કારણ કે તે શિક્ષણને જીવંત અને રસપ્રદ બનાવે છે, જે બાળકમાં પ્રેરકબળ તરીકે કાર્ય કરે છે.

**સંકલ્પનાત્મક શિક્ષણની તાત્વિક ભૂમિકા અને તેની અનિવાર્યતા**

શિક્ષણ જગતમાં 'ગોખણપટ્ટી' અને 'સંકલ્પનાત્મક શિક્ષણ' વચ્ચે એક મોટો તફાવત છે જે શિક્ષણની ગુણવત્તા નક્કી કરે છે. ગોખણપટ્ટી એ માહિતીનું માત્ર પુનરાવર્તન છે, જેમાં અર્થની સમજ હોતી નથી, જ્યારે સંકલ્પનાત્મક શિક્ષણ એ સિદ્ધાંતો, નિયમો અને તેમની વચ્ચેના સંબંધોને સમજવાની પ્રક્રિયા છે.

વિજ્ઞાનમાં જ્યા કોઈ વિદ્યાર્થી ન્યુટનના ગતિના નિયમો માત્ર પરીક્ષા માટે પાકા કરે છે, ત્યારે તે ગોખણપટ્ટી છે. પરંતુ જ્યારે તે સમજે છે કે શા માટે વાહનની બ્રેક મારતા શરીર આગળ ઝુકે છે, ત્યારે તે સંકલ્પનાત્મક સમજ છે. સંકલ્પનાત્મક શિક્ષણ વિદ્યાર્થીને 'શું' ના બદલે 'શા માટે' અને 'કેવી રીતે' પૂછતા શીખવે છે. આ પ્રકારનું શિક્ષણ લાંબાગાળાની યાદશક્તિ અને જ્ઞાનના વ્યવહારુ ઉપયોગમાં મદદરૂપ થાય છે.

**ગોખણપટ્ટી અને સંકલ્પનાત્મક શિક્ષણ વચ્ચેનું તુલનાત્મક વિશ્લેષણ**

નીચેનું કોષ્ટક શિક્ષણના આ બે મુખ્ય અભિગમો વચ્ચેના મૂળભૂત તફાવતોને સ્પષ્ટ કરે છે, જે શૈક્ષણિક પરિવર્તનની જરૂરિયાત દર્શાવે છે.

| લક્ષણ | ગોખણપટ્ટી | સંકલ્પનાત્મક શિક્ષણ |
|---|---|---|
| **મુખ્ય ઉદ્દેશ્ય** | માહિતીનું સ્મરણ અને પુનઃપ્રસ્તુતિ | અર્થપૂર્ણ સમજ અને જ્ઞાનનું નિર્માણ |
| **શિક્ષણની પ્રક્રિયા** | નિષ્ક્રિય, એકમાર્ગીય અને પુનરાવર્તિત | સક્રિય, સંવાદાત્મક અને શોધલક્ષી |
| **ધારણા અને સ્મૃતિ** | ટૂંકાગાળા માટે, વારંવાર મહાવરાની જરૂર | લાંબા ગાળામાટે, જીવનભર યાદ રહે તેવું |
| **વિચારવાની શક્તિ** | મર્યાદિત, માત્ર આપેલી માહિતી પૂરતું | વિવેચનાત્મક, સર્જનાત્મક અને વિશ્લેષણાત્મક |
| **નવી પરિસ્થિતિમાં ઉપયોગ** | વિદ્યાર્થી ઘણીવાર મૂંઝાય છે અથવા નિષ્ફળ જાય છે | જ્ઞાનને નવી સમસ્યાઓના ઉકેલ માટે સફળતાપૂર્વક વાપરે છે |

| | | |
|---|---|---|
| **પરીક્ષાનો અભિગમ** | ગુણ અને ટકાવારી પર વધુ ભાર | ક્ષમતા અને સમજની ચકાસણી પર ભાર |

**સર્વાંગી વિકાસના વિવિધ પાસાઓ અને વિજ્ઞાન શિક્ષણની ભૂમિકા**

સર્વાંગી વિકાસ એટલે માત્ર બૌદ્ધિક રીતે તેજસ્વી થવું એવું નથી, પરંતુ તેમાં શારીરિક, માનસિક, સામાજિક, નૈતિક અને સર્જનાત્મક પાસાઓનો સમાવેશ થાય છે. વિજ્ઞાન શિક્ષણ આ દરેક પાસાને મજબૂત કરવાની ક્ષમતા ધરાવે છે.

**જ્ઞાનાત્મક અને માનસિક વિકાસ**

વિજ્ઞાન વિદ્યાર્થીઓને તર્ક કરવાની શક્તિ આપે છે. જ્યારે બાળક કોઈ પ્રયોગ કરે છે, ત્યારે તે નિરીક્ષણ કરે છે, માહિતી એકઠી કરે છે અને તારણો કાઢે છે. આ પ્રક્રિયા તેના મગજને વિવેચનાત્મક વિચારસરણી માટે તૈયાર કરે છે. સમસ્યા નિવારણના કૌશલ્યો તેનામાં આત્મવિશ્વાસ જગાડે છે કે તે કોઈ પણ મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરી શકશે.

**સામાજિક અને ભાવનાત્મક વિકાસ**

વિજ્ઞાનના જૂથપ્રયોગો અને પ્રોજેક્ટ્સ દ્વારા વિદ્યાર્થીઓ એકબીજા સાથે સહકાર આપતા શીખે છે. આ પ્રક્રિયામાં તેઓ સંવાદ, નેતૃત્વ અને સહાનુભૂતિ જેવા સામાજિક ગુણો કેળવે છે. પર્યાવરણીય વિજ્ઞાનના અભ્યાસ દ્વારા તેઓ પૃથ્વી અને જીવસૃષ્ટિ પ્રત્યે સંવેદનશીલ બને છે, જે તેમના ભાવનાત્મક વિકાસનો એક ભાગ છે.

**શારીરિક અને કૌશલ્ય વિકાસ**

વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્ય દ્વારા બાળકના સ્નાયુબદ્ધ સંકલન અને હસ્ત કૌશલ્યો વિકસે છે. સાધનોની ગોઠવણી, રાસાયણિક પ્રક્રિયાઓનું સંચાલન અને ક્ષેત્ર મુલાકાતો દરમિયાન થતી શારીરિક હિલચાલ તેના સર્વાંગી વિકાસમાં ફાળો આપે છે.

**નૈતિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ**

સત્ય પ્રત્યેનો આગ્રહ અને પુરાવા વગર કોઈ વાત ન સ્વીકારવી એ વૈજ્ઞાનિક મિજાજના પાયાના નૈતિક મૂલ્યો છે. વિજ્ઞાનશિક્ષણ અંધશ્રદ્ધા, પૂર્વગ્રહો અને કુરિવાજો સામે લડવાની શક્તિ આપે છે, જે એક ઉમદા ચારિત્ર્યના નિર્માણ માટે અનિવાર્ય છે.

**આધુનિક શૈક્ષણિક પદ્ધતિઓ: વર્ગખંડમાં વિજ્ઞાનનો વિનિયોગ**

વિજ્ઞાનને અસરકારક રીતે શીખવવા માટે માત્ર વ્યાખ્યાન પદ્ધતિ પૂરતી નથી. તેના બદલે વિદ્યાર્થી-કેન્દ્રિત અને સક્રિય શિક્ષણ પદ્ધતિઓ અપનાવવી જરૂરી છે.

**હ્યુરિસ્ટિક પદ્ધતિ (Heuristic Method)**

પ્રોફેસર આર્મસ્ટ્રોંગ દ્વારા વિકસાવવામાં આવેલી આ પદ્ધતિમાં વિદ્યાર્થી એક 'શોધક'ની ભૂમિકામાં હોય છે. આ પદ્ધતિમાં શિક્ષક માત્ર એક માર્ગદર્શક તરીકે કાર્ય કરે છે. વિદ્યાર્થીઓ પોતાની મેળે જ્ઞાન પ્રાપ્ત કરે છે ત્યારે તેઓ મૂળ શોધક જેવો ગર્વ અનુભવે છે. ઉદાહરણ

તરીકે, જો વિદ્યાર્થીને કાચના પ્રિઝમ દ્વારા પ્રકાશના સાત રંગો જોવાનો અનુભવ જાતે કરવા મળે, તો તે ક્યારેય ભૂલી શકશે નહીં કે સૂર્યપ્રકાશ સાત રંગોનો બનેલો છે.

**પ્રશ્ન-આધારિત શિક્ષણ (Inquiry-based Learning)**

આ પદ્ધતિનો પાયો જિજ્ઞાસા છે. સોક્રેટીસ અને કન્ફ્યુશિયસના સમયથી ચાલી આવતી આ પદ્ધતિ આજે વિજ્ઞાન શિક્ષણનો અનિવાર્ય ભાગ છે. આ પદ્ધતિમાં શિક્ષણના મુખ્ય ચાર સ્તરો જોવા મળે છે.

1. સંરચિતપ્રશ્ન: શિક્ષક પ્રશ્ન અને પદ્ધતિ આપે છે, વિદ્યાર્થી તારણ કાઢે છે.
2. માર્ગદર્શિતપ્રશ્ન : શિક્ષક માત્ર પ્રશ્ન આપે છે, વિદ્યાર્થી પદ્ધતિ અને તારણ જાતે શોધે છે.
3. ખુલ્લો પ્રશ્ન : વિદ્યાર્થી પ્રશ્ન, પદ્ધતિ અને તારણ ત્રણેય જાતે જ નક્કી કરે છે.
4. સમસ્યા-આધારિતપ્રશ્ન : વાસ્તવિક જીવનની કોઈ સમસ્યાના ઉકેલ માટે વૈજ્ઞાનિક જ્ઞાનનો ઉપયોગ.

**5E શિક્ષણમોડેલ (5E Instructional Model)**

આધુનિક વિજ્ઞાનના વર્ગખંડ માટે 5E મોડેલ અત્યંત અસરકારક છે.

| તબક્કો | અર્થ અને પ્રવૃત્તિ |
|---|---|
| જોડાણ | વિદ્યાર્થીની જિજ્ઞાસા જગાડવી, આશ્ચર્ય પમાડવું અને પૂર્વજ્ઞાન ચકાસવું. |
| તપાસ | પ્રયોગો દ્વારા અનુભવ મેળવવો, જૂથમાં કામ કરવું અને અવલોકન કરવું. |
| સમજૂતી | વૈજ્ઞાનિક શબ્દોમાં અનુભવને વર્ણવવો અને પુરાવાઓ સાથે દલીલ કરવી. |
| વિસ્તરણ | શીખેલા જ્ઞાનનો નવી અને વાસ્તવિક પરિસ્થિતિમાં વિનિયોગ કરવો. |
| મૂલ્યાંકન | પ્રક્રિયા અને પરિણામ બંનેની ચકાસણી કરી પ્રતિપોષણ મેળવવું. |

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020**

ભારતની નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ એ શિક્ષણના માળખામાં ધરખમ ફેરફારો સૂચવ્યા છે, જેનો મુખ્ય હેતુ ભારતને વૈશ્વિક જ્ઞાન મહાસત્તા બનાવવાનો છે. વિજ્ઞાન શિક્ષણ માટે આ નીતિ નીચે મુજબના મહત્વના પરિવર્તનો લાવે છે.

- **કઠોર વિભાગોનો અંત**: કલા, વિજ્ઞાન અને વાણિજ્ય પ્રવાહ વચ્ચેની દીવાલો હટાવવામાં આવી છે. આનાથી વિજ્ઞાનના વિદ્યાર્થીઓ સાહિત્ય કે કલાના વિષયો પણ શીખી શકશે, જે તેમના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે.
- **ક્ષમતા- આધારિત શિક્ષણ**: શિક્ષણ હવે માત્ર માહિતી આપવા પૂરતું નહીં, પણ વિદ્યાર્થીની ક્ષમતા વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- **પ્રાયોગિક અને અનુભવજન્ય અધ્યયન**: 'હાથવગા પ્રયોગો' અને વાસ્તવિક જીવન સાથેના જોડાણને પ્રાથમિકતા આપવામાં આવી છે.
- **બહુભાષી શિક્ષણ**: વિજ્ઞાન જેવા જટિલ વિષયો માતૃભાષામાં શીખવવાની ભલામણ કરવામાં આવી છે જેથી વિદ્યાર્થીઓ પાયાની સંકલ્પનાઓ વધુ સ્પષ્ટ રીતે સમજી શકે.
- **મૂલ્યાંકન પદ્ધતિમાં સુધારો**: ૩૬૦ ડિગ્રી હોલિસ્ટિક રિપોર્ટ કાર્ડ દ્વારા બાળકના તમામ પાસાઓનું મૂલ્યાંકન કરવામાં આવશે, જેમાં માત્ર ગુણ નહીં પણ તેના કૌશલ્યોની પણ નોંધ લેવાશે.

**પ્રાયોગિક વિજ્ઞાન અને શાળાકીય સહાયક પ્રવૃત્તિઓ**

વિજ્ઞાન શિક્ષણમાં પ્રયોગશાળા એ હૃદય સમાન છે. પ્રયોગો દ્વારા વિદ્યાર્થીઓને વિજ્ઞાનની પ્રક્રિયાનો અનુભવ મળે છે.

- **શાળાકીય વનસ્પતિ બાગ**: છોડનાઉછેર, પ્રકાશસંશ્લેષણ અને ઇકોસિસ્ટમ સમજવા માટે આ એક ઉત્તમ જીવંત પ્રયોગશાળા છે.
- **વિજ્ઞાન મેળાઓ અને પ્રદર્શન**: વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા બહાર લાવવા અને તેમનામાં સંશોધકવૃત્તિ જગાડવા માટે વિજ્ઞાનમેળા અનિવાર્ય છે.
- **વિજ્ઞાનમંડળ** :પાઠ્યપુસ્તક બહારનું વિજ્ઞાન સમજવા અને વિવિધ પ્રોજેક્ટ્સ કરવા માટે આ એક મુક્ત મંચ પૂરો પાડે છે.
- **ક્ષેત્ર મુલાકાતો**: ઉદ્યોગો, તળાવો, જંગલો કે પાવરપ્લાન્ટની મુલાકાત પુસ્તકિયા જ્ઞાનને વાસ્તવિકતા સાથે જોડે છે.

**નિષ્કર્ષ**

વિજ્ઞાન વિષયમાં સંકલ્પનાત્મક શિક્ષણ એ આજના સમયની સૌથી મોટી જરૂરિયાત છે. જો આપણે ભારતને ૨૧ મી સદીમાં અગ્રેસર રાખવા માંગતા હોઈએ, તો આપણે તેવા યુવાનો તૈયાર કરવા પડશે જેઓ તાર્કિક રીતે વિચારી શકે, સમસ્યાઓનો સામનો કરી શકે અને સતત નવું શીખવા માટે તત્પર હોય. સર્વાંગીવિકાસ એ માત્ર એક ધ્યેય નથી, પણ એક પ્રક્રિયા છે જે વિજ્ઞાન શિક્ષણ દ્વારા સફળતાપૂર્વક સિદ્ધ કરી શકાય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ એ આપણને એક યોગ્ય દિશા ચીંધી છે. હવે જવાબદારી આપણા સૌની છે - શિક્ષકો, વાલીઓ, નીતિનિર્ધારકો અને વિદ્યાર્થીઓની – કે આપણે વિજ્ઞાનને પુસ્તકોના પાનાઓમાંથી બહાર

લાવીને પ્રકૃતિના ખોળામાં અને પ્રયોગશાળાઓના અનુભવોમાં જીવંત કરીએ. જ્યારે બાળક એક નાનકડો પ્રયોગ કરીને તેની આંખોમાં આશ્ચર્ય અને સમજની ચમક અનુભવશે, ત્યારે જ ખરા અર્થમાં શિક્ષણનો ઉદ્દેશ્ય સાર્થક થશે. વિજ્ઞાન શિક્ષણ એ દેશની સમૃદ્ધ માનવ પ્રતિભાને ઉજાગર કરવાનું શ્રેષ્ઠ માધ્યમ છે, જે રાષ્ટ્રના અને સમગ્ર વિશ્વના કલ્યાણ માટે અનિવાર્ય છે.

Works cited


1. વિજ્ઞાન શિક્ષણની સંશોધન પદ્ધતિ – Gujarati Vishwakosh – ગુજરાતી વિશ્વકોશ, accessed December 25, 2025, https://gujarativishwakosh.org/%E0%AA%B5%E0%AA%BF%E0%AA%9C%E0%AB%8D%E0%AA%9E%E0%AA%BE%E0%AA%A8%E0%AA%B6%E0%AA%BF%E0%AA%95%E0%AB%8D%E0%AA%B7%E0%AA%A3%E0%AA%A8%E0%AB%80-%E0%AA%B8%E0%AA%82%E0%AA%B6%E0%AB%8B%E0%AA%A7%E0%AA%A8%E0%AA%AA/
2. What is Holistic Education? Key Benefits and Characteristics - UNIS Hanoi, accessed December 25, 2025, https://articles.unishanoi.org/holistic-approach-to-education/
3. નવી શિક્ષણનીતિ 2020 અને શિક્ષણની રાષ્ટ્રીય નીતિ ... - IJCRT.org, accessed December 25, 2025, https://ijcrt.org/papers/IJCRTU020002.pdf
4. વિજ્ઞાન-નીતિ અને વિજ્ઞાન-વિકાસ – ભારતના સંદર્ભે – Gujarati Vishwakosh – ગુજરાતી વિશ્વકોશ, accessed December 25, 2025, https://gujarativishwakosh.org/%E0%AA%B5%E0%AA%BF%E0%AA%9C%E0%AB%8D%E0%AA%9E%E0%AA%BE%E0%AA%A8-%E0%AA%A8%E0%AB%80%E0%AA%A4%E0%AA%BF-%E0%AA%85%E0%AA%A8%E0%AB%87-%E0%AA%B5%E0%AA%BF%E0%AA%9C%E0%AB%8D%E0%AA%9E%E0%AA%BE%E0%AA%A8%E0%AA%A8/
5. માનવીય વૃદ્ધિ અને વિકાસ - BAOU, accessed December 25, 2025, https://baou.edu.in/assets/pdf/%E0%AA%AE%E0%AA%BE%E0%AA%A8%E0%AA%B5%E0%AB%80%E0%AA%AF%20%E0%AA%B5%E0%AB%83%E0%AA%A6%E0%AB%8D%E0%AA%A7%E0%AA%BF%20%E0%AA%85%E0%AA%A8%E0%AB%87%20%E0%AA%B5%E0%AA%BF%E0%AA%95%E0%AA%BE%E0%AA%B8%20SECP-01%20merged.pdf
6. શિક્ષણ – Gujarati Vishwakosh - ગુજરાતીવિશ્વકોશ, accessed December 25, 2025, https://gujarativishwakosh.org/%E0%AA%B6%E0%AA%BF%E0%AA%95%E0%AB%8D%E0%AA%B7%E0%AA%A3/
7. શિક્ષણ થકી વિકાસ | વિકાસપીડિયા - Vikaspedia - Education, accessed December 25, 2025, https://education.vikaspedia.in/viewcontent/education/ab6abfa95acdab7aa3-ab8a82aaca82aa7abfaa4-a85aa8acdaaf-aaeabeab9abfaa4ac0/ab6abfa95acdab7aa3-aa5a95ac0-ab5abfa95abeab8?lgn=gu
8. NIPUN BHARAT GUIDELINES - Ministry of Education, accessed December 25, 2025, https://www.education.gov.in/sites/upload_files/mhrd/files/nipun_bharat_eng1.pdf
9. શૈક્ષણિક પ્રૌદ્યોગિકી અને ICT - Dr. Babasaheb Ambedkar Open University, accessed December 25, 2025, https://baou.edu.in/assets/pdf/ES-201_slm.pdf

10. સમકાલીન ભારત અને શિક્ષણ - BAOU, accessed December 25, 2025, https://baou.edu.in/assets/pdf/%E0%AA%B8%E0%AA%AE%E0%AA%95%E0%AA%BE%E0%AA%B2%E0%AB%80%E0%AA%A8%20%E0%AA%AD%E0%AA%BE%E0%AA%B0%E0%AA%A4%20%E0%AA%85%E0%AA%A8%E0%AB%87%20%E0%AA%B6%E0%AA%BF%E0%AA%95%E0%AB%8D%E0%AA%B7%E0%AA%A3%20SECP-02%20merged.pdf
11. સમ્મિલિત શિક્ષણનો પરીચય - BAOU, accessed December 25, 2025, https://baou.edu.in/assets/pdf/%E0%AA%B8%E0%AA%AE%E0%AB%80%E0%AA%B2%E0%AA%BF%E0%AA%A4%20%E0%AA%B6%E0%AA%BF%E0%AA%95%E0%AB%8D%E0%AA%B7%E0%AA%A3%20SECD-01%20merged.pdf

# શિક્ષિત બેરોજગારી અને મૂલ્ય સંકટ: આધ્યાત્મિક શિક્ષણની જરૂર

જયશ્રી આઈ. દેસાઈ
પીએચ.ડી. સંશોધક : સમાજશાસ્ત્ર વિભાગ,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ-384265
Email ID : jayshreedesai989@gmail.com

**સારાંશ (Abstract)**

આજના આધુનિક અને વૈશ્વિકીકરણના યુગમાં શિક્ષણનો વ્યાપ નોંધપાત્ર રીતે વધ્યો છે, પરંતુ તેની સાથે એક ગંભીર સામાજિક સમસ્યા રૂપે શિક્ષિત બેરોજગારી અને મૂલ્ય સંકટ ઊભું થયું છે. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ પણ યુવાઓને તેમની લાયકાત મુજબ યોગ્ય રોજગાર ન મળવો, નિરાશા, અસંતોષ, તણાવ અને સામાજિક વિકૃતિઓ તરફ દોરી જાય છે.આવી પરિસ્થિતિઓમાં યુવાઓના જીવનમાં અસ્થિરતા અને અસુરક્ષા વધે છે, જે તેમના વ્યક્તિગત તેમજ સામાજિક જીવન પર નકારાત્મક અસર કરે છે. બીજી તરફ ભૌતિકવાદી વિચારસરણીના વધતા પ્રભાવથી માનવીય અને નૈતિક મૂલ્યોનો ક્ષય થતો જોવા મળે છે. સમાજમાં સ્પર્ધા, સ્વાર્થ અને ઉપભોક્તાવાદી માનસિકતા વધતા માનવીય સંબંધો અને નૈતિકતા નબળી પડી જાય છે.

આ સંદર્ભમાં આધ્યાત્મિક શિક્ષણ માનવીના આંતરિક વિકાસ, નૈતિક દૃષ્ટિકોણ અને સામાજિક જવાબદારી વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ સંશોધન પેપરનો હેતુ શિક્ષિત બેરોજગારી અને મૂલ્ય સંકટ વચ્ચેના સંબંધને સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી સમજવાનો અને આધ્યાત્મિક શિક્ષણ કેવી રીતે આ સમસ્યાઓના નિવારણમાં સહાયક બની શકે તે વિશ્લેષિત કરવાનો છે. આ અભ્યાસ મુખ્યત્વે દ્વિતીયક માહિતી પર આધારિત છે અને સમાજમાં આધ્યાત્મિક શિક્ષણની વધતી આવશ્યકતા પર પ્રકાશ પાડે છેતેમજઆધુનિક ભારતીય સમાજના સંદર્ભમાં યુવાવર્ગ સામે ઉભી થતી સમસ્યાઓના સમાધાન માટે આધ્યાત્મિક શિક્ષણની પ્રાસંગિકતા દર્શાવે છે.

**ચાવીરૂપ શબ્દો**: શિક્ષિત બેરોજગારી, મૂલ્ય સંકટ, આધ્યાત્મિક શિક્ષણ, યુવાઓ, સમાજશાસ્ત્ર

## પરિચય

શિક્ષણને સમાજ વિકાસનું મુખ્ય સાધન માનવામાં આવે છે. કોઈપણ દેશના આર્થીક, સામાજિક અને સંસ્કૃતિક વિકાસમાં શિક્ષણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારત જેવા વિકાસશીલ દેશમાં છેલ્લા કેટલાક દાયકાઓમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર વિસ્તરણ

થયું છે. યુનિવર્સિટીઓ, કોલેજો અને વિવિધ વ્યાવસાયિક અભ્યાસક્રમોની સંખ્યા વધવાથી શિક્ષણ સુધી પહોચ સરળ બની છે. તેમ છતાં, શિક્ષણ અને રોજગાર વચ્ચેનું અંતર સતત વધતું જઈ રહ્યું છે. પરિણામે શિક્ષિત બેરોજગારી એક ગંભીર સામાજિક સમસ્યા બની છે. ઘણા યુવાઓ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કાર્ય પછી પણ લાંબા સમય સુધી યોગ્ય રોજગાર મેળવવામાં અસમર્થ રહે છે. શિક્ષિત યુવાઓમાં નિરાશા, આત્મવિશ્વાસની અછત, ગુનાહિત પ્રવૃત્તિઓ અને સામાજિક વિમુખતા જેવા લક્ષણો જોવા મળે છે. કેટલીક પરિસ્થિતિઓમાં આ નિરાશા તેમને નકારાત્મક અને અસામાજિક પ્રવૃત્તિઓ તરફ પણ દોરી જાય છે.

આ સાથે સાથે આધુનિક સમાજમાં મૂલ્ય સંકટ પણ ઊભું થયું છે. ઈમાનદારી, કર્તવ્યનિષ્ઠા, સહાનુભૂતિ અને સહકાર જેવા માનવીય મૂલ્યોનું મહત્વ ઘટતું જાય છે. આ પરિસ્થિતિમાં માત્ર તકનીકી કે વ્યાવસાયિક શિક્ષણ પૂરતું નથી, પરંતુ માનવીના આંતરિક અને નૈતિક વિકાસ માટે આધ્યાત્મિક શિક્ષણની ખાસ જરૂરિયાત ઉભી થઈ છે.

**શિક્ષિત બેરોજગારી: એક સામાજિક સમસ્યા**

શિક્ષિત બેરોજગારીનો અર્થ એ છે કે શિક્ષણ પ્રાપ્ત કરેલા વ્યક્તિઓને તેમની લાયકાત અને ક્ષમતાનુરૂપ રોજગાર ન મળવો. આ સમસ્યા ખાસ કરીને યુવાવર્ગમાં વધુ ગંભીર સ્વરૂપે જોવા મળે છે. શિક્ષિત બેરોજગારીના મુખ્ય કારણોમાં રોજગારના અવસરોની અછત, શિક્ષણ પ્રણાલીની વ્યવહારિકતાની ખામી, વસ્તી વૃદ્ધિ, કુશળતા અને બજારની માંગ વચ્ચેઅસંતુલન તથા આર્થિક અસમાનતાનો સમાવેશ થાય છે. ઘણીવાર શિક્ષણ પ્રણાલી માત્ર સિદ્ધાંત પર આધારિત હોય છે અને તે વ્યવહારિક કુશળતાઓના વિકાસ પર પુરતો ભાર મુકતી નથી.

સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ શિક્ષિત બેરોજગારી માત્ર આર્થિક સમસ્યા નથી, પરંતુ તે સામાજિક અસંતુલન, કુટુંબિક તણાવ અને સામાજિક વિઘટનનું કારણ પણ બને છે. બેરોજગાર યુવાઓમાં હતાશા, આક્રમકતા અને સમાજ પ્રત્યે નકારાત્મક ભાવનાઓ વિકસે છે, જે સમાજ માટે ચિંતાજનક પરિસ્થિતિ સર્જે છે.

**મૂલ્ય સંકટ અને આધુનિક સમાજ**

આધુનિક સમાજમાં ભૌતિક સુખ-સુવિધાઓ અને ઉપભોક્તાવાદ પર અતિશય ભાર મૂકવામાં આવે છે. પરિણામે માનવીય સંબંધો, નૈતિકતા અને આધ્યાત્મિકતા પાછળ ધકેલાઈ જાય છે. આધુનિક જીવનશૈલીમાં સ્પર્ધા અને વ્યક્તિગત લાભને વધુ મહત્વ આપવામાં આવતું હોવાથી સામૂહિક અને સામાજિક મૂલ્યોનું મહત્વ ઓછું થતું જાય છે.

મૂલ્ય સંકટનો અર્થ એ છે કે સમાજમાં સ્વીકાર્ય નૈતિક અને સામાજિક મૂલ્યોનો ક્ષય થવોઅથવા તેમનું મહત્વ ઘટવું. આ પરિસ્થિતિમાં વ્યક્તિ પોતાના સ્વાર્થને પ્રથમ સ્થાન આપે છે અને સામાજિક જવાબદારી પ્રત્યે ઉદાસીન બની જાય છે.

શિક્ષિત બેરોજગારીની પરિસ્થિતિમાં યુવાઓમાં મૂલ્ય સંકટ વધુ ઊંડું બને છે. જ્યારે શિક્ષણ અને રોજગાર વચ્ચે સંતુલન ન રહે, ત્યારે કેટલાક યુવાઓ શોર્ટકટ, અનૈતિક માર્ગો અથવા અસામાજિક પ્રવૃત્તિઓ તરફ આકર્ષાય છે. પરિણામે સમાજમાં અપરાધ, ભ્રષ્ટાચાર અને અસહિષ્ણુતા જેવી સમસ્યાઓ વધે છે.

**આધ્યાત્મિક શિક્ષણનો અર્થ અને મહત્વ**

આધ્યાત્મિક શિક્ષણનો અર્થ માત્ર ધાર્મિક શિક્ષણ નથી, પરંતુ આત્મજ્ઞાન, નૈતિકતા, માનવીય મૂલ્યો અને જીવનના ઉદ્દેશ્યની સમજ વિકસાવવી છે. આધ્યાત્મિક શિક્ષણ માનવીને પોતાની અંદર ઝાંખી કરવા અને પોતાના જીવનના સાચા અર્થને સમજવા માટે પ્રેરિત કરે છે.આધ્યાત્મિક શિક્ષણ માનવીને આંતરિક શાંતિ, આત્મસંયમ અને સામાજિક જવાબદારી તરફ દોરી જાય છે. તે વ્યક્તિને જીવનમાં સંતુલન અને સંયમ જાળવવાની પ્રેરણા આપે છે.

સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ આધ્યાત્મિક શિક્ષણ વ્યક્તિ અને સમાજ વચ્ચે સુમેળ સ્થાપિત કરવામાં સહાયક બને છે. તે વ્યક્તિમાં સહાનુભૂતિ, સહકાર, સહિષ્ણુતા અને સામાજિક ન્યાયની ભાવના વિકસાવે છે, જે સમાજની સ્થિરતા અને સુખાકારી માટે મહત્વપૂર્ણ છે.

**શિક્ષિત બેરોજગારીના નિવારણમાં આધ્યાત્મિક શિક્ષણની ભૂમિકા**

આધ્યાત્મિક શિક્ષણ શિક્ષિત બેરોજગાર યુવાઓને જીવન પ્રત્યે સકારાત્મક દૃષ્ટિકોણ અપનાવવામાં મદદ કરે છે. તે તેમને માત્ર નોકરી મેળવવાની દોડ સુધી સીમિત રાખ્યા વિના આત્મવિકાસ, કુશળતા વિકાસ અને સ્વરોજગાર તરફ પ્રેરિત કરે છે.આધ્યાત્મિક શિક્ષણ દ્વારા યુવાઓમાં ધૈર્ય, આત્મવિશ્વાસ, આત્મનિયંત્રણ અને સંઘર્ષ કરવાની ક્ષમતા વિકસે છે. તે નિરાશા અને હતાશાને દૂર કરી માનસિક સંતુલન જાળવવામાં મદદરૂપ થાય છે.

તે ઉપરાંત આધ્યાત્મિક શિક્ષણ યુવાઓને જીવનના પડકારો સામે સકારાત્મક રીતે લડવાની શક્તિ આપે છે. તે વ્યક્તિને નૈતિક મૂલ્યો અને સામાજિક જવાબદારી તરફ દોરી જાય છે.આ રીતે આધ્યાત્મિક શિક્ષણ શિક્ષિત બેરોજગારીના નકારાત્મક સામાજિક પ્રભાવને ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**અભ્યાસ પદ્ધતિ (Research Methodology)**

આ સંશોધન પેપર મુખ્યત્વે દ્વિતીયક માહિતી (Secondary Data) પર આધારિત છે. માહિતી સંગ્રહ માટે સમાજશાસ્ત્રના પુસ્તકો, સંશોધન લેખો, સરકારી અહેવાલો, સામયિકો તથા વિશ્વસનીય ઓનલાઇન સ્ત્રોતોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત શિક્ષણ, બેરોજગારી અને આધ્યાત્મિકતા સંબંધિત વિવિધ અભ્યાસો અને અહેવાલોનું પણ અવલોકન કરવામાં આવ્યું છે. એકત્રિત માહિતીનું વિશ્લેષણ સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી કરવામાં આવ્યું છે.આ વિશ્લેષણ દ્વારા શિક્ષિત બેરોજગારી, મૂલ્ય સંકટ અને આધ્યાત્મિક શિક્ષણ વચ્ચેના પરસ્પર સંબંધોને સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણ**

દુર્ખાઇમ, મૅક્સ વેબર અને મહાત્મા ગાંધી જેવા વિચારકોના વિચારોમાં નૈતિકતા અને આધ્યાત્મિકતાને સમાજની સ્થિરતા માટે મહત્વ આપવામાં આવ્યું છે.દુર્ખાઇમ અનુસાર નૈતિક શિક્ષણ સમાજમાં સામાજિક એકતા અને સંયમ જાળવવામાં સહાયક બને છે. તેમની દૃષ્ટિએ શિક્ષણનું મુખ્ય કાર્ય સમાજમાં સામૂહિક ચેતના અને નૈતિક મૂલ્યોનું સંવર્ધન કરવું છે.

મૅક્સ વેબરએ પણ માનવીના ધાર્મિક અને નૈતિક મૂલ્યોને સમાજના વિકાસ સાથે જોડ્યા છે. જ્યારે મહાત્મા ગાંધીના વિચારોમાં શિક્ષણનો મુખ્ય હેતુ ચરિત્ર ઘડતર, આત્મનિર્ભરતા અને નૈતિક વિકાસ છે.આ સંદર્ભમાં આધ્યાત્મિક શિક્ષણ સમાજશાસ્ત્રીય રીતે સામાજિક એકતા, સામાજિક નિયંત્રણ અને મૂલ્ય સંરક્ષણનું અસરકારક સાધન બની શકે છે.

**નિષ્કર્ષ**

આ સંશોધન પરથી સ્પષ્ટ થાય છે કે શિક્ષિત બેરોજગારી અને મૂલ્ય સંકટ આજના સમાજની ગંભીર અને પરસ્પર સંકળાયેલી સમસ્યાઓ છે. આ સમસ્યાઓનો પ્રભાવ માત્ર વ્યક્તિગત જીવન સુધી સીમિત નથી, પરંતુ તે સમગ્ર સમાજના વિકાસને પણ અસર કરે છે.માત્ર આર્થિક, નીતિગત અથવા તકનીકી ઉપાયો દ્વારા આ સમસ્યાઓનું સંપૂર્ણ નિવારણ શક્ય નથી. સમાજના નૈતિક અને આધ્યાત્મિક આધારને મજબૂત બનાવવું પણ એટલું જ જરૂરી છે.

આધ્યાત્મિક શિક્ષણ માનવીના આંતરિક વિકાસ, નૈતિકતા અને સામાજિક જવાબદારી વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આથી તે જરૂરી છે કે શિક્ષણ પ્રણાલીમાં આધ્યાત્મિક શિક્ષણને યોગ્ય સ્થાન આપવામાં આવે.તેના દ્વારા યુવાઓ માત્ર

રોજગારયોગ્ય જ નહીં પરંતુ જવાબદાર, સંવેદનશીલ અને સદ્ નાગરિક બની શકે. આ રીતે આધ્યાત્મિક શિક્ષણ માનવજીવન અને સમાજના સર્વાંગી વિકાસ માટે અનિવાર્ય સાબિત થાય છે.

**સંદર્ભ સૂચિ (References)**

ગાંધી, મોહનદાસ કરમચંદ (2008). બેઝિક એજ્યુકેશન. અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર.

દુર્ખાઇમ, ઇ. (2005). એજ્યુકેશન એન્ડ સોસાયટી (Education and Sociology). નવી દિલ્હી: રાવત પબ્લિકેશન.

ભારત સરકાર. ભારતીય યુવા અહેવાલ. યુવા બાબતો અને ખેલ મંત્રાલય, નવી દિલ્હી.

શર્મા, આર. એન. (2012). શિક્ષણનું સમાજશાસ્ત્ર (Sociology of Education). નવી દિલ્હી: સુરજીત પબ્લિકેશન્સ.

શિક્ષણ, બેરોજગારી અને આધ્યાત્મિક અભ્યાસ સંબંધિત વિવિધ સામયિકો તથા સંશોધન લેખો.

Published by :
http://www.shantiejournal.com/

SHANTI PRAKASHAN

HQ. : 1780, Sector-1, Delhi By pass,
ROHTAK-124001 (HARYANA)

OTHER CONTACT

D-19/220, Nandanvan Apartment, Nr. Bhavsar Hostel,
New Vadaj, AHMEDABAD-380013.